ૐ

શ્રી નવલ

કુંજ-કિશોરી

(રસદાયક નવલકથા.)

લેખકઃ—સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા.

તરૂણતપસ્વિની, કુમુદકુમારી, પદ્મલતા યાને કંટકમાં ગુલાબ

વગેરે નવલકથાઓના કર્ત્તા

શાહપુર, મહેતાપોળ—અમદાવાદ.

પ્રકાશકઃ—

સાકરલાલ બુલાખીદાસ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ,

આવૃત્તિ ૧ લી, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૨, સને ૧૯૧૬.

કીંમત રૂ. ૧-૪-૦.

वंशस्थवृत्त.

वचो हि सत्यं परमं विभूषणं
गजाङ्गनायाः कृशता हि तच्च ।
द्विजस्य विद्यैव पुनस्तथा क्षमा
शिलं हि सर्वस्य नरस्य भूषणम् ॥

સાચી વાણી એ માણસનુ ભૂષણ છે, કૃશતા તે ગજગામિની સ્રીનુ ભૂષણ છે, બ્રાહ્મણનુ વિદ્યા અને ક્ષમા એ મોટું ભૂષણ છે, અને સર્વ માણસનુ ભૂષણ સારા આચરણ છે

ભર્તુહરી.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ, ખાડીઆ-અમદાવાદમાં
અબાભાઈ શકરાભાઇ ગાંધીએ છાપી.

પ્રસ્તાવના.

रक्तत्वं कमलानां सत्पुरुषाणां परोपकारित्वम् ।
असतांच निर्दयत्वं स्वभावसिद्धं त्रिषु त्रितयम् ॥.

કમળની રતાશ, સત્પુરૂષોનુ પરોપકારીપણુ, દુષ્ટ માણસોની દુષ્ટતા-નિર્દયતા એ ત્રણ વસ્તુઓ ત્રણ રીતના પુરૂષોને વિષે કુદરતથીજ ઉત્પન્ન થયેલ છે

ભર્તુહરિ.

આ સંસારમા જન્મ ધારણ કરી પ્રત્યેક મનુષ્યે મહાન્ કાર્ય કરવાના છે દરેક કાર્યમા નીતિની જરૂર હોય છે. નીતિ-ભ્રષ્ટ થતાં માણસ દુખથી પીડાય છે જેમ રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ આવે-જાય છે, તેમ સસાર ચક્રમા સુખદુખની ઘટમાળ ફર્યા કરે છે નીતિજ્ઞ માણસો સુખ-દુખમા આનદ અને સતોષથી સમય નિર્ગમન કરે છે, પણ પાપી અને નીતિ ભ્રષ્ટ મનુષ્યો દુખથી ત્રાસી અસતોષિત્ થઇ હૃદયને શોકથી સતપ્ત કરી નીચ આચરણ આચરે છે એથી તેઓ મહા દુખી થઇ પશુ સમાન જીવન ગુજારે છે. માટે સતોષને સ્વર્ગ સુખ માની અને ઉશ્કેરાતી વૃત્તિયોને વિવેક પૂર્વક વશ કરી આનદમય જીવન વ્યતીત કરવુ એજ મહા સુખ છે નતિ ભ્રષ્ટને તૃષ્ણાની તૃપ્તિ થતી નથી તેથી કરીને તેઓ વૃત્તિયોને યથેચ્છ ઉશ્કેરી કામાધ બની ન કરવાના કાર્યો કરે છે; તેમા અતરાય આવતા તત્કાળ ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી અવિવેકરૂપ સમોહ ઉત્પન્ન થાય છે, અને તેથી તત્વ નિશ્ચયરૂપ જ્ઞાનનો નાશ થાય છે જ્યા જ્ઞાનનો નાશ થયો કે તરત તે અજ્ઞાની માણસો નષ્ટ થાય છે

આ સસારમા ઇચ્છાને આધીન થઇ સર્વ પશુ-પક્ષી મનુષ્યાદિ વિવિધ પ્રકારના ખેલ ખેલે છે; અને વારવાર દુખદરિયામા ડુબકીઓ માર્યા કરે છે તેમની ઇચ્છા કદાપિ પૂર્ણ થતી નથી. આકાશનુ પેટ ખાલી છે. તેને સૂર્ય-ચદ્ર પ્રકાશથી અને અંધકાર અધારાથી ભરી દે છે પણ તૃષ્ણા તરગોનુ પેટ તો કદાપિ ભરી શકાતુ નથી તેના હવાઈ કિલ્લારૂપ તરગો તો એવા હોય છે કે—તેને જેટલા ભરવામા આવે છે તેટલા તે ઓછા થતા જાય છે માટે સર્વ સજ્જનોએ તૃષ્ણા તરગોનો ત્યાગ કરી નીતિનો આશ્રય સ્વીકારી ઉદ્ધતરાતી વૃત્તિયોને વિવેકથી વશ કરી સતોષરૂપ સ્વર્ગસુખ સપાદન કરી આનદમય જીવન ગુજારવુ

આ નવલકથામા નવાનગર નામક નગરનો ઠાકોર કૃષ્ણલાલ હલકા લોકોના સહવાસથી કામાધ બની અઘટિત આચરણ આચરી તેની પવિત્ર પતિવ્રતા પત્નીને અને ગુણજ્ઞ મિત્રને દુખી કરી પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે કામાધ કૃષ્ણલાલના કારસ્થાનમા સપડાએલા નિર્દોષ અને નીતિજ્ઞ માણસો પ્રભુપર વિશ્વાસ રાખી મનોબળને દૃઢ કરી સત્યને વળગી રહે છે કુટિલ કૃષ્ણલાલ તરફથી તેમને દારૂણ દુખ સહન કરવુ પડે છે, તદપિ તેઓ સત્ય માર્ગથી ચલાયમાન થતા નથી તેમની કુળવાન્ કન્યાઓને તેના પજામા સપડાવી દુષ્ટ કૃષ્ણલાલ અત્યત ત્રાસ આપે છે છતા પણ તે કુલીન કન્યાઓ ધિરજ અને હિમતથી શીયળનું રક્ષણ કરે છે

કામાંધ કૃષ્ણલાલ કિશોરી નામક બ્રહ્મબાળા કે જે તેના ગુણજ્ઞ મિત્રની પત્ની થનાર હતી તેને પરણવાની ઇચ્છાથી તેને અને તેના વૃદ્ધ પિતાને પોતાના દાવમા સપડાવી તેમની સમક્ષ

તેની ઇચ્છા જાહેર કરે છે. નીતિને જાણનાર હરિહરરાય પાપીનો તિરસ્કાર કરી તેને ના પાડે છે, આથી તે નરપિશાચ વૃદ્ધ હરિહરરાયનુ કિશોરી સમક્ષ ખૂન કરી બ્રહ્મહત્યાનુ મહા પાપ માથે લે છે કિશોરી પ્રભુને પોકાર કરતી ધિરજથી સઘળુ સકટ સહન કરે છે. પાપી કૃષ્ણલાલ તેનીપર જુલમ ગુજારવામા ખામી રાખતો નથી આખરે એ બ્રાહ્મણ કન્યાના હાથેજ તે પાપના પુતળાનો અત આવે છે. કામાધ કૃષ્ણલાલની પવિત્ર પતિવ્રતા પત્ની સુશીલ સુકન્યા તેના સ્વામિને નીતિના પથે દોરવા અનેકાનેક પ્રયત્નો આદરે છે. કુકર્મી ભર્તાર અન્ય નારીની અપેક્ષાથી પવિત્ર પ્રેમદાનો ત્યાગ કરી અતે પશ્ચાતાપ કરી મરણને શરણ થઇ તેના પાપના ફળ ભોગવે છે

संतुष्टो भार्यया भर्ता, भर्ता भार्या तथैवच ।
यस्मिन्नैव कुले नित्यं, कलयाणं तत्र वै ध्रुवम् ॥

मनु स

જે કુળમા સ્ત્રી સ્વામીથી અને સ્વામીથી સ્ત્રી સતુષ્ટ રહે છે, તે કુળનુ ખરેખર કલ્યાણ થાય છે આવા પ્રકારની નીતિ બોધક અને જ્ઞાન સાથે આનદ આપનારી આ નવલકથા પ્રભુ કૃપાએ જનસમાજની સમક્ષ મુકવામા આવી છે જનસમાજને નીતિ-જ્ઞાનને પથે પ્રેરનાર નવલકથાઓજ છે. નવલકથાકારો ભલે ગમે એવા પુસ્તકો લખે પણ તેમના પુસ્તકમા એક જાતનુ અલૌકિક જ્ઞાનદાયક ગુઢ તત્વ સમાયેલુ હોય છે, તે તત્વને ગુણજ્ઞ ગ્રહણ કરી લે છે અને તે સાહિત્ય સેવકને ભવિષ્યમા સારા પુસ્તકો લખવાને ઉત્તેજિત કરે છે જ્યારે સુજ્ઞજનો આવી રીતે વર્ત્તે છે ત્યારે આજકાલના અર્ધદગ્ધ ઉછૃખલ ટીકાકારો

પુસ્તકના તત્વને નહિ સમજતા ટીકાઓ કરી આનંદ પામે છે તે-ઓનુ કાર્ય રત્ન દ્વેષી રહી શરૂ થતા લેખકોને હલકા પાડવાનુ જ હોય છે, પણ ઇશ્વર આખરે તેમને ગયબી ફટકો માર્યા સિવાય રહેતો નથી. માટે એવા તુચ્છ વિચારના ટીકાકારોની મિથ્યા ટીકાની પરવા નહિ કરતાં પ્રિય સાહિત્ય સેવકોએ નીતિમય જીવન ધારણ કરી પોતાનુ કાર્ય આગળ વધારી જનસમાજનું શ્રેય કરવુ જોઇએ સૂર્ય ભગવાન્ ધુળના આચ્છાદનથી ઝાખા થાય જ નહિ, એમ સમજી મહાન્ પુરૂષ થવાને દૃઢ સંકલ્પ કરવો કે જેથી તે આખરે પોતાના પ્રયત્નમા ફાવે છે, અને ઇશ્વર તેને સુખની પરાસિમાએ પહોચાડે છે

અંતે કહેવાનુ એજ કે-નવલકથાના દોષોને નહિ જોતા ગુણ ગૃહણ કરી સદાચારી થશો તો શ્રમ સફળ થયો સમજાશે

વિક્રમાર્ક ૧૯૭૨ ચૈત્ર શુક્લ રામનવમી
શાહપુર, મહેતા પોળ
અમદાવાદ.

લી
સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર
મહેતા

અનુક્રમણિકા.

ૐ

"કુંજ-કિશોરી".

પ્રકરણ ૧ લું.

"કૃષ્ણલાલનાં કારસ્થાન".

આશ્વિન માસનો છેલ્લો દિવાળીનો દિવસ હતો પ્રભાતે વીર વિક્રમનુ નુતન વર્ષ બેસવાનુ હતું. નવિન વર્ષના સુવર્ણ પ્રભાતમાં સૂર્યના ઉદય પ્હેલાં જાગૃત થવાની ઇચ્છાથી ઘણોખરો જન સમાજ આખો દિવસ આનંદમા ગુજારી નિંદ્રાને આધિન થયો હતો. અર્ધ રાત્રિ

વ્યતિત થઇ ગઇ હતી. કોઇ સ્થળે કોઇ જાગે છે, તો કોઈ ઠેકાણે કોઇ ઉંઘે છે. ઘરને આગણે ગોખલામા ગોઠવેલા દિવા હજી કોઇ કોઇ સ્થળે પ્રકાશતા હતા. સારા જનોને શુભ શુકુન કરાવવાને ભોળા દિલના બાળકો સબરસ લઇ નીકળવાની તૈયારીયો કરતા હતા આવા સમયે નવાનગરના ઠાકોર જસવતસિહના નાનકડા મહેલમા કઇક ઓરજ પ્રસગ જણાઇ આવતો હતો

" મહેલના એક વિશાળ ઓરડામા એક સતેજ બત્તી પ્રકાશી રહી હતી. તે ઓરડામા મચ્છરદાનીથી અર્ધ ઢકાયેલા એક મોટા પલગ ઉપર તે નગરના વૃદ્ધ ઠાકોર સૂતા હતા. પલગની નીચે જમીન ઉપર તેમના પુત્ર કૃષ્ણલાલની પત્ની " સુકન્યા " નીચુ જોઈ બેઠી હતી. તેનાથી દૂર "સત્યવ્રત" નામક સરદાર બેઠો હતો તેની આખ્યોમા આ સમયે અશ્રુ જણાતા હતા તે વારવાર પલગમા સૂતેલા ઠાકોર સામે નજર કર્યા કરતો હતો

" ઘણીવાર સુધી ત્યા શાન્તિ છવાઇ રહી. આખરે શાન્તિનો ભગ કરી ' સરદાર સત્યવ્રત " સુકન્યાને ધીમેથી કહેવા લાગ્યો– બ્હેન ! બાપુને બોલાવે ઘણો વખત થઇ ગયો તેઓ ઉંઘે છે કે જાગે છે તેની ખાત્રી તો કરો

સુકન્યા ઉભી થઈ, અને પલગની છેક નિકટ જઇ બોલી— " પિતાજી ! "

" જવાબ ન મળ્યો ".

' તે ફરીથી બોલી. પિતાજી ! ઓ પિતાજી !

" કોમળ સ્વર કાનના ઉડાણ ભાગમા પહોચ્યો. ઠાકોરે આખ્યો ઉઘાડી સુકન્યાની સામે જોયુ.

" પિતાજી ! હવે શરીરે આરામ છે ને ? " સસરાને સામે જોઇ રહેલા જોઇ પુત્ર વધુએ પૂછ્યુ

" ઠાકોર ક્ષીણ અવાજે બોલ્યા. બેટા સુકન્યા ! તુ હજી શા માટે જાગે છે ? તને ઉંઘ આવતી નથી ?

સુકન્યા—પિતાજી ! આટલા દિવસ સુધીમા કોઇ વખતે તમને કઇ પણ થયુ નથી, અને આજે એકાએક તમને ભયંકર વ્યાધિ થઇ આવ્યો તેથી અમારો જીવ ઉડી ગયો હતો. આવા વખતે મને ઉંઘ કેવી રીતે આવે ?

જસવતસિંહ—સુકન્યા ! માણસનુ શરીર કાચના વાસણ જેવુ છે. તેને ફુટી જતાં વાર લાગતી નથી. આજે મ્હે અધીક આહાર કર્યો હતો, તેમા વળી કૃષ્ણલાલે તેના સોગન દઈ મિઠાઇનો એક કટકો વધારે ખવડાવ્યો હતો. એ કારણથી આજે મારી તબીયત બગડી ગઇ.

સુકન્યા—હવે તો શરીરે સુખ છેને ?

જસવતસિંહ—હા છે, પણ...આમ બોલતા તેમની જીભ એકાએક અટકી ગઇ. આખ્યો ચઢી ગઇ, મુખ પહોળુ થઇ ગયુ, અને તેથી સુકન્યા ગભરાઇ ગઈ તેણે દૂર બેઠેલા સત્યવ્રતને પાસે બોલાવ્યો

" સત્યવ્રતે માથાપર પાણી છાટવાનુ શરૂ કર્યું. ઘણીવારે ઠાકોર સ્વસ્થ થઇ આખ્યો ઉઘાડી જોવા લાગ્યા તરત સુકન્યાએ પૂછ્યુ. પિતાજી ! શુ થાય છે ?

"બેટા ! મને શુ થાય છે તેની મને કાઇપણ ખબર પડતી નથી. મારા પેટમાના આતરડા કપાતા હોય એમ વેદના થાયછે આહા ! રામ. કહી વૃદ્ધ ઠાકોરે પાસું બદલ્યુ.

" બાપુ ! રાજ્યવૈદ્યને બોલાવી લાવું? સત્યવ્રતે પૂછ્યુ

" સરદાર, વૈદ્યનુ અત્યારે શુ કામ છે મને હમણા મટી જશે, કદાચ વાયુનો પ્રભાવ હશે તો તે પણ થોડી વારે દબાઇ જશે તેમછતા નહિ આરામ થાય, તો વૈદ્યરાજને બોલાવીશુ. ઠાકોરે ધીમે સાદે કહ્યુ.

" બાપુ અત્યારે બોલાવવા દયોને ! શા માટે ના પાડો છો? સુકન્યાએ પૂછ્યુ.

" ના, બેટા, ના, અત્યારે તેમની કાઇ જરૂર નથી દિકરા !` તું પણ હવે જા, આ સત્યવ્રત મારી પાસે બેઠાછે જરૂર પડશે તો તને બોલાવવા મોકલીશ ઠાકોરે કહ્યુ

" બાપુ ! આજે મને ઉંઘ આવનાર નથી. તમે હવે ઉંઘી જાઓ હુ તમારા પગ દબાવુ કહી પુત્ર વધુ વૃદ્ધશ્વસુરના ચર્ણતળાસવા લાગી ઠાકોરે તેને ઘણુંએ નાકહી પણ તેણે માન્યુ નહિ

થોડો સમય વહી ગયો સબરસ વેચનારા એક નાના છોકરાના કોમળ કઠનો આવાજ આવ્યો કે—આજે દિવાળી, કાલે દિવાળી સુવર્ણ પ્રભાતે સબરસ સબરસ

સુકન્યા બ્હેન સબૂરસ લે શો કે ? કહી એક છોકરાએ દ્વાર ખખડાવ્યુ—

" બેટા સુકન્યા ! બ્રહ્મમૂર્તનો સમય થયો, જાઓ ભોળા રામલાલ પાસેથી સબરસ લઇ શુકુન કરી તેને સુવર્ણ મુદ્રા આપી આનદ કરાવો

' જેવી આપની આજ્ઞા કહી સુકન્યા નીચે ઉભેલા છોકરાને કહેવા લાગી રામલાલ, ઉભો રહેજે હાકે, હુ તને શુકુન કરાવના કઇક લેતી આવુ.

સારૂ બ્હેન ! નિરાંતે આવજો હુ અહિ ઉભો છુ.

"સુકન્યા તેના ઓરડા તરફ જવા લાગી તેના ઓરડાની જોડેજ તેના સ્વામિ કૃષ્ણુલાલનો શણુગારેલો ઓરડો આવેલો હતો. ત્યાંથી જતા તેના મનમા એમ થઈ આવ્યુ કે લાવ જોઉ તો ખરી કે સ્વામિ જાગે છે કે ઉંઘે છે ? આમ વિચારી તેણે ત્યા જઇ દ્વારના છીદ્રમાથી દ્રષ્ટિ કરી જોયુ તો જણાયુ કે અંદર કૃષ્ણુલાલ જાગૃત અવસ્થામા કઇક ઉંડા વિચાર કરતો ખુરશી ઉપર બેઠો છે. તેની પાસેની ખુરશીમા તેના ખભે હાથ મૂકી તેનો પરમપ્રિય મિત્ર "કરૂણાશંકર" બેઠો છે તેમની એવી સ્થિતિ નિહાળી સુકન્યા આશ્ચર્ય પામી તેઓના વિચાર સાભળવાની જીજ્ઞાસા સહેજ થઈ તેથી તે ગુપચૂપ ત્યા ઉભી રહી.

એવામા દૂરના મહોલ્લામા સબરસવાળા છોકરાઓના રાગડા સભળાયા કરૂણાશંકરે ઉભા થઇ વિચારમા પડેલા કૃષ્ણુલાલને કહ્યુ. લાલા ! શુ વિચાર કરો છો ? ઉઠો, સબરસના શુકન કરો, અને આ વરસમાજ સુવર્ણ સિંહાસને બિરાજો

"કૃષ્ણુલાલ સાવધ થયો, કપાળે કર સ્પર્શ કરી બોલ્યો. હજી જ્યા સુધી બુઢ્ઢાની મરણ પોક પડી નથી,' ત્યા સુધી રાજ્ય ગાદી આપણી નથી.

"અરે એમ તે હોય ! એતો કયારનાએ આ ભુતળ ઉપરથી વિદાય થઇ ગયા હશે કૃષ્ણુલાલ ! તમે જે મિઠાઇનો કટકો ખવડાવ્યો હતો, તેમાનુ ઝેર એવું તો આબાદ હતુ કે ત્રણ ચાર કલાકમા જ કામ પતી જાય ! તે મરી ગયા હશે તેની આપણુને શુ ખબર પડે ? કારણુ કે તે ત્યા ને આપણે અહિ—

"અરે એવી તે ખબર ના પડે કે ? મારા ધારવા પ્રમાણે હજી તેમનો પ્રાણ ગયો નહિ હોય કારણ કે મ્હે આપવા માડેલો મિઠાઇનો કટકો તેમણે આખો ખાધો નહોતો

' ત્યારે એમ કહોને મારા મહેરબાન, કે તમે જ ઉંધુ માર્યું છે ? હશે ચાલો ખેર ! ઉભા થાઓ, અને તપાસ તો કરો કે તે જાગે છે કે નહિ ? જો ઉંધતા હોય તો ઠીક છે, નહિ તો તેમની છાતી ઉપર ચઢી બેસી, આ શીશીમાંથી ફક્ત બેજ ટીંપા તેમના મ્હોમા પાડી દેજો બસ પછી જોઇ લ્યો કે તરત કામ પૂરૂં થાય છે કે નહિ કહી કરૂણાશંકરે ગજવામાથી એક નાની શીશી કાઢી કૃષ્ણલાલને આપી.


"સુકન્યા ભયંકર પ્રપંચ સમજી ગઇ પવિત્ર પિતાનો પાપી પુત્ર આવુ કરપીણ કામ કરશે એવી તેને સ્વપ્ને પણ આશા નહોતી, રાજ વૈદ્યને બોલાવવાની ખાસ જરૂર છે. ચાલ હુ પણ જલ્દીથી સબરસ લઇ સસરાની પાસે જાઉ, નહિ તો પાપીયો પ્રપંચમા ફાવશે. આમ ધારી એ પવિત્ર બાળા પોતાના ભાગ્યનો દોષ કાઢતી સુવર્ણ મુદ્રા લઇ નીચે ગઇ

"એ અરસામાંજ, કૃષ્ણલાલ ઝેરની શીશી લઈ ઓરડામાથી બહાર નીકળ્યો તે ધીમે ધીમે પગ ઉપાડતો પિતાના ઓરડાની પાસે આવી જોવા લાગ્યો અંદર જસવંતસિંહ લગીર જપી ગયા હતા. સત્યવ્રત આખી રાતના ઉજાગરાથી બેઠા બેઠો ઝોકા મારતો હતો. એ સમયનો લાભ લઇ કૃષ્ણલાલ ધીમે રહી અંદર પ્રવેશ્યો પલંગ પાસ જઈ પાપી પુત્ર પિતાના મુખમા ઝેરના ટીપા નાખી તત્કાળ બહાર નીકળી ગયો, અને જલ્દીથી પોતાના ઓરડામા આવી મિત્રની પીઠ ઉપર થાપડ લગાવી બોલી ઉઠયો કરૂણાશંકર ! કામ પાર

" એમ ! ત્યારે આપણુને વગર સબરસ લીધે સબરસના શબ્દ માત્રથીજ તેના શુકન ફળ્યા. દોસ્ત ! હવેજ આપણો બેડો પાર, અને તુ પણુ ભોગવાય એટલો આનદ ભોગવવા થઇ જા તૈયાર. કહી કરૂણાશંકર હર્ષથી કુદવા લાગ્યો

પ્રકરણ ૨ જુ.

" મૃત્યુ સમય. "



સુશિલ સુકન્યા સબરસ લઇ રામલાલને સુવર્ણ મુદ્રાથી ખુશી કરી ઝપાટાબધ સસરાના પ-લગ પાસે આવી નીચે બેઠી તેના પગરવથી ઝોકા ખાતો સત્યવ્રત જાગી ઉઠયો બ્હેન ! સબરસ લઇ આવ્યા કે ? કહી તે આખ્યો ચોળતો ઉભો થયો.

" સત્યવ્રત ! ક્યા જાઓ છો ?"

" બ્હેન ! નીચે જઈ મ્હો ધોઇ આવુ શુ કઇ કામ છે ?"

"હા, તમે મ્હો ધોઇ હાલને હાલ વૈધરાજને બોલાવી લાવો "

" સવારમા બોલાવીશુ તો નહિ ચાલે ?'

" ના, આમ પાસે આવો." કહી સુકન્યાયે તેના કાનમાં કંઇક ધીરેથી વાત કરી.

વાત સાભળતાજ સત્યવ્રત આભો બની ગયો. પણ સુકન્યાના 'જાઓ વાર ન કરો' એ શબ્દોથી સાવધ થઇ મુખ ધોયા વિનાજ રાજવૈદ્યને બોલાવવા દોડયો.

" તે વૈદ્યને ઘેર પહોચ્યો નહિ હોય એટલામા તો જસવત-સિંહ ! હા, રામ, કહેતા એકદમ ખાટલામા બેઠા થઈ ફાટી આખે ચારે તરફ જોવા લાગ્યા."

" સુકન્યા ગભરાઇ ગઇ, નોકરોને બૂમ મારી જાગૃત કરી ઉપર બોલાવ્યા. ઠાકોરનો શ્વાસ જોસથા ચાલવા લાગ્યો સુકન્યા વાસે હાથ ફેરવતી પૂછવા લાગી. બાપુ ! ગભરામણ થાય છે ?

" હા, મારા નાડીયો તૂટે છે, જીવ ઉડાણમા ઉતરી પડે છે. બેટા સુકન્યા ! પ્રાણ નીકળી જાય એવુ અસહ્ય દર્દ આ દેહને દમે છે. લથડતી જીભે આટલુ બોલી ઠાકોર ચત્તાપાટ સૂઇ ગયા"

" બાપુ ! ગભરાશો નહિ હા ! હમણા પ્રભુ મટાડી દેશે, મ્હેં વૈદ્યરાજને બોલાવવા સત્યવ્રતને મોકલ્યા છે

" દિકરા ! ત્હે વૈદ્યરાજને નકામા બોલાવ્યા હુ જીવવાનો નથી. હા, આહ, અપાર વેદના. મારો . કૃષ્ન...લાલ ક્યા છે ?"

" તેમને બોલાવુ ?"

" હા, મરતા અગાઉ પુત્રનુ મુખ જોવાની ઇચ્છા છે !"

સુકન્યાયે કૃષ્ણલાલને બોલાવી લાવવા એક નોકરને ઇશારતથી સમજાવ્યુ.

" નોકર દોડતો તેના ઓરડા તરફ દોડયો. આ સમયે કૃષ્ણ-

લાલ અને કરૂણાશંકર મદ્યપ્રાસન્ન કરતા હતા, નોકરે આવી સર્વ હકીકત તેમને જણાવી

"કૃષ્ણલાલ ગુસ્સે થઇ બોલી ઉઠયો, અલ્યા કુલ્લુના પઠ્ઠા! રાજકુમારની આગળ કેમ બોલવુ તેનુ તને કાઇ ભાન છે ?"

"ભાન નહિ હોય તો હવે વેચાતું લાવશે. હવે નથી રાજા જસવન્તસિહનુ રાજ્ય કે તેમ ચાલશે." ફરી કરૂણાશંકર બોલી ઉઠયો.

"આપ પધારો છો કે નહિ ?" નોકરે હાથ જોડી પૂછયુ.

"તે જાણવાની તારે જરૂર નથી જા, ચાલ્યો જા. કૃષ્ણલાલે તેને ધમકાવતા કહ્યુ

તોપણ તે ગરીબ નોકર ત્યા ઉભો રહ્યો કરૂણાશંકર ચીડાયો, અને તેથી તેની પાસે જઇ તેનો કાન ઝાલી કહેવા લાગ્યો. મૂર્ખના શીરોમણિ! જા અમે આવીએ છીએ જાણતો નથી કે આ કાળ ચોઘડીયુ ઉતરવાની તૈયારીમા છે! હમણા જ લાભ ચોઘડીયુ બેસતા અમે ત્યા આવી પહોચીએ છીએ. માટે જા, ચાલ્યો જા.

નોકર ચાલ્યો ગયો, અને સુકન્યાને જવાબ સભળાવી ત્યા ઉભો રહ્યો

"જસવતસિહને અપાર દર્દ થતુ હતું. તે બૂમેબૂમ પાડતા હતા, અને વચમા કૃષ્ણલાલ ક્યા છે એમ ભાગ્યા તૂટયા શબ્દે પૂછતા હતા.

"એવામા સત્યવ્રતે વૈદ્યરાજ સાથે ત્યા પ્રવેશ કર્યો, વૈદ્ય જસવતસિહની પાસે જઇ ચિકિત્સા કરવા લાગ્યો. બેચાર પ્રશ્ન કર્યા, પણ કોણ જવાબ દે. ઠાકોર ભાન ભૂલ્યા હતા, તે હવે કોઇને ઓ-

બખી શકતા નહોતા, વૈદ્યરાજે નાડી જોઇ ઘણી વારે જણા- વ્યુ કે, ઠાકોરને વિષ ખવરાવવામા આવ્યુ છે. તેમના જીવનની આશા નથી, બે પળ પણ ભાગ્ય હોય તો જીવે. હજી વૈદ્યરાજના મુખમાજ તેમના શબ્દો છે એટલામાંજ ઠાકોરે તૂટતી જીભે ચીસ પાડી. ઓ, રામ, મારો કૃષ્ણલાલ, ક્યા છે? ઓં, મા...રા.. કૃ. કૃ.. ક.. ર...સ.. ન, બસ થઈ ચૂ કયુ. જીવન દિપક બુઝાઇ ગયો, મુખ પહોળુ થઇ ગયુ. આર્તનાદ શરૂ થયા નોકર ચાકરોએ કલ્પાત કરી મૂકયુ. સુકન્યા તો કયારની યે કારમી ચીસ નાખી બેશુદ્ધ થઇ પડી હતી, સત્યવ્રતે કારમી પોક મૂકી.

“ કરૂણાજનક કલ્પાત સાભળી કૃષ્ણલાલ અને કરૂણાશકર ઓરડાની બહાર નીકળી દોડી આવ્યા, ચાલતા ચાલતા કરૂણાશંકરે કૃષ્ણલાલને કહી દીધુ કે જો ઢોગ કરતા ભૂલીશ નહિ હાકે ? પછાડ ઉપર પછાડો ખાજે, જો તેમા કસર કરીશ તો લોકોને આપણી ઉપર વ્હેમ આવશે

“ હું સઘળુ સમજુ છુ કહી પ્રચડકાય કૃષ્ણલાલ પિતાના ઓરડામા આવી પહોચ્યો પિતાની દશા નિહાળતાજ કારસ્થાની કૃષ્ણલાલ જમીન ઉપર પછડાઈ પડી માથુ કુટતો અત્યત કલ્પાત કરવા લાગ્યો તેના કલ્પાતથી સુકન્યા શુદ્ધિમા આવી. સ્વામિનો ઢોગ સતી બાળા સમજી, તેની તરફ એક ધિક્કારની નજર ફેંકી દૂર ખસી ડુસકા ભરી રડવા લાગી.

“ કૃષ્ણલાલના કલ્પાતથી સઘળા માણસો ગભરાઇ ગયા, તેઓએ કૃષ્ણલાલને ઘણુએ સમજાવવા માડયુ પણ તેઓ જેમ જેમ તેને

વધારે સમજાવવા લાગ્યા તેમ તેમ તે પ્રપંચનું પુતળુ વધારે ને વધારે ઢોગ મચાવવા લાગ્યુ. આખરે સત્યવતે કરૂણાશંકરને તેને સમજાવવા કહ્યુ.

" કરૂણાશકર તેની પીઠ ઉપર હાથ ફેરવી કેહેવા લાગ્યો. ભાઇ ! શાન્ત થાઓ ! ગઇ ગુજરી ભૂલી જાઓ તમે ગમે એટલા રડશો તોપણ તમે હવે કદાપિ કાળે પિતાજીને જોઇ શકવાના નથી, માટે ધિરજ ધરી શાન્ત થાઓ. "

" ઓ માગ બાપરે, હાય અચાનક આ શુ થઇ ગયુ. કહી કૃષ્ણલાલ લાબો રાગડો કાઢી કરૂણાશકરને કઠે વળગી રડવા લાગ્યો."

" ભાઇ ! આમ શુ કરોછો હિમત રાખો ! તમારા રડવાથી આ બધા માણસો રડે છે માટે ધૈર્ય ધરો, હવે તો તમારે માથે આવી પડયુ બાપલા ! આમ રડવાથી પિતાજી પાછા મળવાના નથી. વિચાર કરો ! દેહ પડવાનો હતો તે પડયો, કોઈ સદાકાળ રહેવાનુ છે ' ભાઇ ! ભગવાને અર્જુનને કહ્યુ હતુ કે મરણનો શોક નકામો છે. આખી ભગવત ગીતા તેહે મારી પાસેથી સાંભળી છે, તેનો આવોજ ઉપયોગ કરે છે કે ? આવી દાખલા દ્રષ્ટાતો આપી કરૂણાશકરે તેને ઘણીવારે શાન્ત કર્યો "

" સુકન્યા મનમા ઘણીયે અકળાતી હતી, પણ તે શુ કરે, તે સતીબાળા ! એ લોભી ગુરૂ અને લાલચુ ચેલાનો મનથીજ તિરસ્કાર કરતી રડતી કકળતી ખુણામા બેશી રહી "

" કૃષ્ણલાલે શાન્ત થઇ, નોકરોને દોડાવી સરદારો ભાયાતો અને પટાવતોને ત્યા બોલાવ્યા. રાજ્યગુરૂ પણ આવી પહોંચ્યા તેમણે

રાજાની મરણ ક્રિયા કરાવી, બાદ સઘળાએ મૃત રાજાના દેહને નમન કરી પુષ્પની શૈય્યામા સૂવાર્યું ” .

નવા નગરમા રાજાના અકાળ મરણથી ત્રાસ વર્તાઇ રહ્યો. લોકો અનેક પ્રકારે બોલી રાજાના મરણની ચર્ચા ચલાવવા લાગ્યા.

“ સુવર્ણ પ્રભાતે રાજાના શબને ઘણાજ માનથી બહાર કાઢવામા આવ્યુ. સ્મશાન ક્ષેત્રે લઇ જઇ ” કૃષ્ણલાલે વીધીસર પિતાને દાહાંજલી દીધી.

અગ્નિદેવે થોડા સમયમા તેમનુ કાર્ય પૂરૂ કરી દીધુ સરદારો, પટાવતો વગેરે સ્નાન કરી નગરમા આવ્યા, સઘળે શોકના સમાચારની પત્રિકાઓ લખાઇ.

“ નવા નગરની ઠકરાત રત્નપુર નામના નગરને તાબે હોવાથી ત્યાના મહારાજાને ઠાકોર જસવતસિહના મરણ સમાચાર જણાવવા એક ઘોડેસ્વારને દોડાવવામા આવ્યો ”

“ પિતાના મરણથી કૃષ્ણલાલને અપાર આનદ થયો અને હવે સ્વતત્રતાથી સર્વ કામ થશે, ધારીને તે મનમા ખુશી થવા લાગ્યો ”

“ સતી સુકન્યાના શોકનો પાર નહોતો, તે મનમા બળતી, ઝળતી, ભવિષ્યમા શુ થાય છે, એ જોવાને તૈયાર થઇ ”

પ્રકરણ ૩ જું.

" રાજ્ય પ્રાપ્તિ. "

જસવંતસિહના મરણને ઘણા દિવસ થઇ ગયા, બાદ એક દિવસે શુભ મૂહુર્તે કૃષ્ણલાલને રાજ્યાભિષેક કરવાનુ નિર્માણ થયુ. સઘળે આમત્રણ પત્રો રવાના કરવામા આવ્યા નાનકડા નવાનગરમાં આનંદોત્સવ થઇ રહ્યો.

" રત્નપુરથી પ્રધાન રાયમલ મહારાજાની સમતિ લઇ કૃષ્ણુલાલને ગાદીએ બેસાડવા આવ્યો નવાનગરની ઠકરાત રત્નપુરને તાબે હોવાથી, નવા રાજાને ગાદીએ બેસતાં ત્યાના મહારાજાની મહોર મુદ્રા જોઇએ એ કારણથી પ્રધાન રાયમલ તેના રસાલા સાથે ત્યાં આવ્યો હતો

" દરબારી હોલ સરદારો, પટાવતો અને અન્ય નગર જનોથી ચિકાર ભરાઇ ગયો. સમય થતા રાજ્યગુરૂએ નવા રાજાને રાજ્યાભિષેકની ક્રિયા કરાવી તે પછી પ્રધાન રાયમલે ઉભા થઇ કૃષ્ણલાલનો હાથ પકડી સિહાસને બેસાડયો. તેના હાથમા રાજ્ય દંડ અને રત્નપુરના મહારાજાની સુવર્ણ મુદ્રા આપી. પ્રધાને તેને કેટલીક શીખામણો આપી, તેના પ્રત્યુત્તરમા કૃષ્ણલાલે એક છટાદાર ભાષણ કરી તેનો અને રત્નપુરના મહારાજાનો ઉપકાર માન્યો. સ-

ધળે આનંદ આનંદ થઇ રહ્યો. માન અકરામની લ્હાણીયો થવા લાગી, દ્રવ્યનો છૂટે હાથે ઉપયોગ કરી માગણ જનોને સંતોષ કરવામાં આવ્યા. બાદ નાચ તમાસા શરૂ થયા

" અંતે આનંદના દરબારની સમાપ્તિ થઇ સઘળા એક પછી એક વિદાય થવા લાગ્યા, પ્રધાન રાયમલ તેના રસાલા સાથે રત્નપુર ઉપડી ગયો."

" રાજ્યાભિષેકની ક્રિયાથી મૂક્ત થઇ કૃષ્ણલાલ અને કરૂણાશંકર દરબાર ગઢમાં આવેલા બગિચામાં ફરવા લાગ્યા. આજે કરૂણાશંકરના આનંદનો પાર ન હતો. બન્ને જણા ત્યાં પડેલા કોચ ઉપર બેસી હસ્તે વદને આનંદકારક વાર્તાલાપ કરવા લાગ્યા.

એવામાં દ્વાર રક્ષક સિપાઇએ અંદર આવી જણાવ્યું કે— નામદાર ! આપના મિત્ર " **કુંજવિહારી** " બ્હાર ઉભા છે, તે અંદર આવવાની આજ્ઞા માગે છે,

" આવવા દે. " કરૂણાશંકરે આજ્ઞા આપી."

" સિપાઇ ચાલ્યો ગયો થોડીવારમાં કુંજવિહારી અંદર દાખલ થયો."

' કૃષ્ણલાલે ઉભાથઇ તેની સાથે હાથ મેળવી પોતાની સાથે બેસાર્યો. તેને રાજ્યગાદી મળવાથી કુંજે પોતાનો આનંદ પ્રદર્શિત કરી કહ્યું. મારા પરમ પ્રિય મિત્ર અને નવા નામદાર ઠાકોર સાહેબ! આપને રાજ્યગાદી મળવાથી મને ઘણોજ આનંદ થયો છે. સદાસર્વદા પ્રભુપ્રત્યે પ્રિત રાખો, પ્રજાના શુભમાં હંમેશા લક્ષ આપશો એવી મારી આશા છે. અને...

" કુંજ આગળ બોલવા જતો હતો, એવામાંજ કરૂણાશંકરે કહ્યુ. કુંજ ! લાબુ ટાયલુ શુ કરવા કરે છે. કૃષ્ણલાલને ગાદી મળી તેથી આપણને આનંદ થાય એમા શુ નવાઇ ! માટે તારૂં ભાષણ બંધકરી આનંદી વાર્તાલાપ કર "

"કુંજ તેની મૂર્ખાઇથી મનમા હસ્યો અને આગળ બોલવું બંધ કરી કૃષ્ણલાલને કહેવા લાગ્યો ઠાકોરસાહેબ ! આ ગરીબ મિત્રની એક વિનતી સ્વિકારશો ? "

" પ્રિય મિત્રની વિનતી સ્વિકારવાને હુ તૈયાર છુ. કુંજ ! જણાવો કે તમારી શુ ઇચ્છા છે ? કૃષ્ણલાલે પૂછ્યુ "

" મારી ઇચ્છા આપને અભિવંદન આપવાની છે. તેથી આપનામદાર આપના સર્વ સરદારો સાથે મારે મકાને આજ સાંજના પધારો કુંજે જણાવ્યુ.

" ઘણી ખુશીથી હુ તમારે ત્યા આવીશ કૃષ્ણલાલે કહ્યું "

" ઘણોજ ઉપકાર થયો કુંજે પ્રત્યુત્તર વાળ્યો. '

" એટલામા કરૂણાશંકરને કંઇક યાદ આવતા બોલ્યો, કુંજ વિહારીભાઇ ! એતો જાણે સઘળુ સમજ્યા, પણ અમે ત્યા આવીશુ ત્યારે ભેગાભેગી ગોળધાણા પણ ખવરાવશો ને? "

" શુ ! કુંજવિહારીભાઇના વિવાહ થવાના છે કે ? કૃષ્નલાલે પૂછ્યુ. "

" હાજી ! આજ કાલ કરતાં ઘણા દિવસથી તેમના લગ્નની વાત ચર્ચાય છે તેમજ કન્યાનો બાપ પણ ઘણા દિવસથી કુંજવિહારીને ત્યા આવેલો છે કરૂણાશંકરે જણાવ્યુ.

" ત્યારે તો આપણને ઘણોજ આનંદ થશે. કહો કુંજભાઇ આજે ગોળ ધાણા ખવરાવશો ને ? કૃષ્ણલાલે પૂછ્યુ. "

" હજી લગનનુ તો નક્કી થાય ? કે પ્રથમથીજ ગોળધાણા ? ઠાકોરસાહેબ ! પ્રભુઇચ્છાએ આજ એ કામ પણ પૂરૂ થવાની તૈયારી મા છે તેથીજ આજે મ્હે મોટો મેળાવડો કરી ભેગા ભેગુ આપને પણ અભિવદન આપવાનું નિર્ધાર્યું છે. લ્યો હવે મને રજા છે. ?"

" શું એટલીજ વારમાં ? "

' હા, કારણ કે મારે હજી ઘણી ગોઠવણો કરવાની છે "

" ત્યારે તો ખુશીથી પધારો, અમે જરૂર તમારે ત્યાં આવી શુ "

" કુજ હાથ મેળવી ત્યાથી ચાલ્યો ગયો તેના ગયા પછી કરૂણાશકર કૃષ્ણલાલને કહેવા લાગ્યો. કૃષ્ણલાલ ! કુંજનુ ભાગ્ય સારૂં છે હો ?

" કેમ વારૂ ? "

" કન્યા ઘણી ખુબસુરત છે આખા રાજસ્થાનમા એ કન્યાનો જોટો મળવો મુશ્કેલ છે "

" અરે જા, જા, એમતે હોય ! પ્રધાન રાયમલની પુત્રી સરલા કઇ કમ છે કે ? "

" સરલા સુદર છે ખરી પણ આનાથી ઉતરતી. ઠાકોર ! તમે જ્યારે તેને નજરે જોશો ત્યારે ખાત્રી થશે. મારા માન્યા મુજબ તો તમે તેને જોતાજ ચકરી ખાઇ જમીન ઉપર પછડાશો "

" શુ તે એવી સુંદર છે ? "

" અરે કેવળ સુદરતાની મૂર્તિ છે સ્વર્ગની અપ્સરા અવતાર લઇને આવેલી હોય એમ લાગે છે "

" તે કયા ગામની રહીશ છે ? "

" સૌરીપુર નામના નગરની રહીશ છે તેનો બાપ ખાનદાન કુટુંબનો છે "

" તેમની જાત શું છે ? "

" બ્રાહ્મણ. "

" તેનું નામ. "

" **કિશોરી.** "

" ઠીક છે, આજે આપણે તેને નજરે જોઇ ખાત્રી કરીશું ! "

" હા ખાત્રી કરજો ઠાકોર ! જો કુંજનું લગ્ન તેની સાથે થાય તો તેના ભાગ્યનો પાર રહે નહિ.

" હા, કુંજ પણ સુંદર સ્વરૂપવાન છે, અને કન્યા પણ રૂપવાન છે એની જોડી ઘણી સરસ શોભશે, કહી કૃષ્ણલાલે નિઃશ્વાસ નાંખ્યો.

" આપણે ત્યાં કેટલા વાગે જઇશું ? કરૂણાશંકરે પૂછ્યું.

" બરાબર સાત વાગે ". કૃષ્ણલાલે જણાવ્યું.

" ત્યારે ચાલો હવે આપણે અહિંથી જઇએ, અને સાંજે ત્યાં જવાની તૈયારી કરીએ

" હા, ચાલો. કહી બન્ને જણા ત્યાંથી ઉઠી મહેલમાં ચાલ્યા ગયા.

" કરૂણાશંકરને આગળ પાછળ કોઇ સંબંધી નહિ હોવાથી તે કૃષ્ણલાલની પાસેજ રહેતો હતો

" તેઓના ત્યાંથી ચાલ્યા ગયા પછી, થોડીવારે તેઓ બેઠા હતા, તેની પાછલી બાજુથી એક રૂપવાન રમણી બહાર નીકળી અને આસપાસ નજર ફેરવી ઝપાટાબંધ મહેલમાં ચાલી ગઇ.

" તે રમણી " સતી સુકન્યા " હતી

———o———

પ્રકરણ ૪ થું.

" તારા મૈત્રક. "

કુંજવિહારી નવા નગરનો ગૃહસ્થ પુત્ર હતો જ્ઞાતે બ્રાહ્મણ હતો. તેના માતા પિતા સ્વર્ગવાસી થયા હતા તેણે સારી કેળવણી સંપાદન કરી હતી તે સદાચરણી પવિત્ર અને ધર્માનુરાગી હતો તેના અનેક સદ્ગુણોથી આકર્ષાઇ જનસમાજ તેને માનની નજરે જોતો ગરીબોના દુખ દૂર કરવાને તે હમેશા તત્પર રહેતો.

" આજે કુંજવિહારીના મોટા મકાનમા ધામધુમ થઇ રહી છે. મકાનને ધ્વજા પતાકાથી સારી રીતે શણગારવામા આવ્યુ છે ઠાકોર સાહેબ પધારવાના હોવાથી સિપાઇયો થોડે થોડે અંતરે ઉભા રહી પહેરો ભરી રહ્યા છે મકાનની અંદર એક વિશાળ હોલમાં ગાદી તકીયા ગોઠવી દીધા છે. ઝુમ્મરોમાં બળતા દિપકોથી મધ્યમ પ્રકાશ પડી રહ્યો છે દિવાલ ઉપર અનેક જાતની રંગ બેરંગી નાની મોટી તસ્વીરો લટકાવી દીધી છે. રાજ્યના અમલદારોથી અને અન્ય પ્રતિષ્ઠિત જનોથી હોલ ભરાઇ ગયો છે. સઘળા આતુરતાથી ઠાકોર સાહેબ કૃષ્ણલાલની રાહ જોઇ રહ્યા છે.

તે વિશાળ હોલની પાસેના એક ઓરડામા ચક નખાવી કુંજની ભવિષ્યમા થનારી પત્ની કિશોરી નગરની બાજી અબળાઓ સાથે બેઠી હતી. કુંજવિહારીના અપૂર્વ વૈભવથી કિશોરી મનમા ઘણી ખુશી થતી હતી.

સરદારો અને અન્ય નગર જનો જેની રાહ જોઈ રહ્યા હતા, તે કૃષ્ણલાલ, સુકન્યા સાથે પડદાવાળા રથમા બેસી આવતો જણાયો ચોપદારે નેકી પોકારી તેના આગમનની સૂચના કરી. રથ ઉભો રહેતા સુકન્યા મ્યાનામા બેસી સ્ત્રી વર્ગવાળા ઓરડામા દાખલ થઇ ગઇ. કિશોરીએ તેને અભિવદન આપ્યુ

કૃષ્ણલાલ અદર આવ્યો, સઘળાએ ઉભા થઇ તેને નમન કર્યું નમન પ્રતિકાર હસ્તે વદને વાળી તે તેના માટે નખાવેલી મખમલની ગાદી ઉપર બેઠો. તેની જમણી બાજુએ કરૂણાકર અને ડાબી બાજુએ કુંજવિહારીએ સ્થાન લીધુ.

બાદ થોડીવાર શાન્તિ ફેલાવા દઇ, કુંજવિહારીએ ઉભા થઇ કૃષ્ણલાલને ગાદી મળ્યા બાબતનુ સમયને અનુસરતું છટાદાર ભાષણ કર્યું. ભાષણને અતે નામદાર ઠાકોર સાહેબના પધારવા માટેઆભાર માની તે નીચે બેઠો તેના ભાષણને સઘળાએ તાળીઓના અવાજથી વધાવી લીધુ. પુન પાછી શાન્તિ ફેલાઇ ગઇ. તે પછી કિશોરીના વૃદ્ધ પિતા હરિહર રાયે કુંજને કમકુમનો ચાલ્લો કરી શ્રીફળ આપ્યુ. આનદ વર્તાઇ રહ્યો નાચગાન શરૂ કરવામા આવ્યુ. ગોળ ધાણા અને પાન સોપારી આપવાનુ શરૂ થયુ સર્વજનો ગોળ ધાણા, પાન સોપારી અને ગુલાબ લઇ, કૃષ્ણલાલને નમન કરી એક પછી એક જવા લાગ્યા. લોકોથી ભરાયેલુ વિશાળ દિવાનખાનુ જોત

જોતામા ખાલી થઇ ગયુ. કુજ દ્વાર પાસે ઉભો રહી સઘળાનો ઉપકાર માનતો હતો. સર્વ ચાલ્યા ગયા, પણુ કૃષ્ણુલાલ અને કરૂણાશકર ત્યા બેસી રહ્યા.

"કુજને દ્વાર પાસે ઉભેલો જોઇ કૃષ્ણુલાલે કરૂણાશકરના કાનમાં ધીમેથી પૂછ્યુ કરૂણાશકર! મારાથી કિશોરીને શી રીતે જોવાશે?"

"તેની યુકતી હુ બતાવુ

"બતાવ ત્યારે?"

"કિશોરીને જોવાનો રસ્તો એજ કે, હમણા કુજવિહારી અહિ આવે ત્યારે તમારે કહેવુ કે મને નવા ભાભી દેખાડો, તમારૂં કહેવુ તે તરત કબુલ કરશે, અને તમને અદર લઇ જશે તમે અદર જજો ને કિશોરીને કઇક ભેટ આપી બરાબર નિહાળી જોજો. ઠાકોર! જો, જો, તેને જોતા કયાક બેશુદ્ધ બની જતા નહિ."

"અરે જા, જા, આ કૃષ્ણુલાલ એવા નરમ હ્રદયનો નથી, કે બેશુદ્ધ બની જાય"

"આમ વાત ચાલતી હતી, એવામા કુજ અને કિશોરીના પિતા હરીહરરાય સઘળાના વિદાય થયા બાદ ત્યા આવ્યા. ચારે જણાએ થોડી વાર સુધી વાર્તા વિનોદ ચલાવ્યો."

વાતોમાને વાતોમા કૃષ્ણુલાલે તેની ઇચ્છા કુજને જણાવી દીધી. કુજ તેને લઇ ચકવાળા ઓરડા તરફ ચાલ્યો, સ્વામિને કુજ સાથે ત્યાં આવતો જોઇ સુકન્યા આશ્ચર્ય પામી

બન્ને જણા ત્યા આવી ઉભા રહ્યા કિશોરી ઘુમટો ખેચી એક બાજુ ઉભી રહી.

"ફુંજ સુકન્યા સામે જોઇ બોલ્યો, બ્હેન ! આ મારા ભાઇની ઇચ્છા તેના ભાભીને જોવાની થઇ છે તે ઇચ્છાથી તેઓ અહી આવ્યા છે.

સુકન્યા હસી પડી, અને કિશોરીનો હાથ પકડી કહેવા લાગી, બ્હેન ! શરમા નહી, રાજા તો પ્રજાના પિતા છે. તેમની આગળ શરમ શી ? કહી સુકન્યાએ તેનો ઘુમટો આઘો ખસેડયો. શરમાળ કિશોરીએ ધ્રૂજતા હાથે કૃષ્ણલાલને પ્રણામ કર્યાં

"વાદળમાથી વિજળી જેમ ચમકે, તેમ કિશોરીનુ મુખ જોતાજ કૃષ્ણલાલ ચમકયો, અને મન સાથેજ બોલી ઉઠયો કે, અરે ! આતે મૃત્યુલોકની કન્યા કે દેવલોકની દેવકન્યા ! કહી કૃષ્ણલાલ નેત્રનો પલકારો માર્યા વિના તેના સામે જોઈ રહ્યો. બન્નેનુ તારામૈત્રક રચાયુ. કૃષ્ણલાલ જેમ જેમ તેની તરફ વધારે વાર જોઇ રહ્યો તેમ તેમ તેની આખ્યો વિકારવશ થવા લાગી ચતુર કિશોરી ચેતી ગઇ, તેણે તેના સામેથી નજર ખેચી લીધી

કૃષ્ણલાલ સ્વસ્થ થઇ ગળામાથી એક અમૂલ્ય હિરાનો હાર કાઢી તેને આપવા હાથ લાંબો કરી બોલ્યો કિશોરી ! તુ દેવકન્યા છે. તારા સહવાસથી મારા મિત્રનો સસાર સ્વર્ગ સમાન શોભશે બાળા ! તારી ઉપર ઘણોજ પ્રસન્ન થઇ હુ આ હાર આપુ છુ તેનો સ્વિકાર કર.

' કિશોરી ચિત્રવત્ થઇ ઉભી રહી. તેણે હાર લીધો નહિ તેને ઉભી રહેલી જોઇ સુકન્યા કહેવા લાગી. કિશોરી ! વડીલની પાસે થી હાર લેતાં શાને શરમાય છે ? આમ આવ અને તેમના હારનો સ્વિકાર કર .

"કિશોરી ધ્રૂજતે પગે આગળ આવી કૃષ્ણલાલે આનદ પામી હાથમાનો હાર તેના કઠમા પહેરાવ્યો. કિશોરી ત્યાથી ચાલી ગઇ.

વિજળી વાદળમા છૂપાઇ ગઇ કૃષ્ણલાલ અને કુંજપણ બહાર નીકળી ગયા.

સુકન્યા કિશોરીને મળી ભેટી સુખપાલમા બેસી રાજ્યભુવન પ્રતિ ગમન કરી ગઇ

કૃષ્ણલાલ અને કરૂણાશંકર કુંજની રજા માગી બહાર નીકળ્યા બહાર નીકળી કૃષ્ણલાલે કરૂણાશંકરને કહ્યુ અરે ! મને કઇક થઇ જાય છે

" શુ થઇ જાય છે મારા મહેરબાન ? કરૂણાશંકરે ગભરાઇ પૂછ્યુ "

" કિશોરીના કાતિલ કટાક્ષનુ બાણ વાગ્યું છે ઝેર રગેરગમા વ્યાપી ગયુ છે હા, કિશોરી, કિશોરી, ત્હે મારા દીલની કરી ચોરી. કૃષ્ણલાલ બકવા લાગ્યો "

" અરે ! આ શુ ! લગીર તો ભાન રાખો, કુંજ આપણો મિત્ર છે એતો વિચારો ? કરૂણાશંકરે કહ્યુ "

" મિત્ર ખરો, પણ કિશોરી મને આપી મિત્ર ફરજ બજાવે તોજ એ મિત્ર ખરો કરૂણાશંકર ! કિશોરી તે કિશોરીજ છે. "

રૂપે રઢીયાળી, નેત્રે ન્યાળી, એ કિશોરી છે રૂપાળી;
વિદ્યુતસમી વામા નિહાળી, ચોટયુ ચિત્ત જોઇ આંખજ કાળી.
રૂપે રામા, ગુણે વામા, દિવાનો કર્યો તે તાહરો,
કૃપા કરો અલબેલડી, જીવ જાય આ માહરો.

કહી કૃષ્ણલાલ દિવાનાની માફક આમ તેમ જોવા લાગ્યો.

" કરૂણાશંકરે તેને ઘણા પ્રકારે સમજાવ્યો, પણ તેણે તેનું કહેવું નહિ માનતા કહ્યુ, કરૂણાશંકર ! કિશોરી વિના જીવવુ હરામ

છે આજથી મ્હે એવો નિશ્ચય કર્યો છે કે કિશોરીને પટરાણી બનાવવી. ”

‘ કિશોરીને પટરાણી બનાવી સરલાનુ શુ કરશો ? શું હવે તેને પરણવાની ઇચ્છા નથી ?

“ છે, પ્રથમ કિશોરી આ હૃદયની રાણી થશે, બાદ સરલા તેની સહચરી થશે. ” કરૂણાશંકર ! જો કિશોરી મને મળશે તો આ કૃષ્ણલાલ તરફથી તને સો સોના મહોરો ઇનામ મળશે.

“ એમ ! તો હવે સમજી લ્યો કે કિશોરી તમારી થઇ ગઇ ! હુ ગમે તે યુક્તિથી કુજને સમજાવી વિવાહ ફોક કરાવી, કિશોરીને મેળવી આપીશ માટે હવે અહિથી ચાલો ”

“ કુજને કેહેવાની જરૂર નથી ક્ષત્રિયો કોઇની આપેલી વસ્તુ લેતા નથી ”

‘ ત્યારે શુ તેનુ હરણ કરવુ ધાર્યું છે ? ”

“ જે થાય તે ખરૂ, હમણા તો અહિ છૂપાઇ સાભળો કે અદર શુ થાય છે ”

“ જેવી તમારી મરજી, કહી કરૂણાશંકર બોલતો બધ થયો બન્ને જણા નીચેના ચોગાનમા ઉગેલા વૃક્ષોને ઓથે છૂપાઇ અદરનુ રહસ્ય જાણવાનો પ્રયત્ન કરવા લાગ્યા

સર્વના ગયા બાદ અદર કુજ અને કિશોરીનો પિતા વાતો કરતા હતા. વાતોને અતે હરીહરાયે પોતાને ગામ જવાની આજ્ઞા માગી કુજે ઘણી આનાકાની કરી રહેવાને જણાવ્યું; પણ તેમણે માન્યુ નહિ આખરે કુજે સવારમા ગાડી મોકલી વિદાય કરીશ કહ્યું. તેની પણ ના પાડતા તે વૃદ્ધ પુરુષે એજ વખતે વહાણમા ગામ

જવાની ઇચ્છા જણાવી. કુંજની આજ્ઞા લઇ તે જવાની તૈયારી કરવા લાગ્યો.

તેમનુ ગામ સૌરીપુર નવાનગરથી પગરસ્તે જતા પચીસ માઇલ દૂર હતું, અને રત્નવતી નદીમા વહાણમા બેસી જવાથી દશ માઇલ થતું થતુ હતું તેથી તેમણે જલ્દી જવાની ઇચ્છાથી પગ રસ્તે નહિ જતા વહાણમાં જવાનુ યોગ્ય ધાર્યું હતુ.

" તેમનો વહાણમા જવાનો વિચાર જાણી કૃષ્ણલાલ આનંદ પામ્યો. તરત તેણે પાસે ઉભેલા કરૂણાશંકરના કાનમા ધીરેથી કાઇક વાત કરી વિદાય કર્યો"

" દિવાનખાનામા બેઠેલો કુંજ વિચાર કરતો હતો, એવામા પાછળ કિશોરી આવી ઉભી રહી તેને જોતા કુંજ ધડકતે હૃદયે ઉભો થઇ તેના સામે જોઇ રહ્યો બન્ને જણા બોલવાની ઇચ્છા છતાં બોલી શકયા નહિ આખરે કિશોરી ધ્રુજતા અવાજે બોલી— " હુ આપની આજ્ઞા માગવા આવી છુ "

" બાળા ! જાઓ કહેતા આ જીભ ઉપડતી નથી ન છૂટકે જવાની આજ્ઞા આપુ છુ, કિશોરી ! આ સેવકને ભૂલશો નહિ પ્રભુ કૃપાએ આપણે થોડા દિવસમા લગ્નથી જોડાઇશુ. પવિત્ર પ્રેમદા ! આ પ્રેમના નિશાની સ્વિકારો, કહી કુંજવિહારીએ પોતાની આગળી-એથી હિરાની વીંટી કાઢી તેની આગળીએ પહેરાવી

" એટલામા તેના પિતાનો અવાજ આવ્યો બેટા કિશોરી ! ચાલો " 'એ આવી પિતાજી ! કહી કિશોરી માથુ નમાવી ત્યાથી ચાલી ગઇ

“ રાત્રિના અગીયાર વાગે પિતા પુત્રી જવાને તૈયાર થયા. કુંજે પોતાના વિશ્વાસુ માણસનુ હોડીયું અગાઉથી તૈયાર કરાવ્યું હતું. કુજ તેમને નદી સુધી વળાવવા નીકળ્યો. ત્રણે જણા રત્નવતી તરફ ચાલવા લાગ્યા

તેમના ગયા પછી છૂપાઇ રહેલો કૃષ્ણલાલ પણ તેની જગાએથી બહાર નીકળી મહેલ તરફ ચાલતો થયો.

પ્રકરણ ૫ મુ.

“ છૂપો હુમલો ”

શિયાળાની મધ્ય રાત્રિએ ટાઢ સખ્ત પડતી હતી, મનુષ્ય, પ્રાણી ગાઢ નિદ્રાને આધિન થઇ પડેલા હતા. સર્વત્ર અધકાર વ્યાપી રહ્યો હતો કોઇનો શબ્દ પણ સભળાતો નહોતો. પહેરાવાળા સિપાઇયો કાળા લાંબા જબ્બા ઓઢી રોન ફરવા નીકળ્યા હતા આવે સમયે કુજવિહારી અને કિશોરીનો વૃદ્ધ પિતા, નગરના રાજ્યમાર્ગ ઉપર થઇને રત્નવતી સરિતાને કિનારે જતા હતા તેમની પાછળ કિશોરી બદન ઉપર લીલી સાલ

ઓઢી ચાલતી હતી. નગરમાંથી નીકળેલી ત્રીપુટી થોડીવારે નદીના કિનારે આવી પહોચી. નદીનુ શાન્ત જળ આ સમયે ધીમેધીમે વહન કરતુ હોય એમ જણાતું હતું માણસના પગના અવાજથી કિનારે બેઠેલા દેડકા ટપોટપ જળમા કુદી પડી અવાજ કરવા લાગ્યા. રાતની વખતે માછલાં પકડનારા પ્રાણીયો પાંખોના ફફડાટ કરતા, અધ્ધર ઉડી પાણીમા દ્રષ્ટિ રાખી ઉડતા હતાં, અને લાગ ફાવતા ઝડપથી નીચે ઉતરી પાણીમા ડુબકી મારી શીકારને પકડતા નદીના સામે કિનારે બે એક હોડીયાં પડયા હતા. તેમા જાખો દિસક બળ તો હતો કિનારે ઝુપડા બાંધી રહેતા ખારવાઓ લાંબા રાગડા કાઢી મધ્ય રાતનુ ગીત લલકારતા હતા

"કુંજવિહારીએ કિનારે આવી પોતાના વિશ્વાસુ ખારવાનેહાક મારી. અલ્યા ! ખોડા ! એ ખોડા

કુંજનો અવાજ સાંભળી સામા કિનારે ઝુપડામા સૂતેલો ખોડો બહાર નીકળી લાંબે ઘાટે બોલ્યો, એ મને કુણ બોલાવે સે ?

'કુંજે જવાબ આપ્યો આલ્યા ખોડીયા ! એતો હું કુંજવિહારી !"

"એ કોણ કુંજ દાદા, એ આઇવો ભાઇ સાબ. કહી ખોડો હોડીયામા બેસી તેમની પાસે આવ્યો

"કુંજે હરીહરરાય અને કિશોરીને સંભાળપુર્વક સૌરીપુર લઇ જવાનુ ખોડાને સૂચવી કહ્યું. સારી રાતે લઇ જઇશ તો ખુશી કરીશ, ને ઇનામ આપીશ ખોડો આનંદથી કુદયો ને બોલી ઉઠયો. દાદા, કોઇ ફકર કરશો નહિ હુ આ બુનને અને આ ઘયડા કાકાને હાચવી હભાળી સુખરૂપ મલી આવીશ. કહી ખોડો ડોસા તરફ જોઇ

બોલ્યો કાકા ! કુંજને લઇ હોડીઆમા બેહી જાઓ હવારના પહો-રમા તો આપણે પોકી જઇહું.

"કુંજને મળી બન્ને જણા હોડીયામાં બેઠા. ખેડાએ હોડીયું સૌરીપૂર તરફ હંકાર્યું હોડીયુ દ્રષ્ટિમર્યાદાની બ્હાર જતા કુંજે ભગ્ન હૃદયે નગર તરફ ગમન કર્યું.

"પવન અનુકુળ હોવાથી હોડીયુ ઝપાટા બંધ જવા લાગ્યુ. ખેડો મધુર ગીત ગાતો હલેશા મારતો હતો. કિશોરી પાટીયા ઉપર સૂઇ રહી હતી. તેનો વૃધ્ધ પિતા બેઠો બેઠો ઝોકા મારતો હતો. રાત્રિના બે વાગતાં તો હોડીયુ લગભગ ચારેક માઇલ નીકળી આવ્યુ, એવામા પવન જોસથી ફૂંકાવા લાગ્યો હોડીયુ તીરના વેગથી ચાલવા લાગ્યુ. એટલામા હલેશાં મારતા ખેડાની નજરે દૂરથી એક બીજુ હોડીયુ આવતુ જણાયુ ખેડો ચોકયો અને તેની ઝીણી આખ્યોથી આવનાર હોડીયાને જોઇ રહ્યો

"સુસવાટા બંધ ચાલી આવતુ હોડીયુ ખેડાના હોડીયાની લગોલગ આવી પહોચ્યુ ખેડાને જણાયુ કે તેમા સાત કદાવર માણસો કાળાજબ્ભાથી ઢંકાયેલા બેઠાછે.

"ખેડાના હોડીયાની પાસે આવતાજ એ બીજા હોડીયામા બેઠેલા સાતજણામાથી એક ઉભોથયો અને પોતાના હોડીયાના કડામાં ભરાવેલી આકડીનો બીજો છેડો ખેડાના હોડીયાના કડામાં ભરાવી દીધો બન્ને હોડીયા સાથે ચાલવા લાગ્યા તરતબીજા માણસો ખેડાની ઉપર તૂટીપડયા ખેડો કંઇપણ બોલે એ પહેલા તો તેના મ્હોમા ડુચોમારી તેના હાથ પગ બાધી દીધા કિશોરી સફાળી જાગી ઉઠી. તેનો વૃદ્ધ પિતા આ અકસ્માતથી ગભરાઇ ગયો હોડીયા કિનારે લઇ જવામાં આવ્યા. હુમલો કરનાર માણસો કાળા અંધકારમા ભૂતજેવા

જણાતા હતા. કિનારે આવતા સાતે જણા નીચે ઉતરી પડયા, તેઓમાથી કોઇ પણ બોલ્યા ચાલ્યા વિના એકે કિશોરીને, અને બીજાએ હરીહરને ઉપાડી લીધો કિશોરી અને હરીહર ચીસે ચીસ પાડવા લાગ્યાં, આથી ઉપાડી જનારાઓએ તેમના મુખ ઉપર હાથ દાબી તેમને ચીસો પાડતા અટકાવ્યા ખોડાને બધન દશામા ત્યાજ રહેવા દઇ, એ નિશાચરો ઝપાટા બધ ત્યાથી ચાલ્યા ગયા.

" તેમના ગયા પછી ઘણીવારે ખોડાને ભાન આવ્યુ, તેણે યુક્તિથી મ્હોમા મારેલો ડુચો કાઢી નાખ્યો મુખથી દોરડાની ગાંઠયો છોડી, તે હોડીમા બેસી નવાનગર તરફ જવા લાગ્યો

ઘોર અધારી રાતમા સઘળે શુન્યકાર જણાતુ હતું, તમરા, ઘુવડ, શિયાળવા વગેરેના નાદ સભળાતા હતા પવનના સપાટાથી ઝાડની ડાળીયો એક બીજાની સાથે અથડાઇ અવાજ કરતી હતી, આવી કાળના જેવી કાળી રાતે, ભૂત જેવા સાત જણા એક સુકોમળ બાળાને, અને તેના વૃદ્ધ પિતાને ઉચકી ચાલ્યા જતા હતા, સઘળા ચૂ'ચાપ ચાલતા હતા ઘણે દૂર આવી હરીહરે પોતાને ઉચકનારને પૂછ્યુ. ભાઇ ! મને કહેતો ખરો કે તમે અમને આમ ઉચકીને કયા લઇ જાઓ છો ?

ઉચકનાર માણસ ગર્જના કરી બોલ્યો, ચૂપ, નહિ તો તારી ખોપરી તોડી નાખીશ

" તેના જવાબથી વૃદ્ધ પુરૂષ ચૂપ થઇ ગયો. ભાગ્યમા લખ્યુ હશે એ થશે, એમ હિમત રાખી તે શાન્ત થઇ ગયો "

" ઉતાવળથી ચાલ્યા જતા માણસો મોટા મળસકે એક ભાગ્યા તૂટયા કિલ્લા આગળ આવી પહોચ્યા છ જણા કિશોરી અને

હરીહગ્ને ઘેરી ઉભા રહ્યા તેમાંનો એક માણસ કિલ્લાના દરવાજા આગળ ગયો. બારી ઉઘાડી હતી તેણે બારીમા દાખલ થઇ પાસેની કોટડીમા જઇ એક ઉંઘતા માણસને જગાડી મીણબત્તી સળગાવી તૈયાર થઇ પોતાને સાથે આવવાને કહ્યુ ”

અંદરનો માણસ તૈયાર થાય એ પહેલા તે બહાર જઇ કિશોરી અને તેના બાપને ઇશારતથી અંદર આવવાનુ કહી અંદર લઇ આવ્યો. કિલ્લામા આવી તેણે પેલા બત્તીવાળા માણસને કાનમાં કઇક કહી આગળ ચાલવાનુ જણાવ્યુ પછી તેણે વૃદ્ધ ડોસા અને કિશોરી સામે જોઇ ઘોઘારી અવાજે કહ્યુ, ગુપચૂપ મારી પાછળ ચાલ્યા આવો. કહી તે ચાલવા લાગ્યો તેની પાછળ કિશોરી અને તેનો બાપ ચાલવા લાગ્યો, આગળ જતા એક બીજો ભાગેલો દરવાજો આવ્યો, તેમા થઇ તેઓ એક સપાટ મેદાનમા આવ્યાં. મેદાનની આસપાસ ભીંતો ચણેલી હતી તુર્તજ આગળ ચાલનાર માણસે એક ભીંત પાસે જઇ એક ગુપ્ત બારણુ ખુલ્લુ કર્યું. તેની અંદર ખવાઇ ગયેલો એક લાકડાનો દાદર હતો, તેની ઉપર સઘળાએ ચઢવા માડયુ. કિશોરી ચિત્રવત્ બની ધ્રુજતે પગલે ચઢવા લાગી. દાદરના પગથીયા નાના ને ઘણી જગાએથી તૂટેલા હતા. તેથી સઘળાં સાચવીને પગ મૂકતા ઉપર ચઢતા હતા. વળી પાછુ ઉતરવાનું શરૂ થયુ, અંધકારમા કશુ દેખાતુ નહોતુ અંદરની હવા અસ્વચ્છ અને ભેજવાળી હતી માથુ ફરી જાય એવી દુર્ગંધ આવતી હતી. લાકડાના બન્ને દાદર ઉતરી રહી તેઓ બીજી એક પથ્થરની નાની સીડીનાં પગથીયા ઉતરવા લાગ્યાં. તે સીડી જમીનમા કોતરીને કરેલી હતી. થોડીવારમાં નીચે જતાં એક ગોળાકાર આકારનો પથ્થરનો

ઓરડો આવ્યો, ત્યા આગળ આવી પેલા માણસે કમ્મરેથી કુચીયોનુ ઝુમખુ કાઢી એક બીજો ઓરડો ઉઘાડયો.

" કિશોરી અને હરીહરરાય તો જાણે આ કાળા ઝભ્ભાધારી પિશાચ્ચ સાથે મુડદાની માફક તે જાય તેમ જતા હતા. આખરે ઓરડામા આવી તેઓ ઉભા રહ્યા. પેલા ભૂત જેવા માણસે ખોખરા અવાજે બૂમ મારી ' અલી નાથી, એ નાથલી !"

" કા શુ છે રે મારા ભાઇ ! મરેરે તુ ! આટલી રાતે મને ચ્યમ બોલાવી !" કહી એક કદરૂપી ડોસી અંદરના ભાગમાથી હાથમાં દિવાનુ કોડીયુ પકડી ત્યા આવી ઉભી રહી. તેને જોતાજ ભલભલા વીરનરો છળી જાય એવો તેનો ચુડેલ જેવો દેખાવ હતો તેણે હાથમાનુ દિવાનુ કોડીયુ એક ગોખલામા ગોઠવ્યુ, અને કેડમાથી કઇક કુચી જેવુ કાઢી તે બુઢ્ઢીએ અદરના ભાગમા એક બીજા ઓરડાનુ દ્વાર ખુલ્લુ કર્યુ બારણુ ઉઘાડતા તેણે બધાને અદર આવવા ઇશારત કરી

સઘળા તે ઓરડામા આવી ઉભા રહ્યા તે ઓરડો શણગારેલો હતો, તેની અદર એક છત્રપલગ ગોઠવેલો હતો, તેની પાસે એક નાના ટેબલ ઉપર કેટલાક પુસ્તકો પડેલા હતાં. ભીતની અદર એક નાનુ હાટીયુ હતુ તેની અદર આયનો, કાસકી, અને સુગધીદાર તેલોની શીશીયો ગોઠવેલી હતી. બીજા સામાનમા બેએક ખુરશીયો પડેલી હતી. જોકે ઓરડો તરતનો સાફ કરેલો જણાતો હતો, છતા તેની અદરથી ભેજવાળી હવાની વાસ આવતી હતી. ભીતો ઉપર જાળા બાઝેલાં હતા, ઉંદરોએ મોટા મોટા દર કરેલા હતા,

એથી જણાતું હતું કે આ ઓરડો ઘણા વખતથી બંધ હશે, પણ તેને વપરાશને માટે આજેજ ખુલ્લો કરવામા આવ્યો હશે.

આ ઓરડામા કિશોરી અને હરીહરરાયને રાખી સાથે આવનાર યમદૂત જેવો માણસ પેલી ચુડેલ ડોસીને કહેવા લાગ્યો .અલી નાથલી ! મારૂં કામ હવે પૂરૂ થયુ છે. તેથી હુ જાઉં છુ આ લોકોને અહિ રાખ્યા છે તેની મારે અત્યારેજ ખબર આપવી પડશે. તેથી કદાચ તેઓશ્રી.. સવારમા અહિ આવશે. માટે તારે આ લોકોની સંભાળ રાખવી તેઓ જે કાઇ આજ્ઞા કરે તે વાર કર્યા વિના ઉઠાવજે' તેમને જોઇએ તે લાવી આપજે જો તુ તેઓને બરાબર રીતે ખુશી કરીશ તો ભવિષ્યમા તુ ઘણી સુખી થઇશ. આમ કહી તે માણસ ત્યાથી ચાલતો થયો

" તેના ગયા પછી પેલી કૃત્યાએ કિશોરીને પૂછ્યુ છોકરી તારે કઇ જોઇએ છે ? "

' ના. કિશોરીએ ટુકમાજ પતાવ્યુ "

" બુઢ્ઢી બહાર નીકળી અને ઓરડાનુ દ્વાર બંધ કરી બહારથી ચાપ અને તાળુ વાસી પોતાના ઓરડામા જતા જતા મનમા બરબડી કે, ભગવાન જાણે કે પાપીયા કૃ ને આવુ પાપકર્મ કરવાનુ કયાથી સુઝતુ હશે ! આમ મનમા બોલતી તે તેના ઓરડામા જતી રહી "

" બાપ દિકરી એકલા પડયા, બન્ને એક બીજાના ગળે વળગી પુષ્કળ રૂદન કર્યું. અંતે હરીહર તેની પ્યારી પુત્રીને આશ્વાસન આપી જમીન ઉપર આડો થયો. વૃદ્ધ વયમા પડેલા દુઃખથી અને ઉજાગરાથી તેની આંખ્ય મળી ગઇ. "

" કિશોરીને ઘણીવાર નિંદ્ર આવી નહિ. તે અનેક પ્રકારના વિચારોને સ્થાન આપવા લાગી અમને પકડી અહિ રાખનાર કોણ હશે ! ગરીબ બિચારા ખોડીયાનુ શુ થયુ હશે ? અરેરે ! મારા 'કુંજને અમારી દશાની ખબર પડતા તેની શુ સ્થિતિ થશે ! આવા આવા વિચારથી તે ગરીબ બાળા ગભરાઇ ગઇ, ભયંકર સ્થાનના વિચાર કરતા તે ધ્રુજી ઉઠી, અને આખરે અબળાનુ નિર્બળ હૃદય ભયથી ચમકયુ. તેણે પલગમા પડતું નાખી અત્યંત આક્રંદ કયુ. અને થાકી કંટાળી નિદ્રાના ઘેરવાથી તેપણ નિદ્રાધિન થઈ ગઇ. "

પ્રકરણ ૬ ઠું.

"બ્રહ્મહત્યા."

સૂર્યોદય થવાની તૈયારી હતી. નવાનગરમાં લોકોનો અવર જવર ધીમે ધીમે થતો હતો. પવન મંદ મંદ વાતો હતો. શિયાળાના દિવસ હોવાથી સ્નાનાર્થે જતા લોકો શરીર ઉપર કામળા ઓઢી સરિતા તરફ ચાલ્યા જતા હતા. કેટલાક લોકો ઓટલા ઉપર બેસી દાતણ કરતા હતા, તો કોઇક પથારીમા બેઠા બેઠા પ્રભાતીયાંના સૂર કાઢતા હતા. કોઇકના ઘરમાથી ઘટીના ઘોર, તો કોઇકના ઘરમાંથી બાળકોના રડવાના અવાજ સંભળાતા હતા

"આવા રમણિય પ્રભાતના પ્રથમ પ્રહરમાં નવાનગરનો નવો ઠાકોર કૃષ્ણલાલ સ્નાનાદિક કાર્યથી સ્વચ્છ થઇ, સુંદર વસ્ત્રાભુષણથી સજ્જ થઇ તેના મકાનના જરૂખામા કોઇકના 'આવવાની રાહ જોતો આમ તેમ આટા મારી રહ્યો હતો.'

"એવામાં સામેથી કરૂણાશંકર અને એક બીજો સરદાર ત્યાં આવતા જણાયા.

"તેમને જોઇ કૃષ્ણલાલ આનંદ પામ્યો, અને નીચે ઉતરી દ્વારમાં જ કરૂણાશંકરને મળ્યો ત્રણે જણા અંદર આવ્યા. દિવાનખા

નામાં આવી એક ખુરશી પર બેસતાં કૃષ્ણુલાલે પૂછ્યુ, કાં કરૂણાશંકર! સિંહ કે શિયાળ ?

' આ કરૂણાશંકર ધારેલા કામને પુરૂં કર્યા વિના રહે કે ? ઠાકોર સાહેબ ! શીકારને સપડાવી લાવ્યા છીએ, હવે તો લાવો સો સોનૂા મ્હોરોનુ ઇનામ !" કરૂણાશંકરે કહ્યુ.

"શું ખરૂ કહો છો ? શુ કિશોરી આપણા હાથમાં આવી ગઇ ?" આનંદ પામતાં કૃષ્ણુલાલે પૂછ્યુ.

"અરે મારા મહેરબાન ! કિશોરી તો ક્યારનીએ હાથમા આવી ગઇ છે, અને આપણા પેલા પુરાણા મહેલના શણગારેલા ઓરડામા આપની આતુરતાથી રાહ જોઇ બેસી રહી છે." કરૂણાશંકરે કહ્યુ

"શાબાશ, મિત્ર શાબાશ, મ્હેં આજે એક ખરા મિત્રની ગરજ સારી છે." કૃષ્ણુલાલે કહ્યુ

"ગરજનુ કરજ સો સોના મ્હોર આપી પતાવો કે જેથી આનાથી પણ મોટા કામ કરવાની હિંમત આવે" કરૂણાશંકરે કહ્યુ

"અરે જ્યોતિષોપાધ્યાયજી ! તમારા બોલવાના ભાવાર્થથી મને સમજ પડતી નથી. મારી મશ્કરી તો કરતા નથી ને ?" પુનઃ કૃષ્ણુલાલે પૂછ્યું.

"જાઓ રે મારા મહેરબાન ! આ શુ બોલો છો ? આપને કોઇ દિવસ જુઠું કહ્યુ છે ?" કરૂણાશંકરે કહ્યુ.

"એમ ! તો લ્યો આ તમારૂં ઇનામ ?" કહી કૃષ્ણુલાલે ગળામાંથી સોનાનો કંઠો કાઢી તેને આપ્યો.

"કરૂણાશંકર ખુશી થયો, તેણે કિશોરીને લાવવા સબંધી સર્વ હકીકત કૃષ્ણુલાલને અથ ઇતિ કહી સંભળાવી.

" કૃષ્ણલાલના આનદનો પાર રહ્યો નહિ. તેણે કરૂણાશંકરના કાનમાં કંઇક ખાનગી સૂચના કરી " રત્નનગર " તરફ પ્રધાન રાયમલની પાસે જવા રવાના કર્યો. તેના ગયા પછી તેણે પોતાનો ઘોડો તૈયાર કરાવ્યો નોકર ઘોડાને તૈયાર કરી લાવ્યો. કુટિલ કૃષ્ણલાલ આનંદના આવેશથી ઘોડેસ્વાર થઇ ભાગેલા કિલ્લા તરફ રવાના થયો. અશ્વને ઉપરાસાપરી ચાબુકોના સપાટા લગાવી પૂરપાટ દોડાવતો કૃષ્ણલાલ દસેક વાગ્યાના સૂમારે કિલ્લા સમિપ આવી પહોચ્યો, દરવાનને અશ્વ સોપી તે અદર ચાલ્યો, અને પ્રથમ પેલી નાથી ડોસીને મળવા તેના ઓરડા તરફ ગયો.

વાચકો ! કૃષ્ણલાલ કિશોરીના ઓરડામા આવે તે પહેલા ચાલો આપણે જોઇએ કે કિશોરી અને તેનો વૃદ્ધ પિતા અદર શુ કરે છે

હરીહર એ વખતે મ્લાન વદને મહાન્ ચિતામા ગરકાવ થઇ લમણે હાથ ટેકવી બેઠા હતો. તેની પાસે બેઠેલી કિશોરી વૃદ્ધ પિતાને શાન્તિ સૂચક શબ્દોથી આશ્વાસન આપતી હતી. તે વારવાર નિશ્વાસ નાંખી મનમાં બોલતી હતી કે.—હા, પ્રભો ! અમારી આ શુ દશા ? કયા વ્હાલો કુજવિહારી અને કયા આ કિલ્લો ! હર, હર, વિશ્વભરા ! એકદમ આવુ કારમુ કષ્ટ અમારી ઉપર શુ કારણથી પડયુ હશે ? કહ્યુ છે કે—દુ.ખમાં ધિરજ ધરવાથી અંતે સુખ પ્રાપ્ત થાય છે, માટે મારે પણ હિંમત રાખી જોવુ કે હવે ભવિષ્યમા શુ થાય છે

" કિશોરી શાન્ત થઇ, તેની પાસેના ઓરડામાં કોઇક ધીમેથી વાત કરતા હોય એમ જણાયુ. કિશોરી કાન માડી અદર થતી વાતો સાંભળવા લાગી. પરતુ તે કઇપણ જાણી શકી નહિ. કારણ કે વાતો કરનાર ઘણાજ ધીમેથી વાતો કરતાં હતાં. આથી થાકી કિશોરી પુન હરીહરરાયની પાસે આવી બેઠી."

તેપછી થોડી જ વારમા અ દરના ઓરડાનુ બારણુ ઉઘાડી કોઇક અ દર આવતું જણાયુ બન્ને જણાં ચમકીને આવનાર તરફ આતુરતાથી જોઇ રહ્યા. આવનાર માણસને નજીક આવતાજ કિશોરીએ ઓળખી લીધો, અને આન દ પામી તેના પિતા પ્રત્યે કહેવા લાગી. પિતાજી ! ભય પામશો નહિ. પ્રભુ આપણી ઉપર કોપ્યો નથી, પણ તે દયાળુએ દયાકરી આપણને મદદ મોકલી આપી છે. બાપુ ! જુઓ ! આવનારની સામે નજર કરી તેને ઓળખો કે તે કોણ છે ? પિતાજી ! આવનાર આપણા માનવતા ઠાકોર કૃષ્ણલાલ છે, કે જેમણે મને કિ'મતી હાર આપ્યો હતો તેમને ખબર પડી હોવાથી જ તે આપણી મદદે આવ્યા હશે કિશોરી બોલી રહી કે તરત કૃષ્ણલાલ ત્યા આવી હાથ લાબો કરી કહેવા લાગ્યો રાયજી સાહેબ ! ગભરાશો નહિ હા, તમારી વાત સાભળીને જ હું અહિં આવ્યો છુ, જ્યા સુધી આ કૃષ્ણલાલની વીરહાક વાગે છે, ત્યા સુધી તમારા એક વાળને પણ ઇજા પહોચાડવાને કોઇ સામર્થ્યવાન થશે નહિ, તમે મારા મિત્ર કુજવિહારીના સબધી થયા અને તેથી હુ મારા પોતાના જ સબધી થયા સમજુ છુ.

" આપનો ઉપકાર માનુ છુ. કહી હરીહરરાય કિશોરી પ્રત્યે કહેવા લાગ્યો. બહેન ! નામદાર ઠાકોર સાહેબ આપણને દુઃખ મૂક્ત કરવા પધાર્યા છે, તો ઉઠ, ઉભી થા, અને આ સામે જણાતા હાટીયામા પડેલી કંકુની કકાવટી લઇ તેમને ચાલ્લો કરી શુભાશિર્વાદ દે. "

" કિશોરી ઉભી થઇ, અને હાટીયામાથી કકાવટી લઇ કૃષ્ણુલાલને ચાંલ્લો કરવા તેની પાસે ગઇ.

" તેને ચાંલ્લો કરવા આવેલી જોઇ કામાંધ કૃષ્ણુલાલે મુખ બીજી બાજુ ફેરવી દીધુ. ભોળી કિશોરી બીજી બાજુ ફરી તેને ચાલ્લો કરવાનો પ્રયત્ન કરવા લાગી, પણ મૂર્ખ કૃષ્ણુલાલે ચારે દિશાએ મુખ ફેરવી તેને ચાલ્લો કરવા દીધો નહિ "

" ચતુર કિશોરી, તેની વિકાર ભરેલી આખ્યો, જોઇ તરત ચેતી ગઇ, ને મનમા બોલી ઉઠી કૃષ્ણુલાલ દુ:ખ મૂક્ત કરવા આવ્યો નથી પણુ તેની કુટિલ કામના પૂર્ણ કરવા આવ્યો હોય એમ જણાય છે. પ્રભો! પ્રભો! આ કેવુ ધર્મ સકટ! આ ગરીબ બ્રાહ્મણુ કન્યા તેને પિતા તુલ્ય માની શુભાશિર્વાદ દેવા ઇચ્છે છે ત્યારે આ પાપી ઠાકોર વિષયાધ થઇ ચારે દિશાએ તેનું મુખ ફેરવે છે, બસ એથી જ સિદ્ધ થાય છે કે તે પોતે ફરતો નથી, પણુ તેનો કાળ તેને ફેરવે છે અરે હા, પણુ હવે મારે કરવુ શુ!"

આ કકુમા બોળેલી આગળીનો ડામ મારે કોના કપાળમા જઈ કરવો ? આમ મનમા શોચતી કિશોરી કકાવટીને હાટીયામા મૂકી એક બાજુ ઉભી રહી.

" ઠાકોર સાહેબ! ચાલ્લો કરતા મુખ કેમ ફેરવી દયો છો ? હરીહરે પૂછ્યુ.

" હજી સુધી મ્હે સ્નાન કર્યુ નથી. સ્નાન વિના ચાલ્લો શોભે નહિ. રાયજી સાહેબ! ખોટુ લગાડશો નહિ. હુતો તમને મારા પોતાના જ સબધી સમાન સમજુ છુ" કૃષ્ણુલાલે કપટથી કહ્યુ "

" આવી મહેરબાની સદાકાળ નિભાવશો તો ઉપકાર થશે. હરીહરે કહ્યું. "

કૃષ્ણલાલ—મહેરબાની વધારવી કે ઘટાડવી તે તમારા જ હાથમા છે ?

હરીહર—એટલે ! ઠાકોર સાહેબ ! આપ કંઇક દ્વીઅર્થી બોલતા હો એમ સમજાય છે. માટે જો સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો કરવા કૃપાવત્ થશો, તો ઉપકાર થશે.

કૃષ્ણલાલ:—રાયજી સાહેબ ! ઉપકારની આવશ્યક્તા નથી. સાભળો ! જાણે હુ એમ કહેવા માગુછુ કે તમે તમારી કિશોરીનો વિવાહ કુંજવિહારીની સાથે કર્યો તે મને યોગ્ય લાગતું નથી. કિશોરી ! એક ગરીબના ઘરમાં જવાને બદલે, કોઇ શ્રીમાનના મહેલને શોભાવવા લાયક છે. માટે કિશોરીનો વિવાહ કુંજની સાથેથી તોડી મારી સાથે સાધો, કે જેથી તમને ભવિષ્યમા કોઇ પણ પ્રકારની ન્યુનતા રહેશે નહિ તમે સર્વ પ્રકારે સુખી થશો.

" હરીહરને માથે જાણે પ્હાડ તુટી પડયો ના હોય એમ થયુ; તે તત્કાળ ઉઠી ઉભો થયો, અને તિરસ્કાર ભરી દ્રષ્ટિએ કૃષ્ણલાલ સામે જોઇ બોલ્યો, સમજ્યો ! ઠાકોર સાહેબ ! હુ સઘળુ રહષ્ય સમજી ગયો. નવાનગરના ઠાકોર ! હવે મને સમજ પડે છે કે, આ અંધારા ઓરડામા પૂરાવાનુ કારણ તમારા મનનો દુષ્ટ ભાવાર્થ જ હોવો જોઇએ ઠાકોર ! હદ થાય છે, વિશુદ્ધ વંશને લાંચ્છન લાગે છે. માટે બોલતા વિચાર કરો.

કૃષ્ણલાલ—રાયજી ! શાન્ત થાઓ એકદમ અકળાઇ જાવ નહિ તમને અહિ રાખવામા આવ્યા છે, તેમા તમારૂ ઘણું હિત સમાયેલુ છે, અહિંયા દુઃખ અને સુખ બન્ને છે. મારૂં કહેવુ કબુલ કરશો તો સ્વર્ગ સમાન સુખ ભોગવશો, અને ના કહેશો તો આ

અંધારા ઓરડામાં જીવન પર્યંત પૂરાઈ આખર મૃત્યુને શરણ થશો •માટે ઉંડો વિચાર કરી મારા કહેવા પ્રમાણે કરવા તૈયાર થાવ.

હરીહર—કૃષ્ણુલાલ ! મારી કિશોરીનો વિવાહ હું તમારા દેખતાં જ કરી ચૂક્યો છું. તે માંગલિક પ્રસગમા તમે પણ હાજર હતા, છતાં તમે અત્યારે આવી રીતે શા માટે કહો છો ? .

કૃષ્ણુલાલ—તમારી કરેલી ભૂલ હું હવે સુધારવા ચાહું છુ. તમે તેની સાથે વિવાહ કરી મોટી ભૂલ કરેલી છે. માટે તે થયેલી ભૂલ સુધારો. કુંજનો વિવાહ ફોક કરો, ને તેના બદલામાં આ કૃષ્ણુલાલને પસંદ કરો.

હરીહર—ઓ કૃષ્ણુલાલ ! હું આ શુ સાંભળું છુ ? અરે તું તે જ કૃષ્ણુલાલ કે જે કુજવિહારીના મહેલમા મારી સાથે આનંદથી વાર્તાલાપ કરતો હતો ! તે તું કે કોઇ બીજો ? ના, ના, એ તુ જ હતો. કૃષ્ણુલાલ ! તુ જાણે છે કે અમે ઉચ્ચ કુળના બ્રાહ્મણ છીએ, તેથી અમે કરેલો વિવાહ તોડવાને લાચાર છીએ. કૃષ્ણુલાલ ! તુ ક્ષત્રિ અને હુ બ્રાહ્મણ ! બન્નેનો સબધ કદાપિ થાય નહિ. તારામા અને અમારામા આસમાન જમીનનો ફેર છે. ઠાકોર ! આ વખતના તારા વાક્યો એક હલકા માણસના મુખમાથી નીકળતા શબ્દો સમાન છે. જે કુજવિહારી તારો પરમપ્રિય મિત્ર થાય, તેની થનાર પત્ની ઉપર તરાપ મારવા તૈયાર થયેલા અધ ઠાકોર ! તારાથી અન્યાય થાય છે. તું શાસ્ત્રના સિદ્ધાંતોને ધુળમા મેળવે છે. યુવાની દિવાની છે માટે સમજુ થા અને આવી ઉદ્ધતાઇનો ત્યાગ કરી અમને અહિથી વિદાય કરી દે. ઇશ્વર તારૂ ભલુ કરશે.

કૃષ્ણુલાલ.—ડોસા ! જેમ જેમ હુ નથી બોલતો તેમ તેમ તું વધારે બોલતો જાય છે કે ? યાદ રાખ કે તારા મુખમાથી નીકળતા

શબ્દો તારી ભાવીની વિપત્તિમા ઘણો વધારો કરી રહ્યાં છે ' બુઢ્ઢા! ઉદ્ધતાઇ તારી છે કે મારી તેનો તું જ વિચાર કરી જો. હું કહુ છુ કે આ કિશોરીનો હાથ મારા હાથમા સોપી સુખેથી તારા ગામ તરફ રવાના થઇ જા

હરીહર—આ આસમાન અને જમીન એક થશે તોપણ મારાથી કદાપિ એમ નહિ થશે. ક્રૂર કૃષ્ણુલાલ ' તું અમને દુઃખના ડુંગર તળે દાટીશ, રીબાવીશ અને છેવટે આ નાશવત શરીરનો નાશ કરીશ, તે સઘળું હુ હસ્તે મુખડે સહન કરીશ, પણ કદાપિકાળે તારી નીચ માગણીનો સ્વિકાર કરનાર નથી તે નથી જ પાપાત્મા ' જેમ જેમ હુ તારી સાથે માનપૂર્વક વર્તુ છુ તેમ તેમ તુ વધારે કઠોર થતો જાય છે બસ ' હવે સમજ જેકે આ ડોસો તેના વિચારથી ડગનાર નથી તારાથી થાય એ કરીલે.

કૃષ્ણુલાલ—બુઢ્ઢા ' સમજ ' પાછળથી પસ્તાવુ પડશે. તું એક ઠાકોરનુ અપમાન કરી માથે મ્હોત માગી લેછે ?

હરીહર—જો તું પણ મારા સાથે યોગ્ય વર્તણુંકથી ચાલ્યો હોત, તો હુ પણ તારીસાથે માનપૂર્વક વર્ત્યો હોત ત્હે ન્યાયથી મને પૂછ્યુ હોત, તો તારા જવાબ હુ ન્યાયથી આપત. દુષ્ટ ઠાકોર ' ત્હે અન્યાય કરી અયોગ્ય માગણી કરી છે, તે તારી દુષ્ટ માગણીથી જ તારૂ અપમાન થાય છે. આ હરીહર મૃત્યુથી બ્હીતો નથી, અને મૃત્યુ શુ ચીજ છે તે પણ જાણતો નથી.

કૃષ્ણુલાલ—તું નહિ ઓળખતો હોય તો હું તને અવશ્ય તેની સાથે ઓળખાણ કરાવી આપીશ. બુઢ્ઢા ' જીવવું હોય તો મારી ઇચ્છાને આધિન થા. નહિતો તારે મારા ભયંકર ક્રોધનો ભોગ થઇ

મરણને મળવું પડશે

હરીહર—પામરપશુ ! મ્હે તને એક વખત કહી દીધુ કે મારા વિચાર કદાપિ ફરનાર નથી. વારવાર શુ પૂછે છે ?

કૃષ્ણલાલ—વિચાર ફેરવ, નહિ તો પરિણામ વિપરીત આવશે

હરીહર—ફિકર નહિ. પરિણામ વિપરીત આવશે. તો આ અન્યાયી અવનિમાથી વિદાય થઇ કિરતારના દરબારમાં તેમની પાસે જવાશે, અને તારા જેવા કુટિલ કાગડાઓના કુકર્મોની ફરીયાદ તેના ન્યાયના દરબારમા દાખલ કરાશે.

કૃષ્ણલાલ--ઓફ ! આ ભયકર અપમાન ! બુઢ્ઢા ! હવેતારૂં આવી બન્યુ છે- છતા દયાથી એક વખત પૂછુ છું કે તું શુ જવાબ આપે છે ?

હરીહર.--તારી આશા નિરર્થક છે વિયાધ થયેલા દુષ્ટ ! લગીર તો વિચાર કરી જો કે હુ આ કોની માગણી કરૂ છુ ? અરે મૂર્ખના શીરોમણિ ! સાભળ ! જેમ મિષ્ટ પદાર્થોનુ પ્રાસન્ન કર્યું હોય, પરતુ વમન થયા પછી તેના સામુ પણ જોવાતુ નથી તેમ તુ ગમે એવો ગુણવાન, રૂપવાન, અને આખી પૃથ્વીનો બળવાન ઠાકોર હોય પણ હવેથી તુ મારા મનથી એક હલકામા હલકો નીચ માણસ છે.

“ ઓહ્ ! હવે સહન થશે નહિ. બુઢ્ઢા ! થા હવે તૈયાર. કહી કૃષ્ણલાલે છલગ મારી હરીહરને નીચે નાંખી દીધો.

મૃત્યુ પાસે છે ધારી, હરીહર, બૂમ પાડી ઉઠયો. સબુર, થોડી વાર સબુર કર, કહી હરીહરરાય પાસે ઉભેલી ધ્રુજતી કિશોરીને દયાર્દ્ર નેત્રે જોઇ કહેવા લાગ્યો. બેટા કિશોરી ! હુ તારાથી સદાને માટે

વિદાય થાઉં છુ. દિકરા ! દુઃખથી ગભરાઇશ નહિ, મને તારી સંપૂર્ણ ખાત્રી છે કે તારી ઉપર દારૂણ દુખ તુટી પડશે તો પણ તું તારા ધર્મથી ચળીત થઇશ નહિ. તે જાણવા છતાં પણ મારા અંતિમ્ વખતના બે બોલ ધ્યાનપૂર્વક સાંભળી લે. બેટા ! આ શરીર નાશવત છે, જ્યારે ત્યારે ખાલી ખોખુ માટીમા મળવાનુ છે. માટે તેની ઉપર પડતાં દુઃખોથી કંટાળી ક્ષણિક સુખનો સ્વિકાર કરીશ નહિ ધર્મ ભ્રષ્ટ થવાનો સમય આવે તો સુખેથી પ્રાણનું વિસર્જન કરજે. પણ દુખથી ગભરાઇ મોહ વશ થઇ કુળને કલક લગાડીશ નહિ. પુત્રી ! આ વાકયો સ્મરણમાં રાખજે, અને દુખમા શ્રી ભગવાનને સંભારજે. કિશોરી ! મારા મૃત્યુ પછી આ પાપી તને સંતાપશે, તે તને અત્યત દુખ દેશે, તે સઘળુ તુ સહન કરજે દિકરા ! પ્રથમ તો તારે ઘણું સહન કરવુ પડશે, પણ અતે તને અધિક સુખ પ્રાપ્ત થશે એ નક્કિ યાદ રાખજે. કિશોરી ! હુ જાઉં છુ. આ લપટ, દુષ્ટ, ખૂની કુકર્મીના હાથે મરણને શરણ થાઉ છુ તુ ગભરાઇશ નહિ ....

"ચૂપ થા શેતાન્ ! કહી કૃષ્ણલાલ ક્રોધાક્રાન્ત થઇ પુન બોલી ઉઠયો—દુષ્ટ શેતાન ! નવાનગરના માનવત ઠાકોરનુ અપમાન કરનાર, બસ થઇ જા હવે આ કટારનો શીકાર. કહી પાપાત્મા કૃષ્ણલાલે કઇ પણ વિચાર નહિ કરતા હરીહરરાયના હૃદયમા કટાર હુલાવી દીધી. દુષ્ટે બ્રહ્મહત્યા કરી લોહીનો ધોધ નીકળ્યો. ઝીણી ચીસ પાડી વૃદ્ધ હરીહર તરફડવા લાગ્યો કૃષ્ણલાલ વિકાળ નજરે જોઇ રહ્યો

પિતાની દશા જોતા જ કંપતી કિશોરી ભયકર ચીસપાડી ઉઠી. ઓ...ઘોર ..ઘાતકી...પાતકી...પામર...પશુ ! ત્હેં બ્રહ્મહત્યા કરી ? આનો બદલો તને જરૂર ઇશ્વર આપશે...હા, પિતા, વ્હાલા પિતા. આમ બોલતી કિશોરી પિતાના શરીર પર પડી કલ્પાંત કરવા લાગી.

હરીહરની છેલ્લી ઘડી ચાલતી હતી. તેણે કિશોરીનાં માથે હાથ મૂકી સ્વર્ગમા પ્રયાણ કર્યું. કિશોરી આર્તનાદે બૂમો પાડવા લાગી.

અ તે એ સુકોમળ બાળા પિતાની દશા જોઇ ભયથી છળી ગઇ. તેનુ માથુ ભમવા લાગ્યુ. આખે અ ધારા વળ્યા. મુખથી કારમી ચીસ નીકળી ગઇ. પવનના સપાટાથાં વૃક્ષ જેમ જમીન ઉપર તુટી પડે એવી રીતે કિશોરી ચીસ પાડી પિતાના રક્ત પ્રવાહમાં ઢળી પડી.

આવો મામલો જોઇ કૃષ્ણલાલ કપ્યો. સાહસને માટે પશ્ચાતાપ થયો. પણ હવે શું કામનુ ! તેણે બૂમ મારી ચાર સેવકોને બોલાવ્યા. આજ્ઞાકિત સેવકો ત્યા આવી ઉભા રહ્યા.તેમાના બેને કિશોરીને ત્યાથી લઇ જઇ કિલ્લામા આવેલા એક ખડેરના ખુલ્લા ચોગાનમાં આવેલી એક ઓરડીમા રાખવાનુ કહ્યુ. બન્નેજણા બેશુદ્ધ કિશોરીને ત્યાથી ઉંચકી ગયા.

કિશોરીને લઇ ગયાપછી કૃષ્ણલાલે ત્યા ઉભારહેલા બે સેવકોને હરીહરાયના શબની વ્યવસ્થા કરવાનુ કામ સોપી ત્યાથી પ્રયાણ કર્યું દરવાજાની આગળ રાખેલા અશ્વ ઉપર સ્વાર થઇ તે નવા નગરતરફ રવાને થઇ ગયો.

વાચકો ! ચાલો હવે આપણે રત્નનગર નામના મોટા નગર તરફ જઇએ, અને ત્યા શું થાયછે એ તપાસીએ.

પ્રકરણ ૭ મું.

“ પ્રેમી યુગલ. ”

સુખદાયિની પવિત્ર રત્નવતી સરિતાના કિનારે રત્નપુર નામનુ નગર આવેલુ હતુ. તે નગરના મધ્ય ભાગમા ત્યાના મહારાજા ચદ્રશેખરનો વિશાળ અને નેત્રને આકર્ષક રાજ્ય મહેલ આવી રહ્યો હતો રાજા ધર્મ પરાયણ, પ્રજાવત્સલ હોવાથી, પ્રજા આનદમા દિવસ નિર્ગમન કરતી હતી. રાજાને સતાનમા પુત્ર રત્ન હતુ, કુમારનુ નામ “ સરોજકુમાર ” હતું. તેની માતા બાલ્યાવસ્થામા જ પચતત્વને પામી હતી. પિતાની કાળજીથી સરોજકુમાર સોળ વર્ષનો થતાં તો સર્વ શાસ્ત્ર સપન્ન થયો, તેમ જ ક્ષત્રિયોને ઉચિત શસ્ત્ર અસ્ત્ર વિદ્યાનું પણ સપૂર્ણ જ્ઞાન સપાદન કરી લીધુ હતું.

“ મધ્યાન્હના સખ્ત તાપથી સરોજકુમાર તેના સુશોભિત દિવાનખાનામા એક સુવર્ણે મઢેલા પલગ પર નિદ્રાધીન થયો હતો તેને નિંદ્રાવશ થયે થોડો સમય થયો હશે, એવામા તેના દિવાનખાનાનુ દ્વાર ઉઘાડી એક અનુપમ રૂપવાન બાળા કે જેની ઉમ્મર ભાગ્યે જ પદર વર્ષની હશે. તેવી નિર્દોષ સુકુમારી બાળા ત્યા આવી અને દિવાનખાનાનુ અવલોકન કરતી ધીમે પગલે કુમારના પલગ પાસે આવીને તેનુ મુખ એકાગ્રતાથી નિહાળવા લાગી. કુમારનુ ગૌર મ-

નોહર વદન ઘણી વાર સુધી નિહાળી તે લજ્જીત બાળા મનમાં જ ગણગણવા લાગી.

" અરે, મારા મનમાં આજે આ શું થાય છે ? મનમાં કંઇક સમજાય ન સમજાય એમ થયા કરે છે. આ મારા બાળ સ્નેહિની સાથે જો કે હું આજપર્યંત આટલી ઉમ્મર થતા સુધી રમી છુ. છતાં કોણ જાણે કે આજે તેની પાસે જતા શરમ મને સતાવે છે. તેને જોતા મારૂ આખુ અંગ ધ્રુજે છે. તેનુ વદનકમળ જોઇ હુ પરવશ બની જાઉં છુ. અહા ! કેવુ મનહર મધુરૂ વદન ! વાહ, સરોજકુમાર વાહ ! તારા પ્રકાશમાન તેજથી હું અંજાઇ જાઉ છુ. અહા !

ગાયન.

શીતળ ચંદ્ર જેવુ, વદન કાન્તિમાન,
નયન મીચી લે તુ, શાન્તિથી વિરામ.
જાણે જઇ ભેટું એવા, ઉમળકા આવે છે,
બોલુ કઇ બોલુ ત્યા તો, શરમ સતાવે છે.
કાંઇ કાંઇ અંતર થાય થાય થાય ના સે'વાય.—શીતળ.

* * * * *

ચાલુ ત્યાંતો ચરણો, અન્યો અન્ય અથડાયે છે.
લાગી લાગી અંતર લ્હાય લ્હાય લ્હાય ના સે'વાય.—શીતળ.

× × × × ×

જાગોજી જાગો વ્હાલા, નિદ્રા વિસારી દ્યો,
રાગી થઇ ત્યાગી વ્હાલા, ત્યાગી સમાધિ હો,
બળી બળી લાગું પાય પાય પાય, દાઝું વાય.—શીતળ.

સરસ્વતિચંદ્ર

મદનના મારથી અકળાઇ શરમાતી સરલા આખ્યો બંધ કરી થોડી વાર શાન્ત થઈ ઉભી રહી, પણ તેની શાન્તિ વધારે સમય ટકી શકી નહિ.

તેના નેત્રો ઉઘડી ગયા. તેણે આખ્યોને ખેચી લેવા ઘણોયે પ્રયત્ન કર્યો પણ તેના હઠીલા નયનો સરોજકુમારના કાન્તિવાન વદનને નિહાળી રહ્યા.

આ સમયે સરોજકુમાર ગાઢ નિદ્રાને આધીન થયેલો હતો. સખ્ત ગરમીથી તેના વિશાળ કપાળ ઉપર પરસેવાનાં આછા, આછા બીન્દુઓ બાઝયા હતા.

તે જોઇ તુર્તજ એ કોમળાંગી કન્યા તેના પલગ પાસે આવી નીચે પડેલા પખાથી પવન ઢોળતી અને બીજા હાથથી પોતાની પાસે રાખેલા સુગધયુક્ત રૂમાલથી રાજકુમારના કપાળ પર વળેલો પસીનો લુછવા લાગી

મુખપર ફરતા સુગધ યુક્ત રૂમાલની સાથે કમળ પત્ર સમાન કોમળ કરસ્પર્શથી અને પખાના શીતળ સુખદાયક પવનથી અલ્પ સમયમાં સરોજકુમાર જાગૃત થયો અને જુએ છે તો સુદર બાળાને પોતાને સુખ કારક લાગતા ઉદ્યોગમાં પ્રવર્ત થયેલી જોઇ. તેનુ કાર્ય નિહાળી કુમારે સ્મિત હાષ્ય કરી પૂછ્યુ. " સરલે ! " આ શુ?

બાળ સ્નેહિ " સરોજકુમાર " ને શાન્તિદાયક સમિર ઢોળું છુ. સરલાએ શરમાઇ સામે જોઇ જવાબ આપ્યો.

અરે વ્હારે મ્હારી સરલા ! પણ હવે કહે વારૂ કે હુ તને પ્રિયતમે કહુ કે પ્રાણવલ્લભા કહું ? સરોજે હસ્તે વદને પ્રશ્ન કર્યો.

નાજી, હજી જ્યાસુધી બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીથી મારા પિતાશ્રીએ આપણને લગ્ન ગ્રંથીથી જોડયા નથી ત્યા સુધી તમારાથી એવા ઉપનામોથી મને ના બોલાવાય. ” સમજ્યા ! શાણા સરોજકુમાર ? ”

“ ત્યારે મારી સરલાને વ્હાલી કહી બોલાવુ તો ? ”

જાઓ, જાઓ, એવુ બોલતા શરમાતા નથી? જો હવેથી એવુ કહેશો તો હુ ક્ષણવાર પણ અહિ નહી રોકાઉં ! જુઓ હુ તો આ ચાલી. કહી સરલા ત્યાથી જવા લાગી.

તેને જતી જોઇ તુર્તજ સરોજકુમાર ઉભો થઈ તેની પાસે દોડી તેનો હાથ પકડી દિવાનખાનામા પાછી લાવતા બોલ્યો, સરલા ! આમ શાને રીસાય છે? હજુ તુ આવીને આવી ક્યા સુધી રહીશ ! આપણે સાથે રમેલા જમેલા ને આટલા મોટાં થએલા અને હવે તું આમ મારાથી વારે વારે રીશાય તે શુ સારૂં કહેવાય ? ”

“ સરોજકુમાર ” ! ત્યારે તમારાથીયે પરણ્યા પહેલા મને વ્હાલી અને પ્રિયાતમા પણ ક્યમ કહેવાય ?.

ચાલ હવે હુ તને એમ નહિં કહુ, પણ જ્યારે પદરમે દિવસે આપણે લગ્નથી જોડાઇ શુ, ત્યારે તો તને મારી પ્રિયતમા કહીને બોલાવુ કે નહિ ?

“ હાજી, પછી તો હુંય પણ તમને મારા પ્રિયતમ કહિનેજ બોલાવીશ પણ..... ”

" શુ છે ! સરલા ! વાત કરતા કેમ અચકાય છે ?

" કાંઈ નહિ. એતો સ્હેજ. "

" સરલે ! તને મારા સોગન છે, હૃદયની સત્ય વાત જાહેર કર ! "

" હુ. શુ જણાવુ ! તમે જાણો છો કે પેલો દુષ્ટ કૃષ્ણુલાલ" મને નાહકનો ભય દેખાડયા કરે છે કુમાર ! જ્યારથી મારા પિતાશ્રીએ તે દુષ્ટને સ્પષ્ટ ના કહી તેને ધિકાર્યો છે ત્યારનો એ દુષ્ટ આજકાલ કરતાં ઘણા દિવસથી મને મેળવવા કઇક ને કઇક યુક્તિઓ કર્યા કરે છે

"સરલા ! આજ સુધી હુ તો એમ જાણતો હતો કે તેના ગુમ થઇ જવાથી તે મરણને મળી ચુકયો હશે. હ. વારૂ હાલમા તેણે કઇ એવું અઘટિત કાર્ય કર્યુ છે કે શુ ? "

" હા, તેણે ગઈ કાલે એક ચિઠ્ઠી મોકલી હતી, તેમા તેણે લખ્યુ હતુ કે, સરલા, જો તુ તા'રા પિતાને સમજાવી મારી સાથે લગ્નથી નહિ જોડાય, તો હું તને ગમે તે પ્રકારે ફસાવીશ, ને તમારા લગ્નમા ભગ પાડીશ. "

" અરે વાહરે ઉઠાઉગીર કૃષ્ણુલાલ ! ત્હે પણુ ખુબ કરી ? સરલે ! ' તુ એનાથી બીલકુલ ગભરાઇશ નહિ. તને ફસાવતા કયાક એ ફસાઇ જાય નહિ ! સદા સર્વદા તારૂ રક્ષણુ કરવા હુ તૈયાર છુ. સરલે ! તુ જાણે છે કે વનરાજના ગુમ થયા બાદ ઘણાએ શ્વાનો ભસી તેમનુ શૌર્ય જણાવે છે ! બહાદુર પુરૂષોની પાછળ નિર્બળો વૃથા બકવાદ કરી તેમનુ મિથ્યાભિમાનપણુ જણાવે છે ! તેમાંનોજ એ કૃષ્ણુલાલ છે, તેથી તેનાથી શુ થનાર છે ? "

"હાશ હવે મને શાન્તિ વળી, કહી સરલા સરોજના કંઠે વળગી પડી."

"સરલા ! આપણે ઉપવનમા ફરવા જઇશુ."

"જેવી આપની ઇચ્છા"?

"તો ચાલો આપણે ત્યા જઇએ, ને ઉપવનમા ફરી સરિતાના કિનારે બેસી બે ઘડી આનંદ કરીએ કારણ કે સાજ પડવા આવી છે, તાપનો ઉકળાટ શાન્ત થયો છે, અને તેથી ત્યા જઇશુ તો શીતળ પવનના સ્પર્શથી આપણા હ્રદય પ્રફુલ્લિત થશે" કહી સરોજકુમારે પહેરાવાળાને બોલાવી ગાડી જોડી લાવવાની આજ્ઞા કરી. થોડા સમયમા સેવક ગાડી જોડી લાવ્યો તેની અંદર સરોજ–અને સરલા બિરાજ્યા, ગાડી ઉપવનની તરફ પૂરપાટ દોડવા લાગી. જોતજોતામા રત્નવતી નદીના કિનારે આવેલા ઉપવન સમિપ ગાડી આવી ઉભી રહી બન્ને જણા ગાડીમાથી ઉતરી ગાડીવાનને ત્યાજ ઉભા રહેવાનું કહી ઉપવનની ઘાડી ઝાડીમા અદ્રશ્ય થઈ ગયાં.

પ્રકરણ ૮ મું.

" સરલા "

રત્ન નગરના મહારાજા ચંદ્રશેખરના દરબારમાં " રાયમલ " નામનો બુદ્ધિશાળી પ્રધાન હતો. જો કે તે પ્રધાન હતો પણ બાલ્ય કાળથી તે રાજા ચંદ્રશેખરનો પરમ પ્રિય મિત્ર હતો મહારાજાએ તેને ઘણાક ગામો બક્ષિસ કરેલા હતા, તેથી તે ઠાકોરના નામથી ઓળખાતો હતો તેને સંતાનમાં પુત્રીરત્ન હતું તેનું નામ "સરલા દેવી" હતું તે સુંદર બાળા હતી, તેના સમાન રૂપ ગુણ સંપન્ન બાળા આખા રત્નપુરમાં પણ નજરે પડતી નહોતી, પિતા અને માતા પાસેથી તેણે ઉત્તમ જ્ઞાન સંપાદન કર્યું હતું તેનામાં "દયા" એ મુખ્ય ગુણ હતો ગરીબો તેમજ રોગીયોને જોઇ તેનું હૃદય દયાથી દ્રવતું હતું. તેમને કેવી રીતે સુખી કરાય એવા વિચારથી તે હમેશા દુખીને સુખી કરવાના પ્રયત્ન કરતી.

રાજા ચંદ્રશેખર હમેશાં મિત્રને મળતો ને તેની સાથે આનંદ યુક્ત વાર્તાલાપ કરતો. કોઇ કોઇ વખતે " સરોજકુમાર " પણ રાયમલને ત્યાં જતો ને સરલાની સાથે રમત ગમ્મત કરતો. નાન

પણુથીજ સરોજ અને સરલા સાથે રમતાં જમતાને આનદ કરતાં. દિનપ્રતિદિન એ નિર્દોષ બાળકો એક બીજાને એટલા તો ચાહવા લાગ્યા કે દિવસમા જો એક વાર તેઓ એક બીજાને ના મળે તો મનમાં ઘણા દુખી થતા

આખરે તેમની નિર્દોષ રમત ગમ્મતનો અત આવ્યો, સરોજ સોળ વર્ષનો યુવાન થયો, ત્યારે સરલા પણ ૫દર વર્ષની કન્યા થઇ. બન્ને જો કે એક બીજાને મળતા પણ પ્રથમની માફક એક બીજાની સાથે છુટથી વાતચીત કરી શકતા નહોતા, વાતોમા ને વાતોમા બન્ને એક બીજાથી શરમાઇ જતા, પુત્રી કન્યાવસ્થામાં આવતા રાયમલ તેના લગન સબંધના વિચારમા પડયો

તેના મનમા સરોજકુમાર સાથે સરલાનો વિવાહ થાય તો ઠીક એમ નિરતર થયા કરતુ હતુ પણ તે રાજકુમાર ને હું એક રક પ્રધાન તેથી તે બે જણાનો સબધ કેવી રીતે જોડાઇ શકાય, તેમજ મહારાજાને પણ મારા હૃદયની આવી ઇચ્છા કેવી રીતે જાહેર કરી શકાય ! કદાપિ મિત્ર ભાવે વાત કરૂ, ને તેઓ ના કહે, તો મારૂ શુ ભુષણ રહે ? આવા આવા વિચાર કરી આખરે રાયમલ શાન્ત થઇ બેસી રહેતો.

એક સમયે પ્રધાન રાયમલ મહાન્ વિંચારમા ગમગિન થઇ બેઠો હતો. તેની પાસે તેની સ્ત્રી ઇદુંમુખી બેઠી હતી. તે વારંવાર પતિને તેના વિચાર સબધી પ્રશ્ન પૂછતી હતી. જવાબમા રાયમલ ફક્ત એટલુજ જણાવતો હતો કે હુ સરલાના લગ્ન સબધી વિચાર કરૂં છું. ઇંદુમુખી તે પછી રાયમલને કઇક કહેવા જતી હતી એટલામાં તેમના મકાનનુ દ્વાર ઉઘાડી એક માણસ અદર આવ્યો. તેને જોતાંજ ઇંદુમુખી અદર ચાલી ગઈ આવનાર માણસ રાયમલને

નમન કરી તેમની સામે બેઠો. આવનાર માણસ કૃષ્ણલાલનો મિત્ર "કરૂણાશંકર હતો તે જાતનો બ્રાહ્મણ હતો, તેણે ગરીબી હાલતમાંથી મહા પરાણે સાચા જુઠ્ઠાં કરી, તેમજ દરબારી નોકરી કરી પાંચ પૈસા એકઠા કર્યા હતા. કરૂણાશંકર સ્વાર્થી, સાચા જુઠ્ઠા કરનાર, ને લોકોને હાજી હા કરી ખુશ રાખનાર હતો તે સારા માણસોના સહવાસમા આવી, તેમને મીઠા બોલોથી વશ કરી સેવા ચાકરી ઉઠાવી, પૈસા મારી ખાતો સારા માણસો તેના નરમાશ ભર્યા વાકયોથી ભોળવાઇ તેનામા તેમનો વિશ્વાસ મૂકતા, ને કંઇ લાવવુ કરવુ હોય તો કરૂણાશંકરને કહેતા કરૂણાશંકર તેમને દરેક ચીજો લાવી આપતો પણ દલાલી કાઢતા ચૂકતો નહિ દરબારી નોકરીમાથી પણ લાગ ફાવે હાથ મારવાનુ ભૂલતો નહિ તે દરબારી કર ઉઘરાવનાર ટોળીનો ઉપરી હતો, દરબારી રીત પ્રમાણે જોકે તેને ફક્ત દશજ રૂપિયાનો માસીક પગાર મળતો હતો, તથાપી તે અદમસદમ કરી પગાર ઉપરાત બમણા નાણા પેદા કરતો, પાસે પાચ પૈસા એકઠા થવાથી તે ઘણો જ ફુલાતો હતો કહેવત છે કે ' ના મળતાને મળ્યુ " એ પ્રમાણે પાચ પચાસ એકઠા થતા "બે પચાસે બામણા" એ કહેવત તેણે ખરી પાડી પાસે પૈસા થતા તે નોકરી છોડી દઇ નવાનગરમા કૃષ્ણલાલ પાસ રહેતો હતો એવા નામધારી પુરૂષ આજે રાયમલના પાસે આવીને બેઠા હતા.

રાયમલે તેને આવવાનુ પ્રયોજન પૂછ્યુ પ્રશ્નના પ્રત્યુત્તરમા તેણે જણાવ્યુ કે હુતો આ રસ્તે થઇને જતો હતો, પણ જતા વિચાર આવ્યો કે લાવ આટલે સુધી આવ્યો છુ ત્યારે રાવ સાહેબને મળતો જાઉં. તેથી આપ સાહેબને સલામ ભરવા આ-

વ્યો છુ પણ આજે રાવસાહેબના મુખ પર આનદ નથી જણાતો તેનું શુ કારણ છે ? "

"કઇ નહિ." એતો સ્હેજ "   રાયમલે જવાબ આપ્યો.

"અરે સ્હેજતે હોય ? રાવસાહેબ ! હમેશાં મનને આનંદમા રાખવુ. આનંદ એજ પ્રભુ છે. શાસ્ત્રમા કહ્યુ છે કે, સત્ચીદાનદ પ્રભુ.

" કરૂણાશકર ! હુ મારી સરલાના વિચાર કરૂ છુ, કારણ કે સરલાને હવે લગ્નથી વિમુખ રાખવી યોગ્ય ધારતો નથી " રાયમલે જણાવ્યુ.

" ખરૂ છે, રાવસાહેબ ! હુ પણ આપના વિચારને મળતો થાઉ છુ કારણ કે શાસ્ત્રમા કહ્યુ છે કે બાર વર્ષ ઉપરાતની બાળા જો કુમારિકા રહે, તો તેના માતાપિતાને ડગલે ડગલે મહાપાપ લાગે છે " કહી કરૂણાશકર રાયમલની સામે જોઇ રહ્યો.

તેના વચનોથી રાયમલ પણ થોડી ક્ષણ પર્યંત મૌન રહ્યો, ને આખરે એક દિર્ઘ નિઃશ્વાસ નાખી બોલ્યો કરૂણાશકર ! હુ સર્વત્ર નજર નાખી જોઉ છુ પણ મારી. સરલાને લાયક કોઇ પણ રાજકુમાર હોય એમ મારી ધ્યાનમા જણાતુ નથી.

" અરે એમતે હોય ! શુ પૃથ્વી નિસતાન છે ? રાવસાહેબ' સરલા બ્હેનને લાયક વર હુ બતાવુ કરૂણાશકરે સ્હેજ ઉંચા થઇ કહ્યુ. "

" બતાવો ત્યારે ? જો યોગ્ય જણાશે તો તેને માટે વિચાર થશે. " રાયમલે કહ્યુ.

" આ લ્યો ! ત્યારે સાંભળો ! આ આપણી પાસે આવેલા નવાનગરના ઠાકોર જસવંતસિંહનો પુત્ર " કૃષ્ણુલાલ " છે. આપ જાણોજ છો કે જસવતસિહ થોડુક થયા ગુજરી ગયા છે, ને તેથી તેમની સર્વ ઠકરાતનો માલેક એકલો " કૃષ્ણુલાલ "જ થયો છે. તે ચોવીસ વર્ષનો રૂપવાન યુવાન છે, બ્હેન સરલાને માટે તેજ લાયક છે."

" શું નવા નગરનો નવો ડાકોર " કૃષ્ણુલાલ ? ".

" હા નામદાર. "

" કરૂણાશકર ! તુ અસત્ય વદે છે, મારી સરલાને લાયક તે નથી. નવાનગરનુ રાજ્ય આપણા તાબે છે જસવત સિંહના મૃત્યુ બાદ " કૃષ્ણુલાલ " ઘણોજ દુષ્ટ નીકળયો છે એમ મ્હે સાળળયુ છે તેમજ તે દારૂડીયો, જુગારી અને પરદારા લંપટ છે. તેમા વળી તેને સદગુણી પત્ની નામે " સુકન્યા " પણ છે.

" તેમા શુ થઇ ગયુ, રાવ સાહેબ ! કૃષ્ણુલાલ સુકન્યાને ચહાતો નથી, તે તેને અતકરણથી ધિક્કારે છે, માટે જો સરલા બ્હેનને તેની સાથે પરણાવ્યા હોય, તો સર્વવાતે સુખી થવા સભવ છે."

" બસ, હવે આ વાતને આટલેથીજ પતાવો. કરૂણાશકર ! હુ આજ સુધી એમ સમજતો હતો કે તુ એક ગુણવાનઅને બુદ્ધિ વાન માણસ છે, પણ આજના તારા વાકયોથી તો મને તુ કેવળ બુદ્ધિ હિનને નાલાયક માણસ જણાય છે કરૂણાશકર ! મને લાગે છે કે તે દુષ્ટ કૃષ્ણુલાલે તને કંઇક ઇનામ આપવાનું કહીનેજ મારી પાસે મોકલ્યો હશે આ રાયમલ ! સારૂં યા ખોટુ ઘણી સારી રીતે સમજી શકે છે શુ ત્હારા જેવા એક નાદાન બુદ્ધિહિનના કહેવાથી

હું મ્હારી પ્રાણ સમાન પુત્રીને એક દુષ્ટ વ્યસની માણસની સાથે પરણાવી તેનુ જીવન નષ્ટ કરૂ ? અરે શુ હુ તે નરપિશાચની સાથે સરલાનો સબધ જોડી તેની પ્રથમની પત્ની શુશીલ " સુક ન્યા " ને દુખી કરૂ ? ના ના, સ્વપ્નાંતરે પણ મારાથી એમ થનાર નથી. અહા! "**જે દુષ્ટ માબાપો પોતાની પુત્રીયોના સુખને નહિ જોતાં, તેમજ લાયક વરની પૂર્ણ તપાંસ નહિ કરતાં, કેવળ પોતાનોજ સ્વાર્થ સાધવાને ગરીબડી બાળાને કોઈ દુષ્ટ, લપટ યા વ્યસનીને સ્વાધીન કરે છે, તેવાં માબાપોને અપરંપાર ધિક્કાર છે.**" કરૂણાશકર જા અત્રેથી એક પળનો પણ વિલબ કર્યા વિના ચાલ્યો જા. હુ તારૂ મુખ જોવા નથી ઇચ્છતો. રાયમલે ગુસ્સે થઇ કહ્યુ.

મહેરબાન સાહેબ ! આટલા બધા આકળા શા માટે થાવ છો ! હુ તો સ્હેજ કહેતો હતો કરવુ યા ન કરવું તે આપનાજ હાથમા છે લ્યો, રામ રામ કરૂણાશકર વધારે રોકાવુ યોગ્ય નહિ ધારી જવાબની રાહ જોયા સિવાય ભયભિત થઇ ત્યાથી ચાલી નીકળ્યો. બાદ રાયમલ પણ પોતાના કાર્યમા ગુંથાયો.

દિવસો પર દિવસો જવા લાગ્યા, બાદ કેટલાક દિવસ પછી એક દિવસના સમાયોગે " કૃષ્ણલાલ " જાતેજ રાયમલની પાસે આવ્યો, ને આડી—અવળી વાતો કરી ઘણીજ નમ્રતાથી તેણે તેમની પાસે સરલાનુ માગુ કર્યું રાયમલે તેને સારી રીતે ઓળખતો હોવાથી તેની સાથે વિશેષ વાત ચિત્ત નહિ કરતા તેને સ્પષ્ટ જણાવી દીધુ કે, હુ તારા જેવા નાલાયક માણસની સાથે મારી સરલાને પરણાવવા નથી ઇચ્છતો રાયમલના વચન " કૃષ્ણ લાલને " ઘણો ગુસ્સો ચઢયો, અને પછી ત્યાથી જતાં જતાં તે

બોલ્યો કે—યાદ રાખજે રાયમલ ! કે આ અપમાનનો બદલો તને કેવી રીતે મળે છે, આમ કહી કૃષ્ણલાલ ત્યાથી ચાલ્યો ગયો '

આ વાતને વળી પાછો ઘણો વખત નીકળી ગયો. એવામા નવાનગરથી સમાચાર આવ્યા કે ઠાકોર કૃષ્ણલાલ તેના મિત્ર કુજ વિહારી અને તેની પત્નીનુ ખૂન કરી ગુમ થઇ ગયો છે તેથી રાયમલ મહારાજાની સમતિ લઈ ત્યા ગયો અને તેનુ ગાંમ ખાલસા કયુ નવાનગરમા રાજા ચદ્રશેખરે "રામસિહ ' નામનો વહીવટદાર મૂકયો, અને કૃષ્ણલાલની શોધમા ઘણા માણસો રોકવામા આવ્યા, પણ તેનો પત્તો લાગ્યો નહિ

બાદ એક દિવસે સમય સાધી રાયમલે પોતાના હ્રદયની વાત મહારાજા ચદ્રશેખરને જાહેર કરી, રાજાએ ઘણાજ આનદથી પોતાના મિત્રની માગણી સ્વિકારી લગ્નની ધામધુમ થવા લાગી સરોજ અને સરલાના હ્રદયમા પણ આનદ પ્રવાહ વહેવા લાગ્યો લગ્નનુ મૂહુર્ત પદર દિવસ પછી આવતા એક શુભ દિવસે લેવાયુ. તે પહેલા સરલાને લઇ માતા ભદ્રકાળીના દર્શને બાધા મૂકવા જવાને પ્રધાન કુટુબ તૈયાર થયુ. કારણ કે રાયમલના કુળમા એવો ધારો હતો કે, "માતા ભદ્રકાળીના દર્શન પછીજ કન્યાનુ લગ્ન કરવામા આવતું. દેવીનુ સ્થાનક રત્નનગરથી વીશ કોસ પર એક પહાડી સ્થાનમા આવેલુ હતુ બીજા દિવસના પ્રાત કાળે પ્રધાન કુટુબને પ્રયાણ કરવાનુ હતું. તેથી આજે સરના સરોજકુમારને મળવા આવી હતી, ને પછી બન્ને જણા ઉપવનમા ફરવા ગયા હતા.

પ્રકરણ ૯ મું.

વૈરની વૃદ્ધિ.

સવિતા દેવ નભમંડળમાં ધીમે ધીમે પ્રવેશી સોનેરી કીરણોથી દૂરના ડુંગરાઓને સુવર્ણ સમાન જણાવતા હતા મધુરા પવનની શીતળ લહેરીયો શરીરને સ્પર્શ કરી આનંદ ઉપજાવતી હતી વૃક્ષોના કુંજમાં બુલબુલ, મેના ઇત્યાદી પક્ષીઓ મધુરા શબ્દોથી ટહુકાર કરી રહ્યા હતા આવા સુખકારક શાન્તિના સમયે સરોજકુમાર સરલાનો હાથ પકડી રમ્ય ઉપવનમાં ફરતો હતો. બન્ને જણા આનંદયુક્ત વાર્તાલાપ કરતા, રંગ બે રંગી પુષ્પોને નિહાળતા,' આસપાસ સાનંદાશ્ચર્યથી જોતા, થોડીવારે રત્નવતી સરિતાને કિનારે આવ્યા.

સાંજનો સમય, સરિતાનો પ્રવાહ, અને શીતળ સમીરની લહેરો ગમે તેવા અશાન્ત હૃદયને પણ શાન્ત કરી શકે એવો રમણીય દેખાવ હતો બન્ને જણા કિનારે આવી ઘણી વાર સુધી શાન્તતાથી સરિતાનો વહેતો પ્રવાહ જોઇ રહ્યા. બાદ આખરે સરોજથી ન રહેવાયું,

તે સરલાનો હાથ પકડી કહેવા લાગ્યો. સરલા ! જો તો ! આ રત્નવતી કેવા ગભીર દેખાવથી વહન કરે છે !

" પણ તે આમ ક્યાં જાય છે, તે તમે જાણો છો ? સ્મિત્ હાસ્યથી સરલાએ પૂછ્યુ.

" હા, "

" ક્યા ? "

" સમુદ્રમા. "

" સમુદ્રમા શા માટે જતા હશે ? "

" તે સમુદ્રમાજ સમાય છે ! "

" પણ તેમને સમુદ્રમા સમાવાનુ કારણ ? તે તેમનો શુ થાય ? "

" અરે ઘેલી ! સમુદ્ર તો રત્નવતીનો સ્વામિ થાય. "

" ત્યારે તમે મારા શુ થાઓ ? " સરલાએ વિચિત્ર પ્રશ્ન પૂછ્યો

" તુ માને તે. " સરોજે હસી જવાબ આપ્યો

" હુ શુ માનુ ? તમે કહોને ? "

" સરલા ! હુ કહીશ ને તું ક્યાક રીસાઇશ તો ? "

" નહિ રીસાઉં કહો જોઇએ ? "

" સરલા ! પદર દિવસ પછી હુ તારો સ્વામિ અને તુ મારી પત્ની થઇશ."

" પણ અત્યારે ? '

' અત્યારે તો કાઇ નહિ "

" કાઇ નહિ કેમ ? કઇ પણ હોવુ જોઇએ, કારણ કે તે સિવાય કેવી રીતે આપણે આટલી છુટથી ફરીહરી શકીયે?"

" અરે વાહરે ! ત્હે તો ખુબ કરી ' હવે મારે તને શું કહેવું તેની સમજ મને પડતી નથી, હા...સરલા ' આપણે હાલ તો બાળસ્નેહિ કહેવાઇયે."

" જ્યારે આપણે બાળસ્નેહિયો છીએ ત્યારે આપણામા પ્રાણનાથને પ્રિયતમા વગેરે ઉપનામો વપરાય કે નહિ " ?

"' સરલા ' જ્યા પ્રેમતું ઐકય છે, અને હૃદયના આત્માને તે પ્રેમ દ્રઢ થયેલો લાગે છે કે એ દ્રઢ થયેલુ પ્રેમબધન હવે કદાપિ તુટવાનુ નથી, તોજ એવા ઉપનામોથી બોલાવી શકાય. "

" જ્યારે એમ છે ત્યારે મારો આત્મા સાક્ષી પુરે છે કે મ્હારો પ્રેમ તમારા પ્રત્યે દ્રઢછે. તે હવે તુટયો તુટવાનો નથી છોડાવ્યો છુટનાર નથી. પણ વારૂ તમારા હૃદયમા કેમ છે ?"

"સરલા' તારૂ હૃદયને મારૂ હૃદય એક છે, તારામા જેવો પ્રેમ છે તેવોજ મારો પણ પ્રેમ છે, એ તુ સત્ય માનજે"

" એમ ! ત્યારે તો તમે હવે મને પ્રિયતમા કહો ને હુ તમને પ્રાણનાથ કહું."

" એમ કહેતાં તુ પ્રથમની માફક રીશાઇશ તો?"

" હવે શામાટે રીસાઉ ? કારણ કે મારો પ્રેમ દ્રઢ છે. પણ જો કદાચ તમારા પ્રેમમા કઇક હોય તો મને શુ ખબર પડે ' અને કદાચ તેથીજ ના પાડતા હશો તો કોણ જાણે"

" સરલે ' સરોજની પ્રેમ દેવી ! આજે આ તું શું બોલે છે ? પ્રિયે ! મારો પ્રેમ અચળ છે, સુદરી, પ્રિયતમા વગેરે જે કહુ તે તુજ છે. વ્હાલી સરલા ' આવ, આમ મારી પાસે આવ,

આપણે આ શીલાપર બેસી સાયકાળની શોભા અવલોકીયે આમ કહી સરોજે સરલાનો હાથ પકડયો સરલા હસી પડી બાદ બન્ને જણા ત્યા પડેલા એક પહોળા પથ્થર ઉપર બેસી આનદ પૂર્વક વાર્તાલાપ કરતા સૃષ્ટિ સૌદર્ય અવલોકવા લાગ્યા

.આવી રીતે જ્યારે બન્ને જણા આનદમગ્ન થઇ રહ્યા હતા, ત્યારે તેમની પાછળ ઉપવનની ધાડી ઝાડીમા કંઇક અલૌકિક ઘટના બની રહી હતી ઉપવનના વૃક્ષોમા કઇક ખડખડાટ થઇ રહ્યો છે ત્યા નજર કરતા જણાય છે કે વૃક્ષોના જુથમા એક પ્રચડ પુરૂ-ષાકૃતિ કાળો વેશ ધારણ કરી છૂપાઇ રહી છે, ને તે વાર્તાલાપ કરતા પ્રેમિયુગલની તરફ વારવાર દ્રષ્ટિ કરી રહી છે

પેલી તરફ પથ્થર પર બેસી સૃષ્ટિની રમણિયતા નિહાળતી સ-રલાને એકાએક કંઇક યાદ આવ્યુ, ને તેથી તે ઉભી થઇ કહેવા લાગી સરોજકુમાર ! તમે અહિ થોડી વાર બેસો, હુ ઉપવનમાથી થોડાક પુષ્પ એકઠા કરી આપને માટે એક માળા ગુથી લાવુ ”

“ સરલે ! અત્યારે ઉપવનમા જવાની જરૂર નથી સાજ પડવા આવી છે રખેને પુષ્પ વિણતા તને કોઇ જાનવર ડશ દે. ”

“ જાનવરના દશનુ ઝેર ઉતારનાર વૈદ્યરાજ જ્યા સુધી પાસે છે ત્યા સુધી મારે શા માટે ગભરાવુ જોઇએ વ્હાલા ! થોડી વાર વિરામ લ્યો, હુ જલ્દીથી પાછી આવુ છુ કહી મૃદુ મૃદુ હસતી સરલા ત્યાથી ચાલતી થઇ

નદીના કિનારે બેઠેલો સરોજકુમાર એ મધુર બાળાને જતી જોઈ રહ્યો સરલાના કુજમા અદ્રશ્ય થયા બાદ તેનાથી બોલાઇ જવાયુ કે—અહા ! કેવી મધુરી મનોહર બાળા ! સરલા ! વ્હાલી સરલા !

હુ તને મેળવી ભાગ્યશાળી થઈશ ખરેખર તુ આ સૃષ્ટિના સૌદર્યની એક પ્રતિમા છે અહા ! પવિત્ર બાળા ! તારૂં સુકોમળ નિર્દોષ મુખ જોઇ હુ આનદ પામુ છુ અને તારા ગયા પછી હુ તારા વિયોગાગ્નિથી ઝુરૂ છુ. હા, ધન્ય છે તને અને તને સદગુણશાળી બનાવનાર તારા માતા પિતાને સરલા ! આ સસારમા જેને તારા સમાન સદ્ગુણી બાળા મળી હશે તેનો સસાર ખરેખર સ્વર્ગ સમાનજ હશે. અહા...

મળી જેને સતી શાણી, તે સુભાગી જગમા,
રાગી જગમા, ખરો સુભાગી જગમા, (૨)--મળી...
સતી છે પતીની છાયા, ગુણો ન ગણી શકાયા,
લગની મધુરી શુ લાગી જગમા (૨)—મળી
મળી જો જગે કુનારી, નીહાળી નર્કની બારી,
ભલુ થઇ જાઉંતો વેરાગી જગમા (૨)—મળી...

(લવ-કુશ,)

સત્ય છે, કવીયોના વચન સત્ય છે જેને દુષ્ટ નારીથી પાના પડયા હશે તેનો જન્મારો વૃથા સમજવો આમ મનમાં બોલતો સરોજ શાન્ત રહ્યો ને ખળખળ અવાજ કરી વહેતા સરિતાના જળને જોઇ રહ્યો

સરોજની પાસેથી ગયેલી સરલા ઉપવનમા આમ તેમ ફરી પુષ્પો વીણવા લાગી અને એકઠા થયેલા પુષ્પોને ઓઢણીના છેડામા ભરવા લાગી. એવામા તે જે જગ્યાએ પુષ્પો વીણી એકઠા કરતી હતી, તે સ્થળેથી અચાનક પ્રથમ છૂપાઇ ઉભેલો પુરૂષ બહાર નીકળી આવ્યો. તેણે શરીરપર કાળો ઝભ્ભો ઓઢેલો હતો. મ્હો

પર કાળો રંગ લગાવી મુખને વિકાળ બનાવ્યું હતું. તેનું માથું ખુલ્લું હતું. કમ્મરમાં છરો ખોશેલો હતો. આવા ભયંકર દેખાવના માણસને એકાએક ત્યાં નીકળી આવેલો જોઇ સરલા ભયભીત થઇ, મુખથી એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકી નહિ. તે ઝાડના પાંદડાની માફક ભયથી ધ્રુજતી સ્તબ્ધ બની ઉભી રહી. તેની એવી સ્થિતિ નિહાળી તે પુરૂષ મુખથી વિકટ હાસ્ય કરી કહેવા લાગ્યો. સરલા! મારી ઓળખાણ પડે છે?

"સરલા નિરૂત્તર રહિ."

પુન તે માણસે કહ્યું. બ્હીશ નહિ. હુ તને દુઃખ થાય એમ કરવા નથી ઇચ્છતો, કારણ કે તુ તો મ્હારા હૃદયનુ એક અમૂલ્ય રત્ન છે.

તેનુ આવુ બોલવુ શ્રવણ કરી સરલા હિંમતથી બોલી. ભાઇ! તારૂ બોલવુ હુ સમજી શકતી નથી. જો તુ મને કષ્ટ આપવા નથી ઇચ્છતો, તો મારી સાથે સ્પષ્ટ વાત કર

" તુ કહે એવી રીતે હું તારી સાથે વર્તવા તૈયાર છુ. તે પુરૂષે કહ્યુ.

" ત્યારે જણાવં કે તું કોણ છો ? " સરલાએ પૂછ્યુ.

" સરલા! તને નિશદિન યાદ કરનાર અને તારા રૂપમા દિવાનો થઇ ફરનાર, હુ " કૃષ્ણલાલ."

" કોણ તું કૃષ્ણલાલ ? " સરલા ભયથી બોલી ઉઠી.

" હા. હું કૃષ્ણલાલ."

" પાપી ! શુ હજી તું જીવે છે? "

" સરલાના સુખદાયક સ્પર્શસુખને ભોગવવા આ કૃષ્ણુ-લાલ હજી જીવેછે. અને આજે ઘણા લાબા સમયે પુન તારી પાસે આવી તારો પ્રેમ યાચે છે."

" કૃષ્ણુલાલ! તારી સઘળી આશા આકાશ કુસુમવત્ છે. કારણુ કે હુ તો મારો પ્રેમ અર્પણુ કરી ચૂકી છુ."

" સરલા! તે પ્રેમ મારા પ્રત્યે ફેરવી નાખ કે જેથી આપણે સુખી થઇએ."

" અરે મૂર્ખ! તુ જાણે છે કે હુ આ કોને કહુ છુ! શું એક શુદ્ધ ક્ષત્રિય બાળા તારા જેવા ગર્ધવનુ કહ્યુ માની તારા કહેવા પ્રમાણે વર્ત્તશે? નહિ, કદાપિ નહિ, કૃષ્ણુલાલ! જા અત્રેથી ચાલ્યો જા હુ તને હૃદયથી ધિક્કારૂ છુ!"

" શુ તુ ખરેખર મને ધિક્કારે છે?"

' હા, હુ તને ધિકકારૂં છુ ને તું અહિથી જલ્દી જાય એમ ઇચ્છું છુ.

" સરલા! આ તારા વિલાસીને તારા વિલાસથી દૂર જવાનુ ના કહે હુ તને ખરા હૃદયથી ચાહુ છુ. તને સર્વ પ્રકારનું સુખ આપવા ઇચ્છું છુ. મને નિરાશ કર નહિ."

" જા, જા એ વિષયાધ! તુ અહિથી દૂર થા ને તારા જેવી કોઇ કુલટાની આગળ જઇ કાલાવાલા કર કે જેથી તારી મન કામના પૂર્ણુ થાય."

" નહિ, પ્રિય સરલા! હુ તો આજે નિશ્ચય કરીનેજ આવ્યો છુ કે તને લીધા સિવાય અહિથી જવુ નહિ."

" અરે મૂર્ખના શીરોમણિ! મને લઇ જતા પહેલાં કયાંક તુ

ના પકડાઈ જાય ને કેદખાનાની અધારી કોટડીમા ના પૂરાય? તેની સભાળ રાખજે. "

" કદાપિ એમ થશે તો પણ આ દુષ્કકડ કૃષ્ણલાલ આજે તારા આ સુકોમળ અધરોષ્ટનુ પાન કર્યા સિવાય રહેનાર નથી "

" દુષ્ટ ! તે પહેલા તો હુ બૂમ પાડી કિનારે બેઠેલા મા'રા સરોજને બોલાવીશ "

" એમ ! તો જલ્દીથી મારૂ બીજુ કામ પણ પૂર્ણ થશે તેના અહિ આવ્યા પહેલા હુ તારા ગુલાબી ગાલનુ ચુબન કરીશ અને પછીથી તારા સરોજના જીગરમા આ છરો ભોકી તેને પણ પૂરો કરીશ."

" અરે જુલમગાર ! હજારોને વિના કારણે દુ:ખ દેનાર ! નરાધમ ! સમજજે કે આખરે તારા અઘોર કાર્યોનો બદલો ઇશ્વર જરૂર તને આપશે, ને તેજ દયાળુ તને ભયકર નર્કકુડમા નાખશે."

' અરે ઘેલી અબળા ! તુ જાણે છે કે હુ કોણ છુ ? હુ એક અઠગ ઉઠાઉગીર, બળવાન માણસ, ન માનનારી અબળાઓને સ્વાધિન લેનાર, ને જુલ્મી બહારવટીયાઓનો સરદાર આ કૃષ્ણલાલ છે, તે આજે તને છોડનાર નથી. નાદાન બાળા ! યાદ રાખજે કે આ કૃષ્ણલાલ એક ભયકર માણસ છે. તે તારા ઇશ્વરને પણ તૃણવત ગણે છે. સરલા! બોલ હવે શુ વિચાર છે? ખુશીથી પ્રેમ અર્પવો છે કે બળાત્કારથી માનવુ છે ? કહી કૃષ્ણલાલ તેની નજીક ગયો ને તેના પ્રચડ હાથથી સરલાનો કોમળ હાથ પકડયો. સરલા ધ્રુજી ઉઠી, ને બેબાકળી બની બોલી કૃષ્ણલાલ ! મારો હાથ મૂકી દે, મને જવા દે."

" સુદરી ! હાથમા આવેલા પારસમણીને ત્યાગનાર કેવળ નાલાયક મૂર્ખ ગણાય છે "

" શુ તુ મને નહિ જવા દે ? "

" એક વાર કહ્યુ કે ના. " કહી પાપી કૃષ્ણુલાલ સરલાને ખેચવા લાગ્યો. વાઘના પજામા સપડાયેલી સરલાએ ભયકર ચીસ પાડી. ચીસનો પડઘો ઉપવનમા ફેલાઇ ગયો કે તુર્ત કૃષ્ણુલાલે તેના મુખ પર હાથ ઢાંકી તેને બોલતી બધ કરી. અને તે નિર્દોષ બાળાના મુખ પર તેનુ પાપી મુખ લઇ જવા લાગ્યો અરે હમણા જ આ શુદ્ધ બાળા પાપીના મુખસ્પર્શથી અપવિત્ર થશે ! પણ એવામાજ કિનારે બેઠેલો સરોજ સરલાની ચીસ સાભળી ત્યા દોડી આવ્યો, અને વિલક્ષણ પ્રકાર જોતાજ તેણે કૃષ્ણુલાલને પાછળથી એક સખ્ત મુક્કો લગાવ્યો કૃષ્ણુલાલ ચમકયો અને પાછળ ફરી જોયુ તો તેણે સરોજકુમારને જોયો. તેને જોતાજ કૃષ્ણુલાલ બૂમ પાડી ઉઠયો અરે કોણુ સરોજકુમાર ?

" હા, તારો કાળ આ સરોજકુમાર."

" સરોજ ! તુ બાળક છે, માટે હજી સમજ, ને વિચાર કરી સરલાના પ્રેમનો ત્યાગ કર, કારણ કે એક મ્યાનમા બે તલવાર કેવી રીતે સમાય ?"

" ચૂપ કર પિશાચ ! સરલા તો આ હૃદયનો જીવાત્મા છે."

" એમ ! તો થા તૈયાર !"

" ચાલ હોશીયાર, કહી સરોજકુમાર કૃષ્ણુલાલને વળગી પડયો. બન્નેનુ દ્વદ્વ યુદ્ધ થવા લાગ્યુ. સુકોમળ સરોજ અને પ્રચડકાય કૃષ્ણુલાલનુ યુદ્ધ નિહાળી સરલા બૂમે બૂમ પાડવા લાગી. સરોજ-

કુમાર પણ પૂર્ણ આવેશથી કૃષ્ણલાલને હઠાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. કૃષ્ણલાલે મનમાજ નિશ્ચય કર્યો કે આજે સરોજ નહિ કે હુ નહિ એમ ધારીને તે સરોજને મારી નાખવાનો લાગ ખોળતો હતો સરોજ તેના મનનો ભાવાર્થ સમજી તેને ફાવવા દેતો નહિ બન્નેનુ દ્વંદ્વ યુદ્ધ આશરે અર્ધો કલાક ચાલ્યુ. એવામા દૈવયોગે સરલાની ચીસોથી રાજ્યરક્ષકો ત્યા દોડી આવ્યા. ગાડીવાન પણ ક્યારનોએ હાજર થઇ ગયો હતો હવે હુ પકડાઇ જઇશ ને રાજ-દ્રોહી ઠરી દેહાત દડની શિક્ષા ભોગવીશ સમય આવે ફરીથી જોઇ લેવાશે આમ મન સાથે એક ક્ષણ વારમા કૃષ્ણલાલે વિચાર કરી લીધો બાદ લાગ જોઇ સરોજની બાથમાથી છૂટી તે પાપી પલાયન કરી ગયો પકડો, ખૂનીને પકડો એમ બૂમો મારતા સિપાઇયો તેની પાછળ દોડયા, પણ અતે નિરાશ વદને પાછા આવ્યા કૃષ્ણલાલ ગુમ થઇ ગયો સઘળા આખ્યો ચોળીને જોઇ રહ્યા. ત્યાર બાદ વધારે સમય ત્યા રોકાવુ યોગ્ય નહિ ધારી સરોજ સર્વ સાથે નગ-રમા આવ્યો સરલા રાજકુમારને મળી ભેટી, ભદ્રકાળીએ જવાની અનુમતિ મેળવી પિતાને ઘેર ચાલી ગઇ.

પ્રકરણ ૧૦ મું.

કૃષ્ણલાલ.

નવાનગરના ઠાકોર જસવતસિહનો કેવી રીતે અતઆવ્યો, તે સઘળુ આપણે જાણી ગયા છીએ, તેમની પછી તેમનો પુત્ર કૃષ્ણલાલ નવાનગરની ગાદીએ આવ્યો તે રાજ્ય કાર્યમા લક્ષ નહિ આપતા નવાનગરમા આખો દિવસ રખડતો, તેથીતેને ધીમે ધીમે હલકા લોકોનો સહવાસ થતો ગયો એના પરીણામથી છેવટે કૃષ્ણલાલ નીચ કર્મો કરતા શીખ્યો જશવતસિહ પુત્રના દુષ્ટ આચરણોથી મનમા મુઝાતા આખરે પાપી પુત્રના પ્રપચથી મરણને શરણ થયા પિતાના મૃત્યુ પછી પૂર્ણ સ્વતત્રા મળવાથી કૃષ્ણલાલ ઘણાજ કુકર્મો કરવા લાગ્યો, હલકા લોકોની સોબતમા દિનરાત ભટકવા લાગ્યો પ્રજાની દાદ ફરીયાદ પણ કોણ સાભળે ? સતી સુકન્યાને પણ દુષ્ટ ' કૃષ્ણલાલ હદ ઉપરાત ત્રાસ આપવા લાગ્યો. આખી રાત તે નીચ લોકોની સાથે હદ ઉપરાત મદિરા પાન કરી " કળાવતી " નામની નાયકાને ત્યા પડી રહેવા લાગ્યો. ત્યા સઘળા આનદ કરી જુગાર ખેલતા. પતિના દુષ્ટ આચરણોથી સુકન્યા મનમા ઘણીજ મુઝાતી હતી ખરેખર આ સસારમાં નિયમ છે કે, જ્યારે સ્ત્રી સારી અને સદ્દગુણી હોય છે,

ત્યારે તેનો પતિ અત્યત દુષ્ટ, વ્યસની ને પરદારા લપટ હોય છે. કદાપિ પતિ ગુણવાન હશે તો પત્ની નીચ આચરણો આચરનારી ને ક્રોધમુખી હશે કોઇ સ્થળે બન્ને સરખા જોવામા આવતા નથી. જ્યારે સુકન્યા સદ્ગુણનો ભડાર હતી ત્યારે કૃષ્ણલાલ સ્વેચ્છાચારી. ને નીચ કર્મોનો ભડાર હતો

સવારમા ઉઠતા તે કસુબાનુ સેવન કરતો, આઠ વાગે મિત્રમડળમા બેશી ગાજાની ચલમો ફુકતો, બપોરે ભાગ ઘુટાતી ને તે પીધા પછી ચડસની ચલમો પીવાતી, બાદ સાજે કળાવતીને ત્યા મદિરાનું હદ ઉપરાત સેવન થતુ હતુ તેના મિત્રો પણ તેના જેવાજ હતા સર્વ હાજી હા કરી તેના દ્રવ્યનુ પાણી કરતા હતા " કરૂણાશકર, તેનો મુખ્ય મિત્ર હતો દુષ્ટની સોબતે કૃષ્ણલાલ અઢળક પૈસાનો ગેર ઉપયોગ કરવા લાગ્યો, તેના નીચ આચરણોથી પ્રજા પણ કટાળી ત્રાહ ત્રાહ પોકારવા લાગી, તીજોરીનુ તળીયુ દેખાવાથી પ્રજાની પર જુલમ ગુજરવા લાગ્યો તેણે હલકા લોકોને સારા અધિકાર પર નિમ્યા હતા ને તે નીચ અધિકારીયો ગરીબ પ્રજાને અત્યત રજાડતા હતા. અનેક પ્રકારના નવા કરો પ્રજાની પર નાખવામા આવ્યા. ધોળે દિવસે આબરૂદાર કુટુબની વહુ દિકરીયોની લાજ લુટાવા લાગી ઠાકોર જાતે એવો એટલે પ્રજા ફરીયાદ કયા જઇ કરે? આવી રીતનો થતો અનહદ જુલમ ધીમે ધીમે મહારાજા ચંદ્રશેખરના જાણવામાં આવ્યો. ચદ્રશેખરે તુર્તજ એક પત્રમા સખ્ત લખાણ લખી કૃષ્ણલાલને પ્રજાને સતોષ આપવાનુ જણાવ્યુ. રાજ્ય જવાની બીકે કૃષ્ણલાલે થોડા સમય સુધી પ્રજાની દાદ ફરીયાદ સાભળી તેમનાં દુખ દૂર કર્યાં. કૃષ્ણલાલ પોતાને સારો કહેવડાવવા વારવાર રત્નન-

ગર જઇ મહારાજાને નમ્રતાથી મળી વાતચીત કરતો એવામા દૈવયોગે એક સમય કૃષ્ણલાલનુ મહારાજાને મળી દરબારમાથી બહાર નીકળવું, ને પ્રધાન પુત્રી સરલાનુ સામુ મળવુ. સરલાના રૂપ તેજથી અંજાઇ કૃષ્ણલાલ તેને જોતાજ જડ જેવો બની ગયો. કારણ કે તેણે અદ્યાપિ પર્યંત સરલાને પ્રત્યક્ષ નિહાળી નહોતી. વિજળી. આ-કાશમા અદ્રશ્ય થાય એટલાજ સમયમા સરલા અને કૃષ્ણલાલની નજર એક થઇ તુરતજ સરલા દરબારમા ચાલી ગઇ. સરલાના ગયા પછી થોડી વારે કૃષ્ણલાલ સાવધ થયો ને પાસે પહેરો ભરતા પહેરે-ગીરને એ બાળા કોણ હતી એમ પ્રશ્ન પૂછયો. તે પ્રધાનની પુત્રી છે. કહી પહેરેગીર બીજી બાજુ ચાલ્યો ગયો શુ પ્રધાનની પુત્રી આવી સુદર ! એમ મનમા ગડભાગ કરતો કૃષ્ણલાલ નવાનગરમા આવ્યો, તેનુ ધ્યાન સરલામાજ લાગી રહ્યુ. તેને બીજી કોઇ વાત ગમતી નહિ. તે વાર વાર કરૂણાશકરને સરલા સબધી પ્રશ્ન પૂછતો, હાજી હા કરનાર કરૂણાશકર પણ સરલા વિષે મોટી મોટી વાતો કરી તેનો મોહ વધા-રતો, કરૂણાશકર સરલાને મેળવી આપીશ કહી તેની પાસેથી મોટી મોટી રકમો કઢાવતો ને પછી ઘેર આવી લીધેલી રકમોને પેટીને સ્વાધિન કરતો. સરલાના વિચારોથી કૃષ્ણલાલ હમેશા ઉદાશ રહેવા લાગ્યો. આખરે કરૂણાશંકરને માગુ કરવા તેણે પ્રધાનની પાસે મોકલ્યો

વાચકો ! કરૂણાશકરને શુ જવાબ મળ્યો તે આપણે વાચી ગયા તેમજ ત્યાર બાદ કૃષ્ણલાલે જાતેજ આવી માગુ કર્યુ, ને પ્રધાને તેને સ્પષ્ટ જવાબ આપ્યો વગેરે આપણે જાણી ગયા છીએ.

સરલાના મોહથી અને પ્રધાને કરેલા અપમાનથી કૃષ્ણલાલ રાતો પીળો થઇ ગયો. પ્રધાનને શી રીતે ખરાબ કરી સરલાને મે-

ળવું એવા એવા વિચારો તે હમેશા કરવા લાગ્યો. ધીમે ધીમે પ્રથમ પ્રમાણે પ્રજા પર પાછો જુલમ કરવા લાગ્યો. પ્રજાના અત્યંત કરૂણાજનક કલ્પાંતથી સતી સુકન્યાએ પતિને કહેવામા કંઇ પણ કસર રાખી નહિ. શિખામણ દેતી પવિત્ર પત્નીને કૃષ્ણલાલ શિક્ષા કરવા અને ઘણો જુલમ ગુજારવા લાગ્યો. પતિ પરાયણ પ્રેમદા ધૈર્યથી સઘળુ સંકટ સહન કરવા લાગી. હમેશા મદિરાનો યથેચ્છ ઉપયોગ થતો ને પછી જુગાર ખેલાતો. જુગારમા કૃષ્ણલાલ હારતો જ્યારે કૃષ્ણલાલના સઘળા મિત્રો દુષ્ટ ને સ્વાર્થાંધ હતા, ત્યારે તેનો એક મિત્ર નામે કુંજવિહારી સદ્‌ગુણી હતો. તે હમેશા તેના દુર્ગુણો છોડવાને કહેતો પણ તેની શિખામણ તે હસવામાજ ઉડાવી દેતો કુંજવિહારી રૂપવાન અને શરીરે બળવાન હતો કિશોરી ઉપર ગુજરેલા જુલમની વાત તેણે ખોડા પાસેથી સાભળી હતી તેણે અનુમાનથી તે કામ કૃષ્ણલાલનુજ હશે એમ જાણ્યુ હતું તે શાન્ત હૃદયે કિશોરીના સમાચાર મેળવવાના ખાનગી પ્રયત્ન કરતો હતો તે હમેશા સાદો ને નિરાભિમાની રહેતો તેના વર્તનથી, કૃષ્ણલાલના મિત્રો તેનો દ્વેશ કરતા. તેમા કરૂણાશંકરે તો કૃષ્ણલાલને સમજાવી પણ દીધુ હતું કે જો કુંજવિહારી વધારે વખત અહિં આવશે તો તમારૂ ઘર મારશે કારણ તમે તેની કિશોરીને ગુમ કરી છે, એ તે સારી રીતે જાણે છે. તેનુ વૈર વાળવા તે હાલમા અહિંને અહિં અડયો રહે છે વળી વિશેષ સાંભળો, તેણે કયારનુએ તેનુ વેર વાળ્યુ છે તેને અને સુકન્યાને આડો વ્યહવાર છે કાનના કાચા કૃષ્ણલાલે કરૂણાશંકરનું કહેવુ સાચુ માન્યું. તે હર હમેશ કુંજવિહારીને દૂર કરવાનો લાગ તપાસવા લાગ્યો.

એક દિવસે કૃષ્ણલાલ તેના દિવાનખાનામા ખુબ મદિરાથી ચકચુર બની મિત્રો સાથે કળાવતીના નાચ ગાન સાભળી રહ્યો હતો. આજે

કુંજવિહારી પણ ત્યા આવ્યો હતો, ને દૂર પડેલી એક આરામ ખુરશી પર બેસી શાન્તિથી સર્વ તમાસો જોયા કરતો હતો. ગાનની ગમ્મત જામી રહી હતી, એવામા એકાએક કોઇ એક ગરીબ બાળક ત્યાં આવી ચઢયો અને ત્યા બેઠેલા મંડળને ગદગદીત્ કંઠે યાચના કરેવા લાગ્યો. દારૂના નિશાથી ડોલતા એ દુષ્ટ દારૂડીયાઓ તે ગરીબની દાદ નહિ સાંભળતા ઉલટા ગમ્મતને માટે તેને પાસે બોલાવી તેને ધકકા મુકકી મારવાલાગ્યા. કૃષ્ણુલાલ તો તેના વાળ ખેંચી ગમ્મત કરવા લાગ્યો, આથી તે નિર્દોષ બાળક પોક મૂકી રડવા લાગ્યો. તેને રડતો જોઇ સઘળા ખડખડાટ હસી પડયા, અને વિશેષ ગમ્મતની ખાતર તેને અત્યંત પીડવા લાગ્યા આરામ ખુરશીમાં પડેલા કુંજવિહારીથી એ દેખાવ જોઇ શકાયો નહિ.

પ્રકરણ ૧૧ મું.

" કૃષ્ણલાલનાં કાળાં કામ. "

કુંજ વિહારી તેની જગ્યાએથી ઉભો થઇ દુષ્ટ મ ડળ સમક્ષ દોડી આવ્યો, અને રડતા ગરીબ બાળકને પોતાની પાસે ખેચી મોટેથી બૂમ મારી બોલી ઉઠયો અરે ઓ હેવાનો ! શા માટે આ ગરીબ બાળકને સતાવો છો ? જાઓ દૂર થાઓ તેને જ્યા જવુ હોય ત્યા જવા દો.

"ઓય! આ ભભકાબધ બોલનાર તો અલ્યા કુજડો કે ! દારૂની ધુનમા કરૂણાશકર કુજનુ બોલવુ સાભળી બોલી ઉઠયો "

" હા, આ કૃષ્ણલાલના ઘરના ટુકડા ખાનારો આ કુજડો ! હવે જુવોને આપણને ધમકાવે છે! " બીજો બોલ્યો.

" અરે એ ધમકાવે એમા તે શુ નવાઇ ? આ કૃષ્ણલાલમાજ ક્યા પાણી બળ્યુ છે ? એતો કૃષ્ણલાલજ તેના હુકારા ટુકારા ખાય, હુતો તેને ચાર ધપ્પાજ મારીને બોલતો બધ કરી દઉ, હજી એ મારા મિજાજને નહિ ઓળખતો હોય ! " કરૂણાશકર બોલી ઉઠયો

" અરે મિજાજના પુતળા ! તારો મિજાજ મે જોયો છે. ચાલ જો તારામા બોલ્યા પ્રમાણે કરવાની શક્તિ હોય તો થઈ જા ઉભો.

સાળા ચોર ! ઘરમા તો હાંલ્લા કુસ્તી ખેલે છે, ને અહિ આવી તીંગડ ધીન્ના સુઝે છે ? ઘરમા આટાના ફાફા ને અહિ આવી પાચ પૈસાની મહુડી પી દમ મારે છે, ને ગરીબોને સતાવવાનુંજ સમજે છે કે ? "

" કુંજ ! હુ તને કહુ છુ કે ચૂપ થા, મારી રૂબરૂમા મા'રા મિત્રોનુ અપમાન કરતો બધ થા. " કૃષ્ણલાલ લડથડીયાં ખાતો ઉભો થઇ બોલી ઉઠયો

" કૃષ્ણલાલ ! શુ આ તમારા મિત્રો ? નહિ નહિ એક કુ-ળવાન માણસના મિત્રો આવા ઉઠાઉગીરો કદાપિ હોઇ શકેજ નહિ." કુંજવિહારી ગર્જી ઉઠયો

અરે કુંજ ! પૈસાદાર માણસ ધારે તો એક ભંગીયાની સાથે પણ મિત્રાઇ કરી શકે કૃષ્ણલાલે બુદ્ધિ પ્રમાણે કહ્યુ

હા, અને તેથીજ તમે સારા માબાપના પુત્ર થઇ આવા વર્ણ શંકર નીકળ્યા કૃષ્ણલાલ યાદ રાખજે કે લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની પણ નથી. તારા અવળા આચરણોથી આખરે તુ પસ્તા-ઇશ અને અત્યારે તુ જે રાજેશ્વર છે તે મૃત્યુ બાદ નરકેશ્વર થઇશ. પાપના પુતળા કૃષ્ણલાલ ! ઇશ્વરે તને લક્ષ્મિવાન બનાવ્યો તે શુ આવા કુકર્મો કરવાને કે ? હા, પવિત્ર લક્ષ્મિનો સદ્‌ઉપયોગ કરવાને બદલે દારૂમા ને નાયકાના વિલાસમા ઉપયોગ કરવો તેજ શુ કુળવાનનો ધર્મ છે કે ? કૃષ્ણલાલ ! સાભળ, આજ હું તને છેલ્લીજવાર સભ-ળાવી અહિથી ચાલ્યો જાઉં છુ. લક્ષ્મિવાન કોનુ નામ ! કે જે સદા સર્વદા નિરાભિમાનપણે વર્તી ધર્મથી ચાલે છે. ગરીબ ગરબાંને સંતોષે છે. દેશના અપંગોને પાળે છે તેનુજ નામ શ્રિમંત કહેવાય છે

" ત્યારે શુ હુ શ્રિમત નહિ ? કૃષ્ણુલાલે પુછ્યુ

" નહિ, તુતો એક વિશુદ્ધ વંશમા ઉત્પન્ન થયેલો અગારો છે, કુકર્મી વ્યસનાધિન જુગારી દુષ્ટ કૃષ્ણુલાલ, તારા કર્મો એક નીચ માણસનાં જેવાજ છે. "

" શુ હુ આ નવાનગરનો ઠાકોર નહિ ? "

" નહિ ! ઠાકોર કોણ કહેવાય ? કે જે પોતાની પ્રંજાને સદા સર્વદા સતોષ આપે ને તેમનુ પુત્રવત્ પાલન કરે, પણ તુંતો ઠાકોર નહિ પણ પ્રજાના લોહીનો તરસ્યો એક ભયકર પિશાચ છે કૃષ્ણુલાલ ! તારામા જો સારા ગુણો હોત તો પ્રજા તને પ્રભુ સમાન માનત"

" હુ તેમને મારા બાહુ બળથી વશ કરી મ'ને પ્રભુ સમાન પૂજાવીશ "

" બસ એજ કે કાઇ બીજુ ? બળના ગર્વમા છકેલા ! એમ કરવા જતા તું કયાક તે લોકોના બડનો દડ થઇ મરણને શરણુ ન થાય, એ ખુબ યાદ રાખજે "

એમ ! અરે કોઇ હાજર ! કૃષ્ણુલાલે બૂમ મારી

" કેમ શુ છે ? " કહેતો સરદાર સત્યવ્રત ત્યા દોડી આવ્યો.

" આ કુજને બાધો ને તેને અત્યારે પેલી અધારી કોટડીમા પુરી રાખો, " કૃષ્ણુલાલે આજ્ઞા આપી.

હે ! શુ આ કુજવિહારી મહાત્માને ? સત્યવ્રતે પૂછ્યુ

" હા તેને. "

તેમનો શુ અપરાધ છે ? પુન: સત્યવ્રતે પૂછ્યુ.

" તે પૂછવાનો તને શુ અધિકાર છે ? " કૃષ્ણુલાલે ગુસ્સાથી પૂછ્યુ

" મહારાજ ! આ સત્યવ્રત સારૂ યા ખોટું સારી રીતે સમજે છે, ને તેથી જ તે તમારો હુકમ ઉઠાવવાને હાલ અટકે છે."

અરે ! શુ તુ મા'રો નોકર થઈ મારી આજ્ઞાનો ભગ કરે છે? શુ તું કુંજવિહારીથી ડરે છે ? કૃષ્ણુલાલે પૂછ્યુ.

" ના તેમનાથી નહિ, પણ અદ્રશ્ય રહેલા પરમાત્માથી હું ડરૂ છુ. " સત્યવ્રતે જવાબ આપ્યો

કૃષ્ણ.—અરે મૂર્ખ ! પરમાત્મા તે વળી કોણ મુઓ છે ?

સત્ય—તમને ઉત્પન્ન કરનાર ને તમારા પાપની શિક્ષા કરનાર જગત્ જેને પ્રભુ રૂપે માને છે તે.

કૃષ્ણ—ચાલ હવે તારી લાયરી બધ કર, મારો હુકમ માન નહિ તો હેરાન થઇશ.

સત્ય—હેરાન થઇશ પણ પાપ કર્મથી છૂટીશ, દુષ્ટ કર્મથી આ જન્મમા પરતત્રતાનો અવતાર ભોગવવો પડે છે, તો ફરીથી દુષ્ટ કર્મ કરી નીચપણું ભોગવવાને હુ ખુશી નથી

કુંજવિહારી—નર હેવાન ! જોયુ ? ધિક્કાર છે તને અને ધન્યવાદ છે આ તારા સરદારને કે જે સત્ય અસત્યને સારી રીતે ઓળખી શકે છે.

અહા ! પ્રારબ્ધની કળા કઇંક ઓરજ છે, આ સત્યવાદી નરને પરતત્રતાપણુ અને આ નોકરના નોકર થવાને લાયક કૃષ્ણુલાલ તેને ઉચ્ચ દરજ્જો આપ્યો છે

" ભાઇ ! કરૂણાશકર ! તું આ દુષ્ટ સત્યવ્રતને બાંધ." કૃષ્ણુલાલે ગુસ્સાથી કહ્યુ.

" હા, હમણાજ તેને બાધી આજ્ઞાભગનુ ફળ આપુ છુ. કહી તે તેને બાધવા ચાલ્યો, કે તુર્તજ કુંજવિહારી બોલી ઉઠયો,

બસ, એટલેજ રહેજે, મારી સમક્ષ તેને બાધતા વિચાર કરજે.

" અરે જા જા, તારાથી તે શુ થાય એમ છે? કરૂણાશકરે કહ્યું.

' મારાથી શુ થાય એમ છે, તો લે, જો કહી કુજવિહારીએ આવેશથી તેને ધક્કો મારી દૂર ફેકી દીધો

બડાઇખોર કરૂણાશકર મરી ગયોરે બાપ, કહી ભય પાંમી ત્યાથી નીકળી પોતાના ઘર તરફ નાશી ગયો. વાતને વધી પડેલી જોઇ બીજા મિત્રો તથા કળાવતી પણ પોબારા ગણી ગયા, કૃષ્ણલાલ' નીશાના જોરથી ઘણોજ ગુસ્સે થઇ ગયો, ને બરાડ પાડી બોલી ઉઠયો કુજ ! કુજ ! વિચાર કર, તુ આ બધુ કોને સભળાવે છે?

" નવાનગરના પ્રતાપી રાજાના કુળમા ઉત્પન્ન થયેલા એક કપુતને, કે જે અત્યત દુષ્ટ વ્યસની ને મિત્રની સ્રીનો અભિલાષી છે."

બસ, હદ થાય છે, કુજ તારી જીભ ઘણીજ આગળ જાય છે અને તેથી તુ મા'રા ભયકર ક્રોધનો ભોગ થાય છે.

" મને તારા ક્રોધની લેશ માત્ર પણ પરવા નથી "

એમ ! તો જો' કહી અત્યત આવેશથી કૃષ્ણલાલે ટેબલપર પડેલી પિસ્તોલ ઉઠાવી ને કુજ પર તેનો બ્હાર કર્યો

ઓહ્ થઇ ચૂકયુ, એટલુ બોલી કુજ પિસ્તોલના પ્રહારથી જમીન પર તૂટી પડયો, માથામાથી લોહીની ધારા વહેવા લાગી. પાસે ઉભેલો સત્યવ્રત થરથર ધ્રુજવા લાગ્યો. રક્ત પ્રવાહ જોતાજ તેના મુખમાથી ચીશ નીકળી ગઇ ને દયાળુ સત્યવ્રત આખે અંધારાં આવવાથી એકાએક બેશુદ્ધ થઇ કુજવિહારીના શબ પાસે ઢળી પડયો.

હજી કૃષ્ણલાલનો ક્રોધ શાન્ત થયો નહોતો, એટલામા તો પાસેનુ બારણું ઉઘાડી સતી સુકન્યા ત્યા દોડી આવી, અને રક્ત પ્રવાહ નિહાળી બૂમ પાડી ઉઠી, ઓહ, શુ ખૂન !

" હા, તારા વ્હાલા આશકનુ ખૂન. " કૃષ્ણલાલે કહ્યુ '

" એક પવિત્ર બાળાને ખોટુ કલક ચઢાવનારા સ્વામિ ! તમારી ભૂલ થાય છે, ને તેથીજ આ નિર્દોશ અત્યારે સ્વર્ગમા જાય છે. સુકન્યાયે રડતા રડતા કુજ તરફ આગળી દેખાડી કહ્યું. "

" આ કૃષ્ણલાલ સ્ત્રી ચરિત્રથી ઠગાય એવો નથી. સુકન્યા ! હુ તને સારી રીતે ઓળખુ છુ, તુ ઉપરથી પવિત્રતા ધારણ કરનારી એક કુલટા છે

" અરે હાય ! હુ આ શુ સાભળુ છુ ! ઓ પૃથ્વી દેવી મને માર્ગ આપો ઓ પુન્ય પાપને તપાસનાર ભાનુદેવ તમે સાક્ષિ આપો ને જો હુ પવિત્ર હોઉ તો આ કલકમાથી મૂક્ત કરો નહી તો મને બાળીને ભસ્મ કરો કહી સુકન્યા પછાડ ખાઇ જમીન પર પડી.

દારૂડીયો કૃષ્ણલાલ ઢોગ સમજી ઉશ્કેરાયો, અને સુકન્યાને જીવથી મારવાના ઇરાદે બીજો પિસ્તોલનો બ્હાર કર્યો. હા, રામ...સ્વામિ . કહી સતી સુકન્યા ધરણીપર ઢળી પડી. ત્યાંની જમીન લોહીથી રગાઇ ગઇ.

પાષાણુ હૃદયનો પાપી આ કરેલાં ખૂનથી ગભરાયો, તેને રત્ન નગરના મહારાજાની બીક લાગી તેથી એજ સમયે થોડુ ઘણું રહેલું જવાહીર લઇ પલાયન કરી ગયો.

પ્રાતકાળ થયો, મહેલના નોકરો જાગી ઉઠયા, સર્વ વાત જાણી સઘળા દિલગીર થયા, નોકરો મહેલમાં જુએ છે તો લોહીથી

બરાયેલાં ખાબોચીયાં જોયાં. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે ત્યા ખૂન થયેલાં મુડદાં પડેલાં નહોતા. નોકરો મુડદાની તેમજ કૃષ્ણુલાલની ઘણીજ તપાસ કરવા લાગ્યા. પણ તેમને કઇ જણાયુ નહિ. વાને વેગે•વાત ઉડી, પ્રજાજનો હાહાકાર કરતા, કૃષ્ણુલાલને ધિક્કારવા લાગ્યા.

વાયે ઉડતી વાત ઠેઠ રત્નનગરમા મહારાજા ચદ્રશેખરની પાસે પહોચી. તુર્તજ મહારાજાએ નવાનગરનો બદોબસ્ત કરવાને રાયમલ પ્રધાનને ઘોડેસ્વારો સાથે ત્યા મોકલ્યો પ્રધાને નવાનગરમા આવી સર્વ બાબતની તપાસ કરી, તેમા તેને કૃષ્ણુલાલ, તથા તેણે ખૂન કરેલા મુડદાનો પત્તો મળ્યો નહિ બાદ પ્રધાને મહારાજાની આજ્ઞાથી નવા• નગરમા રામસિહ નામક એક વૃદ્ધ સરદારને નિમ્યો ને પોતે પાછો રત્નનગર આવ્યો

આ વાતને ઘણો સમય વીતી ગયો છે, કૃષ્ણુલાલ ડુગરાઓમા રહી બહારવટુ કરે છે, એમ વારવાર બૂમો સંભળાવા લાગી, કરૂ- ણાશકર કૃષ્ણુલાલ બહારવટુ કરે છે સાભળી નવાનગરમાથી નીકળી તેને જઇ મળ્યો, બન્ને જણા ધીમે ધીમે માણુસોને એકઠા કરી રત્નનગરની રૈયતને હેરાન કરવા લાગ્યા.

વાચકો, કૃષ્ણુલાલ બહારવટીયો થયો, અને લાબા સમયે ઉપ વનમાં આવી પાછો સરલાને મળ્યો, વગેરે આપણે વાંચી ગયા છીએ હવે આગળ ઉપર શુ થાય છે એ જોવાનું છે.

પ્રકરણ ૧૨ મું.

ભદ્રકાળીના માર્ગમાં દુશ્મનોની છાવણી.

પ્રધાન કુટુંબ જે સમયે " ભદ્રકાળી " ના દશને નીકળયુ, તે સમય સાજનો હતો. શ્રાવણ માસ હોવાથી ઝરમરીયો વર્ષાદ વરસતો હતો ભદ્રકાળીએ જવાનો માર્ગ બે પર્વતોની હારોમા થઇને ખાડા ટેકરાવાળો હતો, વર્ષારૂતુ હોવાથી ઘણોજ રમ્ય દેખાવ નજરે પડતો હતો જ્યા ત્યા જોવાથી લીલી હરીયાળી ઉગેલી માલૂમ પડતી હતી.

પ્રધાન ગાયમલ આવો અલૌકિક દેખાવ જોતો માણસો સાથે ચાલ્યો જતો હતો ત્યા જોઇતા સામાનથી ભરેલુ એક ગાડુ પાછળ ચાલતુ હતુ, એક રથમા સરલા સાથે બીજી બે ત્રણ સ્ત્રીયો પણ બેઠેલી હતી, પ્રધાન રાયમલ તેના નિત્રો સાથે ઘોડેસ્વાર થયેલો હતો ત્રણ સ્ત્રીયો અને આઠ પુરૂષોનો આ નાનકડો કાફલો ધીમે ધીમે માર્ગ કાપતો ચાલતો હતો. એવી રીતે સર્વ સ્વારી ચાલતી હતી, અને ધીમે ધીમે પાચેક ગાઉ પણ આવી પહોંચી હતી, એટલામાં સાજ પૂરી થઈ, જગત પર ધીમે ધીમે અંધકાર વ્યાપવા લાગ્યો. તેમા વળી વૃક્ષોની ઘાડી ઝાડીમાં તો વધારે અધકાર જણા-

વા લાગ્યો, આખરે કોઇનુ મ્હો પણ જોઇ શકાય નહિ એવો કાળો અંધકાર ચારે દિશાએ છવાઇ ગયો. એવા ભયંકર સમયે રાયમલ તેના માણસો સાથે આગળ મુશાફરી કરતો હતો એવામા તેને એકાએક કંઇક પ્રકાશ જણાયો લાબી નજર નાખી રાયમલે જોયું તો જણાયુ કે વીસ હથીઆરબંધ માણસો મ્હો ઉપર બુકાનીયો બાંધી હાથમા સળગતી મશાલો સાથે ચાલ્યા આવે છે. તેમની ભયાનક આકૃતિયો જોઈ રાયમલના માણસો ગભરાઇ ગયા, ને એકાએક તેમાનો એક જણ તે આવનારાઓને ઓળખી બૂમ પાડી બોલી ઉઠયો કે— અરે ! આતો બહારવટીયાઓની ટોળાં આવે છે. બહારવટીયાનુ નામ સાભળી સઘળા સ્તબ્ધ બન્યા ને હવે શુ કરવુ તેના વિચારમા પડયા આખર રાયમલે સઘળાઓને શાન્તિ રાખી સાવધ રહેવાનુ સૂચવ્યુ જોત જોતામા તો આવનાર માણસો છેક નજીક આવી પહોચ્યા અને કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના રાયમલના માણસો ઉપર તૂટી પડયા તેમાના થોડાક સ્રીયોના રથને ઘેરીને ઉભા રહ્યા. ભયંકર કાપા કાપી શરૂ થઇ. રાયમલના માણસો લઢતા અને મદદને માટે બૂમો પર બૂમો પાડતા હતા પણ તેમની મદદે કોણ આવે ? કારણ કે એટલામા કોઇની વસ્તી કે નાનુ ગામડુ વગેરે કાંઇ હતુ નહિ

બહારવટીયા અને રાયમલના માણસોની સારી રીતે ઝપાઝપી શરૂ થઈ, મસાલોના પ્રકાશમાં તલવારો ઝબુકતી હતી. રાયમલના વીર માણસો વીસ બળવાન બહારવટીયાઓને હંફાવતા એક પછી એક ઘાયલ થઇ જમીન પર પડવા લાગ્યા. રાયમલ એક વીર સૈનિકની માફક હજી સુધી લઢતો હતો. ચારેક બહારવટીયા તેની સાથે યુદ્ધ કરતાહતા ને બાકીના સામાન તથા રથમા બેઠેલી સરલા

અને તેની સાથેની બે સ્ત્રીઓને ઉપાડી લઇ ચાલતા થયા તેઓને ગયેલા જોઇ જે ચાર બહારવટીયા રાયમલની સાથે લઢતા હતા તે હવે લડવુ મૂકી દઇ નાશી ગયા. તેમના ગયા પછી રાયમલ ઉતરેલે ચ્હેરે શુ શુ સામાન લુટાઇ ગયો તથા ઘાયલ થયેલાઓ જીવતા છે કે મરી ગયા છે તેની તપાસ કરવા લાગ્યો. તેને સઘળા મરેલા જણાયા. તુર્તજ તેણે એક ગાઢ નિશ્વાસ નાખી રથ સામે જોયુ, પણ અંદર સરલા વગેરે કોઇ જણાયુ નહિ. રાયમલ અપાર શોક કરવા લાગ્યો, તેના શોકમા શાન્તિ આપનાર ત્યાં કોઇ નહોતું. આખરે મનને જેમ તેમ શાન્ત કરી તે રત્નનગર તરફ પાછો ફર્યો. નગરમા આવી તેણે મહારાજાને સઘળી વાર્તા જાહેર કરી લુટારાઓની શોધમાં ઘણા સ્વારો દોડાવ્યા પણ તેઓનો કોઇએ પત્તો મળ્યો નહિ સરોજકુમારને તો જાણે દુ ખનુ વાદળ તૂટી પડયુ ના હોય એમ થવા લાગ્યુ. તે રાત દિવસ કલ્પાત કરવા લાગ્યો, ને તેથી તેનું શરીર પણ બગડવા લાગ્યુ. ઘણા દિવસ થવા આવ્યા પણ પુત્રીનો પત્તો લાગ્યો નહિ તેમજ એકની એક લાડકી કન્યાના વિયોગથી પ્રધાન રાયમલ ગાડા જેવો બની ગયો રાજા ચદ્રશેખર વારે વારે તેને શાન્તિ આપવા લાગ્યો.

સરલાના વિરહથી પથારી વશ થયેલો સરોજ વારવાર સરલાને યાદ કરી અશ્રુપાત કરવા લાગ્યો. તેને કઇ પણ ગમતુ નહોતુ. સર્વત્ર શૂન્યકારમય ભાસતુ હતુ, તે કોઇની સાથે કઇ પણ વાતચીત કરતો નહિ. તે મહેલના એકાન્ત ભાગમાજ દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

પુત્રની દુર્દશા નિહાળી રાજા ચદ્રશેખર ઘણા દુ ખી થતા હતા. તેમણે સરોજને અનેક પ્રકારે સમજાવવા માડયો તેમજ તેને બીજી

સુદર કન્યા પરણાવવાનુ પણ કહેવામા આવ્યુ, છતા તેનુ મન શાન્ત થયુ નહિ. આખરે બહારની હવાથી પુત્રની તબયિતમા સુધારો થશે તેમજ બહારના દેખાવોથી " સરોજ " સરલાને ભૂલી જશે એમ વિચારી રાજા ચદ્રશેખર સરોજને સમજાવી સૈનિકોને લઇ ભદ્રકાળીના દર્શને ગયા. માતાજીની ટેકરી ઉપર તબુઓ ઉભા કરવામા આવ્યા. સરોજ બાવરાની માફક આમતેમ ફરવા લાગ્યો. બાદ બીજે દિવસે વિચારની ધુનમા ફરતો સરોજકુમાર વિચારમાને વિચારમા ઘણે દૂર નીકળી ગયો. રાત્રિ થવા આવી છતા પાછો નહિ આવવાથી રાજા ચદ્રશેખરને ચિતા થવા લાગી તેની શોધમા ઘણા માણસો તે પહાડી પ્રદેશમા ફરી આવ્યા પણ અંતે રવડી રખડી પાછા આવ્યા. રાત્રિ પૂરી થઇ પણ સરોજના સમાચાર કાઈ મળ્યા નહી, તેથી રાજા ચંદ્રશેખરના હૃદયમા સખ્ત આઘાત થયો તે એક નાના બાળકની માફક અપાર કલ્પાત કરી શોક કરવા લાગ્યા

ત્રીજા દિવસની સાયકાળનો સમય થયો, પશુ પક્ષીઓ તેમના માળા તરફ ઝડપથી જવા લાગ્યા મહારાજાએ ત્રણ દિવસથી કઇ પણ ભોજન લીધુ નહોતુ, તેમજ તેમના નોકરો પણ ભૂખ્યા તરસ્યા શોકમાને શોકમા આમ તેમ બેશી રહ્યા હતા. રાજા ચદ્રશેખર આ સમયે તબુમા લમણે હાથ દઇને મહાન્ વિચારમા બેઠા હતા, તબુના બારણા પાસે બે સૈનિકો મહારાજાની આજ્ઞા સાંભળવાને ઉભા હતા. ધીમે ધીમે સાયકાળની સમાપ્તિ થઇ, અને અંધકારમયી રાત્રિ આવી પહોચી. સર્વ સ્થળે શૂન્યકાર જણાવા લાગ્યુ દૂર જગલી પ્રાણીઓના કઠોર સ્વર થવા લાગ્યા, વખતને વીતતા વાર શુ ? છેવટે રાત્રિના અગીઆર વાગ્યા. હજી પણ ચદ્રશેખર તંબુમાં ચિતાગ્રસ્ત મુખે બેસી રહ્યા હતા એવામાં બહાર ઉભેલા બે

સૈનિકો જુએ છે તો ઘોર અંધકારમાં એક માણસ તેમની તરફ ચાલ્યો આવે છે. પહેરેગીરો ધ્યાનપૂર્વક તેને જોવા લાગ્યા, થોડા વખતમાં તો તે આવનાર માણસ છેક તંબુની નજીક આવી પહોચ્યો, ને તંબુની સામે જોઇ મનમાં બોલ્યો કે,—" રાજા ચંદ્રશેખરનો તંબુ આજ હોવો જોઇએ." કહી તેણે પાસે ઉભેલા પહેરેગીરને પૂછ્યું " ભાઇ ! રાજાજી જાગે છે કે ઉંઘે છે ? "

પહેરેગીર—તારે શું કામ છે ?

માણસ—મારે અગત્યનું કામ છે

પહેરેગીર—તું કોણ છે, ક્યાંથી આવે છે, ને તારૂં નામશું છે ?

માણસ—હું એક બ્રાહ્મણ છું. રત્નનગરથી આવું છું ને જ્યોતિષોપાધ્યાયના નામથી ઓળખાઉં છું.

" એમ ! તો ઉભો રહે." કહી પહેરેગીર તંબુમાં ગયો ને વાંકો વળી નમન કરી બોલ્યો —" રાજન્ ! અત્યારે દ્વાર સમિપ કોઇ એક બ્રાહ્મણ આવ્યો છે, ને આપને મળવાની આજ્ઞા માગે છે."

" કોણ બ્રાહ્મણ ? અને તે વળી અત્યારે !?" રાજાએ આશ્ચર્ય પામીને પૂછ્યું.

" હા, રાજન્ ! તે કંઇક અગત્યના કામે ' આવ્યો છું એમ જણાવે છે. " પહેરેગીરે કહ્યું.

"ઠીક, જાઓ તેને અંદર લઇ આવો, ને પછી બીજા સરદારોને પણ અંદર મોકલો." રાજાએ આજ્ઞા આપી.

" જેવી આજ્ઞા." કહી પહેરેગીર ચાલતો થયો, બાદ થોડી વારે બહાર ઉભેલો બ્રાહ્મણ અંદર દાખલ થયો.

પ્રકરણ ૧૩ મુ.

ભીલ મંડળ.

મધ્યરાત્રિનો સમય થયો છે. આંકાશ વાદળાથી ઢંકાઇ ગયુ છે. ચદ્ર દેવ ઘડીકમાં વાદળાઓમા છૂપાય છે ને ઘડીકમા વાદળ ભેદીને બહાર નીકળે છે પવન સુસવાટા બધ વાય છે, ને તેના સપાટાથી ઝાડના ડાળા અરસ્પરસ અથડાઇ અવાજ ઉત્પન્ન કરે છે આવા ભયકર વખતે આ વિકટ વનમા થઇને એક દેવાગના સમાન સુદર સુદરી આસપાસ નજર નાખતી ચાલી જાય છે તેણે ધોળુ વસ્ત્ર શરીરપર પહેરેલુ છે માથાના વાળ છૂટા થઇ પીઠ ઉપર પથરાઇ ગયા છે તેના કપાળમા કકુની આડ શોભી રહી છે આવી બાવિસેક વર્ષના વયની અનત રૂપવતી રમણી ચાલતા ચાલતા મુખથી વારેવારે નિશ્વાસ નાખતી અને માર્ગ કાપતી એક મોટા આમ્ર વૃક્ષ નીચે આવી, એકવાર આસપાસ નજર નાખી, મુખથી હા રામ, કહી નીચે બેઠી તેની આખ્યોમાથી આસુ વહેતા હતા આખ્યોના આસુને લોહી થોડીવાર શાન્ત રહી તે લમણે હાથ ટેકવી બોલી. હા, આ કેવી ભયકારક કાળી રાત્રિ! આ સમયે અહિ આવતાં ભલભલા વીર પુરૂષો પણ ભયથી કપી જાય, ત્યારે મારૂ તો શુ

ગજુ ! ખરેખર આ નિષ્ઠુર સસારના દુ ખી અત્યાચારેજ હુ બીકણુ અત્યારે હિમતવાન બની ઘણા સમયથી આ વિકટ વગડામા ભટકુ છુ. હા, હમેશા મરણુ માગુ છુ પણ દુષ્ટ મૃત્યુ મારાથી દૂર નાશતુ જણાય છે. રસ્તે જતા કાળા નાગને પકડી મરવા ઇચ્છુ છુ, પણ નાગ મને તેમનુ મૃત્યુ ધારી આડા અવળા નાશી જાય છે, પ્રભો ! પ્રભો ! શું મારે આવી રીતે જગલમા ભટકીનેજ જીવવાનુ કર્મમા લખ્યુ હશે કે? પ્રભો ! હજી આ હૃદયમા સસાર ચક્રના મૂળ ઉડા ઉતરેલા છે તેને પ્રથમ નિર્મૂળ કરો, અને આ અનાથ બાળાને તમારા શરણુમા લ્યો અરેરે ! આ અધારી રાત્રિએ સર્વ જણા નિદ્રાને ખોળે પડયા હશે, ત્યારે આ અભાગિની આ ભયંકર જગલમાં આબાના વૃક્ષ નીચે બેસી દુખના નિશાશા નાખે છે અરે ! દુખદ્ સ્થાનમાથી મા'રો ઉદ્ધાર કરી મને બચાવનાર દયાળુ દિલના મારા ધર્મ બધુઓ પણ કયા ગયા હશે ? પ્રભો ! સૃષ્ટિના કલ્યાણ કર્તા દેવ ! તેઓ જ્યાં હોય ત્યા સુખમા ગખજો. આમ બોલતી તે બાળા થોડીવાર શાન્ત રહી, પણ પુન કઇક યાદ આ-વતા બોલી. ખરેખર ! આ સસારને ભવસાગર કહયો છે તે સત્ય છે એમાથી પ્રભુ કૃપાએ સુખ રૂપે તરી પાર પાંમનાર વીરલા જ હોય છે આમ બોલતી તે રમણી આકાશ સામે જોઇ મધુર પણ દુઃખી દીસે ગાવા લાગી

સસાર રણુને જીતનારા,
સત વીરલા જાગતા...
એ...કાળને પાછળ હઠાવી,
ભક્તિ પથે લાગતા. સમાર.

× × × × ×

આ ભરત ભુમી, માહે જન્મી,
ભજન સગો માગતા,
આનદ માહે ઉચ્ચરતા,
એ...શબ્દ ગગને ગાજતા. સસાર

પ્રભુના ભજનમાં લીન્ન રહેનાર ભક્તજનના સુખને ધન્ય છે દયાળુ દેવ ! મારૂ પણ ધ્યાન હમેશા તમારા પ્રત્યે રહો, અને..

અસ્તુ ! તારી વાસના પ્રમાણેજ તારી કામના પૂર્ણ થાવ દુખી અબળા ! પ્રભુ તારી અરજ સ્વિકારશે, ને તેજ તને તેમના શરણમાં રાખશે. ગયબી અવાજથી કોઇ બોલી ઉઠયુ

હે ! આ કોનો અવાજ ? ભય પામી તે રમણી આસપાસ જોવા લાગી.

તારૂ કરૂણાજનક કલ્પાત સાભળી હુ તારી દયા લાવનાર છુ. પુન અવાજ થયો, " ફરીથા આવો અવાજ સાભળી તે દુખી અબળા હાથ જોડી કહેવા લાગી "

આ દુખીની જો દયા આવતી હોય તો પ્રત્યક્ષ થઇ દર્શન આપો ને કહો કે આપ દયાળુ કોણ છો ?

" પુત્રી ! શાન્ત થા, ડરીશ નહિ હુ આ વનમા નિવાસ કરનાર એક યક્ષ છુ " યક્ષે પાસે આવી કહ્યુ.

" દેવ ! આપને મારા પ્રણામ છે, અને હવે કહો કે મારા ભાગ્યમા હજુ કયા સુધી આમ ભટકવાનુ લખેલુ છે ? "

" પુત્રી ! સુખ અને દુખ કર્મના સંસ્કારે કરીને આવે છે. માટે હમેશા ધિરજ ધરી રહેવાથી આખરે સારૂ થાય છે

તા'રા દુ ખથી ભરેલાં વાકયોથી મને તારી દયા આવે છે. સદા સવદા ઇશ્વરને યાદ કરજે કે જેથી તારા ઉપર ફરી વળેલા દુ.ખી વાદળો થોડા સમયમાં વીખરાઇ જશે. પુત્રી ! લે, હુ આ એક નાની લાકડી તને આપું છુ, તે તારા શત્રુઓથી તેમજ ભુતપ્રેતોથી તારૂં રક્ષણ કરશે. આ દેવતાઇ લાકડી તારા શત્રુઓના સામે ફક્ત ઉંચી કરવાથીજ તારા દુષ્મનો ત્યાંને ત્યાંજ જડવત્ બની જશે, તેમજ તારી ધારેલી ધારણાઓ પણ આ લાકડીથીજ આખરે પાર પડશે.

" યક્ષરાજ ! આપનો મારી ઉપર અત્યત ઉપકાર થયો. " કહી તે રમણીએ યક્ષની પાસેથી લાકડી લેઇ તેને પ્રણામ કર્યા

પુન યક્ષ કહેવા લાગ્યો, પુત્રી ! હવે તુ અહીથા ચાલી જા કારણ કે જે આ વૃક્ષ નીચે તુ બેઠી છે, તે આંબાનુ ઝાડ તને દેખાવમા સુદર જણાય છે, પણ તે સુદર નથી. તે માણુસના લોહીનુ તરસ્યુ છે બ્હેન ! જ્યારે પાછલી રાત થશે ત્યારે આ ઝાડ ધીમે ધીમે નીચે ઉતરતુ જશે, ને તે સમયે તેના પ્રત્યેક પાદડા લાબા કાટા સમાન થઇ જશે અને તે કાટા તેની નીચે બેસનારના શરીરમા ભોકાઈ જશે બ્હેન ! તેજ કારણુથી હુ, નિર્દોષ માણુસના પ્રાણ બચાવવા અહિં નિવાસ કરૂ છુ. માટે તુ એક પળનો પણ હવે વિલંબ કર્યા વિના ચાલી જા. હવે હુ જાઉ છુ કહી તે યક્ષ એક અમી ભરી દ્રષ્ટિ તેના તરફ નાખી અદ્રશ્ય થઇ ગયો.

યક્ષના ગયા પછી તેણે આપેલી લાકડી લેઇ તે દુઃખી અબળા તરત ત્યાથી ઉભી થઇ, અને ઝડપથી પગ ઉપાડતી ખાડા ટેકરા ચઢતી ઉતરતી આગળ ચાલવા લાગી. આખરે ઘણે દૂર જતાં તે એ-

ક્ષણેક અટકીને ઉભી રહી કારણ કે તેને કાને કોઇક બોલતુ હોય એમ અવાજ સભળાયો. બાદ થોડી વારે અવાજના આધારે, ઉભી રહેલી અબળા આગળ ચાલવા લાગી. એવી રીતે ચાલતી તે એક ભાગેલા ખડેર આગળ આવી પહોચી, અને જુએ છે તો ત્યા આગળ સોએક ભીલ લોકોનુ ટોળુ બેઠેલુ હતું ભીલ લોકોનુ ટોળુ જે સ્થળે બેઠુ હતુ તે એક ભાગેલુ ખડેર હતું, ને તે ખડેરમા ભાગી તૂટી એક માતાની મૂર્તિ હતી માતાની મૂર્તિ કાળીના નામથી ઓળખાતી હતી. આ સમયે કાળી દેવીની સમક્ષ તે ભીલ લોકોએ કુડમા અગ્નિ સળગાવ્યો હતો કુડની પાસે દેવીને ભોગ આપવાને એક બકરો બાધેલો હતો. તેના કપાળમા કકુનો ચાલ્લો કર્યો હતો. ગળામા કરેણના લાલ રગના પુષ્પોની માળા પહેરાવેલી હતી રાત્રિને સમયે આવો દેખાવ જોઇ તે રમણી આગળ નહિ વધતા ત્યાજ ઉભી રહી, અને હવે આ એકઠા થયેલા લોકો શુ કરે છે એ ધ્યાનપૂર્વક જોવા લાગી થોડીવારે ભીલ લોકો અગ્નિ કુડમા કઇક હોમવા લાગ્યા, પછી દરેક જણે લાબા થઇ માતાને પ્રણામ કર્યા પ્રણામ વગેરેનુ કામ થઇ રહ્યા પછી એક ભીલ ઉભો થયો ને ત્યા પડેલા શીશામાથી પ્યાલા ભરી દરેકને દારૂનો પ્યાલો પીવરાવવા લાગ્યો

પ્યાલો પીતા દરેક જણું દેવીનો જય એમ ઉચ્ચાર કરતા હતા સર્વ મદિરા પી મસ્ત થઇ દેવીની ગર્જના પોકારવા લાગ્યા તેમના પહાડી અવાજથી શાન્ત જગલ ગાજી ઉઠયુ નિદ્રા વશ થયેલાં વનચરો ભયભીત થઇ દોડવા લાગ્યાં. બાદ ધીમે ધીમે સર્વ શાન્ત થયા તે પછી એક ભીલ ઉભો થયો ને સળગતા કુડની નજીક જઇ મુખથી કઇક બરબડી કમ્મરમાથી લાબો છરો બહાર કાઢી ત્યા

બાંધી રાખેલા બકરાની પાસે ગયો. આવો દેખાવ નિહાળી દૂર ઉભી રહેલી રમણીનુ હૃદય દયાથી કંપવા લાગ્યુ, એટલામા તો તે ગરીબ પશુનો ભોગ આપવાને તૈયાર થયેલા ભીલે છરાવાળો હાથ ઉંચો કર્યો; કે તુર્તજ ઉભી રહેલી રમણી હિંમતથી ત્યા દોડી ગઇ, ને તેમના ટોળાની વચ્ચે આવીને ઉભી રહી ભીલ લોકો કઇ પણ બોલે તે પહેલા તો તેણે હાથમાંની લાકડી ઉંચી કરી ભોગ આપનાર ભીલને કહ્યુ‘-સબૂર.

બસ આટલોજ શબ્દ પૂરતો હતો. ભોગ આપનાર ભીલનો ઉંચો થયેલો હાથ ત્યાને ત્યાજ સજ્જડ ચોટી ગયો તેના ચોટી ગયેલા હાથમા અપાર વેદના થવા લાગી. તેથી તે ભીલ બૂમેબૂમ પાડવા મડયો. સઘળા ભીલ આશ્ચર્ય ચકિત્ થઇ ગયા ને એકબીજાના કાનમાં કહેવા લાગ્યા કે–અલ્યો ! આતો માતાજી આઇવાં

હા, ભયા ! એમજ હમજાય સે. એમ કહી સઘળા ભીલ લાંબા થઇ તે રમણીને પગે લાગવા મડ્યા. બાદ છેવટે એક ઘરડો ભીલ ઉભો થઇ હાથ જોડી કહેવા લાગ્યો. ખેમા ! મારી માવડી ખેમા કરો. આજે આ તમારા સોકરા પર ઘણી કરપા કરી હોય એમ લાગેસે. મા ! અમે આ બકરાનો ભોગ આપતા હતા એવામાજ આપે કરપા કરી દરહન દીધા. ઘણી ખમ્મા માને. મા ! લ્યો હવે આ બકરાનો ભોગ.

અરે કાકા ! આ મારા હાથે દખ થાયસે, મારો જીવ જાયસે. એ...માવડીને કહીને મને સોડાવો. અદ્ધર ચોટી ગયેલા હાથવાળો ભીલ બૂમ પાડી બોલી ઉઠયો.

હે ! એલ્યા કોણ ખેમલા ! તારો હાથ ત્યોં હજ્જડ થયો

સે ? ઉમેરે મા ! હુ માતાજીને કેઉ. કહી તે ઘરડો ભીલ વળી પાછો હાથ જોડી પગે લાગી કહેવા લાગ્યો. મા ! ઓલ્યા મારા ખેમલ્લાની પર મેર કરો, તે ઘણો દખી થાયસે. મા ! તેનો કાઇ ગનો તો નથી થયો ના ?

"હા, તેણે ઘણોજ ભારે અપરાધ કર્યો છે. પેલા ગરીબ નિર્દોષ બકરાને દુઃખ આપવા જતા તે પીડાય છે. અરે. તમે લોકો કેમ સમજતા નથી કે દેવી આવા ભોગથી પ્રસન્ન થતી નથી ? અરે શુ તે રક પશુમા જીવ નથી ? તમારી પર કોઇ છરાનો ઘા કરે તો શુ તમને દુઃખ નહિ થાય ? જેવુ તમને દુખ થાય તેવુજ તેને પણ દુખ થાય. માટે હવે આવા ભોગ આપવાનુ બધ કરો. તમને આવા ભોગ આપવાનું કોણે કહ્યુ છે ?

ખેમા ! મા ખેમા કરો. અમે નોતા જાણુતા કે એમ કરવાથી તમે કોપહો મા ! અમને તો અમારા ભરામણ ગોરે ચીધુ હતું કે ભોગ દેવાથી દેવી પરહન થાયસે મા, અમારી પર ખેમા કરો સઘળુ ભીલ મડળ ધ્રુજવા લાગ્યુ તેમની સ્થિતિની કલ્પના કરી તે રમણી બોલી શાન્ત થાઓ. હુ તમને દુખ દઇશ નહિ, પણ આટલુ યાદ રાખજો કે દારૂ ને આવા રક પ્રાણીયોના બળીદાનથી માતાજી સતુષ્ટ થવાને બદલે કોપાયમાન થાય છે, તેથી બળીદાન દેનારા આખરે દુ:ખી થાય છે ને નિર્વંશ મરે છે. આજે તમે સર્વ જણા મારી આગળ પ્રતિજ્ઞા કરો કે હવેથી અમે કોઇ પણ વખતે આવુ દુષ્ટ કામ નહિ કરીએ. જુઓ, હવે હુ પેલા દુખી થતા તમારા ખેમલાને છોડાવી અહિ બોલાવુ છુ કહી તેણે બૂમ મારી, ખેમા આમ આવ.

એ... આઇવો મા. કહી હસતો હસતો ખેમલો ત્યા દોડી આવી ચરણમાં પડયો. સઘળાએ જય ગર્જના કરી. બાદ દરેક જણે પ્રતિજ્ઞા કરી, અને હવે માતાજીની શુ ઇચ્છા છે તે સાભળવાને સઘળા હાથ જોડી ઉભા રહ્યા બાદ થોડી વારે તે રમણી ભીલ લોકોના સામે જોઇ કહેવા લાગી. મારા ભલા લોકો ! તમારી પ્રતિજ્ઞાથી હુ આજ ઘણીજ પ્રસન્ન થઇ છુ ને તેથી હુ અત્યારથીજં આ સ્વરૂપે તમારી પાસે રહેવા ઇચ્છુ છુ

"ઓ મા ! આતે તમે હુ બોઇલા ! આ હેવકો પર ઘણી કરપા કરી મા. અમે તમારી જીવ હાટે હેવા કરીશુ મા !

ઠીક તો ચાલો. કહી તે બાળાએ માતાજીની જય બોલાવી, સઘળા ભીલ મડળે મહાન્ પોકારથી જય ગર્જનાને વધાવી લીધી ત્યાર પછી સર્વ મડળ ત્યાથી જવાને ઉભુ થયુ, પણ એટલામા કોઇક કરૂણાજનક સ્વરે ગાતું ગાતુ આવતું હોય એમ જણાયુ.

સઘળા ભીલ લોકોને ઉભા રહેવાની ઇશારત કરી તે રમણી ધ્યાનપૂર્વક આવનારના ગાનના સ્વરને સાભળવા લાગી જેમ જેમ તે આવનાર નજીક આવતુ હતુ તેમ તેમ તેનુ કરૂણાજનક ગાન સ્પષ્ટ સભળાવા લાગ્યુ ઉભી રહેલી રમણી આંખ્યો ખેચી જોવા લાગી તો તે ગાનાર એક અબળા જણાઇ. મધુર સ્વરે ગાતી અબળા વચમા નિશ્વાસ મૂકતી હતી, તેનુ કરૂણાજનક ગાન પવનમા મિશ્રીત થઇ ચારે બાજુ સભળાતું હતુ. એટલામા તો ચાલી આવતી અબળાને રસ્તા વચ્ચે પડેલા પત્થરની ઠોકર વાગી. હા, વિભો ! કહી તે અબળા નીચે બેશી ગઈ. ઠોકર વાગવાની કળને શાન્ત થતા પુન તે બાળા આખ્યોમાથી અશ્રુ વહેરાવતી ગાવા લાગી

રડી રડી આસુડાં ખૂટયા ! સદાયે છે છતા રોવુ !
નશીબે આ લખાવેલુ, હૃદયને છે રીબાવાનુ !
ઉગે આનન્દના તારા, ખરી જાતા વહે ધારા,
ધરી આકાશમા આશા, હૃદયને છે રીબાવાનુ
દિલે બધાય કિલ્લા કે, દિવાલો તૂટતી તેની,
જતા ઉડી મીઠી આશા, હૃદયને છે રીબાવાનુ.
અહો ! જે ભાસતુ પાસે, નકી મૃગતૃષ્ણિકા તે છે,
જતા પાસે દૂરે ન્હાસે ! અરેરે ! છે રીબાવાનુ.

ગુ ગ

હા, રીબાવાનુ હવે મરવાનુ. કહી તે અબળા દુખના દર્દથી એકાએક બેશુદ્ધ થઇ પડી. તેના પડવાના અવાજથી ભીલ લોકો તથા તેમની દેવી થઇ રહેલી રમણી ચમકી, અને તે તુર્તજ ઉભેલા ભીલ લોકોને ત્યાજ રહેવાનુ કહી બેશુદ્ધ બાળાની પાસે દોડી ગઈ

વાચકો ! ભીલ મડળમા રહેલી રમણીને હવે આપણે ભીલ દેવીના નામથીજ ઓળખીશુ.

બેશુદ્ધ પડેલી બાળા સોળ સત્તર વર્ષની સ્વરૂપવતી સુદરી હતી, તેનુ મુખ ગૌર ને કાન્તિવાન ભાસતુ હતુ. ભીલ દેવી તેની નજીક જઇ તે બેશુદ્ધ બાળાનુ માથુ ખોળામા લેઇ તેને સાવધ કરવાના ઇરાદે પહેરેલા વસ્ત્રના છેડાથી પવન નાખવા લાગી એટલામા તો એક ભીલ જગલમાં દોડયો ને થોડીવારમાં કઇક વનસ્પતીનાં પાદડાં લઇ આવ્યો. પાદડાને મસળી તેના રસના બેજ ટીંપા તે બેશુદ્ધ બાળાની આખ્યમા નીચોવતા તે તરતજ સાવધ થઈ સાવધ થતા

તેણે પોતાની પાસે કોઇને બેઠેલુ જોતાંજ ભયથી એક કારમી ચીસ પાડી.

તેને ભયથી વ્યાકુળ બનેલી જોઇ ભીલ દેવી કહેવા લાગી.—બ્હેન ! બ્હીશ નહિ હાં.

" હુ ક્યા છુ ? "

" અમારા આશ્રયમા "

" તમે કોણ છો ? "

" તને શાન્તિ આપનાર, તારૂ કલ્યાણ ઇચ્છનાર. "

" આ અનાથની ઉપર આપનો અનહદ્ ઉપકાર થયો. "

કહી તે ભીલ દેવીના ચરણમા પડી તેને સ્વહસ્તે ઉભી કરતા ભીલ દેવીએ પૂછ્યુ, બ્હેન ! તારૂ નામ ?

" મારૂ નામ કૌમુદિની. "

" એમ ! વારૂ કૌમુદિની ! તારી હકીકત મને જણાવીશ ?

" હા, મારો ઉદ્ધાર કરનાર દેવીને મારૂ વૃતાત નહિ જણાવુ તો હુ કોને જણાવીશ ? દેવી ! હું એક અનાથીની છુ. સુરગામના વૃદ્ધ ઠાકોર મારા પિતા થાય મ'ને બાલ્યકાળમાજ માતાપિતાએ લગ્નથી જોડી દીધી હતી. પાચ વર્ષની ઉમ્મરથીજ હુ સાસરે વસવા લાગી. મારી આઠ વર્ષની ઉમ્મર થતાં મારા માત પિતા દેવ લોક પામ્યા. હુ માબાપ વીનાની થઇ. મારે ભાઇ નહિ હોવાથી અમારા ગામ પિત્રાઇયો પચાવી પડયા મારાં સાસુ સસરા મારીપર ઘણોજ સ્નેહ રાખતાં હતાં. સસરાનુ નામ વિજયરાજ હતુ, અને મારા સ્વામિનું

નામ જ્ઞાનચંદ્ર હતું. મારી દશ વર્ષની ઉમ્મરે મારા સસરા મારા સ્વામિને લઇ યાત્રાએ નીકળ્યા. દૈવવશાત્ માર્ગમા લુટારાઓએ તેમને લુંટી મારી નાખ્યા. મારા સ્વામિની તે વખતે તેર વર્ષની વય હતી, તેમનું શુ થયુ તેની કાંઇ પણ ખબર પડી નહિ. માઠા સમાચાર અમને મળતા અમે ઘણુજ કલ્પાંત કરવા લાગ્યા. મારાં સાસુ એ તો અન્ન પાણીનો પણ ત્યાગ કરી દીધો આથી તે પણ આખર આ અભાગિની ને નિરાધાર દશામા મૂકી મરણને શરણ થયા. હુ ઘણી ગભરાઇ ગઇ. બ્હેન ! ત્યાર પછી મારી ઉપર દુખના ઝાડ ઉગવામા કઇ પણ બાકી રહી નથી. મારાં દુખ અત્યારે કહેવા બેસુ તો પાર આવે તેમ નથી. એવી રીતે દુઃખમાંને દુ.ખમા મ્હેં ઘણો સમય વીતાડયો. બાદ આજથી થોડા દિવસપર મને સમાચાર મળ્યા કે—મારો સ્વામિ હાલ જીવતો છે અને તે બહારવટીયાના સરદાર કૃષ્ણુલાલનો સેનાપતિ થઇ રહ્યો છે, આ. ...

શુ ! કૃષ્ણુલાલ બહારવટીયો ? વચમા ભીલ દેવીએ ઉશ્કેરાઇ પ્રશ્ન કર્યો.

હા, દેવી ! તે કૃષ્ણુલાલ બહારવટીયો ક્રૂર ખૂનીને ભયકર કૃત્યોનો કરનાર છે. મારા સ્વામિના સમાચાર મળતાજ હું તરત ઘરમાથી બહાર નીકળી પડી. દેવી ! ત્રણ મહિનાથી હુ ગામેગામ ફરતી આ જગલમા આવી ચઢી છુ, અને તે દુષ્ટ બહારવટીયાના સ્થાનને ખોળું છુ પણ હજી સુધી મને તે ઠેકાણાનો પત્તો મળ્યો નથી. દેવી ! આ અનાથીનિ હવે તમારા શરણમા છે. કહી કૌમુદિનીએ ભીલ દેવીના ખોળામા માથુ નાખી દીધુ. ભીલ દેવી તેને વાસે હાથ ફેરવતી કહેવા લાગી.

કૌમુદિની ! નિર્ભય રહે. હુ તે કૃષ્ણલાલને અને તેના રહેઠાણોને સારી રીતે જાણું છુ. જો તારો સ્વામિ તે પાપાત્માને મદદગાર હશે, તો ગમે તે પ્રકારે હુ તેને નીતિને પથે ચઢાવી તારે સ્વાધિન કરીશ.

" જય, જય, મહા દેવીનો જય. ભીલ મ ડળ ગર્જી ઉઠયુ

બાદ ભીલ દેવી કૌમુદિનીને લઇ ભીલ મ ડળ સાથે તેમના મુકામમા આવી. મુકામે આવી કૌમુદિનીને વિશ્રાતી લેવાનું સૂચવી ભીલ દેવી ચાર ભીલને લઇ જ ગલમા ક્યાક ચાલી ગઇ

પ્રકરણ ૧૪ મું.

સરોજ સપડાયો.

શુન્યકાર સઘળા સદનમા,
××× ભણકાર થાયે ભય ભર્યા,
સ્મશાન વ્હાલુ, સુદરી વણુ-
××× ભવન વસવુ ના ગમે
વિરહાનળેથી તપિત તનડા-
××× ની અગન બુઝાવવા.
પ્રેમ પાનના આસ્વાદ વણુ,
××× સુખ ચેન સઘળા ના ગમે

કાસરવાળા.

ઉપર પ્રમાણે બોલતો સરોજકુમાર ફરતો ફરતો ભદ્રકાળીના સ્થાનકે આવી ઉભો રહ્યો. શુદ્ધ હૃદયથી માતાને નમન કરી સરોજ કરૂણ કંઠે બોલવા લાગ્યો માતા ભદ્રકાળી ! તમે દયાળુ કહેવાઓ છો. તમને આરાધનાર ભક્તના સઘળા સંકટો તમે દૂર કરો છો. માટે કૃપા કરી આ તમારા બાળકને કહો કે--તમારા દર્શનની લાલસાથી આવેલી સરલા

નામે એક આશાવતી ભામિનીનુ શુ થયું ? બોલો ! દેવી ! બોલો! કે મારી તે સ્નેહમૂર્તિનુ શુ થયુ ? સરોજ ઘણીવાર સુધી દેવીના સામે જોઇ રહ્યો પણ તેને કોણ જવાબ દે. આથી કટાળી સરોજ પાછો વળયો તો તેની નજર દેવીના કુડ ઉપર પડી. કુડ ઉપર લોંહીના છાટા પડેલા હતા સરોજ કપ્યો, સરલાના બળિદાનની શકા થઇ, તે બૂમ પાડી ઉઠયો. અરે ! શુ મારી સરલાનુ બળિદાન તો નહિ આપવામા આવ્યુ હોય ? ના, ના, દેવી એવી નિર્દય ન હોય કે તે એક કુમારિકાનુ બળિદાન ગ્રહણ કરે ત્યારે મારી સરલાનુ શુ થયુ હશે ? આમ મનમા બોલતો સરોજ દેવીના ચોગાનમા નીચે બેઠો માથુ નીચુ રાખી સરોજ થોડી વાર સુધી શાન્ત ચિત્તે બેશી રહ્યો એવામા એકાએક પવનનો વટોળીયો ચઢયો, તેમા એક કાગળની કાપલી ઉડતી ઉડતી ત્યા આવી. અચાનક સરોજની નજર એ કાગળના કટકા પર પડી તે તત્કાળ તેને ઉપાડી લઇ જોવા લાગ્યો. અક્ષર સરલાના અક્ષર જણાયા, આથી સરોજ વાચવા લાગ્યો તેમાં ઝીણા અક્ષરે લખેલુ હતુ કે, વ્હાલા ! તમે મારી શોધમા ભદ્રકાળીએ આવશો એમ ધારી લખુ છુ કે માતાજીના દર્શને જતા અમે લુટારાઓના ભોગ થયા છીએ લુટારાઓ બીજા કોઇ નહિ પણ કૃષ્ણલાલના જ માણસો હતા અમારા માણસોને ઘાયલ કરી, દુષ્ટ કૃષ્ણલાલ મને ઉપાડી ગયો છે. વ્હાલા ! તમારી સરલા સકટમા સપડાઇ છે, તેને વિશ્વભરનાથ સિવાય હવે કોઇનો આધાર નથી. વ્હાલા ! શોક કરશો નહિ, ગઇ ગુજરી ભૂલી જજો

લી

તમારા ચરણકમળની સેવા ઇચ્છનારી

સરલા.

ચિઠ્ઠી વાચતાંજ સરોજ એક નાના બાળકની માફક રડી પડયો. ચિઠ્ઠીમા લખેલા શબ્દો ઉતાવળથી લખેલા હતા, તેથી સરોજે ફરીથી તેને ગોઠવીને વાચ્યા. કૃષ્ણુલાલ પર અપાર ક્રોધ ચઢયો, ક્રોધના આવેશથી તે એકદમ ઉભો થઇ બૂમ પાડી ઉઠયો. કૃષ્ણુલાલ ! ઓ કાળા કર્મના કરનાર, કાળા નાગ ! તુ આવો દુષ્ટ હોઇશ એવો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો સિહના શીકારને. લઇ જનાર મૃગરાજ હવે આ વનરાજથી સાવધ રહેજે. આજથી આ સરોજ તારા મરણુની ખોળમાજ હમેશા ફરશે અને તારો તેમજ તારા મડળનો અલ્પ સમયમાજ નાશ કરશે. નિર્દોષ જનના લોહીના તરસ્યા કૃષ્ણુલાલ ! હવે સમજજે કે તારો વિનાશકાળ પાસે આવ્યો છે બોલતા બોલતા સરોજનુ મુખ લાલચોળ થઇ ગયુ તેનો હાથ વારવાર કમ્મરે ખોસેલી કટાર પર ફરવા લાગ્યો, આખરે જેમ તેમ ક્રોધને શાન્ત કરી સરોજ કાગળની ચિઠ્ઠીને ગજવામા મૂકી મન સાથે બોલવા લાગ્યો હા, સરલા, દુષ્ટના પજામા સપડાએલી ગાય જેવી બાળા ! તુ દુષ્ટ કસાઇનો ભોગ થઇ પડી. સરલા, વ્હાલી સરલા, કહે કે હુ તારો ઉદ્ધાર હવે કેવી રીતે કરી શકુ ? અરેરે ! પિતાજીની પાસેથી નીકળ્યાને આજે ત્રીજો દિવસ થયો છે. પિતાજી, પણ મારા માટે ઝુરતા હશે બાપુ ! વ્હાલા બાપુ, આ તમારા અપરાધી બાળકને ક્ષમા કરજો હુ તમારી સેવા કરવાને બદલે તમને દુખકારક નીવડયો છુ. હા, પવિત્ર સરલાના વિયોગે હુ ભાન ભૂલ્યો છુ ને તેને માટે અપાર સકટો સહન કરનો આ વિકટ વગડામા ભટકુ છુ સરલા ! પ્રિય સરલા ! તારા વિના હવે મને મુદ્દલે ચેન પડનાર નથી મૃગાક્ષી સરલા ! તારૂ દયામણું મુખ મારી નજરે તરી આવે છે. આ

આંખ્યો અત્યારે તને અહિ ઉભેલી જુવે છે. આ સરોજનુ શરીર તને સ્પર્શ કરવાને તલસે છે, પણ ભાનમા આવતા તારૂ મુખ મારાથી અદ્રસ્ય થતું હોય એમ જણાય છે. સરલા, સરલા ! તારા વિના મારી શુ દશા છે તે તો જો ! કહી સરોજ એક ગાઢ નિશ્વાસ નાખી ઉંચે જોઇ બોલવા લાગ્યો.

વગરૂ તું હાર હૈયાના, બધો સસાર ખારો છે,
મગર દિલદાર ત્હારીતો મઝાનો બ્હાર ન્યારો છે.
અમારા દર્દની લ્હેજત, શુ જાણે કોઇ બે દર્દી ?
ધવાયો જે પુરો તેને, દરદનો પ્યાર ન્યારો છે
ગમે નહિ ખાન પાનો કઇ, ગમે કાઇ ગાનતાનો નહિ,
મિઠી શી વેદના ભાગે, અજબ વહેવાર તારો છે.

× × × ×

વગર હુ કાઇ ભાવે નહિ, મન તુ એમ કહેતીતી,
વિયોગે ત્હેં જીવાયે નહિ, મને તુ એમ કહેતીતી
તજુ નહિ જીવ જાતા હુ, રૂડી વેલી શી ગ્હુ વળગી,
ગઇ કયા પ્રેમની પ્યાલી, મને જે એમ કહેતીતી

દેશશરી.

સરલા ! મોહિની સરલા ! તું કયા ગઇ ? સરોજ વિચાર મા પડયો. થોડી વારે વિચારનો નિર્ણય કરી બોલી ઉઠયો બસ હવે આ દેહ સરલાની શોધમાં આવી પડતા અનહદ સકટો સહન કરશે. ભુખે, તરસે, રીબાશે, દુશ્મનોના દુખથી કદાચ સપડાશે, તો પણ આ સરોજ ના હિમત થઇ કદાપિ પાછો નહિ ફરશે. હુ દુષ્ટ દુશ્મનોની

શોધમા ફરીશ, જંગલ, પ્હાડો ખોળીશ, અને આખરે તેમને પકડી તેમના ત્રાસથી નિર્દોષ જનોનુ રક્ષણ કરીશ. યશ આપવો હવે હરીના હાથમા છે. ભાગ્યને આધિન થઇ પુરૂષાર્થ કરીશ. પછી તો જેવી ઇશ્વરેચ્છા ચાલ જીવ ! મધ્યાન્હ કાળ થયો છે, આ દેવીના મંદિરમા નિદ્રા લઇ બપોરા ગાળુ, ને નમતો પહોર થતા પથે પળુ, કહી સરોજ દેવીના મંદિરમા પેઠો, ને દેવીની સન્મુખ લાંબો થઇ સૂતો. ત્રણ ત્રણ દિવસની રખડથી સરોજ થોડીવારમા જ નિદ્રાને વશ થઇ ગયો

ખરા મધ્યાન્હ થયા હતા પવનનુ તો નામ જ નહોતુ પશુ પક્ષીયો પણ બ્હાર ફરતા જણાતા ન હોતા. જમીન પણ સખત ગરમ થઇ ગઇ હતી. માકડાના માથા ફાડી નાખે એવો હસ્ત ચીત્રાનો સખત તડકો પડતો હતો આવા સમયે દસ કદાવર પુરૂષો હાથમા ખુલ્લી તલવારે દેવીના મંદિર ભણી આવતા હતા. પરસેવાથી ટપકતા, તેઓ તેમની વિકાળ નજર ચારે તરફ ફેરવતા, અને ઝડપથી પગ ઉપાડતા દેવીના મંદિર ભણી ચાલ્યા આવતા હતા

ચાલી આવતા માણસો મૌન્નતાથી ચાલતા હતા છેવટે મંદિર નજીક આવતા તેમાનો એક બીજાની સામે જોઇ કહેવા લાગ્યો અલ્યા અમરા ! મને લાગે છે કે તે આટલામા જ હોવો જોઇએ.

" હા, કારણ કે જ્ઞાનચંદ્ર બરાબર બાતમી મેળવી લાવ્યા છે કે તે ભદ્રકાળીના મંદિર ભણી જ ગયો છે. અમરાએ કહ્યુ."

ઠીક છે જુઓ, કે તે રંક બકરૂ આટલામા તો છુપાઇ નથી રહ્યુ ને ?

" સઘળા દેવીના મંદિરની બહાર આવેલા ભાગમાં તપાસ

કરવા લાગ્યા. તપાસને અંતે એક માણુસ દેવીના મંદિરમાં પેઠો અને ત્યાં સરોજને સૂતેલો જોતાં જ બૂમ પાડી ઉઠયો. અરે ! આપણે જેને શોધીએ છીએ તે તો અહિંયાજ છે !

ક્યાં છે ? સઘળા ત્યા દોડી આવી પૂછવા લાગ્યા.

" જુઓ, જુઓ, તે અહિં સૂતો છે. "

" તેને પકડો, બાંધો, ને સાથે લઇ ચાલો. એક માણસે બૂમ મારી કહ્યું. "

તેના બોલવાના મોટા અવાજથી સરોજની નિદ્રા ઉડી ગઇ. તે તત્કાળ ઉઠી બેઠો થયો, અને પોતાની આસપાસ માણસોને જોઇ ચમકયો. એટલામા પુનઃ અવાજ થયો. તેને પકડો. જલ્દી કરો.

સઘળા સરોજને પકડવા દોડયા. સરોજ ગભરાયો પણ હિંમત નહિ હારતા કમ્મરમાથી કટાર ખેંચી બોલી ઉઠયો. ખબરદાર, એક પગલુ આગળ વધતા વિચાર કરજો. તેમ છતા જો તમારો વિચાર મને પકડવાનો જ હોય, તો પ્રથમ મને જણાવો કે તમો કોણ છો ? ને મને પકડવાનુ શુ કારણ છે ?

" અરે બુદ્ધિહીન્ છોકરા ! અમારે તને પકડવામાં એક મોટુ કારણ સમાયેલુ છે, માટે છાનો માનો અમારે સ્વાધિન થઇ જા. "

" વીર પુરૂષ ત્રણ ચારનો ભોગ લીધા વિના કદી પણ સ્વાધિન થતા નથી. હરામખોર ! યાદ રાખજો કે મને પકડવા આવતા તમે જ યમરાજના પાસમાં પકડાઇ ન જાઓ."

" છોકરા ! આ વીરને તુ ઓળખે છે ! કે જે યમરાજને પણ શિક્ષા કરવા સમર્થ છે." એક માણસે આગળ આવી પૂછ્યુ."

" વીર નરો પોતાના મુખથી જ પોતાની બહાદુરી બોલી બતાવતા નથી, તેમની બહાદુરી તો સમરાગણમાં જ જણાય છે, બોલીને બતાવનારા ભામટા ! મને જવાબ આપ કે તું કોણ છે ? ને આ તોફાનનુ શુ કારણ છે ? સરોજે પૂછ્યુ.

" છોકરા ! શુ તુ હજી આ કૃષ્ણલાલથી અજાણ્યો છે કે ? કૃષ્ણલાલે મુખથી મુખવટો દૂર કરી પૂછ્યુ.

" ઓહ્ ! કોણ પાપી કૃષ્ણલાલ ? સરોજ ચમકી બોલી ઉઠયો.

" હા, તારી સરલાને લઇ જનાર તારો શત્રુ આ કૃષ્ણલાલ."

" હે ! શું નિર્દોષ સરલા તારા સ્વાધિનમાં છે ? "

" હા, નકામા બડબડાટથી કંઇ વળનાર નથી સરલા હવે આ કૃષ્ણલાલની ગ્રહ દેવી છે "

" ચૂપ કર ! સરલા તારા જેવા પિશાચની ગ્રહ દેવી થવા કરતા આત્મ ત્યાગ કરીને સ્વર્ગે જવા ઘણીજ ખુશી થશે "

" છોકરા ! હું તારી સાથે વધારે વાતચીત કરી વખત ગુમાવવા નથી ઇચ્છતો માટે હુ કહુ છુ તે સાભળ જો તારે તારી જીંદગી બચાવવી હોય તો મુગે મ્હોઢે અમારે સ્વાધિન થા.

" એમ ! વારૂ સ્વાધિન થયા પછી તુ મને શું કરવા ધારે છે ? "

" જીંદગીભર તને મારો ગુલામ બનાવીશ, પછી તારા પિતાનો અંત આણી સરલા સાથે લગ્ન કરી રત્નનગરનુ રાજ્ય કરીશ "

" એમ ! વારૂં, કૃષ્ણલાલ તુ જાણે છે કે હુ આ કોને કહુ છુ ? "

" હા, સરોજ કુમારને."

" નહિ, તારા કરાળ કાળને પાપાત્મા ! આવ, આ નાનો સરોજ તમારી ભેટ લેવાને અને તમારી મ્હેમાની કરવાને હાથમા કટાર લઇને ઉભો છે. મ્હેમાનગીરીનો સ્વાદ ચાખવો હોયતો એક એક આવો અને વિચાર હોય તો સામટા આવો. આ સરોજ તમારાથી લેશ માત્ર પણ ડરતો નથી.

" એમ તો થા તૈયાર ! મારા સરદારો ! આ બોલકણા છોકરાને બાધો, જકડો. કહી કૃષ્ણલાલ સરોજની ઉપર ધસ્યો. સઘળા માણસો પણ સરોજની ઉપર દોડયા. સરોજ ઘેરાઇ ગયો. વિકટ પ્રસગમાં સપડાઇ ગયો. છતાં સરોજ બીલકુલ ગભરાયો નહિ તેનો ચ્હેરો ક્રોધથી લાલચોળ થઇ ગયો. હાથમાંની કટારને ચારે તરફ ચાલાકીથી ફેરવી શત્રુઓને દૂર રાખવા લાગ્યો આ સમયે જો તેની પાસે તલવાર હોત તો કયારનોએ તેણે દુશ્મનોને મારી રસ્તો કરી દીધો હોત પણ ફકત કટારની સાથે રાત્રિના પોશાકમા જ સરોજ બહાર નીકળી પડયો હતો.

શત્રુઓ પણ તેને પકડવાનો નિશ્ચય કરીને આવેલા હોવાથી સરોજ પર ધસ્યા સરોજ હાથમા કટાર લઇ ચારે તરફ ફરવા લાગ્યો. જોત જોતામા તો તેણે બેએક શત્રુઓના હૃદયમા કટાર ભોકી પૂરા કર્યા પોતાના બે માણસોનુ મરણ જોઇ બાકી રહેલા કારમી કીકીયારી કરી તેની પર તૂટી પડયા હિમતવાન સરોજ જો કે એકલો હતો તેમજ આ સમયે શત્રુઓથી ઘેરાઇ ગયેલો હતો તોપણ હિમત નહિ હારતા શત્રુઓને શરીરથી દૂર રાખવાનો પ્રયત્ન કરતો હતો. તેની કટાર ફેરવવાની ચાલાકીથી શત્રુઓ પણ

મ્હોમા આગળી ધાલી પાછા હઠવા લાગ્યા. આખરે કૃષ્ણુલાલ ભયકર બૂમ મારી પાછા હઠતા માણસોને અટકાવી સરોજને પકડી લેવા દોડયો. પાછા હઠતા માણુસોએ પણ પોતાના સરદારનુ અનુકરણ કર્યું. આખરે સરોજ થાકયો. આઠ બળવાન સશસ્ત્ર માણુસોની વચમાં એક હથીયાર વિનાનો યુવાન કયા સુધી ટકી શકે? તેણે શત્રુઓને હઠાવવા ઘણોજ પ્રયત્ન કર્યો, પણ તેનો યત્ન નિષ્ફળ ગયો. આખરે તે પકડાઇ ગયો. તેના હાથમાથી કટાર લઇ લેવામા આવી, અને પછી તેને એક મજબુત દોરડાથી હાથે પગે બાધી દીધો.

બધીવાન સરોજને લઇ સધળા ત્યાથી ચાલવા લાગ્યા અને જોત જોતામા તેઓ એક ભાગેલા કિલ્લા આગળ આવી પહોચ્યાં. કૃષ્ણુલાલે આગળ વધી ભાગેલા કિલ્લાના દ્વાર ઉઘાડયા સધળા અદર દાખલ થઇ ગયા. પુન. પાછા બારણા બધ થઈ ગયા.

વાચકો, ચાલો હવે આપણે રાજા ચદ્રશેખરના તબુમાં પેઠેલા પેલા બ્રાહ્મણને તપાસીએ.

પ્રકરણ ૧૫ મું.

" કરૂણાશંકરનું કપટ "

જે સમયે પેલા બ્રાહ્મણે રાજા ચંદ્રશેખરના તંબુમા પ્રવેશ કર્યો તે વખતે ઘોર અંધારૂં થઇ ગયુ હતું જંગલના પહાડી સ્થાનમાં મોટા ટેકરાઓ અને ઝાડોના ઝુંબો કાળા ભુત સમાન ભાસતા હતા. તેમા વળી પવનના સપાટાથી ખડ-ખડાટ કરતા પાદડાં અને ભયંકર હિંસક પ્રાણીયોની ચીસો સાથે દોડાદોડીથી શરીર કંપી ઉઠતું હતું. એ વખતે પેલો બ્રાહ્મણ કે જે કરૂણાશંકર હતો તે રાજાના તંબુમા પેઠો.

વાચકો ! કરૂણાશંકર કૃષ્ણલાલનો એક સાચો સલાહકાર મિત્ર છે તે મિથ્યાભિમાની અને બડાઇખોર છે તે સારી રીતે જાણો છો. રાજા ચંદ્રશેખર સરલાના હરણ પછી માતા ભદ્રકાળીએ સરોજની શાન્તિને અર્થે આવ્યો હતો. તેની કૃષ્ણલાલને અગાઉથી બાતમી મળી હતી. ક્રૂર કૃષ્ણલાલ એક સાહસીક માણસ હતો. તેમ આવી તક નકામી જવા દે એવો ન હતો. તેમજ તેની પાસે કરૂણાશંકર સિવાય બીજા બળવાન સરદારો હતા. તેના

બહાદુર સરદાર જ્ઞાનચંદ્રનુ તો નામ સાંભળતા જ ભગ્નમના પણ કરી જતા હતા. તુર્ત કૃષ્ણલાલે કરૂણાશંકરને બોલાવી હવે શુ કરવુ એમ પુછ્યુ. કરૂણાશંકરે તે દિવસે પુશ્કળ મદિરા પાન કર્યુ હતું, પણ ભાન ઠેકાણે હતુ તેણે થોડીવાર વિચાર કરી કહ્યુ મારા વ્હાલા સરદાર ! મારા ધારવા પ્રમાણે તો આ એક અમૂલ્ય સમય આપણને મળી ગયો છે આજનો જ દિવસ આપણે માહસ કરી ખેલ ખેલીશુ તો જે કામ આપણે લાબા સમયે કરી શકાયે તે કામ ફકત આજ જ પૂરૂ થાય અને પછી નિશ્ચિંત થઇ સરલા સાથે આનંદ કરાય.

કૃષ્ણલાલ—બોલ ત્યારે ત્હેં શુ ધાર્યુ છે ? હુ તારા કહેવા પ્રમાણે કરવા તૈયાર છુ.

કરૂણાશંકર—સરદાર ! સાંભળો, હું કરૂ રાજા ચંદ્રશેખરનો શીકાર અને તમે પકડો સરોજકુમાર. જાણે કે આજે ગૂમ થયો છે સરોજકુમાર અને તેથી સમજો તમારો બેડો પાર

કૃષ્ણલાલ—તે કેવી રીતે ?

કરૂણાશંકર—અરે જાઓ રે મારા મહેરબાન ! હજી પણ ન સમજ્યા ?

સાંભળો ! જાણે કે હુ રાજા ચંદ્રશેખરને પકડુ અને તમે સરોજકુમારને પકડો

" કેવી રીતે અને કયા જઇને ? વગેરે સ્પષ્ટ સમજાવ નહિ તો મારે તારી વાત સાંભળવી નથી કૃષ્ણલાલ ચીઢાઇને બોલી ઉઠયો

" અરે લ્યો મારા સરકાર ! સાંભળો ત્યારે જાણે કે તમો

જાઓ ભદ્રકાળી તરફ કારણ કે જ્ઞાનચદ્રના જણાવ્યા મુજબ સરોજ આજ સવારમા પાસેની ટેકરી ઉપર થઇ ભદ્રકાળીના મદિર તરફ જતો હતો. તે માતાનાં દર્શન કરી દહેરામાજ બપોરા ગાળશે. માટે તમે બે ચાર માણસો લઇ ત્યા જાઓ ને એને ઉઘ-તોજ પકડી અહિં લઇ આવો. જોયુ મારા મહેરબાન ! કેવુ છે આ સહેલું કામ ? એમાં ન જોઇયે બહાદુરીનુ નામ, સરકાર અક્કલ તો આનુ નામ ? સમજ્યા મહેરબાન ? આમ કહી તાનમા ચઢેલો કરૂણાશકર હસવા લાગ્યો.

" હા, પછી ?" કૃષ્ણુલાલે પૂછ્યુ.

અરે શુ પછી ? પછી તે સરોજડાના દેખતા ગુલાબી ગાલ-વાળી, નાકે નથના વાળી, ચાલના ચટકાળા વાળી, રસાલી છબીલી સુંદરી સરલાને પરણે એટલે મને શાન્તિ

" એતો જાણે સમજ્યા ! પણ તુ રાજા ચદ્રશેખરને શી રીતે સપડાવીશ ? આવી રીતે ત્યા બોલીશ તો તુરત પકડાઇ જઇશ ને વિના મ્હોતે માર્યો જઇશ. કૃષ્ણુલાલે કહ્યું.

"એમ કે ! મારામહેરબાન તમારા કરતા ભારે ભારે કામ છે હો તે વિચારજો તમારે પકડવુ છે એક નાનુ છોકરૂ, અને મારે પેસવુ છે સિહ-ની ગુફામાં. તે કાંઇ અક્કલ વિના બનશે ? સાભળો, તમે જશો અત્યારે આમ તો હુ જઇશ સાજે મારે કામ એટલામા તમે તમારૂ કામ પૂરું કર્યુ હશે રાજા શોકમાં ગરકાવ થયો હશે, ત્યારે આ બદા બ્રાહ્મણ થઇ ત્યા જશે, કારણ કે બ્રાહ્મણને માટે દરબાર બધ રાખ-નાર અને બ્રાહ્મણને નહિ મળનાર એવો એ અભિમાની નથી. કૃષ્ણુલાલ ! હુ તેને મળી મારી અજબ જાળમા ફસાવી લાવ્યો

જાણજો, માટે તમે જાઓ આમ ને હું જાઉ આમ. લ્યો, જે માતાજી કહી કરૂણાશંકર નીશાના જોરમા ત્યાંથી ચાલ્યો ગયો: ત્યાર બાદ કૃષ્ણલાલે તેનુ કામ કેવી રીતે કર્યું તે આપણે જાણી ગયા. હવે કરૂણાશંકરનુ કપટ જોવાનુ બાકી છે.

કરૂણાશંકરે તંબુમાં પ્રવેશતાજ રાજાને બે હાથ ઉચા કરી આશીર્વાદ દીધો. રાજાએ સ્હેજ શંકાશીલ થઇ પાસે પડેલા આસન પર બેસવાનું સૂચવ્યુ. એટલામા બીજા સરદારો વગેરે ત્યા આવી ગોળ કુંડાળુ વળી રાજાની સન્મુખ બેઠા.

થોડી વાર શાન્ત રહી મહારાજાએ પૂછ્યું. મહારાજ ! આ કાળી રાત્રે કઇ તરફથી આવો છો ?

" હરદ્વાર તરફથી. કરૂણાશંકરે કહ્યું

" તમારૂ નિવાસ સ્થાન ? "

" રાજન્ ! મારૂ નિવાસ સ્થાન રમ્યનગરમા છે.

" એમ ! હું ધારૂ છુ કે અહિ તમે માતા ભદ્રકાળીના દર્શને આવ્યા હશો ? "

" હા, રાજન્ આપનુ ધારવુ સત્ય છે. હુ ચાર પાંચ દિવસથી અત્રે માતાજીના દર્શનની ઇચ્છાથી આવેલો છુ. "

" તમારૂં નામ ? "

" જયશંકર જ્યોતિષોપાધ્યાય ભટ્ટાચાર્યજી " તેણે જુઠુ કહ્યુ

" ત્યારે તો જ્યોતિષનુ જ્ઞાન ઘણુ સારૂ હશે ?"

" હાજી ! હુ જન્માક્ષર, ગ્રહ, ઉપગ્રહ, વળગાડ, જન્મોત્રી વગેરેની વિદ્યા સારી રીતે જાણું છુ." તેમજ મો'ટા મો'ટા રાજા રજવાડાઓની પણ જન્મોત્રીઓ હુ જ કરૂં છું.

" મહારાજ ! આપ જ્યોતિષ વિદ્યા જાણો છો તો કૃપા કરી મારો એક પ્રશ્ન મૂકશો કે ? "

" અરે ! એ શુ બોલ્યા રાજન્ ! મને લાગે છે કે તમે અત્યારે એક મહાન્ ચિંતાથી વ્યાકુળ છો ?"

" હા, એમજ છે. "

થોડી વાર શાન્ત રહી, તેમજ ધ્યાનસ્થ થવાનો ઢોંગ કરી કરૂણાશંકરે કહ્યુ રાજન્ ! તમારૂ વ્યાકુળ રહેવાનું કારણ હું સમજી ગયો છુ, પણ ફીકર કરશો નહિ. તમારો પુત્ર તમને મળશે "

" હે ! શુ મારો પુત્ર મને મળશે ? ભટ્ટાચાર્યજી મહારાજ ! મને ખાત્રી થાય છે કે તમે એક મહાન્ પડીત છો કૃપા કરી કહો કે મારો પુત્ર હાલ કયા છે ? રાજાએ આશ્ચર્ય પામી પૂછ્યુ."

" રાજન્ ! અમે બ્રાહ્મણો ! સર્વ જાણી શકીયે એવા જ્ઞાનીયો છીએ. જપ, તપ, હોમ, વગેરે અમારાં હમેશના કાર્યો છે રાજા ચદ્રશેખર ! જુઓ ! હુ હમણા જ તમારો પુત્ર કયા છે એ ગણીત વિદ્યાના પ્રતાપે કહુ છુ.' આમ કહી કરૂણાશંકરે એક પત્થર મગાવી તેની ઉપર કોલસાથી ગોળ કુડાળુ કાઢયુ, ને તેના ખાનામા કોઇમા બે તો કોઇમા પાચ એમ અનુક્રમે વીસ સુધી ના આક લખ્યા બાદ થોડી વાર મુખથી મેષ, વરખ, મીથુન વગેરે બડબડી બોલ્યા રાજન્! ગભરાશો નહિ, શોક કરશો નહિ તમારો પુત્ર નામે સરોજકુમાર આટલામાં જ છે "

" હે ! શુ તે આટલામા જ છે ? " રાજાએ આનંદ પામી પૂછ્યુ. "

" હા, અને તે વળી ભદ્રકાળીના મદિરમાં."

" શુ કહો છો ? મહારાજ ! હુ હાલને હાલ ત્યા જઇ મારા પુત્રને તેડી લાવુ છુ, ત્યા સુધી આપ અત્રે આરામ લ્યો." રાજા જવાને ઉભો થયો, તેને જતો અટકાવી કરૂણાશકરે કહ્યું. રાજા ! સાહસ કર્મથી વિપરીત થાય છે. શાન્ત થાઓ ને હુ કહુ તે સાભળો. "

" કહો મહારાજ ! શી આજ્ઞા છે ?" રાજાએ પૂછ્યુ.

" રાજા ! ગ્રહના પ્રભાવે આપણે બન્ને એકલાજ ભદ્રકાળીએ જઇએ તો સરોજને મળી શકીયે તમારા એકલાના જવાથી કઇ પણ વળનાર નથી "

" હુ આપની જોડે આવવા તૈયાર છુ." રાજાએ કહ્યુ.

" નહિ ! રાજા ચદ્રશેખર ! તારે એકલાએ તેની સાથે જવાની જરૂર નથી. સાવધ ! એ બ્રાહ્મણનો વિશ્વાસ રાખીશ નહિ " બહારથી કોઇ બોલી ઉઠયુ.

રાજા, સરદારો વગેરે સ્તબ્ધ બની ગયા. કરૂણાશકરના તો મોતીયાજ મરી ગયા રાજા, સરદારો વગેરે કરૂણાશકરને ધારી ધારીને જોવા લાગ્યા બાદ તરત રાજાએ પહેરાવાળાને હાક મારી કહ્યુ:-- "ગુલાબ ! જોતો, આ હમણા કોણુ બોલ્યુ ?"

" જેવી આજ્ઞા " કહી પહેરાવાળો બહાર આસપાસ જોઇ આવી કહેવા લાગ્યો —" પ્રભુ ! બહાર તો કોઇ જણાતુ નથી."

" જયારે બહાર કોઇ નથી ત્યારે એ બોલનાર કોણ છે ?" રાજાએ પૂછ્યુ.

" ગમે તે હશે. મને તો લાગે છે કે કોઇક હરામખોર આટલામાં છુપાઇ રહ્યો હશે. રાજા ! બોલો હવે તમે મારી સાથે દેવીના મદિરે આવો છો કે કેમ ? " હજી તો કરૂણાશકર પૂરૂં

બોલી રહ્યો નથી એટલામા ફરીથા પાછો અવાજ સભળાયો. 'નહિ, રાજા ચદ્રશેખર તારા જેવા કુટિલની સાથે કદાપિ નહિ આવે. રાજા ચદ્રશેખર ! તુ ખાસ કરીને યાદ રાખજે કે, તુ જો આ કરૂણાશંકરની સાથે જઇશ, તો જરૂર પસ્તાઇશ પુન. પાછી શાન્તિ છવાઇ ગઇ. પહેરાવાળો બહાર દોડયો અને થોડા સમયમા પાછો આવી કહેવા લાગ્યો--" રાજન્ ! બહાર કોઇ એક માણુસ ઘણી ઝડપથી નાશી જતો મારી નજરે પડયો " તરત રાજા સરદારો સાથે ઉભો થયો ને સઘળાની સાથે બહાર આવી આસપાસ જોવા લાગ્યો ગાઢ અધકારમા રાજાને કઇ પણ જણાયુ નહિ

તબુમાથી સઘળા બહાર આવ્યા, પણ જોષી મહારાજ હજી તબુમાથી બહાર આવ્યા નહિ આથી રાજાએ પહેરાવાળાને તેમને બહાર બોલાવી લાવવાનુ કહ્યુ પહેરાવાળો અદર જઇ જુએ છે તો ત્યા કરૂણાશકર જણાયો નહિ પહેરાવાળો આશ્ચર્ય પામી તબુમા ચારે તરફ જોવા લાગ્યો, તો તેના અત્યત અજાયબીની અદર માલૂમ પડ્યુ કે કરૂણાશકર ભટ્ટાચાર્ય તબુની પાછળનુ કપડુ ચીરી પસાર થઇ ગયો છે

પહેરાવાળાએ તરત રાજાને સમાચાર જણાવ્યા. રાજાના વ્હેમમા વૃદ્ધિ થઇ જગલમા આસપાસ માણુસો દોડાવ્યાં પણ કરૂણાશંકરનો પત્તો લાગ્યો નહિ બાદ રાજાએ તબુમા આવી સરદારો વગેરેને જવાની આજ્ઞા કરી, અને પોતે પણ થોડીવારમા ઇષ્ટ સ્મરણ કરતો નિદ્રાધિન થઇ ગયો.

પ્રકરણ ૧૬ મું.

“ ઉન્માદીની કિશોરી ”

કાળી ભમ્મર જેવી જણાતી રાત્રિ ને આકાશમા છવાયેલા વરસાદે વધારે ભયંકર બનાવી છે. પળે પળે વિજળીયોના ચમકારા ને કાટકા થઇ રહ્યા છે. આવા સમયે કૃષ્ણલાલનુ મંડળ જે ખંડેરમા નિવાસ કરે છે તે ખંડેરના એક ગુપ્ત ભાગના ચોગાનમા બે નાની કોટડીઓ, એક બીજાથી સ્હેજ દૂર આવેલી છે કોટડીઓની આસપાસ ઘણા ઝાડો ઉગેલા છે દૂરથી જોનારને ફક્ત ત્યા તો ઘન ઘોર ઝાડી જ નજરે પડે આ બે કોટડીઓમાની એક કોટડીમા સરોજને પૂરેલો છે ગત્રિ ઘણી ગઈ છે છતાં સરોજને ઉંઘ આવતી નથી તે તેની કોટડીમા એક ફાટેલી ગોદડીપર આમ તેમ આળોટે છે, ઘડીકમા દૂર પહેરો ભરતા પહેરેગીરને ગત કેટલી ગઈ છે, એમ પૂછે છે સરોજના હાથે પગે પાતળી લોઢાની સાંકળો બાંધેલી છે તેથી તે બરાબર હરી ફરી શકતો નથી પથારીમા આળોટતો સરોજ ઉભો થયો ને ધીમે પગલે ચાલતો ઓરડીના કમાડ ઉઘાડી એક વૃક્ષ નીચે પડેલા પત્થર પર બેઠો પહેરેગીર સિપાઇ દૂર ફરતો હતો સરોજ જે

સ્થળે બેઠો હતો ત્યાં એક મોટું ચોગાન આવેલુ હતુ, ને તે ચોગા-નની આસપાસ મજબુત પત્થરનો ચારે તરફ કોટ હતો ચારે તરફ આવેલા કોટને બારણા હોય એમ જણાતુ ન હોતું. આ ખડેરમાં આવેલા આ બારણા વિનાના કોટ વિષે લોકોમા અનેક પ્રકારની દંત કથાઓ ચાલતી હતી. ગમે તેમ હો, પણ આ ભેદી ખડેરમા કઈક તો ચમત્કાર હોવો જોઇએ.

ઝાડ નીચેના પત્થર પર સરોજકુમાર ઘણી વાર સુધી બેસી રહ્યો તે જો કે ઉપરથી શાન્ત જણાતો હતો, પણ અદર તો તેના હૃદયમા દુખથી તીવ્ર વેદના ઉત્પન્ન થતી હતી તે વારવાર ગાઢ નિશ્વાસ નાખતો હતો કોટડીમા પૂરાવાથી તેનુ તેજસ્વી મુખ મલીન ને નિસ્તેજ જણાતુ હતું તે ઘણો વાર સુધી શાન્ત બેસી રહી, આખરે કપાળ પર હાથ પછાડી બોલ્યો—હર, હર, આ કેવુ ભયકર સકટ ! મ્હે દુષ્ટ કૃષ્ણલાલનુ શું બગાડયુ હશે ! મારી સરલાએ પણ તેનુ શુ બગાડયુ હશે? કે તે દુષ્ટ અમને આવી રીતે સતાવે છે? સરલા ! હૃદયના જીવન રૂપ સરલા ! તુ કયા હોઇશ ! ભયકર ભુજગ સમાન પાપી કૃષ્ણલાલના કાવા-દાવાની ભોગ થઇ તુ નિર્દોષ પખીણી કયા રિબાતી હોઇશ ? ઓ વિશ્વના વિશ્વભરા ! અમારી ઉપર આટલી વયમા આવુ અનહદ સકટ નાખવાનુ શુ કારણ છે ? પ્રભો ! અમે હજી સસારના વમ-ળમા સપડાયા નથી, દયાને દિલમાથી ત્યાગી નથી તેમજ અનીતિનો આશ્રય પણ લીધો નથી, છતાં આ શુ ?

" કર્મની કઠિનતા. " કોઇક બોલી ઉઠયુ.

હો ! આ કોણ બોલ્યુ ? કહી સરોજે ચારે તરફ જોયુ. પણ કોઇ

જણાયુ નહિ. મનની ભ્રમણાધારી સરોજ શાન્ત થઇ વિચારે ચઢયો. રાત્રિના અગીઆર વાગ્યાનો સમય થયો, વરસાદ તૂટી પડયો· પવન જોશથી ફુંકાવા લાગ્યો. શાન્ત જગલ વરસાદની ઉપરા ઉપરી પડતી ઝડીઓથી ગાજી ઉઠયુ. બાદ·થોડી વારે ધીમે ધીમે વરસાદ વરસતો બધ થયો પવન પણ ધીમો પડયો. સરોજે આકાશ સામુ જોયુ. આકાશમા છર્વાયેલુ જળ નીચે પડવાથી પૃથ્વી જળમય થઇ ને, આકાશ સ્વચ્છ થયુ. જે આકાશ યોડા સમય પર મેઘના છવાવાથી કાળુ ભાસતુ હતું, તેજ નભ મડળ તારાઓના ચળકાટથી ચળકવા,લાગ્યુ સરોજે મનમાં જ ઇશ્વરી લીલાને વદન કર્યું અને તેની સાથે જ તેનુ દુ:ખી મન બોલી ઉઠયુ કે—અરે શુ આ જીદગી મારે દુખમા જ ગુજારવી પડશે ?" આમ મનમા બોલી જાણે જવાબની રાહ ન જોતો હોય એમ સરોજ દિન દયામણે મુખે જોઇ રહ્યો પણ એટલામા તેને જવાબ મળવાના બદલે સગીત સંભળાયુ. ગાનારનો કઠ ઘણો કોમળ અને મીઠો હોય એમ જણાવા લાગ્યુ ગાનારનુ ગાન કાળી રાત્રે પવનની સાથે મળી એક અપૂર્વ આનદ આપવા લાગ્યુ. સરોજ ચમકયો, ને ધ્યાનથી ગાન સાભળવા લાગ્યો ગાનાર તેના ગાનની કડીયોને ઉલટાવી ઉલટાવી ગાતું હતું, ને તે ગાન ગાનાર સરોજને જાણે પાસે ન આવતું હોય એમ ભાસવા લાગ્યુ તે ગાનાર જાણે સરોજને દુખમા દિલાશો ન દેતું હોય એમ તેના ગાનના ભાવાર્થ ઉપરથી સમજાતુ હતું.

" કોઇનુ કર્યું કાઇ થાય નહિ, છે કર્મ સહુ કરનાર.
" કર્મ સહુ કરનાર ન કોઇથી, કર્મ કદી ફરનાર. કો૦
કર્મ કાગળે પૂર્વ જનમના, દીધા જમે થાનાર,
દીધા તેવા લેવા પાછા, એજ કર્મ વ્યવહાર. કો૦

જમે કરાવ્યા હશે કાંકરા, મણી નથી મળનાર;
' જમે મણી તો વિશ્વ ધણીથી, ટાળ્યા નથી ટળનાર. કો૦

નવલકુસુમ.

ગાનની છેલ્લી કડી પૂરી થતા સાકળથી બધાએલી એક સ્ત્રી સરોજની નજરે પડી. સરોજ આશ્ચર્ય પામ્યો, ને તારાઓના પ્રકાશમા તે આવનાર અબળાનુ મુખ જોવા લાગ્યો. સાકળથી બંધાએલી સ્ત્રી સોળેક વર્ષના આશરાની બાળા હતી તેના માથાના વાળ છૂટા હતા તેના હાથ પગ જજીરથી જકડાએલા હતા. જોકે એ બાળા દુખી હોય એમ જણાતું હતું પણ તેના મુખ પર એક અપર્વ પ્રકારનુ તેજ ચળકતું હતું ગાન પૂરૂ કરી તે સરોજની પાસે આવી તેના સામે જોઇ હસવા લાગી સરોજ તેના હાષ્યથી ક્ષણભર સ્તબ્ધ બન્યો ને મનમા જ તેને ભૂત અગર ડાકિની સમજવા લાગ્યો. જ્યારે ઘણી વાર થઇ છતા તે બાળા કાંઈપણ બોલી નહિ ત્યારે સરોજે પૂછ્યુ.

"બાઇ ! મને લાગે છે કે તું આ કુજ વનમા વાસ કરનારી દેવી અગર પિશાચિની હોવી જોઇએ. પણ અહિ તારૂ કંઈ વળનાર નથી. તેમજ દુખીને દુખ દેવાથી તારૂ કઇ શ્રેય થનાર નથી.

"બાઇ ! હુ દેવી કે પિશાચિની નથી પણ તારા સમાન જ દુષ્ટનો ભોગ થયેલી, વૈરની આગથી બળેલી એક દુઃખી કુમારિકા છુ.

"શુ તુ પણ મારી પેઠે દુષ્ટ કૃષ્ણલાલના દગાની ભોગ થયેલી છે ?"

"હા, હા, તેજ કૃષ્ણલાલના જીવનની હુ ભૂખી છુ. સરોજ કુમાર ! શાન્ત થા, માગથી ડરીશ નહિ. ત્હેં જે પિશાચનું હમણાં

નામ દીધુ તેના નામથી જ હુ ઉન્માદીની થઇ જાઉં છુ. સરોજ !' આ હત્ ભાગ્ય અબળા જોકે અત્યારે આ લોઢાની જઞ્જીરથી જકડાયેલી છે, છતા ક્રૂર કુટિલ કૃષ્ણલાલથી લેશ માત્ર પણ ડરતી નથી.

' " બાઇ શાન્ત થાઓ. તમે જાણો છો કે હુ આ શબ્દો કયા બોલું છુ ? સરોજે ભય પામી પૂછ્યુ

" હા, જાણુ છુ, હુ અત્યારે પાપીના કારાગારમા અરે નહિ પણ નરકાગારમા છુ. તે બાળાએ ઉશ્કેરાઇ કહ્યુ

" બાઇ ! આવી રીતે બોલી તમે તમારા દુ ખમા નાહકનો વધારો કરશો, માટે શાન્ત થાઓ

"સરોજ ! વૈરની તૃપ્તિ કર્યા સિવાય મને શાન્તિ થનાર નથી દુ:ખના ડુગરો તૂટવામા હવે કાઇ બાકી નથી સરોજ કુમાર ! જુઓ આ મારા હાથમા કટાર છે આજ કટારથી તે પાપાત્મા કૃષ્ણલાલે એક નિર્દોષ વૃદ્ધ બ્રાહ્મણનુ ઘાતકી રીતે ખૂન કરી ભયકર પાપ કર્મ કર્યું હતુ. હા, તે વખતનો રક્ત પ્રવાહ યાદ આવતા આ કોમળ હૃદય ફાટી જાય છે. તે વૃદ્ધનો મરણ પ્રસગ સ્મરણ કરતા જ પૃથ્વી અધકારવાળી ભાસે છે. બસ આજ કટાર મારો પુરાવો છે, અને આજ કલુષિત કટાર પાપી કૃ'ણલાલનો કાળ છે કહી અત્યત આવેશથી તે બાળા વધારે ઉન્માદિની સમાન દેખાવા લાગી તેની આખ્યો ચળકવા લાગી. આખુ અગ ધ્રુજવા લાગ્યુ.

સરોજ કુમારનુ હૃદય પણ કપવા લાગ્યુ, ને હમણા કૃષ્ણલાલ આવશે તો શુ થશે એમ મનમા થવા લાગ્યુ આખરે મનમા હિમત રાખી સરોજ કુમાર તે બાળાને કહેવા લાગ્યો. બ્હેન !

તમે મને ઓળખતા હો એમ જણાય છે પણ મારી વિનતી છે કે તમે શાન્ત થાઓ તમારે કરવાનુ કાર્ય હાલ મનમા જ રાખવાનુ છે, નકામા શબ્દોચ્ચારથી ફક્ત મરણને જ મળવાનુ છે. માટે શાન્ત થાઓ, અને આ સામેના પત્થર પર બેસી જણાવો કે તમારૂ શુ નામ છે?

" કુમાર ! મારૂ નામ " કિશોરી " છે. તેણે પત્થર પર બેસતા કહ્યું.

" તમારો પૂર્વ પરિચય જણાવશો ?

" હા, જણાવીશ પણ, પણ .. આ...સામેથી કોઇ છૂપાતું આવે છે સાવધ. કહેતા જ તે બાળા ઉભી થઇ ગઇ. સરોજ પણ ભયભીત બની ઉભો થઇ ફાટી આખે જોવા લાગ્યો.

વાચકો ! કિશોરીનુ બોલવુ ખરૂ હતુ. થોડીવારમાં જ એક શ્યામ આકૃતિ ત્યા આવીને ઉભી રહી. સરોજ તેને ઓળખી ન શકયો, પણ કિશોરી તેની સામે જોતા જ બોલી ઉઠી. કોણ માનવના રૂપમા આવેલા પિશાચ ?

" અને તુ કોણ કિશોરી ? "

" હા, પાપાત્મા કૃષ્ણલાલના લોહીની તરસી આ કિશોરી. હવે જ સરોજને સમજાયુ કે તે આવનીર કૃષ્ણલાલ છે.

કિશોરીનો જવાબ સાભળી કૃષ્ણલાલ હસીને બોલ્યો. નાદાન છોકરી ! તારી ઉદ્ધતાઇથી જ તારી ઉપર ઘણું દુ:ખ પડયુ છે. છતા તું મારૂ કહેવુ માનતી નથી તેથી હુ ઘણો જ આશ્ચર્ય પામુછુ. કિશોરી ! શુ તું મારૂં કહેવું નહિ માને ?

" માનીશ, હુ જરૂર તારૂ કહેવુ માનીશ. પુન કિશોરી બોલી ઉઠી."

" ક્યારે માનીશ ? " કૃષ્ણુલાલે પૂછ્યુ.

" જ્યારે તારૂ શબ આ જમીન પર પડશે, અને તેમાંથી નીકળતી રક્તધારા આ આંખ્યો જોશે, ત્યારે જ આ કિશોરી તારૂ કહેવુ માનશે." કિશોરીએ ગર્જના કરી કહ્યુ.

" હઠિલી છોકરી ! તારી સત્તા નથી કે તું મને મારી શકે. તું હાલ લોઢાની સાંકળથી બંધાયેલી છે તેનો વિચાર કર. "

" હાથ પગમા સાકળ પડી છે, શિરપર દુખનો દાવાનળ સળગે છે. અને શરીરમા વૈરની આગ ભડકે બળે છે. કૃષ્ણુલાલ ! કૃષ્ણુલાલ ! નિર્દોષના પ્રાણ હરનાર કાળાનાગ ! જા, જા, અહિથી દૂર થા કે મરીને યમ સદનમા ચાલ્યો જા "

" ચૂપ કર નાદાન ! હું નથી બોલતો તેમ તું વધારે બોલતી જાય છે? જો હવે કે તારા શુ હાલ થાય છે ? "

" ઘોર પાપી ! મારા હાલ હવાલ થવામા હવે શુ બાકી છે! ચાહે તો આ શરીરની ચામડી ચીરી નાખ, ચાહે તો આ હાથ પગને કાપી નાખ પણ યાદ રાખજે કે મારા ઉકળતા લોહીનો એક છાંટો પણ તને 'સહારવા અને પિતૃ વૈરની પૂર્ણાહુતી કરવાને સબળ થશે',

" એમ ! જોઉ છુ કે તારૂ કહેવુ સત્ય થાય છે કે નહિ. કહી કૃષ્ણુલાલે મ્યાનથી તલવાર ખેંચી કે તરત સરોજ બોલી ઉઠયો:— ઓ કુટિલ ! અબળાની પર તલવારનો ઘા કરી તારી તલવારને અપવિત્ર કરતો નહિ. કહી સરોજ બળાકારે બન્નેની વચમા આવી ઉભો રહ્યો સરોજને જોતા કૃષ્ણુલાલને વિશેષ ક્રોધ ચઢયો, ને બોલી ઉઠયો છોકરા ! દૂર જા ! હુ સમજી ગયો છું કે તું પણ આ

કિશોરીના કાવાદાવામાં સપડાયો છુ. ચાલ, આઘો જા, નહિ તો તારે પણ અત્યારે જ સ્વર્ગની મુસાફરી શરૂ કરવી પડશે."

" કૃષ્ણુલાલ ! હુ મારા દેખતા તને કદાપિ પણ આવું ઘોર ઘાતકી કામ નહિ કરવા દઉ. ક્ષત્રિયોનો ધર્મ છે કે અબળાનુ રક્ષણ કરવુ, તે ધર્મનુ સિદ્ધાત હુ સારી પેઠે સમજુ છુ, ને તેથી જ તને એક ભયકર પાપ કર્મ કરવામાં વિઘ્ન કર્તા થઇ પડુ છુ."

" અરે ધર્મની પુંછડી ! આઘો ખસે છે કે નહિ ? કહી કૃષ્ણુલાલે સરોજને જોરથી ધક્કો માર્યો લોહ બંધનમા બધાયેલો સરોજ પાપીના ધક્કાથી જમીન પર પડયો નીચે પડેલા પત્થર પર માથુ અથડાવાથી તેના માથામાથી લોહી નીકળવા લાગ્યુ. સરોજ બેશુદ્ધ બની ગયો. કૃષ્ણુલાલે તેની દરકાર નહિ કરતાં કિશોરીને કહ્યુ. હવે તારા આયુષ્યની પૂર્ણાહુતી થાય છે.

" નહિ, હજી વાર છે. તારા મરણ પછી જ મારા મરણનુ નિર્માણ થયેલુ છે. કિશોરીએ અટ્ટહાસ્ય કરી કહ્યુ.

" એમ તો લે કહી કૃષ્ણુલાલ કિશોરીની પર ધસ્યો ને જેવો તેને ઘા કરવા જાય છે કે તરત પાછળથી તેનો હાથ કોઇએ પકડી લીધો કૃષ્ણુલાલે પાછળ જોયુ તો તેનો સરદાર જ્ઞાનચદ્ર જણાયો. તરત જ્ઞાનચદ્ર તેનો હાથ મૂકી સામે આવી કહેવા લાગ્યો મારા બહાદુર સરદાર ! તમારે આવી રીતે એક સ્ત્રીને મારી નાખવામાં શ્રમ ઉઠાવવાની જરૂર નથી. તમારૂ કાર્ય પૂરૂં કરવાને આ સેવક તૈયાર છે !"

" જ્ઞાનચદ્ર ! આ હઠિલી છોકરીએ આજે મારૂ ઘણું જ અપમાન કર્યું છે."

' તેનુ ફળ તેને આપવાને આ સેવક તૈયાર છે. બોલો શુ આજ્ઞા છે ? "

" આજ્ઞામા પ્રથમ જણાવો કે સરલાને કેમ છે?

" સરલાની તબિયત આજે ઠીક છે, હાલમા તેને કાઇ પણ નહિ કહેતા શાન્તિથી રહેવા દયો. આખરે તે બાળા માનશે ને તમને આનદ ઉપજાવશે.

" ઠીક છે. હુ તમારા કહેવા પ્રમાણે જ વર્તીશ, પણ આ કિશોરીને તો તેના પાપના ફળ ઘણા સારા ચખાડીશ.

" તે પહેલા આ કટારથી તારી છાતી ચીરી નાખીશ. કિશોરી ગર્જી ઉઠી.

" ચૂપ થા. જ્ઞાનચદ્રે તેને બોલતી અટકાવી કહ્યુ.

" બસ, જ્ઞાનચંદ્ર ! હવે આ હઠિલીને લઇ જાઓ ને ગુપ્ત દ્વારની બહાર નીકળી તેના દરેક અગને છૂટા પાડી જગલમા ફેકી દયો. કૃષ્ણલાલે આજ્ઞા આપી.

" આપની આજ્ઞા મુજબ આ સેવક વર્તશે. આજે તો હુ આને કોટડીમા પૂરૂ છુ. ત્રણ દિવસ સુધી ભૂખ તરસથી રીબાવીશ. ત્યાર બાદ ચોથે દિવસે તેને લઇ જઇશ ને તેના જીવનનો અત આણીશ. જ્ઞાનચદ્રે કહ્યુ.

બાદ બન્ને જણાએ થોડાવાર સુધી કઇક ધીમેથી વાતચીત કરી. પછી જ્ઞાનચદ્રે કિશોરીને ત્યાથી લઇ જઇ તેની કોટડીમા પૂરી દીધી. બેશુદ્ધ સરોજને પણ કૃષ્ણલાલે ઉઠાવી તેની કોટડીમા પૂરી દીધો. તે પછી વધારે વાર ત્યા નહિ રોકાતાં કૃષ્ણલાલ જ્ઞાનચદ્રને લઇ પહેરેગીર ને બદોબસ્ત રાખવાની સૂચના આપી ત્યાથી ચાલતો થયો.

પ્રકરણ ૧૭ મુ.

" શિવ મહોત્સવ. "

આજે ચૌદશની રાત્રિ છે. આકાશ સ્વચ્છ છે. કૃષ્ણલાલના ખડેરથી દક્ષિણ દિશામા ચાર પાચ ગાઉના અતર ઉપર એક વિકટ જગલ આવેલુ છે. ને તે નદનવનના નામથી ઓળખાય છે. ત્યા એક શિવાલય આવેલુ છે શિવાલય જીર્ણ છે અત્યારે તેમાં એક દિપક મદમદ બળ્યા કરે છે શિવની સામે આ સમયે એક સ્વરૂપા સુદરી, મહામાયા સમાન શોભતી ધ્યાનસ્થ અવસ્થામા બેઠેલી છે. તેનાથી સ્હેજ દૂર માતાજી પાર્વતીની પાસે એક નવલ બાળા ઘીથી પૂરેલા કોડીયાંમાં દીવાઓ પ્રકટે છે. શિવાલયની બ્હાર અસખ્ય ભીલ લોકો ઉભા છે, ને તેમના મુખમા નીકળતા હર, હરના ધ્વનીથી જગલ ગાજી રહ્યુ છે.

વાચકો ! આ બે રમણીઓ બીજી કોઇ નહિ પણ એક તો આપણી પરિચીત ભીલદેવી છે, અને બીજી કામુદીની છે. ભીલદેવીએ ભીલ લોકોને સુધાર્યા છે તેઓની પાસે માસ, મદિરાની સખ્ત પ્રતિજ્ઞાઓ કરાવી છે. ભીલદેવીના રહેવાથી ભીલ લોકો સુખી થયા છે તેઓ

દેવીની આજ્ઞાનુસાર નિર્દોષોનુ હમેશા રક્ષણ કરે છે, અને બ્હાર-વટીયા કૃષ્ણલાલના નાશને માટે તેની આજ્ઞા મુજબ પ્રયાસો કરે છે. કૌમુદીની ભીલ બાળાઓને ઉપદેશ આપી તેમને નીતિવાન બનાવે છે. થોડા દિવસના સહવાસથી અજ્ઞાન ભીલ મડળ જ્ઞાનવાન બની ગયુ છે તેઓ સઘળા આજે આ નદનવનમાં શિવ મહોત્સવ ઉજવવાને એકઠા થયા છે. ભીલદેવી પ્રભુનુ પૂજન કરી ધ્યાનમા ધ્યાનસ્થ થયા છે. કૌમુદીની આરતીનો સમય થવાથી અન્ય દિપકો સળગાવી રહીછે થોડી વારમા ભીલ દેવીએ નેત્રો ઉઘાડયા; ને આરતીને માટે કૌમુદીનીના સામે જોયુ. કૌમુદીનીએ આરતી પ્રકટાવી આપી બ્હાર ભીલ લોકોએ નગારાનો નાદ કરવા માડયો. કૌમુદીની અને અન્ય ભીલ બાળાઓ ઘટાના નાદ કરતી, ભીલદેવીની આરતી શ્રવણ કરવા લાગી.

શકરના ધ્યાનમાં તન્મય થયેલી ભીલદેવી આરતી સાથે પ્રભુની સ્તુતી કરવા લાગી

જય ગગાધર, હર, જય ગિરીજાધીશ, શિવ જય ગૌરી નાથ,
ત્વમા પાલય નિત્ય, ત્વમા પાલય શભો, કૃપયા જગદીશ.
ઓમ્ હર હર હર મહાદેવ.

કૈલાસે ગિરિ શિખરે, કલ્પદ્રુમ વિપિને, શિવ૦ (૨)
ગુજાંત મધુકર પુજે, (૨) કુજ વને ગહને.
ઓમ્ હર હર હર મહાદેવ.

કોકિલ કુંજતિ ખેલતી, હસાવલિ લલિતા, શિવ૦ (૨)
રચયતિ કલા કલાપ (૨) નૃત્યતિ મુદ સહિતા
ઓમ્ હર હર હર મહાદેવ.

તસ્મિન્ લલિત સુદેશે, શાલા મણિ રચિતા, શિવ૦ (૨)
તન્મધ્યે હર નિકટે (૨) ગૌરીમુદ સહિતા.
ઓમ્ હર હર હર મહાદેવ.

વિબુધ વધુર્બહુ નૃત્યતિ, હૃદયે મુદ સહિતા, શિવ૦ (૨)
કિન્નર ગાનં કુરૂતે (૨) સપ્ત સ્વર સહિતા.
ઓમ્ હર હર હર મહાદેવ.

ધિન કત થેઈ થેઇ ધિનકત, મૃદગ વાદ્યતે, :શિવ૦ (૨)
કુણુ કુણુ લલિતા વેણું (૨) મધુરં નાદયતે.
ઓમ્ હર હર હર મહાદેવ.

રૂંડૈ રચયતિ માલ, પન્નગમુપવિત, શિવ૦ (૨)
વામ વિભાગે ગિરિજા, વામ વિભાગે ગૌરી રૂપમભિ લલિત.
ઓમ્ હર હર હર મહાદેવ.

સકળ શરીરે મનશીચ, કૃત ભસ્મા ભરણુ, શિવ૦ (૨)
ડમરૂ ત્રિશુલ પિનાકં (૨) કર ધૃત નૃ કપાલમ્
ઓમ્ હર હર હર મહાદેવ

આરતી પૂર્ણ થઇ હર હર, મહાદેવનો આભને ફાડી નાખે એવો જયઘોષ થયો સર્વેએ આરતીનુ અભિવદન લીધુ. પુન ભીલ-દેવી પ્રભુની સ્તુતી કરવા લાગ્યા. ભીલ મડળ હાથ જોડી પ્રભુની સ્તુતી સાથે શુદ્ધ હૃદયથી પ્રભુને પ્રણામ કરવા લાગ્યા

વદે દેવ ઉમાપતિ સુર ગુરૂ, વદે જગત્કારણમ્,
વદે પન્નગ ભૂષણુ મૃગધર, વદે પશુના પતિમ્;
વદે સૂર્ય શશાક વન્હિ નયન, વદે મુકુદ પ્રિયમ્,
વદે ભક્તજન શ્રિયચ વરદ, વદે શિવ શકરમ્

પુન: હર, હર, મહાદેવનો જય ધ્વનિ થયો. પૂજાની સમાપ્તિ થઇ. શિવાલયમાંથી બહાર નીકળતા જ ભીલ લોકોએ માતાજીની જય ગર્જનાથી ભીલ દેવીને વધાવી લીધાં.

' સઘળે શાન્તિ પથરાઇ ગઇ. ભીલદેવી હજી તો કાંઇક કહેવાને ' મુખ ઉંચુ કરે છે એટલામા તેમને કોઇકના આવવાનો ભાસ થયો. ભીલદેવીએ આવનાર તરફ દૃષ્ટિ કરી, તો એક ભીલને તેમણે દોડી આવતો જોયો દોડી આવતો ભીલ નજીક આવી પહોચ્યો ને દેવીના ચરણમા માથુ મૂકી નીચે પડયો તેના માથે હાથ મૂકી ભીલદેવીએ પૂછ્યુ. ક્ષેત્રપાળ ! શુ સમાચાર છે ?

" માતાજી ! આજે હુ બરાબર તપાસ કરી આવ્યો છુ અને હરામખોરોની જગ્યા પણ જોઇ આવ્યો છુ.

" એમ ! ત્યારે તો તું ઘણોજ હોશીયાર. દેવીએ તેને ઉભો કરતા કહ્યું."

" મા, આજે મધ્ય રાત્રે ત્યા દેવીની પૂજા થનાર છે, અને તેથી સઘળુ મડળ ભેગુ મળનાર છે. મા ! આપણે ત્યા જઇશુ ? "

' હા, આપણે ત્યા જઇશુ અને કદાચ જો કોઇ નિર્દોષનુ અનિષ્ટ થતું હશે તો બચાવીશુ " આમ કહી ભીલ દેવીએ સઘળા ભીલને આશીર્વાદ દઇ જવાની આજ્ઞા આપી, અને પોતે કૌમુદીની તથા બીજા દશેક ભીલ લોકોને સાથે રાખી પેલા ભીલે કહેલા સ્થળ તરફ પ્રયાણ કર્યું. મધ્ય રાત્રિ થતા ભીલ દેવી તેના મડળ સાથે પેલા ભીલે કહેલા સ્થાન સમિપ આવી પહોચી, અને હવે શુ થાય છે એ ધ્યાનપૂર્વક જોવા લાગી.

" મધ્યનિશા ઝગઝગી રહી હતી. કૃષ્ણલાલના ખડેરથી થોડેક દૂર એક બીજુ ખડેર આવેલુ છે, અને ત્યાં આગળ

ભાંગી તૂટી હાલતની એક ભવાની દેવીની મૂર્તિ આવેલી હતી. ત્યાદેવીના ચોગાનમા આ વખતે પચાસ માણસો બેઠેલા હતા. સઘળા કુંડાળુ વળી શાન્તતાથી કોઈકના આવવાની આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા દેવીના કુંડમાથી અગ્નિની ભયકર જવાળાઓ નીકળતી હતી એવામાં કોઇક માણુસ આવતો જણાયો. તેને ત્યા આવેલો જોઈ એક જણે પૂછ્યુ. જ્ઞાનચદ્રજી ! કૃષ્ણુલાલ કયારે આવશે? જ્ઞાનચદ્ર જવાબ આપે તે પહેલા તો પ્રચંડ કૃષ્ણુલાલ ત્યા આવી ઉભો રહ્યો. કૃષ્ણુલાલ આ સમયે ઉગ્ર ક્રોધમા હોય એમ જણાતું હતું. તેની આખ્યો લાલચોળ થઇ હતી. પગ ધ્રુજતા હતા. તેની આવી ભયકર મુખમુદ્રા નિહાળી ત્યા બેઠેલુ મડળ કપવા લાગ્યુ. કોઇ પણ તેને એક શબ્દ પૂછવાની હિમત કરી શકયા નહિ આખરે કરૂણાશકરે ઉભા થઇ ધ્રુજતા પૂછ્યુ. કૃષ્ણુલાલ ! ક્રોધને સમાવો અને આ ગાદી ઉપર વિરાજો.

કૃષ્ણુલાલ તેને માટે પાથરેલી ગાદી ઉપર બેઠો બાદ કરૂણા-શંકરના સામે જોઇ બોલ્યો—ભટ્ટાચાર્યજી ! આજે મારી સ્થિતિનુ વર્ણન કરવુ અશકય છે. આજ સુધી હું નહોતો જાણતો કે મારે માથે આવુ ભયકર સકટ આવી પડશે. આપણામાં કોઇ ફુટેલુ હોય એમ જણાય છે. આજે હુ સઘળી બાબતોનો ફેસલો કરવા માગુ છુ.

કૃષ્ણુલાલનુ કહેવુ ધ્યાનપૂર્વક શ્રવણ કરી જ્ઞાનચદ્ર સ્હેજ ક્રોધથી બોલ્યો-સરદાર સાહેબ ! હુ પણ આપને ટેકો આપું છુ, અને તે વિશ્વાસઘાતીને ખોળી કાઢી આ ભડભડાટ સળગતા અગ્નિ કુંડમા હોમવા ઇચ્છુ છુ. સરદાર ! બોલો ! આપને એવા વિશ્વાસ-ઘાતીની સ્હેજ પણ ખબર મળી છે કે નહિ?

કૃષ્ણુલાલ—વ્હાલા સરદાર ! જે સમયે આપણા કરૂણાશંકર મહારાજ રાજા ચંદ્રશેખરને સપડાવી લાવવા ગયા હતા, તે સમયે કોઇક દુષ્ટે આવી બ્હારથી અવાજ કરી રાજાને સાવધ કરી દીધો. કરૂણાશંકર જીવ બચાવી નાશી આવ્યા. બીજુ ! હુ કાલે આપણા ખંડેરની બ્હાર ફરતો હતો એવામા કોઇક છૂપાઇને જાણે મારી તરફ ન જોતો હોય એમ મને જણાયુ છૂ તેને પકડવા દોડયો પણ તે કયા જતો રહ્યો તે હુ જાણી શકયો નહિ. બોલો મારા સરદારો ! આવુ કરનાર આપણા મંડળ સિવાયનો કોઇ બીજો હોઇ શકે કે ?

કરૂણાશંકર—નહિ રે, એ તો આપણા મંડળનોજ કોઇ કર્મ-ચંડાળ હોવો જોઇએ પણ અત્યારે હુ આ બેટેલા સઘળાના મુખનુ અવલોકન કરૂ છુ પણ મને તો દુષ્ટ થયો હોય એવો કોઇએ જણાતો નથી.

કૃષ્ણુલાલ—ભટ્ટાચાર્યજી ! હમણા જ જે હશે તે આપો આપ જણાઈ આવશે. હવે આપણે બળિદાનની તૈયારી કરી કાલે કરવા ધારેલા કામનો નિર્ણય કરીયે. અને.. હજી કૃષ્ણુલાલ આગળ બોલેછે, એટલામા તો ત્યા કોઇક આવતુ નજરે પડયુ. સઘળા ચમકી આવનારને જોવા લાગ્યા. તો તેમની નજરે એક સ્વરૂપા સુંદરી પડી. તે ભીલદેવી હતી.

તેણે સફેત પોષાક પહેર્યો હતો માથાના વાળ છુટા હતા. કપાળમા કંકુની પીયળ કરેલી હતી ગળામા કરેણાના લાલ પુષ્પો નો માળા ધારણ કરેલી હતી. તેણે જમણા હાથમાં લાંબુ અને ચળકતું ત્રીશુળ પકડેલુ હતું આવી ભવાની સમાન દેખાતી

ભીલદેવી બેઠેલા મંડળની વચ્ચોવચ્ચ નિર્ભયતાથી આવી ઉભી રહી. અને થોડીવાર સુધી દરેકના ચ્હેરા સામુ નિહાળી તેણે બોલવું શરૂ કર્યું --અરે ! તમે લોકો કોણ છો ? અને આવી રીતે આ મધ્ય રાત્રે ભેગા મળવાનુ શુ કારણ છે ? મને લાગે છે કે તમે કોઇક ભયંકર માણસો છો બોલો જવાબ દયો કે આજે ક્યા નિરપરાધીનુ લોહી વહેવરાવવા ઇચ્છો છો ? આજે આ કુંડમા ભયાનક અગ્નિ શા માટે સળગાવવામા આવ્યો છે ?

ભીલ દેવી આટલુ બોલી શાન્ત રહી તેના એકાએક આગમનથી તેમજ તેની બોલવાની રીતથી સઘળા દબાઇ ગયા કૃષ્ણુલાલ તો તેને જોતા જ અવાચક જેવો બની ગયો. ભીલ દેવીને જવાબ દેવાની સઘળાઓની હિંમત હરાઇ ગઇ

કોઇ પણ એક શબ્દનો ઉચ્ચાર કરી શક્યા નહિ કોઇ બોલતું નથી ધારી પુન ભીલ દેવીએ કહ્યુ —અધમ મનુષ્યો ! કેમ કાંઈ જવાબ આપતા નથી ? મને લાગે છે કે તમે ઘણા જ દુષ્ટ છો અને તેથી જ તમારા પાપ પ્રકટ કરતા બીહો છો એ નરાધમો ! આવો સુંદર મનુષ્યાવતાર ધારણ કરી પરમાર્થ કરવાને બદલે શામાટે નિરપરાધીયોને સંકટમા સપડાવી તમારા મનુષ્યપણાને કાળુ કલંક લગાડો છો ? હજુ સમજો ! સમય છે ! પાછળથી યમરાજની ભયંકર શિક્ષાઓ સહન કરતાં રૂદન કરવુ પડશે. ક્રૂર ખૂનીયો ! આજે હુ તમને બરાબર ઓળખી ગઇ છુ તમારાથી હવે એક પણ પાપ કમ કરી શકાશે નહિ. કૃષ્ણુલાલ અને સઘળા સરદારો ! મારો આ અમૂલ્ય ઉપદેશ સાભળો, અને તે પ્રમાણે વર્તો. તમે દુષ્ટતાનો ત્યાગ કરી નીતિ મય જીવન ગુજારો કે જેથી આખરે સુખી થશો. નહિ તો સમજ જો

કે હવે તમારા દિવસો ભરાઇ ચૂકયા છે. આટલુ કહી ભીલ દેવી સઘળા શુ ઉત્તર આપે છે તે જોવાને શાન્તિથી ઉભી રહી. ભીલ દેવી ઘણાં વાર સુધી શાન્તતાથી ઉભી રહી છતા કોઇ જવાબ આપવાની હિંમત કરી શકયા નહિ. આથી કટાળી ભીલ દેવી બોલી—કૃષ્ણુલાલ અને સરદારો ! હવે હુ જાઉ છુ. હુ તમારા જવાબની ઇચ્છા રાખતી નથી. પણ જતા જતા ચેતાવતી જાઉ છુ કે—હજી પણ ચેતીને દુષ્ટતાને ત્યાગજો નહિ તો યમપાશમા સપડાવા તૈયાર થજો. કહી તે ત્વરીત્ ગતીએ ત્યાથી અદ્રસ્ય થઇ ગઇ સઘળા એક જ દૃષ્ટિથી તેની પાછળ જોઈ રહ્યા. તેના ગયા પછી કલાકેક સુધી તો કોઇ બોલ્યુ નહિ. આખરે કૃષ્ણુલાલ એક લાબો નિશ્વાસ નાખી બોલ્યો-- હા, સરદારો ! આપણા દિવસો ભરાઇ ચૂકયા છે, અને તેથી જ દેવી આપણી ઉપર કોપ્યા છે.

" શુ એ આવનાર દેવી પોતે જ હશે ? જ્ઞાનચદ્રે પૂછ્યુ

" હા, સાક્ષાત કાળી દેવીએજ દર્શન દીધુ, નહિ તો આવી ભયકર રાત્રે અહિ આવવાની કોણ હિમ્મત કરી શકે? કૃષ્ણુલાલે કપાળે હાથ દઇ જણાવ્યુ

" મને તો લાગે છે કે એ દેવી ન હોય પણ અહિ રહેતી કોઇ વતરી હોય ? ખોડુભાએ જણાવ્યુ

" શી ખબર પડે ? વારૂ ભટ્ટાચાર્યજી ! તમે શુ ધારો છો ? જ્ઞાનચદ્રે પૂછ્યુ."

" મારા ગણીત શાસ્ત્ર પ્રમાણે જોતા તો એ દેવી ન હોવી જોઇયે, પણ કોઇક જોગણી તો અવશ્ય હોય જ. કરૂણા શકરે કહ્યુ."

" ત્યારે હવે તેનો કાઇ ઉપાય ? કૃષ્ણલાલે પૂછ્યું."

" અરે ! તમે આટલા બધા શાને ગભરાઓ છો ? કદાપિ દેવી જાતે હોય તોપણ આ કરૂણાશંકર તેને વશ કરવા સમર્થ છે. કરૂણાશંકરે કહ્યુ "

" અને તેથી જ તમે તે જોગમાયાની મૂર્તિને જોઇ ઠડાગાર થઇ ગયા હતા કે ? " જ્ઞાનચદ્રે પૂછ્યુ.

" નહિ રે જી ! હુ તો તમારી પરિક્ષા જોતો હતો. જુવોને મારા મત્રના પ્રતાપે તે વધારે વાર નહિ રોકાતા જલ્દીથી ચાલી ગઇ. કરૂણાશંકરે ગપ ઠોકી

" અને કદાચિત્ વધારે વાર રહી હોત તો હુ જાણું છુ કે તમારી જીભ જ નીકળી પડત જ્ઞાનચદ્રે કહ્યુ

નહિ રે જી ! જો એવો સમય આવત તો આ કરૂણાશંકર તેને એક પળ વારમા જ મત્રના પ્રતાપથી ચકલી બનાવી તેની ડોક મરડી નાખત જ્ઞાનચદ્ર ! આ જ્યોતિષોપાધ્યાય કરૂણાશંકર ભટ્ટાચાર્યજીને જેવા તેવા જાણશો નહિ હા કે ! કરૂણાશંકર વિશેષ ગર્જી ઉઠયો.

" કરૂણાશંકર ! હવે શુ કરવુ ?" કૃષ્ણલાલે પૂછ્યુ.

" કરવાનું એજ કે હવે દેવીની પૂજાનો પાર લાવો અને કાલે રાત્રે રત્નનગર જઇ રાયમલ્લને સપડાવી લાવો. રાયમલ્લ આપણા સપાટામા સપડાશે તો તરત તે તેની સરલાને તમારી સાથે પરણાવશે. સરલા પણ તેના પિતાની આજ્ઞા પાળશે ને તમને પ્રેમથી ચાહશે. કરૂણાશંકરે જવાબ આપ્યો.

ત્યારબાદ તરત દેવીની પૂજા કરી સઘળા પગે લાગ્યા, ને એક પછી એક સઘળા ત્યાથી નીકળી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૮ મું.

" રાયમલ ફસાયો. "

સાંજ પડી હતી. પશુ પક્ષીઓ આખા દિવસના થાકથી કંટાળી સ્થાન તરફ જતા હતા ગાયોના ટોળા ચારો ચરી તેમના માલીકોના ઘર તરફ જતા હતા ગોવાળીયાઓ પણ ગાયોના ટોળાની પાછળ ખભા ઉપર લાંબી લાકડી મૂકી ગાયોને ડચકારતા ચાલ્યા જતા હતા. રત્નનગરના સ્હેલાણીઓ પણ નગરની બ્હાર આમ તેમ ફરી ખુલ્લી હવાનો આનંદ ભોગવતા હતા ગરીબ લોકોના ઝુપડામા રસોઇ થતી હતી. ઝુપડાની બહાર ગરીબ લોકોના બાળકો રમતા હતા. મહેનત મજુરી કરી થાકેલાઓ હાથ પગ જોડી રસો-ઇની આતુરતાથી રાહ જોતા બેસી રહ્યા હતા. કેટલાક મુસાફરો રાત્રિ ગાળવાના ઇરાદાથી ધર્મશાળાની ખોળ કરતા ઝડપથી ચાલ્યા જતા હતા એવામા કોઇ આઠ પરદેશી મુસાફરો સાયંકાળના સમયે રત્નનગરમા આવ્યા. આઠે મુસાફરો ચાલતા ચાલતા નગરનુ બારીકાઇથી અવલોકન કરતા હતા એવી રીતે જોતા તે આઠે જણા એક પડેલી ધર્મશાળામાં આવી પહોંચ્યા. તેમાંના એક જણે સામા-નની ગાંસડી છોડી ત્યાં શેતરંજી બીછાવી દીધી. પાથરેલી શેતરંજી

પર એક દમામદાર દેખાવનો, વાકડી મૂછોના આકડાથી ફાંકડો દેખાતો એક મુસાફર બેઠો. બાકીના તેની આસપાસ બેસી વાતોના ગપ્પા મારવા લાગ્યા.

વાચકો ! તમે આ આઠ મુસાફરોને ઓળખ્યા હશે ?. છતા જો ન ઓળખી શકયા હો તો ઓળખજો કે જે શેતરજી પર બેઠો છે, તે કૃષ્ણલૈલ છે તેની પાસે બેઠેલાઓમા એક તો સરદાર જ્ઞાનચદ્ર છે, બીજો કરૂણાશકર ભટ્ટાચાર્ય અને ત્રીજો સ્વાર્થાધ નામે એક સરદાર છે ને બીજા તેના નોકરો છે તેઓ સઘળા આજે રાયમલને સપડાવવા આવ્યા છે ને તેથી મધ્ય રાત્રિના સમયની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રાત્રિ કયારનીએ થઇ ગઇ છે કૃષ્ણપક્ષની કાળી રાત્રિ કૃષ્ણલાલને ઘણી અનુકુળ થઇ પડી છે રાત્રિ વિતતા ગરબડ શાન્ત થવા લાગી માણસોના અવાજને બદલે હવે તમારા કસારી વગેરે નિશાચર પશુ પક્ષીઓના ઝીણા નાદ સભળાવા લાગ્યા. મધ્ય રાત્રિને હવે થોડી વાર છે એમ ધારી, સઘળા તૈયાર થવા લાગ્યા. ઝપાટાબધ કામ પૂરૂ થાય અને તેમાં હિમતનો વધારો થાય એમ સમજી કરૂણાશકરે દરેકને બબ્બે ગલાસ મદિરાના પાઇ દીધા બાદ સમય થતા આઠે જણા સાથે લાવેલા સામાનનો ગાસડો ઉઠાવી તેને એક માણસના માથે મૂકી ચાલતા થયા રસ્તામા મળતા પહેરેગીરો તેમને ટોકતા, પણ તેમના સતોષકારક જવાબથી તેમને જવા દેતા એવી રીતે ચાલતા ચાલતા તેઓ પ્રધાન ગયમલના મકાન આગળ આવી પહોચ્યા આ સમયે મકાનના સઘળા દ્વાર બધ હતા. મકાનના ઓટલા ઉપર એક વૃદ્ધ મુસલમાન સિપાઇ ઝોકાં ખાતો બેઠો હતો સઘળા મડળને થોડેક દૂર ઉભા રાખી જ્ઞાનચંદ્ર મકાન પાસે જઇ તપાસ કરવા લાગ્યો, તો તેને ત્યા કઇ

પણ માલૂમ પડ્યુ નહિ. જ્ઞાનચદ્ર કાન માંડી સાંભળવા લાગ્યો તો તેને અદર ઉંઘતા માણસોના નાક બોલવાનો અવાજ સભળાયો, મકાનના માણસો અત્યારે ભરનિદ્રામા છે સમજીને જ્ઞાનચદ્ર પાછો આવ્યો, ને સર્વને લઇ મકાનની પાછલી બાજુએ ગયો. મકાનની પાછળ એક મોટું વડનુ ઝાડ હતુ, તેની નીચે સર્વને બેસાડી જ્ઞાનચદ્ર મકાનમા દાખલ થવાનો માર્ગ શોધવા લાગ્યો. તેણે મકાનની ચારે તરફ ફરી ઝીણી નજરે તપાસ કરી પણ તેને કયાંઇએ જવાનો માર્ગ જણાયો નહિ ગમે એમ થાઓ, પણ ધારેલુ કામ તો કરવુ આવા વિચારવાળો જ્ઞાનચદ્ર એક સ્થળે ઉભો રહી મકાનને બારીકાઇથી જોવા લાગ્યો. વૃક્ષ નીચે બેઠેલાઓમાથી કરૂણાશંકરે સમય ગાળવા ગાજો બનાવ્યો, ને તેને ચલમમા ગોઠવી ચકમકથી દેવતા પાડવા લાગ્યો અગ્નિ પ્રગટ થતા કરૂણાશકરે એક પોચુ લાકડુ સળગાવી ચલમમા મૂકયુ અને ગાજાના દમ લગાવવા લાગ્યો. ગાજાની ચલમ બેઠેલા મડળમા ફરવા લાગી. કરૂણાશકરના દમથી ચલમમા વારે ઘડીયે ભડકા થવા લાગ્યા એ ભડકાના પ્રકાશમા જ્ઞાનચદ્રની નજરે છેક ઉચે એક બારી ઉઘાડી રહી ગએલી માલમ પડી બસ કામ પાર કહી જ્ઞાનચદ્ર બેઠેલા મડળમા આવ્યો. કરૂણાશકરે તેની આગળ ચલમ ધરી, જીુજ રહેલા ગાજો જ્ઞાનચદ્રના દમથી બળીને ખાક થઇ ગયો, કે તરત ચલમને કરૂણાશકરને સોપી જ્ઞાનચદ્ર બોલ્યો —

ચાલો હવે વખત ગુમાવો નહિ હમણા સવાર થઇ જશે તો કર્યું કારવ્યુ ધુળ મળી જશે કહી જ્ઞાનચદ્રે ગાસડી છોડીને તેમાથી બે મોટા લાબા દોરડા બ્હાર કાઢયા તેમાના એક દોરડાને સાથે રાખેલી પાટલા ઘોના પૂંછડે બાધ્યુ. બાદ જ્ઞાનચદ્રે આસપાસ જોઇ

પાટલા ઘોને જોરથી ઉંચે દિવાલ પર ફેંકી દિવાલને અથડાતાં જ ફેંકેલી ઘો ઉપરની બારીની નીચે દિવાલની સાથે સજ્જડ ચોંટીગઇ. ત્યાર બાદ સઘળાને સાવધ રહેવાનુ કહી જ્ઞાનચંદ્ર દોરડાની મદદથી ઉપર ચઢવા લાગ્યો. સપાટાબંધ ચઢતો તે થોડીવારમા ઉપર ચઢી બારીવાટે શયનભુવનમા દાખલ થયો, કે થોડી વારમાં સ્વાર્થાન્ધ સરદાર પણ બીજુ દોરડુ લઇ ઉપર ચઢી તેની પાસે આવ્યો. મહેલમા સઘળુ શાન્ત હતું. પ્રધાન રાયમલ એક કોચમા ધાઢ નિદ્રાને આધિન થયેલો હતો. નોકર ચાકરો પણ તેમની પથારીયોમા પડયા પડયા ઉંઘતા હતા. પ્રધાનના પલંગની પાસે એક નાના ટેબલ પર ઝાંણી બતી પ્રકાશી રહી હતી. આજ આપણો શીકાર. કહી જ્ઞાનચંદ્રે ગજવામાથી બેશુદ્ધિની દવા કાઢી રાયમલને સુંઘાડી. રાયમલનો જીવ બ્રહ્માડમા ભ્રમણ કરવા લાગ્યો. તુરત જ જ્ઞાનચંદ્રે રાયમલને હાથે પગે દોરડાથી જકડીને બાંધ્યો. એટલી વારમા સ્વાર્થાન્ધ મકાનમા ફરી આવ્યો ને કેટલાક મોતી જવાહિરના દાગીના લઇ આવ્યો. જ્ઞાનચંદ્રે સ્વાર્થાંધને નીચે ઉતરવાની સૂચના કરી, કે તરત તે નીચે ઉતરવા લાગ્યો. બાદ જ્ઞાનચંદ્ર પણ બેશુદ્ધ પ્રધાનને ઉઠાવી નીચે ઉતરી આવ્યો. સઘળાના આનંદનો પાર રહ્યો નહિ. કૃષ્ણલાલ તો આનંદના આવેશથી નાચવા ને કુદવા લાગ્યો. ત્યાર બાદ રાયમલ પ્રધાનને ઉઠાવી સઘળા દુષ્ટો એક અજાણ્યા રસ્તે થઇને નગર બ્હાર નીકળી આવ્યા. આ સમયે પાછલી રાત્રિ થઇ હતી. નગરના મહોલ્લામાથી ઘડીના ઘોર સંભળાતા હતા. એવે વખતે આ ક્રૂર બ્હારવટીયાઓ રાયમલને ઉપાડી ભયાનક જંગલમા આવી પહોંચ્યા અને ત્યા આગળ એક વૃક્ષની નીચે તેને સુવાડી સઘળા થાક ઉતારવા બેઠા. પાછલી રાત્રિના શીતળ પવનથી રાયમલને

ધીમે ધીમે ભાન આવવા લાગ્યુ. પણ દવાના ઘેનથી ઉઠી શકયો નહિ. જ્યારે જ્ઞાનચંદ્રે જોયું કે રાયમલને હવે શુદ્ધિમાં લાવવો જોઈએ, ત્યારે તુરત તેણે બીજી દવા સુંઘાડી તેને સાવધ કરી દીધો. થોડી વારમા તો રાયમલ પૂર્ણ સાવધ થઇ બેઠો થયો, અને આશ્ચર્ય. પામી જોવા લાગ્યો તો પોતે એક વિકટ અરણ્યમા દોરડાથી બધાઇ કોઇક માણસોના ટોળાની વચ્ચે બેઠેલો છે. આવુ જોઇ રાયમલ ગભરાયો, પણ મનમા હિમત રાખી બોલ્યો—ભાઇયો ! તમે કોણ છો ? અને મને આવી રીતે શા માટે અહિં લાવવામાં આવ્યો છે ?

" અમે કોણ છીએ એની તને હમણા જ ખબર પડશે જો તુ અમારૂ કહેવું માનીશ તો ઘણો જ સુખી થઈશ અને નહિ માને તો ઘણા જ દુખથી તારો દેહ ત્યાગીશ. " કરૂણાશંકરે કહ્યુ,

" તમારૂ મર્મયુક્ત બોલવુ સાભળી મને અજાયબી ઉત્પન્ન થાય છે. તમે મને જણાવો તો ખગ કે તમે કોણ છો ને મને અત્યારે કયે ઠેકાણે લાવ્યા છો ? "

" અરે મૂર્ખના શિરોમણિ ! ના કહીએ છીએ છતા પૂછે છે તો સાભળ તુ અત્યારે કાળના મુખથી ઘેરાઈ યમસદનના રસ્તામા છે. સમજ્યો ? જ્ઞાનચંદ્રે કહ્યુ.

" શુ તમે મારૂ મ્હોત કરવા ઇચ્છો છો ? શા માટે ! મ્હેં તમારૂ શુ બગાડયુ છે ? " પ્રધાને પૂછ્યુ.

" રાયમલ ! ત્હેં મારૂ સર્વસ્વ બગાડયુ છે. મારૂં જીવન ધુળધાણી કર્યુ છે, અને સાથે મારૂં ભયંકર અપમાન કર્યુ છે " કૃષ્ણલાલે કહ્યુ.

" મ્હેં કોનું અપમાન કર્યું છે ?" રાયમલે રોષથી પૂછ્યુ.

• " આ કૃષ્ણલાલનું."

" હેં ! શુ તું કૃષ્ણલાલ ? "

" હા, સરકાર! કેમ હવે ઓળખાણ પડીને ?"

" હા, હવે તને બરાબર ઓળખ્યો. ધર્મિ પુરૂષના કુળમાં અવતરેલા નર પિશાચ કૃષ્ણલાલ ! તારાં દુષ્કૃત્યો અપાર છે, તું એક ભયકર ભુજંગ છે. બોલ હવે તું મને શુ કરવા માગે છે ?" પ્રધાને ક્રોધથી પૂછ્યું

" રાયમલ શાન્ત થા ! જો તારે જીવવાની ઇચ્છા હોય તો મારૂ એક વચન માન્ય કર કૃષ્ણલાલે કહ્યું.

" જણાવ કે તુ મારી પાસે શુ લેવા માગે છે ? '

' રાયમલ ! તને ખબર તો હશે કે હું એક વખતે જાતે જ તારે ઘેર તારી સરલાનુ માગુ કરવા આવ્યો હતો."

રાયમલ—હા, હું તે સારી રીતે જાણું છુ.

કૃષ્ણલાલ.—ત્હેં મારૂ તે સમયે અપમાન કર્યું હતું. પણ તે કરેલુ અપમાન હવે હું ભૂલી જાઉ છુ, ને તેના બદલામાં તારી પાસે એક વચન માગુ છુ.

રાયમલ—વચન માનવા જેવું હશે, તો તે આપવામાં કાંઇ હરકત નથી.

કૃષ્ણલાલ—રાયમલ ! હુ તારી સરલાને જીગરથી ચાહું છુ, હું તેની પૂજા કરવા ઇચ્છુ છુ અને તેથી જ સરલાને મારી સાથે પરણાવવાની તને વિનતી કરૂં છુ.

રાયમલ—સમજ્યો, તારા કહેવાનો ભાવાર્થ હું બરાબર સમજ્યો. કૃષ્ણલાલ ! મારી સરલા કેટલાક વખતથી ગુમ થયેલી છે, એટલે તારૂં ધારવુ હાલ વૃથા છે

કૃષ્ણુલાલ,—રાયમલ ! સરલા હાલ હયાત છે.

રાયમલ--શુ મારી સરલા હજી હયાત છે ? કૃષ્ણુલાલ ! કૃષ્ણુલાલ ! જણાવ કે તે મારૂં રાંકનુ રત્ન કયા છે ?

કૃષ્ણુલાલ--મા'રી પાસે છે. ફક્ત તેને સુખી થવામા તમારી તરફની જ વાર છે. રાયમલ ! કહો હવે કે તમે મારૂં કહેવું માની સરલાને મારી સાથે પરણાવશો કે નહિ ?

" રાયમલ વિચારમાં પડયો ને થોડી વારે કષ્ટક વિચાર કરી બોલ્યો—કૃષ્ણુલાલ સરલાના વિચારનો ત્યાગ કર. તે તારે લાયક નથી. "

કૃષ્ણુલાલ -હુ તેને પૂજુ છુ, તેને પ્રાણુથી પણુ વધારે ચાહું છુ; અને તેની સાથે પરણી તમને બન્નેને સુખી કરવા ઇચ્છુ છુ.

રાયમલઃ--હુ તારા સુખની ઇચ્છા રાખતો નથી. સરલા જેવી પવિત્ર બાળાને તારા જેવા કસાઇની સાથે પરણાવી હુ તેના સુખમા વિષરેડવા માગતો નથી. કૃષ્ણુલાલ ! હુ તને સારી રીતે ઓળખુ છુ, તું સરલાને ચાહે છે, તે દૈવી પ્રેમથી નહિ, પણુ એક વિષય લાલ. સાથી. તારી તે લાલસા પૂરી થતા જ તુ હતો એનો એ રહેવાનો. મર્કટની કોટે મોતીની માળા શોભે જ નહિ.

કૃષ્ણુલાલઃ--અરે ! શુ તું મને ધિક્કારે છે ?

રાયમલઃ—હા, હા, હું તને હજારો વાર ધિક્કારૂ છુ—ધિટ્‌-કારૂ છુ.

કૃષ્ણુલાલ--જો એમ છે તો જોઇસે કે હુ તને કેવા ભયંકર દુઃખથી રીબાવું છું. રાયમલ ! વિચાર કર, નકામો મ્હોતને માગી ન લે. જ્યારે લક્ષ્મિ ચાંલ્લો કરવા આવે છે ત્યારે મુખ ધોવા ન જા.

રાયમલ ! શાન્ત થા ને તારા વિચાર ફેરવી સુખી થા. કારણ કે અત્યારે તને મારનાર અને તારનાર મારા સિવાય કોઇ નથી.

રાયમલઃ--મિથ્યાભિમાની ! નકામો ફુલાઇશ નહિ. હુ તારાથી લગીર પણ ડરતો નથી. ઇશ્વર ઇચ્છા પ્રમાણે થનાર હશે તે થશે પણ આ રાયમલ પ્રાણ જતાએ તારૂં વચન માનશે નહિ.

કૃષ્ણુલાલઃ--નહિ માને તો ભય કર મ્હોતે મરશે. હજી, કહુ છુ કે તારો વિચાર ફેરવ.

રાયમલઃ--નહિ, મુખની બ્હાર નીકળેલુ વચન હવે કદાપિ મુખમાં પેસતુ જ નથી. કૃષ્ણુલાલ ! તુ ચાહે એટલુ મને દુઃખ દે, ભુખથી :રીબાવ, સતાવ, અને ચાહે તો આ શરીરને છુદી નાખ, પણ મારી સરલાને કોટી ઉપાયે તારા કરમા સોંપનાર નથી તે નથી જ

કૃષ્ણુલાલ--તારી સરલા કદાપિ મને આનંદથી પરણુશે તો ?

રાયમલઃ--ચડાળ! હુ સરલાના હૃદયને સારી રીતે ઓળખુ છુ બ્રહ્માડ સઘળુ ઉથલપાથલ થઇ જાય પણ સરલા તને કદાપિ ના ચ્હાય. તારા જેવા કસાઇના કરનુ રમકડુ થવાને બદલે મારી સરલા ખુશીથી મરણુને શરણ થશે. પાપી પિશાચ ! તું પણ સમજજે કે હવે તારો કાળ પાસે આવ્યો છે. નિર્દોષ કુમારિકાઓને કષ્ટ દેનાર કૃષ્ણુલાલ ! હુ તારા શિર પર ફરતું કાળચક્ર પ્રત્યક્ષ નિહાળું છુ.

કૃષ્ણુલાલ--અભાગી બુઢ્ઢા ! હવે જો જે મારો સપાટો. હુ તારા દેખતાં જ સરલાને ભ્રષ્ટ કરૂં છુ કે નહિ.

" ઓહ ! હા, ઓ જગત્ પિતા ! તમે શુ જોઇ રહ્યા છો? ઓ, સૃષ્ટિમાં અદ્રશ્ય રહેલા દેવો ! તમે આ શુ સાંભળી રહ્યા છો !

હા ! એક પિતા તેની પુત્રિના સબંધમા આ શુ સાંભળે છે ? ઓ કાળિ રાત્રિ ! તું એકદમ આવ ને મને તારા ભયંકર અંધકારમાં ગૂમ કરી દે. ઓ વસુધરા ! તું બે ભાગમા ફાટી જઇ મને તારા ઉદરમા સમાવી દે હા, પ્રભો, પ્રભો ! કહી રાયમલ નીચે બેસી ગયો. તેની આખોમાથી જળ પ્રવાહ નીકળવા લાગ્યો. પાપી કૃષ્ણુ-લાલ ખડખડ હસવા લાગ્યો. આવુ જોઇ તુરત જ્ઞાનચંદ્ર પાસે આવ્યો ને કૃષ્ણુલાલને કહેવા લાગ્યો—મારા માનવતા સરદાર ! અત્યારે રાયમલને સતાવવો છોડી દયો અને તેને થોડા દિવસ આપણા પજામા રહેવા દયો હવે તે કયા જવાનો છે ! જ્યારે ઘણું દુખ પડશે ત્યારે એની મેળે ઠેકાણે આવશે. માટે મારી તો સલાહ છે કે તેને તેની પુત્રિની કોટડીમા જ કેદ કરી રાખવો પિતા અને પુત્રિ એકઠા થશે તો કઇક આપણુને લાભ થશે. છતાં જો નહિ માને તો આખરે તેમનુ મરણ તો છેજ કહી જ્ઞાનચંદ્ર શાન્ત રહ્યો કૃષ્ણુલાલે તરત ત્યાથી આગળ ચાલવાની આજ્ઞા કરી. રાયમલ લથડતે પગે તેમની સાથે ચાલવા લાગ્યો. આખરે સઘળા તેઓના ગુપ્ત ખડેરમા આવ્યા. રાયમલને સરલાની કોટડીમા પૂરવાની કૃષ્ણુલાલે આજ્ઞા કરી. જ્ઞાનચદ્ર ઉભો થયો ને રાયમલને સરલાની કોટડી તરફ લઇ ચાલ્યો કોટડીની પાસે આવી રાયમલને તેમા પૂરી જ્ઞાનચદ્ર પાછો ગયો. રાયમલ દુખના દર્દથી ચીસ પાડી ઉઠયો તેની ચીસના અવાજથી ઉઘમા પડેલી સરલા જાગૃત થઇ ને ફાટી આખે રાયમલની સામે જોઇ પૂછવા લાગી—તમે કોણ ?

સરલા ! મારી વ્હાલી સરલા ! હુ પાપીનો ભોગ થયેલો તારો દુઃખી પિતા.”

"હે ! કોણ મારા પિતા ! તમે આ સ્થળે ' કહી સરલા રાયમલજીની નજીક ગઇ.

"હા ! બેટા પાપીઓએ મને સપડાવ્યો છે. રાયમલે નિશ્વાસ નાખી કહ્યું."

"અરે હાય ! આ શુ દશા ' કહી સરલા પિતાનુ દુખ જોઇ બેશુદ્ધ થઇ ગઇ."

"બેટા સાવધ ' આ વિધાતાના તમાસા ' કહી રાયમલ પણ આંખે અધારા આવવાથી નીચે ઢળી પડયો. પિતા–પુત્રિ દેહનુ ભાંન ભૂલી જમીન પર લાંબા થઇ ઘણી વાર સુધી પડયા રહ્યાં."

પ્રકરણ ૧૯ મું.

"વિકટ વગડામાં બે પ્રવાસી."

સૂર્ય નારાયણ દેવ સખ્ત તડકાથી સૃષ્ટિને ગભરાવી રહ્યા હતા. ઉની લુ વાતી હતી, એવા સખ્ત તાપમા બે પ્રવાસી પુરૂષો તાપથી બચવાને માથા પર વસ્ત્ર ઓઢી કૃષ્ણલાલના ખડેરથી થોડેક દૂરના રસ્તે થઇને ચાલ્યા જતા હતા. તેમણે પહેરેલા વસ્ત્રો પરસેવાથી તરબોળ થઇ ગયા હતાં. મ્હો

સખ્ત ગરમીથી લાલચોળ જણાતા હતાં. બન્ને પ્રવાસીયો ચોવીસ પચીસ વર્ષની વયના જણાતા હતા. તેઓ જાણે 'લાબા ' પ્રવાસથી કંટાળેલા ન હોય એમ તેમના મુખ પર થતા કંટાળાના દેખાવથી ' અનુમાન થતું હતું. સમાન વયસ્ક પ્રવાસીયો બપોરા ગાળવાના ઇરાદે કોઇક શીતળ વૃક્ષની શોધમા આસપાસ જોતા ચાલ્યા જતા હતા. એવી રીતે ચાલતા ચાલતા તેઓ એક મોટા વૃક્ષ નીચે આવી પહોચ્યા. વૃક્ષની શીતળતાથી બન્ને આનદ પામ્યા. તે વૃક્ષની નીચે પાસે રાખેલુ વસ્ત્ર પાથરી એક પ્રવાસી બેઠો ને બીજો ત્યાંથી થોડેક દૂર વહેતા ઝરા પાસે જઇ હાથ મ્હોં ધોઇ પાણીનો લોટો ભરી આવ્યો. વૃક્ષ નીચે બેઠેલા પ્રવાસીએ મુખ ધોઇ પાણી પી સ્વસ્થ થઇ કહ્યુ —પ્રિય સત્યવ્રત ! મને લાગે છે કે આપણે આ અઘોર અરણ્યમાં આવી ચઢયા છીએ. જોને સવારથી ચાલીએ છીએ છતા કોઈ ગામ ભેગા થઇએ છીએ ?

" હાજી ! આપણે ખરેખર ભૂલા જ પડયા છીએ, હવે તો આ વૃક્ષ નીચે અત્યારે વિશ્રાન્તિ લઇ, નમતો પહોર થતાં માર્ગ ખોળીશુ. " સત્યવ્રતે જણાવ્યુ.

હા, હવે એમજ કરો. કહી બન્ને પ્રવાસી વિશ્રાન્તિને અર્થે આડા થયા. બપોરના સમયે ઉની લુ વાતી હતી છતાં આ વૃક્ષ નીચે તો પવનની ઠંડી લ્હેરો આવતી હતી. અલ્પ સમયમાં સત્યવ્રત નામનો મુસાફર તો શ્રમના સબબે નિદ્રાધિન થઇ ગયો. પણ બીજા પ્રવાસીને નિદ્રા આવી નહિ. તે ઉઠી બેઠો થયો. આસપાસ નજર ફેરવી તેણે એક નિશ્વાસ નાખ્યો. બાદ થોડો સમય શાન્ત રહી, તે મનમા બોલ્યો —હા, પ્રભો ! અમારી ઉપર આ કેવા સકટો પડી રહ્યા છે, તેનો તો વિચાર કરો ! અરે ! વ્હાલી બ્હેન ! સુકન્યા ! તું ક્યા હોઇશ ! જંગલ-

માંથી અચાનક ગૂમ થઇ ગયેલી બ્હેન ! તારા વિયોગથી આ હૃદય ચિરાઇ જાય છે. હાય ! હજી સુધી પાપીની પિસ્તોલનો ઘા તો રૂઝાયો નથી. ગરીબડી બાળા ! ખરેખર તું તો નિર્દોષ જ છે. પાપીને પનારે પડી તે સુખ ભોગવવાને બદલે દુખ જ ભોગવ્યુ છે. હા, કૃષ્ણલાલ! વિશુદ્ધ કુળમા ઉત્પન્ન થયેલા અંગારા કૃષ્ણલાલ ! તું છતી આખે અધ છે. પરમ પવિત્ર પ્રેમદા કે જે તને જીગરથી ચાહે છે. હા, તેનેજ તું સશયે ત્રાળો થઇ ધિક્કારે છે. કૃષ્ણલાલ ! કૃષ્ણલાલ ! તારાથી થાય એટલુ આ જગતમા થોડા સમય સુધી કરી લે, પણ યાદ રાખજે કે આ દુષ્ટતાના ફળ આખરે વિપરીત છે. હા, કૃષ્ણલાલ ! જો કે તુ મને ધિક્કારે છે, તુ મને મારી નાખવા ઇચ્છે છે. પણ હું તને ચાહુ છુ. હુ તને નીતિને રસ્તે લાવવા ઇચ્છુ છુ. તારા માટે પ્રાણ આપવા તૈયાર છુ. કૃષ્ણલાલ ! હુ એવો મિત્ર નથી કે જે સુખ સમયે અનેક પ્રકારના રગ રાગમાં મિત્રની સાથે મોજ મઝા ભોગવી દ્રવ્યનો નાશ થતાં યાતો દુખ આવી પડતા મિત્રનો ત્યાગ કરી જાય છે. કૃષ્ણલાલ! તુ એમ ધારતો હોઇશ કે મારી ગોળીથી કુજ અને સુકન્યા ઘવાઈ ને મરણ પામ્યા હશે, પણ નહિ, પ્રભુ કૃપાથી અમે જીવતાં છીએ. અમે તારા કામમા વિઘ્ન નાખીશુ, અને ગમે તે પ્રકારે તારા પંજામા સપડાયેલાઓનો ઉદ્ધાર કરીશુ., આમ મનમાં ગણગણી તે શાન્ત રહ્યો પણ પુન કંઇક યાદ આવતા બોલ્યો.—હા, હજી સુધી કિશોરી અને હરીહરરાયનો પણ પત્તો મળ્યો નથી. અરેરે તેમનુ શુ થયુ હશે ? જેવી ઇશ્વરેચ્છા હવેતો પ્રથમ તે દુષ્ટાત્મા કૃષ્ણલાલના ગુપ્ત રહેઠાણને ખોળી કાઢવાની જરૂર છે. કારણ કે રાત્રિએ ગૂમ થયેલી મારી સુકન્યા બ્હેનને કયાક તે દુષ્ટના માણસો ઉપાડી ના ગયા હોય ? લાવ હવે હુ પણ લગીર આરામ લઉ. કહી કુંજ આડો થયો.

વાચકો ! તમે આ બન્ને પ્રવાસીઓને ઓળખ્યા હશે. એક તે આપણો પ્રથમનો પરિચીત અને કૃષ્ણુલાલનો મિત્ર કુંજવિહારી અને તેની સાથે છે તે કૃષ્ણુલાલનો સરદાર સત્યવ્રત છે. જે સમયે કૃષ્ણુલાલ કુંજ અને સુકન્યાને ઘાયલ કરી નાશી ગયો, તે સમયે સત્યવ્રત પણ ઢોંગ કરીને પડી રહ્યો હતો. બાદ જ્યારે સાંજ પડી ને કૃષ્ણુલાલ ન આવ્યો ત્યારે સત્યવ્રતે કુંજ અને સુકન્યાના ઘા ઉપર પાટા બાંધી તેમજ માથે ઠંડુ પાણી છાંટી બન્નેને સાવધ કરી તેમને સઘળી વાત જણાવી. ત્યાર પછી ત્યાં વધારે વાર નહિ રહેતાં કુંજ, સત્યવ્રત અને સુકન્યા ત્યાંથી ચાલી નીકળ્યાં. જંગલમાં ઘણા દિવસો સુધી દુઃખ વેઠતા, ફળફુલો ખાતા દિવસો નિર્ગમન કરવા લાગ્યાં બાદ એક દિવસે દૈવયોગે સતી સુકન્યા કુંજ અને સત્યવ્રતથી અચાનક ગૂમ થઇ ગઇ તે કેવી રીતે ગૂમ થઇ ગઇ અથવા તો તેને કોઇ ઉપાડી ગયુ વગેરે ઘણી તપાસ કુંજ અને સત્યવ્રતે કરી પણ કંઇ જણાયું નહિ આથી થાકી કંટાળી છેવટે બન્ને જણા તેને શોધતા ઉપર કહેલા સ્થળે આવી વૃક્ષ નીચે આરામ લેવા લાગ્યા

વૃક્ષ નીચે આરામ લેવા આડો થયેલો કુંજવિહારી મુસાફરીના શ્રમથી થોડીજ વારમાં નિદ્રાધિન થઈ ગયો. આખરે નમતો પહોર થવા આવ્યો. પવનની સુખકારક લ્હેરો આવવા લાગી. પક્ષીયો તેમના માળાઓમાથી નીકળી બોલવા લાગ્યા. આપણા પ્રવાસીઓ પણ ચારેક કલાકની સારી ઉંઘ લઇ જાગૃત થયા. બન્ને જણા પાસેના જરા આગળ જઇ મ્હો ધોઇ આવ્યા. સત્યવ્રત આસપાસ ફરી આવી થોડાંક ફળ લઇ આવ્યો. મળી આવેલા ફળ ખાઇ બન્ને જણા સ્વસ્થ થઇ આગળ જવાનો વિચાર કરવા લાગ્યા.

આસપાસ જોયું તો માર્ગનું ચિહ્ન સરખુ પણ જણાયુ નહિ માણસનું તો નામ જ ક્યાથી હોય કે તેને પુછે ? માર્ગની ખોળમા ધીમે ધીમે દિવસ પૂરો થવા આવ્યો, પણ આપણા મુસાફરોને આગળ જવાનો માર્ગ મળ્યો નહિ. હવે શુ કરવુ ? કોને પૂછવુ ? વગેરે વિચારો થવા લાગ્યા એવામાં અચાનક તેમને કોઇના આવવાનો પગરવ સભળાયો. માણસ આવ્યાની આશા ધારી બન્ને જણા આવનાર પ્રતિ લક્ષ આપી જોવા લાગ્યા થોડા સમયમા તો આવનારના દર્શન થયા. કુંજ અને સત્યવ્રત જુએછે તો એક મુખવટો પહેરેલો બળવાન માણસ એક બધીવાન સ્રીને લઇને ચાલ્યો આવતો જણાયો બધીવાન સ્ત્રી ચાલી ચાલીને થાકી ગઇ હોય એમ જણાતું હતું કારણ કે તેની સાથે ચાલનાર માણસ તેને કઠોર શબ્દોથી આગળ ચાલવાનુ કહેતો હતો આવો દેખાવ જોતા જ બન્ને મુસાફરો આશ્ચર્ય પામ્યા અને તે આવનાર જુએ નહિ એમ એક વૃક્ષને ઓથે ઉભા રહી જોવા લાગ્યા. આખરે તે માણુસની સાથે ચાલતી અબળા ત્યાંજ બેસી ગઇ અને બોલી—જ્ઞાનચદ્ર ! મને મારી નાખવી હોય તો અહિજ મારી નાખ હવે મારાથી ચલાતુ નથી.

ફિટ્ટત છોકરી ! જ્યારે તુ આગળ ચાલી શકતી નથી ત્યારે તારા પ્રાણનુ વિસર્જન હુ અહિજ કરી નાખુ છુ. બોલ હવે તારે કઇ કહેવુ છે ? જ્ઞાનચદ્રે પૂછ્યુ.

હા, કહેવામા એટલુજ કે, મારા મરણ પછી તું તારા સરદારને કહેજે કે.—હે જે વદ્ધ પુરૂષનો વધ કરી તેમના લોહીથી હાથ ખરડયા છે તેથી અને આ આશા ભરી કુમારિકાના પ્રાણનાશથી

પ્રભુ તારી ઉપર કોપાયમાન થયા છે. જ્ઞાનચંદ્ર ! વિશેષમાં જણાવજે કે આખરે તું પણ આશાભર્યો જ મરણને શરણે થઈશ.

" એ તો જાણે સમજ્યો ! બોલ બીજું કાંઇ ? "

' બીજું કાંઈ નહિ જ્ઞાનચંદ્ર ! ચાલ તૈયાર થા, ને તારી ચળકતી તલવારથી મારૂં માથું કાપી નાખ, કારણ કે હવે હું મૃત્યુને જલ્દીથી મળવાને માગું છું "

" શું તું મૃત્યુથી નથી ડરતી ? સુંદર બાળા ! શું કરૂં ! મને તારી દયા આવે છે પણ સરદારની આજ્ઞા આડે આવે છે. કુમારિકા ! હજી પણ કહું છું કે તું તારી અમૂલ્ય જીંદગી શા માટે કાળના મુખમાં હોમે છે ? વિચાર કર કૃષ્ણલાલ તને કેટલો ચાહે છે !"

પેલી તરફ છૂપાઈ ઉભેલો કુંજ તો એ સંવાદ સાંભળી સ્તબ્ધ બની ગયો, અને અંતે કંઇક વિચાર કરી સત્યવ્રતને કહેવા લાગ્યો — સત્યવ્રત આ દુષ્ટ કૃષ્ણલાલનો સાગ્રિત હોય એમ જણાય છે અને આ કોઇ નિર્દોષ બાળા તેમનો ભોગ થઇ અહિં મરવાને આવી છે માટે તૈયાર થા આપણે આજે એક બાળાનું કલ્યાણ કરવાનું છે. પાપી ! જો કે બળવાન જણાય છે, પણ તેની દરકાર નહિ કરતાં આપણે આપણું કામ બજાવવાનું છે.

" આજ્ઞા હોય તો હમણાજ હું તે કર્મ ચંડાળને ભોંય ભેગો કરી નાખું." સત્યવ્રતે કહ્યું.

" ના, હજી વાર છે. શું થાય છે એ જોવાનું છે કહી કુંજ પુનઃ શાન્ત થઇ જોવા લાગ્યો."

" પેલી તરફ જ્ઞાનચદ્રે કહ્યુ પણ તે બાળાએ જ્યારે કઇ જ જવાબ ન આપ્યો ત્યારે પુન જ્ઞાનચદ્રે પૂછ્યુ. શુ તારે હવે મરવાની જ ઇચ્છા છે ?

હા, મરીને પ્રભુના દરબારમાં ફરીયાદ કરવાની ઇચ્છા છે. જ્ઞાનચદ્ર ! મરણનો શોક હુ નથી કરતી જન્મ ધરીને અવશ્ય મરવાનુ તો છેજ

જે ઉગ્યુ તે આથમે, ખીલ્યુ તે કરમાય,
એહ નિયમ અવિનાશનો જે જાયુ તે જાય.
ધ્રુજાવતા ધમ ધમ ધરા, પડતા જેના પાય,
એવા નર ઉપડી ગયા, જે જાયુ તે જાય
રાવણ સરખા રગડમલ, બળીયા બળી સમ ગાય,
કાળે કુટયા પલકમા, જે જાયુ તે જાય

કાવ્ય કૌસ્તુભ.

જ્યારે મરવાનુ નક્કી છે, તો મારે શા માટે ડરવુ ? જ્ઞાનચદ્ર ! જો, જો, આમ ઉચે જો, કે કુટિલ કૃષ્ણલાલના હાથે મરીને સ્વર્ગસદનમા ગયેલા મારા વ્હાલા પિતા, મને પોકાર કરી રહ્યા છે જો, જો, આ અપ્સરાઓ ! કુસુમની માળાઓ સાથે વૈમાનમા બેશી મને આવવાની ઇસારતો કરે છે અરે આમ તો જા ! પેલા ભયકર યમરાજના દૂતો મને આશ્વાસન આપી સમજાવે છે કે –કુમારિકા ! મરીને સ્વર્ગસદનમાં જા, તને દુખ દેનારને અમે સખ્ત શિક્ષા કરવા જઇએ છીએ. ચાલ જ્ઞાનચદ્ર ! હવે વાર કર નહિ કહી ઉન્મત્ થયેલી બાળા ગુટણે પડી જ્ઞાનચદ્ર તૈયાર થયો. કમ્મરે લટકતી તલવાર મ્યાનમાથી બ્હાર ખેચી કાઢી ! તેણે પુન એકવાર આસપાસ જોઇ બૂમ મારી કહ્યુ. કુમારિકા ? પણ કોણ બોલે. તે બાળા બ્રહ્માડમા રમણ કરવા લાગી. તેનો આત્મા પ્રભુના ધ્યાનમા ધ્યાનસ્થ થઇ ગયો હતો. ફરીથી

જ્ઞાનચન્દ્રે બૂમ મારી, છતા તેણે જવાબ આપ્યો નહિ. તેણે તરત તલવાર ઉંચી કરી. પણ પ્રભુ રાખનાર તેને કોણ ચાખનાર ?

સત્યવ્રતે ત્યા દોડી આવીને પાછળથી જ્ઞાનચન્દ્રનો હાથ પકડી તલવાર છીનાવી લીધી જ્ઞાનચન્દ્ર સ્તબ્ધ બન્યો, કે તરત કુંજ પણ તેની જગાએથી નીકળી આવી પૂછવા લાગ્યો –માનવના રૂપના પશુ ! શુ તુ આ નિર્દોષ કુમારિકાનો ઘાત કરવા અહિં આવ્યો છે ? પણ એમ સમજજે કે અમે જ્યા સુધી અહિ છીએ ત્યાં સુધી તુ આ બાળાનો એક વાળ પણ વાકો કરી શકવાને સમર્થ નથી.

તેમજ સમજી લેજે કે આ બાળાનો નાશ કરતાં તુ ક્યાંક કાળનો ગ્રાસ ન થઈ જાય ? સત્યવ્રતે તલવાર સાથે સામે આવી કહ્યુ.

જ્ઞાનચન્દ્ર ગભરાઇ ગયો તેના હાથમાનુ શસ્ત્ર બીજાના હાથમા ગયેલુ જોઇ ગભરાયેલા જ્ઞાનચન્દ્રે પૂછ્યુ તમે કોણ છો ?

દુષ્ટોના કાળ, ને નિર્દોષના રખવાળ કુંજે કહ્યુ.

શુ તમારો વિચાર મને મારી નાખવાનો છે ? જ્ઞાનચંદ્રે પૂછ્યુ

ના, અમે એવા ક્રૂર નથી કે અમૂલ્ય માણુસના દેહનો અત લાવીએ. પણ જો તું સામો થઇશ, તો જરૂર મરણને શરણુ થઇશ. જા, અમે તને જીવતો જવા દઇએ છીએ, અને જતા જતાં તને જણાવીએ છીએ કે, તારા કૃષ્ણલાલને કહેજે કે બે મુસાફર તારો ઘાટ ઘડવાની પ્રતિજ્ઞા કરી સમયની રાહ જુવે છે જા, ચાલ્યો જા, અમે વધારે વાર તારૂં કાળુ મુખ જોવા ઇચ્છતા નથી. જ્ઞાનચન્દ્ર શાન્ત રહ્યો. જો કે તે બળવાન હતો પણ આ વખતે તે કાઇ પણ બોલી શક્યો નહિ. તે ધીમે પગલે નીચુ મ્હો કરી ત્યાથી ચાલ્યો ગયો. બાદ કુજ અને સત્યવ્રત ધ્યાનસ્થ બાળાના બધ છોડી નાખી તેને જાગૃત કરવા લાગ્યા.

પ્રકરણ ૨૦ મું.

" જંગલમાં મંગળ. "

રાત્રિ કયારનીએ પડી ચૂકી હતી. હિંસક પ્રાણીઓ ઘુમાઘૂમ કરતા આમથી તેમ દોડાદોડી કરી રહ્યા હતા. આકાશ સ્વચ્છ હતું. તારાઓ મોતીની માફક ઝગઝગી રહ્યા હતા.

તે બાળા હજી પાષાણ પ્રતિમા સમાન ધ્યાનસ્થ થઇ બેસી રહી હતી. કુંજ અને સત્યવ્રતે અનેક ઉપાયો કર્યો પણ તે જાગૃત થઇ નહિ. આથી થાકી બન્ને જણા તેનાથી થોડેક દૂર જઇ બેઠા

ત્યાર બાદ લગભગ એક કલાકના સુમારે ધ્યાનસ્થ બાળા જાગૃત થઇ તેણે આંખ્યો ઉઘાડી આસપાસ જોયું જ્ઞાનચંદ્ર ત્યાં જણાયો નહિ તેણે આશ્ચર્ય પામી પોતાના શરીર સામું જોયું તો શરીર બંધન-મૂક્ત જણાયું. અરે આ શું! કહી તે આશ્ચર્યથી ઉભી થઇ ચોતરફ નજર ફેરવવા લાગી. પણ તે ભયંકર અંધકાર સિવાય બીજું કાંઇ જોઇ શકી નહિ જ્ઞાનચંદ્ર ક્યાં ગયો? શું તેને મારી દયા આવી હશે? અને તેથી તે મને મારી નાખ્યા વિના ચાલ્યો ગયો હશે? આમ મનમાં વિચાર કરવા લાગી. ના, ના, જ્ઞાનચંદ્ર મને મારી નાખ્યા વિના જાય નહિ. પાપાત્મા કૃષ્ણલાલના પાપી મરદારના હૃદયમાં કદાપિ

દયા ઉત્પન્ન થાય જ નહિ. તે પાપી આટલામા જ છુપાઇ રહી મારી દશા જોઇ હસતો હશે. લાવ ત્યારે હવે હુ જાતે જ તેને બોલાવી મરણને શરણ થાઉ આમ વિચારી તેણે ઉન્મતની માફક બુમો પાડવા માડી જ્ઞાનચદ્ર ! આવ, શા માટે છુપાઇ રહી દુખીના દુખની મશ્કરી કરે છે ? ચાલ હવે હુ મરવાને તૈયાર થઇ ગઈ છુ. જ્ઞાનચદ્ર ! કહે હવે મને મારી નાખવાની કેટલી વાર છે ?

" તેના અવાજથી દૂર બેઠેલા કુજ અને સત્યવત ત્યાં દોડી આવ્યા ઘાઢા અધકારમા એક બીજાના મુખ પણ બરાબર જોઇ શકાતા નહોતા કુંજે તેની નજીક આવી કહ્યુ -- બાળા ! સ્વસ્થ થાઓ તમે જેને બુમો મારી બોલાવો છો તે જ્ઞાનચદ્ર અહિ નથી

" હેં ! શુ જ્ઞાનચદ્ર અહિ નથી ? ત્યારે તમે કોણ છો ? હા સમજી તમે જ્ઞાનચદ્રના સેવકો હશો, અને તેની આજ્ઞાનો અમલ કરવા અહિ આવ્યા હશો ? તે ગમણી ગાડાની માફક પૂછવા લાગી

" બ્હેન ! શાન્ત થા. અમે જ્ઞાનચંદ્રના સેવકો નથી, અને તેને ઓળખતા પણ નથી અમે તો તમને તે પાપીના પજામાથી છોડાવનાર મુસાફરો છીએ સત્યવતે જણાવ્યુ.

" હે ! શુ તમે મને છોડાવનાર ?! વાહ પ્રભુ ! તમારો કેટલો ઉપકાર ! કહી કિશોરી પ્રભુને પ્રણામ કરી બોલી—દયાળુ દીલના મુસાફરો ! તમે આ દુખી અબળાનો બચાવ કરી મારી ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. મારી પાસે ઉપકાર માનવા જેટલા શબ્દો પણ નથી કે જેથી હુ તમારો ઉપકાર માનુ. દુખીનું કલ્યાણ કર-

નાર મુસાફરો ! આ કુમારિકાની આશીશ છે કે સદા સર્વદા તમારો વિજય થાઓ.

" તેનો આશીર્વાદ અગીકાર કરતા સત્યવ્રતે પૂછ્યુઃ—બ્હેન ! હવે તમે અમને જણાવશો કે તમારે કયા જવુ છે ? અમે આ માર્ગથી તદ્દન અજાણ્યા છીએ. પરતુ તમે કહેશો ત્યા અમે તમને મુકવા આવીશુ. તમારૂ સ્થાન અહિથી ઘણુ દૂર નહિ હોય ?

તેનો પ્રશ્ન સાભળી તેણે નિશ્વાસ નાખી કહ્યુ —મારૂ નિવાસ સ્થાન નષ્ટ થયુ છે. આ સસારમા મારૂ કોઇ નથી હુ નિરાધાર છુ. માટે હવે તમે જાઓ. મને અહિ રહેવા દઈ મારા ભાવીને તાબે થવા દયો. નાહક હુ તમને ખોટી કરૂ છુ. જાઓ. પ્રભુ તમારૂ મગળ કરો.

" કુજ દયાથી દબાઇ બોલી ઉઠયો —બાળા ! આટલુ બધું ઓછુ મનમા લાવો નહિ. સુખ દુખની ઘટમાળ સર્વને માથે ફર્યા કરે છે. જ્યારે તમારૂ કોઇ નથી, ત્યારે અમે તમને અહિ એકલાં રાખી કદાપિ જનાર નથી. અમે તમારૂ રક્ષણ કરીશુ; અમે જઇશું ત્યા તમને લઇ જઇશુ. બાળા ! અમે દુખીઓના દુઃખ દૂર કરવાની દિક્ષા લીધી છે, અને એજ કારૂણથી આ અઘોર જગલમાં ભટકીએ છીએ તમે મનમા દુખી થશો નહિ. "

" અરે રે ! તમે મારા માટે કેટલુ બધુ કરી રહ્યા છો ? હું આ ઉપકારનો બદલો કયારે વાળી શકીશ " તે બાળા એ કહ્યુ.

" ઉપકારની જરૂર નથી. માણુસ માત્રની જે ફરજ છે તે અમોએ બજાવી છે. એમાં અમે વિશેષ કાઇ કર્યું નથી બ્હેન ! તમારૂં નામ શુ છે ? ' સત્યવ્રતે પૂછ્યુ.

" મારૂ નામ "કિશોરી" છે. " તેણે જવાબ આપ્યો.

" તોપનો ગોળો ફુટતા માણસ જેમ ચમકે તેમ કુંજ ચમકયો. તે આંખ્યો ને ખેંચાય એટલી ખેંચી તેને જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ અંધકારમા તે તેના મુખનુ અવલોકન કરી શકયો નહિ. તે મન સાથે જ બોલી ઉઠયો:—શુ આ બોલનાર બાળા મારી ગૂમ થયેલી કિશોરી તો નહિ હોય ? એનો અવાજ મારી કિશોરીના અવાજને મળતો આવે છે. હૃદય શાન્ત થા, જે કિશોરી તને રડાવી ચાલી ગઇ છે, તે કિશોરી પ્રભુ કૃપાએ મળી આવી હોય એમ જણાય છે હમણા જે હશે તે જણાઇ આવશે આમ ગડભાગ કરતો કુંજ શાંત થઇ પૂછવા લાગ્યો —કિશોરી ! તમારૂ નામ સાંભળી મને તમારા પિતા સાથે તમારૂ નિવાસસ્થાન જાણવાની ઇચ્છા થાય છે. જો કંઇ હરકત ન હોયતો ભેગાભેગુ તે પણ જણાવવાની કૃપા કરો.

એમ ન બોલો તમારી કૃપાને પાત્ર તો હું છુ, છતા એવુ કહી મને શા માટે શરમાવો છો ? વીર પુરુષ ! હું સૌરીપુર નામના નગરમા રહેનાર પંડિત "હરીહરરાય"ની કન્યા છુ. હા. પિતા કહી કિશોરી નીચે બેસી ગઇ

" બસ આજ મારી પ્રિયતમા ! કહી કુંજ સત્યવ્રતને કહેવા લાગ્યો—સત્યવ્રત ! ચકમકથી અગ્નિ પ્રગટ કરી પ્રકાશ કરો. આજે મારી આશાનો ઉદય થયો છે. અંધકારમા ડુબેલુ હૃદય પ્રકાશમાં આવ્યું છે. "

" સત્યવ્રત વિસ્મિત્ થઇ, અગ્નિ પ્રગટ કરવા લાગ્યો. થોડીવારમા તેણે સાથે રાખેલા ચકમકથી એક પોચુ લાકડું સળગાવી પ્રકાશ કર્યો. "

" પ્રકાશમા નીચું જોઇ અશ્રુ સારતી કિશોરીના મુખનુ અવલોકન કરી કુંજ આનદના આવેશથી તેની પાસે ધસી જઇ તેનો હાથ પકડી બોલી ઉઠયો—"મારી કિશોરી! સાવધ થા, ને મારી સામે જોઇ મને ઓળખ કે હું કોણ છુ.

" કિશોરી એબાકળી બની તેના સામે જોઇ રહી, અને અતે તેને ઓળખી તે આનંદની ચીશ પાડી ઉઠી.—ઓ મારા પ્રભુ !. તમે તો મારા કુંજ વિહારી ! દેવ ! આ ગૂમ થએલી દાસી પુનઃ આપના શરણમા આવી છે. કહી કિશોરી કુંજના ગળે વળગી પડી

" બન્નેના આનદનો પાર રહ્યો નહિ સત્યવ્રત પણ જગલમા મગળ થયેલુ જોઇ આનદ પામી બન્નેને આશીર્વાદ આપવા લાગ્યો."

" કુંજ અને કિશોરી ઘણી વાર સુધી એક બીજાને વળગી રહ્યા. કિશોરી તેને વળગી હરીહરરાયને સભારી રડવા લાગી તેના ઉષ્ણુ અશ્રુએ કુંજનુ હૃદય પિંગળ્યુ તે તેના આસુ લ્હોતો પૂછવા લાગ્યો. કિશોરી! તારા રડવાથી હુ અનુમાન કરૂ છુ કે હરીહરરાય ને માથે કંઇક સકટ આવેલુ હોવુ જોઇએ.

" પ્રભુ ! સકટની સીમા નથી. મારા પિતા મને એકલી મૂકી ક્યારનાએ પરલોક પધારી ગયા છે. કુંજ! વ્હાલા કુંજ ! મારા ગરીબ પિતા ભયકર રીતે મરણને શરણ થયા છે કહી કિશોરી બેફાટ રડવા લાગી."

" તેને હૃદય સાથે દાબી શાન્તિ આપતો કુંજ બોલ્યો— કિશોરી ! મારી મીઠડી ! આમ કલ્પાત કરવાથી તું હવે કદાપિ પણ

હરીહરરાયને જોઇ શકવાની નથી. માટે શાન્ત થા અને જણાવ કે તેમનુ મ્હોત શાથી થયુ'"

" ક્રૂર કૃષ્ણલાલની કુટિલતાથી મારા પિતાનુ તેને હાથે જ અકાળે મરણ થયુ. હા, પિતા... વ્હાલા પિતા કહી કિશોરી નિશ્વાસ નાખવા લાગી "

" કુંજ ચમકી બોલી ઉઠયો.—શુ પાપી કૃષ્ણલાલે વૃદ્ધ હરીહરરાયની હત્યા કરી !? હર, હર, આશો ગજબ ! કિશોરી ! તે કાળા કર્મના કરનારના કારસ્થાનની સર્વ હકીકત મને જણાવ. તે નર પશુ તમને કયાથી અને કેવી રીતે લઇ જઈ પાપ કર્મ કરવામા ફાવ્યો હતો ? "

" કિશોરી તેની હકીકત જણાવે તે પહેલા સત્યવ્રત વચમા કહેવા લાગ્યો.—બ્હેન ! તમે ભૂખ્યા હશો, માટે પ્રથમ આ મારી પાસે વધેલા ફળનું પ્રાસન્ન કરો, અને પછી સ્વસ્થ થઇ તમારી વાત શરૂ કરો. વાતમા રાત પણ જલ્દીથી ખુટી જશે કહી સત્યવ્રતે પાસે રાખેલા ફળ કિશોરીને આપ્યા. કિશોરી ફળ ખાઇ શાન્ત થઇ એ અરસ્સામા સત્યવ્રતે ત્યા પડેલા પાદડા, કચરો વગેરે સાફ કરી જમીન ઉપર વસ્ત્ર પાથરી દીધુ "

" ત્રણે જણા પાથરેલા વસ્ત્ર ઉપર બેઠા. ત્યાર પછી કિશોરીએ કુંજવિહારીના મકાનેથી નાકળી હોડીયામા બેઠા પછી બનેલા બનાવની તમામ હકીકત કહી સભળાવી. વાતને અતે કૃષ્ણલાલે જે કટારથી પોતાના પિતાનુ કમકમાટી ઉપજાવે એવી રીતે ખૂન કર્યું હતું, તે કટાર સોડીયામાંથી બહાર કાઢી કુંજને દેખાડતા કિશોરી કહેવા લાગી—જુઓ, આ પાપીની કટારા કે જે કટારે એક વૃદ્ધ બ્રાહ્મણનુ લોહી પીધુ છે. "

" કુંજે કૃષ્ણલાલની કટાર ઓળખી, તેના જુલ્મની વાત સાભળી તેનુ મન ઉશ્કેરાઈ ગયુ. કટાર કિશોરીને આપતાં તે આવેશયુક્ત થઇ બોલી ઉઠયો —

ધિક્કાર છે પાપી કૃષ્ણલાલ ! કે તારા મિત્રની થનાર પત્ની ઉપર કુદષ્ટિ કરતા તું પોતેજ કેમ મરી ગયો નહિ ? ક્ષત્રિય કુળના અ ગારા આખરે બ્રહ્મહત્યા કરતા પણ ન ડર્યો ? પાપના પુતળા હવે તો —

" પાપી પિશાચી કર્મ ત્હારૂ, શ્યામ મુખ જોવુ નથી,
ધરા ધ્રુજી જો રહી, સમજ જીવવાનુ નથી,
ચદ્ર તારા સૂર્યને, વળી દેવ કપી જો રહ્યા,
સમજ જે પાપી મન વિષે કે દિન તારા ખુટીયા.
આજથી આ કુજને મિત્ર તારો જાણ ના,
કિશોરા પર કુદ્રષ્ટિથી, શત્રુ તારો જાણ આ,
\+ + + + +
વ્યાપી જવાળા દેહમા, સુણી પ્રિયાનુ દુ ખ હા,
સ્હાય કરો વિશ્વભરા, મારૂ શત્રુ ઠાર હા.

આમ બોલતો કુજ શૌર્યાવેશથી કપવા લાગ્યો. તેના હાથ હથીઆર ખોળવાને ઉચા નીચા થવા લાગ્યા

" સત્યવ્રત તેની સ્થિતિ જાણી તેની પાસે જઇ કહેવા લાગ્યો -ભાઇ ! અત્યારે ક્રોધ કરવો નકામો છે. સમય આવે જોર લેવાશે, માટે શાન્ત થાઓ. "

" સત્યવ્રત ! હું શાન્ત છુ. કહી કુંજે કિશોરીને કહ્યુઃ-- કિશોરી ગઇ ગુજરી ભૂલી જજે અને થોડા સમયમા આ તારો કુંજ કૃષ્ણલાલના શા હાલ કરે છે તે જોજે બાળા ! તારી ઉપર

ગુજારેલો જુલમ સાંભળી હું કપુછું. વૃદ્ધ હરીહરનુ ખૂન જાણે આજે જ ન થયુ હોય એમ હુ જોઉં છુ કિશોરી! હાલમા તે પાપીના શુ સમાચાર છે ? ”

“ પાપીના સમાચાર પાપમય જ હોય છે હાલમા તે નર પિશાચ રત્નનગરના પાટવી કુમાર સરોજને પકડી લાવ્યો છે, તેમજ પ્રધાન રાયમલની પવિત્ર પુત્રી સરલાનુ હરણ કરી લાવ્યો છે. તે તેમની ઉપર અત્યત જુલ્મ ગુજારે છે કિશોરીએ નવીન સમાચાર જણાવ્યા.”

“ હા જુલમગારના જુલ્મની હદ આવી રહી” કિશોરી! તે સિવાય હવે કાઇ કહેવાનુ બાકી છે ? કુજે પૂછ્યુ.

“ હા, આજથી ચોથા દિવસે તે પાપી રાયમલ પ્રધાનને પણ ફસાવી લાવ્યો છે, અને તેને કોટડીમા પુરી ત્રાસ આપતા વાર વાર તેની પાસે સરલાની માગણી કરે છે કિશોરીએ વધારે જણાવ્યુ. ”

“ રાયમલના પ્રાણનો નાશ થશે તો પણ તે તેની માગણી કબુલ કરનાર નથી ” હુ પ્રધાનના હૃદયને સારી રીતે ઓળખું છુ. સત્યવ્રતે વચમા જણાવ્યુ

“ અરેરે! ત્યારે તો જરૂર તે ભલા પ્રધાનનુ મારા પિતાની માફક ખૂન થશે. કિશોરીએ કહ્યુ.

“ પ્રભુ તેને બચાવશે, વારૂ તે સરોજના વિષે શુ ધારે છે ? કુંજે પૂછ્યું.

કિશોરી બોલી:—જો સરલા રાજી ખુશીથી તેની સાથે પરણશે, તો તે પાપી સરોજને છોડી મૂકશે. સરલા નહિ માને તો તેનો અને સરોજનો સાથે અંત આવશે

"હા વિભો ! આ કેવો ભયંકર પ્રસંગ આવી પહોચ્યો છે, અને આ દુષ્ટ કૃષ્ણુલાલ પવિત્ર વંશમા આવો ઘોર ઘાતકી પાતકી ક્યાથી ઉત્પન્ન થયો છે ? આમ બોલી કુંજે દિર્ઘ નિશ્વાસ નાખ્યો.

"કુંજભાઇ ! હવે શુ વિચાર છે ? સત્યવ્રતે પૂછ્યુ."

"વિચારમા હવે એજ કે સવારના પહોરમાંજ આપણે અહિંથી નીકળી ને દુષ્ટાત્માની શોધમા ફરવુ. તેના છૂપા રહેઠાણોનો પત્તો મળતાં આપણે પ્રથમ તો તેના પંજામા ફસાયેલા નિર્દોષ જનોનો યુક્તિથી ઉદ્ધાર કરવો કુંજે તેના વિચાર જણાવ્યા.

"કિશોરી બ્હેન ! હુ ધારૂ છુ કે તમને તે પાપીના છૂપા રહેઠાણોની માહિતી હશે ? સત્યવ્રતે પૂછ્યુ.

"હા, હુ તેના તમામ ગુપ્ત સ્થળોથી માહિતગાર છુ. હુ તમને ઘણી ઉપયોગી થઇ પડીશ વ્હાલા કુંજ ! આ કિશોરી હવે તમારીજ છે. તે તમારી સાથે આવશે, ને સમય મળતા આ તેની કટારથીજ તેનો અંત આણી પિતૃ વૈરની પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. કિશોરીએ આવેશ યુક્ત થઇ જણાવ્યુ.

"મારી કિશોરી ! દુ:ખથી તું હિંમતવાન થઇ હોય એમ જણાય છે. પ્રભુ આપણો મદદગાર થશે, અને તેની કૃપાથીજ સર્વ કામ સિદ્ધ થશે. સત્યવ્રત ભાઇ ! હવે રાત્રિ કેટલી બાકી હશે ? કુંજે પૂછ્યું.

"સત્યવ્રતે આકાશ સામે જોઇ કહ્યુ —ભાઇ ! હવે તો મોટું પરોઢ થશે.

" ત્યારે હવે આપણે અહિંથી ચાલીશુ? કિશોરીએ પૂછ્યુ

" રસ્તાની માહિતી વિના આપણે આગળ કયા જઇશુ? કુંજે પૂછ્યુ.

રસ્તાની મને ખબર છે, જુઓ. આ સીધો રસ્તો કૃષ્ણલાલના ખંડેર ભણી જાય છે ને આ બાજે રસ્તો રત્નનગર તરફ જાય છે કિશોરીએ કહ્યુ.

" " ત્યારે આપણે કૃષ્ણલાલના ખંડેરવાળા રસ્તે ચાલો કહી કુંજ ઉભો થયો

મોટું પરોઢ થયું હતું. ઝાંખો ઝાંખો પ્રકાશ જગત્ પર પડી રહ્યો હતો. આંબાના વૃક્ષપર કોયલ મધુર સ્વરે ટહુકાર કરી રહી હતી એવા સુખકારક સમયે દયાળુ દિલના ત્રણ જણા કૃષ્ણલાલના ખંડેરના માર્ગે પ્રયાણ કરવા લાગ્યા.

પ્રકરણ ૨૧ મું.

" ભીલ દેવીનો ઉપદેશ."

પ્રાતઃકાળના સમયે નંદન વનના ચોગાનમા ભીલ મંડળ એકઠું થયુ હતું સર્વની વચમાં મૃગચર્મના આસનપર ભીલ દેવી બિરાજી હતી તેમની પાસે કૌમુદિની અને બીજી અન્ય ભીલ બાલિકાઓ બેઠેલી હતી. ભીલદેવીના સહવાસથી ભીલ મંડળ સુધરી ગયુ હતું. તેઓની જંગલી ભાષા પણ શુદ્ધ થઈ ગઇ હતી. અહા, સારી સંગતનો કેવો પ્રભાવ! સર્વત્ર શાન્તિ ફેલાઇ રહી હતી,

આખરે ફેલાઇ રહેલી શાન્તિનો ભગ કરી એક વૃદ્ધ ભીલ ઠાકોરે પૂછ્યુ '—મહાદેવી ! આ કેવી જાતનો સમય આવ્યો છે કે તેની કાઇ પણ ખબર પડતી નથી ? બ્રાહ્મણોએ તેમના કર્મો ત્યાગ્યા છે. ક્ષત્રિયો બળહિન્ થઇ નમાલા થઇ ગયા છે. વૈશ્યો હલકા ધધા કરી ગુજારો કરવા લાગ્યા છે બાર બાર વર્ષની બાળકીયો ગર્ભ ધારણ કરે છે. અરે ! આવો કુડો કાળ કયાથી આવ્યો હશે? અરેરે ! તે ધર્મહિમ્ થયેલા મનુષ્યોનુ શુ થશે ?

ભીલદેવી—ઠાકોર ! તેમનુ શુ થશે તે આપણાથી કેવી રીતે જાણી શકાય ! સમયની બાજી પ્રભુના હાથમાં છે. કારણકે ધર્મહિન્ થયેલા જનોને સુધારનાર પ્રભુ સિવાય કોઇ નથી પ્રભુ સર્વ કાર્ય કરવા શક્તિવાન છે. માટે આપણે તેનાજ ગુણ ગાવા જોઇએ નિસદિન તેનુજ ધ્યાન ધરવુ જોઇએ. બ્હેન વાસન્તિ ! મ્હે તને જે પ્રભુનુ ભજન શીખવાડયુ છે તે ગા જોઇએ જેવી આજ્ઞા માતાજી કહી વાસન્તિ નામક ભીલ બાળા તેના કોમળ કંઠથી ગાવા લાગી

પ્રભુ તારી ભક્તિ કઇ રીતે કરીએ,
કે માયા મોહથી સદાય ડરીએ. ... ... ' ... પ્રભુ.
રામ ન મળતા, દામ ન મળતા, અપ્રવચમાં અમે મરીએ,
પાપ પ્રબધો, અનેક બાધીને, ભવસાગર કેમ તરીયે ... પ્રભુ
આ તન મન ધન સરવે અરપણ,
સ્મરણ તારૂ સગરીએ.... ... ... પ્રભુ.
દુખીની વ્હારે શુરવીર બનીને, તારા માફક ખરીએ,
ગાયો ચારે ગોવાળ બન્યા, એવુ ધ્યાન હૃદયમાં ધરીએ....પ્રભુ.
ગાન પૂરૂં કરી ભીલ બાળાએ ભીલ દેવીને પ્રણામ કર્યા.

તેને માથે હાથ મૂકી દેવીએ કહ્યુ —બેટા દિર્ધાયુ થજે, ને તારા ઉભય કુળને તારજે. અહા ! પ્રભુ ભજનનો મહિમા કેટલો છે! ખરેખર ! માણસ ખરા દિલથી જે ધારે તે કરવા સમર્થ છે. હમેશા સારાં કર્મથી સારાજ ફળ પ્રાપ્ત થાય છે. પ્રભુ તેના ભક્તને સારાજ પથે દોરે છે જુઓ સાભળો.

પ્રભુના સ્મરણથી દાડા વળશે,
એથી અવિદ્યા નહિ છળશે. .. પ્રભુ,
ટીપુ થઇ સાગરને મળશે,
સત્ય બોલ જે પળશે ... ... પ્રભુ.
પાપ પુન્ય રૂતુએ ફળશે,
કરણી કસોટી દળશે. .. ... પ્રભુ.
વાવે તેવુ અનાજ લણશે,
સગત રંગત ભણશે. ... ... પ્રભુ.

મારા ભાઇયો ! સત્ય ધર્મથી વિમુખ થશો નહિ. સ્વપ્નમા પણ પાપ કર્મ કરશો નહિ. હમેશા સારા સહવાસથી બુદ્ધિ સુધરે છે, દુષ્ટના સહવાસથી પાપની વૃદ્ધિ થાય છે.

ભીલ ઠાકોર—દેવી ! જ્યા ત્યા કળીયુગના પ્રભાવે અધર્મનો ઉદય થઈ ગયોછે. જ્યા ત્યા અભક્ષાભક્ષ ચાલી રહ્યુ છે. વિશુદ્ધ કુળોમા દારૂ માશનુ જોર વધી ગયુ છે, તેમજ દયા, નીતિ, વિવેકનો નાશ થઈ ગયો છે. તેવામા પ્રભુ ભક્તિ કેવી રીતે કરી શકાય ?

બીલદેવ—અનુભવી ઠાકોર ! તમે ઘણોજ સારો પ્રશ્ન મને પૂછયો. જુઓ સાભળો. દુષ્ટ લોકોના અત્યાચારથી તેમને ચમત્કાર દેખાડવા પ્રભુએ દુષ્કાળ, ભયંકર રોગ વગેરે ફેલાવી દીધા છે. છતા

જો તેઓ સત્ય ધર્મે નહિ ચાલે તો પ્રભુ આ પૃથ્વીપર અવતાર લઇ, દુષ્ટજનોને દડશે ને તેમના ભક્તોને ઉદ્ધારશે.

ભીલ ઠાકોર—મહા દેવી ! એ પ્રભુ હવે ક્યારે અવતાર ધરશે ? જુઓને આ અનાવૃષ્ટિથી તેમજ ભયકર રોગોથી દુષ્ટોની સાથે ભક્તો પણ અત્યત પિડાય છે.

ભીલદેવી—સમય સમયનુ કામ કરે જાય છે. જે જે થાય છે તે સારૂજ થાય છે, એમ માની મનમા શોક કરવો નહિ. જ્યારે અધર્મની અત્યત વૃદ્ધિ થાય છે, ત્યારે અવશ્ય પરમાત્મા અવતાર ધારણ કરી તેમનો ચમત્કાર દેખાડે છે ઠાકોર ! એ સમય હવે પાસે જ છે માટે પ્રભુનુ ધ્યાન ધરવુ એજ શ્રેષ્ઠ છે.

ભીલ ઠાકોર—માજી ! સસારના કામ કરવા ને પ્રભુ ભજવા એ બન્ને શી રીતે બની શકે ? પ્રભુ ભજવા બેસીયે છીએ ત્યારે છોકરા ખાવાનુ લાવો, ખાવાનુ લાવો, એમ બોલતા કનડે છે, અને ઘરના બૈરા છેડો વાળી રડે છે એ બધી ઉપાધીમા પ્રભુને કેવી રીતે ભજવા ?

ભીલદેવી—ઠાકોર ! પ્રભુનો નિયમજ એવા પ્રકારનો છે કે, પાપીને પાપની સજા અવશ્ય થાય છે. જે જનો નીતિ વિરૂદ્ધ વર્તી ન કરવાના કાર્યો કરે છે, તેને પ્રભુ ભયકર રોગ મૂકી આ જન્મમાજ શિક્ષા કરે છે દુ ખ પ્રસગે પ્રભુ ભજવાને જે વધારે આતુર થાય છે, તેને પ્રભુ સર્વદા ગયબી સ્હાય કરે છે

ભીલ ઠાકોર—ધન્ય છે. પણ દેવી ! ભક્તિ કરતા અને નીતિને પથે ચઢતા વિધ્નો આવી પડે છે તેને માટે શુ સમજવુ ?"

ભીલદેવી—ઠાકોર ! હજી પણ ન સમજ્યા ? નીતિને પથે જતા કદાચ વિધ્ન નડે તો સમજવુ કે પ્રભુએ કોઇક ગુપ્ત પાપની આ જન્મમાંજ સજા કરી છે. હમેશા પ્રભુના એકજ નામમા વિ–

શ્વાસ રાખી દરેક માણસે તેને ઓળખવાનો અભ્યાસ કરવો જોઇએ. પ્રથમ મનને વશ કરવુ આપણુ મનજ સારા યા નરસા કર્મ કરવાને ઉશ્કેરાય છે પ્રથમ તો આપણી આખ્યોને સભાળવાની જરૂર છે ખોટી દૃષ્ટિ થતાજ તેને બધ કરી દેવી જોઇએ કે કદાપી મોહ ઉત્પન્ન ન થાય પ્રભુએ કાન આપ્યા છે તે કોઇની નિદા અગર ખરાબ વાર્તાઓ શ્રવણ કરવાને નહિ પણ કથા, દુખીની દાદ વગેરે સાભળવાને આપ્યા છે પ્રભુ સર્વના હૃદયમા નિવાસ કરી રહ્યા છે.

સૌનો સરખો આત્મા, જેમા વસે કિરતાર,
અભિમાન તોડે સર્વદા, તે મોટો સરદાર.
મહા કાળના એ કાળ છે, દિન બન્ધુ દાતાર,
નારદ સનકાદિક પણ, પામે ન જેનો પાર

ઠાકોર ' **જેની પાસે લક્ષ્મી, પુત્ર, સ્ત્રી છે. તેમને સુખી જાણવા એ ભૂલ ભરેલું છે, પણ તે સર્વની સાથે દયા, શ્રદ્ધા, ક્ષમાને સેવાના જેનામાં ગુણ છે, તેજ મહા ભાગ્યવાન સમજવા.** બેટા કૌમુદિની પેલુ ઉપદેશામૃત નામક ભજન સર્વને સભળાવ જોઇએ. જેવી આજ્ઞા કહી કૌમુદિની કોમળ કઠથી ગાવા લાગી.

" તમારા દાનના બીજો, અનુકૂળ ક્ષેત્રમા વાવો,
દઇને દાન સુપાત્રે, લીઓ આ જન્મનો લ્હાવો ... તમારા
તમારી આધળી શ્રદ્ધા, અનાચારો વધારે છે,
ખરા દારિદ્ર કે દુખો જરાએ ના ઘટાડે છે. ... તમારા
તમારા દાનથી દારૂ, અફીણુ ભાગો ઘૂટાએ છે,
અખાડામા મળી ટોળા ચરસ ગાજો ફૂકાએ છે. ... તમારા

અરે ઓ હિંદના પુત્રો ! હવે કંઇ આંખતો ખોલો
તમારા દાનના વારિ, કુમાર્ગે ના હવે ઢોળો, તમારા
તમારા દાનથી પાળો, અનાથોને નિરાધારો,
રડે છે ટુકડા માટે, વહેછે આસુની ધારો તમારા
રખડતાને રઝળતા જે, તમારા દેશ બન્ધુઓ,
પ્રીતેથી છાતીએ ચાપી, દુખીના આસુડા લૂછો. તમારાં

(વાર્તા વારિધિ)

દાન દેવુ તે આવીજ રીતે જ્યારે આ ઉપદેશ પ્રમાણે સર્વજનો વર્તશે ત્યારેજ આ દુખી દેશનો કંઇક દહાડો વળશે કહી બીલદેવી શાન્ત રહ્યા. ભીલમ ડળે જય જયકારનો ધ્વનિ કર્યો સૂર્ય ભગવાન સોનેરી કિરણોથી પ્રકાશી રહ્યા હતા. સર્વ મડળ દેવીના ઉપદેશનુ મનમાં મનન કરતું શાન્તિથી બેસી રહ્યુ. આખરે તે શાન્તિનો ભગ કરી બીલદેવીએ પાસે બેઠેલી કૌમુદિનીને કહ્યુ -કૌમુદિની ! આપણો જસરાજ હજી સુધી આવ્યો નથી, તેથી શકા થાય છે કે અવશ્ય રાજા ચદ્રશેખર વિપત્તિના વાદળથી ઘેરાઈ ગયા હશે.

"મા ! શુ રાજા ચદ્રશેખર હજી રત્નનગર નથી ગયા ? કૌમુદિનીએ પૂછ્યુ

"રાજા નગરમા કેટલાએ દિવસથી ગયા છે, પણ મારા સાભળવા પ્રમાણે કાલે એવી ખબર મળી હતી કે -કૃષ્ણલાલ તેના માણુસો સાથે રત્નનગર રાજાની પર રાતને સમયે હુમલો લઇ જનાર છે અને તેનો સરદાર જ્ઞાનચદ્ર આપણને પકડવા આવનાર છે. બીલદેવીએ જણાવ્યુ.

શુ સરદાર જ્ઞાનચંદ્ર ! કૌમુદિની આશ્ચર્ય પામી બોલી ઉઠી.

" હા, કૌમુદિની ! એજ જ્ઞાનચંદ્ર તારો સ્વામિ છે. તે જ્ઞાનચંદ્ર પાપીના સહવાસથી અજ્ઞાનચંદ્ર થયો છે, માટે તે નીતિને રસ્તે આવે નહિ ત્યા સુધી તું શાન્ત રહેજે ને હુ કરૂ તે જોયા કરજે.'

" જેવી માતાની આજ્ઞા "

'કૌમુદિની ! જ્યારે તને સઘળી વાતની ખબર પડશે ત્યારે તને સઘળુ સત્ય સમજાશે. પણ.. જો.. જો... સામેથી કોઇ આવતુ હોય એમ જણાય છે

મારા ધારવા પ્રમાણે તો તે આવનાર જસરાજ હોવો જોઇએ. કૌમુદિનીએ આવનાર તરફ જોઇ કહ્યુ.

નહિ, તે જસરાજ નથી. કૌમુદિની સાવધ આમ કહેતાંજ ભીલદેવી ઉભી થઇ અને પાસે પડેલું ત્રીશુળ હાથમા લઇ ભીલ મંડળને છૂપાઇ જવાની આજ્ઞા કરી. જેમ પિશાચો જમીનમાં અદશ્ય થઇ જાય તેમ થોડીવારમાજ ભીલ મંડળ નંદન વનની ઝાડીમા છૂપાઇ ગયુ. સામેથી ચાલ્યો આવનાર નિર્ભયતાથી નીચુ જોઇ ચાલ્યો આવતો હતો.

વાચનાર ! તે આવનાર જ્ઞાનચંદ્ર હતો'

પ્રકરણ ૨૨ મું.

"જ્ઞાનચંદ્ર અને ભીલદેવી."

જે સમયે જ્ઞાનચંદ્ર કિશોરીને મૂકી કૃષ્ણલાલ પાસે જવા નીકળ્યો, તે સમયે મધ્ય રાત્રિ થઇ હતી. કૃષ્ણલાલ બીજા માણસો સાથે રત્નનગર જઇ રાજા ચદ્રશેખરને ફસાવવાની ગોઠવણ કરતો હતો એટલામાજ જ્ઞાનચદ્ર ત્યા આવ્યો. તેના સારા ભાગ્યે કૃષ્ણલાલે તેને કિશોરી સબધી કઇ પણ પ્રશ્ન પૂછ્યો નહિ. આથી મનમા આનદ પામી તે ત્યા બેઠેલા મડળમા બેઠા સર્વેએ ઠરાવ કર્યો કે આજથી ત્રીજા દિવસની રાત્રે રત્નનગર જવુ, અને યાહોમ કરી રાજાની ઉપર ટૂટી પડવુ, બાદ તેને મારવા કે જીવતો કેદ પકડી લેવો. બાદ ઠરાવ થઇ રહ્યા પછી કૃષ્ણલાલે જ્ઞાનચદ્રને તે દિવસે આવેલી દેવી વિષે તપાસ કરવાનુ સુચવ્યુ. તે કામ કરવાને જ્ઞાનચંદ્ર સવાર થતામા સાથે પાચ માણસો લઇ નીકળ્યો ને નદનવનની સમીપમાજ તેના માણસોને છૂપાવી કહ્યુ કે-સીટી વાગતા દોડી આવજો કહી વિચારમા નીચુ જોઇ ચાલતો જ્ઞાનચંદ્ર નદનવનમા આવી પહોચ્યો. તેને એવી રીતે ચાલી આવતો જોઇ ભીલદેવી ત્રીશુળ ઉપાડી તેની સન્મુખ દોડી આવી પૂછવા લાગી-તુ કોણ છે? તેના પ્રશ્નથી જ્ઞા-

નચદ્રે ઉંચુ જોયુ તે ભીલદેવીને ઓળખી ગયો અને આણે સર્વને ઠગ્યા છે જાણીને ક્રોધથી બોલી ઉઠયો-હુ કોણ છુ તે શુ 'તું નથી જાણતી ?

ભીલદેવી—ના ! હુ તને ઓળખતી નથી ?

જ્ઞાનચદ્ર—દુષ્ટા ! હું તારો કાળ છુ

ભીલદેવી- ઓહ ! શુ તું મારો કાળ ? નહિ, નહિ, તું કાળ નથી પણ મનુષ્ય છે કારણ કે કાળ અહિ આવવાને તેમજ અમારૂં અનિષ્ટ કરવાને શક્તિવાન નથી દુષ્ટ માણસ ! અમને કાળનો પણ ભય નથી જે સદા સર્વદા સર્વનુ કલ્યાણ કરવાને ઇચ્છે છે, તેને કાળથી ભય પામવાનુ કઇ પણ કારણ નથી. જે પાપી છે જે નિરતર અધર્મજ કર્યા કરે છે, જે પારકા ધનની ઇચ્છા રાખે છે, તેમજ જેના દુષ્ટ કામ છે, તેનેજ કાળનો ભય હોય છે, અને તેજ કાળના ત્રાસ થાય છે દુષ્ટાત્માઓ કાળના ગુલામ છે ને તેઓ કાળનુ નામ સાભળતાજ ભયથી ધ્રુજે છે જો તુ મારો કાળ છે તો જવાબ દે કે તુ અહિ કેમ આવ્યો છે ?

જ્ઞાનચદ્ર—શુ તુ નથી જાણતી કે કાળ છે તે નકામો આ-વતોજ નથી ‘ઠગારી અબળા ! ત્હેં એક ભયકર ગુન્હો કર્યો છે ત્હે દેવી સ્વરૂપથી અમને ઠગ્યા છે ને દેવીના નામને કલક લગાડયુ છે. તેથીજ આ કાળ આજે તારો ત્રાસ કરવાને અહિ હાજર થયોછે.

ભીલદેવી—વ્યર્થ બકવાટથી અહિ તારૂ કઇ વળનાર નથી. જો તારે જીવવાની ઇચ્છા હોય તો હજી કહુ છુ કે તુ અહિંથી ચાલ્યો જા કારણ કે તારા અપવિત્ર પગલા આ પવિત્ર ભૂમીને અ-પવિત્ર કરી રહ્યા છે પાપાત્મા ! જતા પહેલા જણાવ કે તારૂં શુ નામ છે ?

જ્ઞાનચંદ્ર—અરે મ્હોતને સ્વાધિન થનારી સુંદરી ! સમજ કે કાળ તારી નજીક છે. મરતા પહેલા જાણી લે કે મારૂ નામ જ્ઞાનચંદ્ર છે.

ભીલદેવી—અરે શું તારૂ નામ જ્ઞાનચંદ્ર છે? અહા ! જ્ઞાનચંદ્ર ! અનીતિના પંથે ચઢી તારા નામને શા માટે કલંક લગાડે છે! જ્યારે જ્ઞાન સર્વ સૃષ્ટિમા પૂજાય છ ત્યારે આ જ્ઞાનનો નામધારી જ્ઞાનચંદ્ર ! હલકાં કર્મો કરી, નિર્દોષ જનોના રક્ત રેડી જગતમાં તિરસ્કારને પાત્ર થાય છે હા, જે જ્ઞાનથી માણસો ઇશ્વરને ઓળખી શકે છે, હા, જે જ્ઞાનથી મનુષ્યો અચળ કીર્તિ સંપાદન કરે છે હા, એજ જ્ઞાનને કાળો ડાઘ લગાડી જ્ઞાનચંદ્ર નામધારી માણસ, એક ખૂની, ચોર લુટારાનો સરદાર થઇ તેના નામને કલંકીત કરી રહ્યો છે જ્ઞાનચંદ્ર ! જ્ઞાનચંદ્ર ! હજી સમય છે જો સમજવુ હોય અને તારા નામનુ સાર્થક કરવુ હોય તો આજથી પ્રતિજ્ઞા કર કે કદાપિ નીચ કર્મો નહિ કરૂ. જ્ઞાનચંદ્ર ! મારૂ કહેવુ માન ને તારા નામનુ કલ્યાણ કર પ્રભુ તારીપર પ્રસન્ન થશે, અને જતે દિવસે તારા યશોગાન ગવાશે

જ્ઞાનચંદ્ર—બસ બહુ થયુ હુ તારો ઉપદેશ સાભળવા નથી આવ્યો. હુ જે કરૂ છુ તે સદા સર્વદા કરવાનો છુ. મારા કામમા કેવી મઝા રહેલી છે તે તું શુ જાણે ! વનમા વસતી ડાકણ ! આજ હુ તને બરાબર ઓળખી ગયો છુ આજે હુ તને જીવતી જવા દેનાર નથી. તુ અમારા માર્ગમા નડતો એક કંટક છે તે કંટકને હુ ભાગી નાખી અમારા લોકોને નિર્ભય કરીશ.

જ્ઞાનચંદ્રના વાક્યોથી ભીલદેવી કંપી ઉઠી. તેનુ મુખ લાલચોળ બની ગયુ. બદન શૌર્યાવેશથી ધ્રુજવા લાગ્યુ. હોઠ કંપવા લાગ્યા.

હાથમાનુ ત્રીશુળ ઉંચુ નીચુ થવા લાગ્યુ. અંદર ધુધવાતો ક્રોધ બ્હાર નીકળ્યો. ભીલ દેવીએ ભયંકર ગર્જના કરી કહ્યુ –કર્મ ચંડાળ ! થા હવે તૈયાર ! આજ હુ તને યમસદનમા રવાના કરૂં છુ. કહેતી ભીલ દેવી જ્ઞાનચંદ્રની સામે ધસી.

જ્ઞાનચદ્રે પણ તલવાર ઉચી કરી એક સજ્ઞા દર્શક સીટી વગાડી. તુર્તજ પાચ શસ્ત્રધારીયો કે જેને જ્ઞાનચદ્રે અગાઉથી છૂપાવી રાખ્યા હતા તે ત્યા દોડી આવ્યા દોડી આવેલા માણસો ભીલદેવી અને કૌમુદિનીને ઘેરી જ્ઞાનચદ્રની આજ્ઞા સાભળવાને ઉભા રહ્યા.

દુષ્ટોની વચમા ઉભેલી ભીલ દેવી ભવાની સમાન જણાવા લાગી. છેવટે જ્ઞાનચદ્રે દેવીનુ માથુ કાપવાને તલવાર ઉચી કરી કે ભીલદેવીએ સજ્ઞાસૂચક ભયાનક શબ્દ કર્યો. શબ્દની સાથેજ સણુસણાટ કરતું એક તીર આવ્યુ, ને જ્ઞાનચદ્રના ઉચા થયેલા હાથમાં વાગ્યુ. તેની તલવાર નીચે ટૂટી પડી. જોતજોતામા બીજુ આવ્યુ ને તે તીર પાપીના હૃદયમા વાગ્યુ. હા, પ્રાણ જાય છે કહી જ્ઞાનચંદ્ર જખમી થઇ જમીનપર ટૂટી પડયો

પોતાના સરદારને નીચે પડેલો જોતાજ તેના માણસો ઉશ્કેરાયા ને કારમી કીકીયારી કરી ભીલ દેવી તરફ ધસ્યા તેમને ત્રીશુળવી અટકાવી ભીલ દેવી બોલી–ખબરદાર ! જો એક પણ પગલુ આગળ ભરશો તો સમજજો કે આ તમારા સરદારની માફક તમે દરેક જણ અહિ પડશો ભીલ દેવીનુ વાક્ય પૂરૂ થયુ નથી એટલામા તો છૂપાઇ રહેલા ભીલ લોકો હર, હર, મહાદેવની ગર્જના કરતા ત્યા દોડી આવ્યા તેઓને જોતાજ જ્ઞાનચદ્રના માણસો ભય

ભીત થઈ નાશી છૂટયા. ફક્ત એકલો જ્ઞાનચંદ્રજ જખમી થઇ ભીલ દેવીના ચરણ આગળ પડયો રહ્યો. આવનાર ભીલ લોકોમાથી દસ જણાને ત્યા રાખી બાકીનાને વિદાય કરી દીધા. સર્વના ગયા પછી ભીલદેવી જ્ઞાનચદ્રની નજીક જઇ કહેવા લાગી—જ્ઞાનચદ્ર ! કેમ છે ? જોયુ ! તારા અભિમાનનુ તને કેવું ફળ મળ્યું ? જ્ઞાનચદ્ર ! તારો માણસો તને આવી દુ ખ દાયક દશામા તજી નાશી ગયા. હવે તો તને તારા વફાદાર માણસોની ખાત્રી થઈ હશે ? જ્ઞાનચદ્ર ! બોલ હવે જવાબ દે કે તારો શુ વિચાર છે ? સત્ય ધર્મે પ્રયાણ કરવુ છે કે મરીને યમપુરીમા જવું છે ?

જ્ઞાનચદ્ર—ક્ષમા, મહાદેવી ક્ષમા ! હુ ભૂલ્યો ! હુ તમારો પ્રતાપ ન જાણી શકયો આહ ! મને ઘણુંજ દર્દ થાય છે, મારા પ્રાણ જાય છે. દેવી રક્ષા કરો.

ભીલ દેવી—જ્ઞાનચદ્ર ! તને જે દર્દ થાય છે, તે તારા કર્મનુ પ્રાયશ્ચિત છે શુ ખબર કે હજી તારા કર્મમાં કેવીએ વેદનાઓ ભોગવવાની લખી હશે આમ કહી ભીલ દેવીએ તેના હૃદયમાં વાગેલુ તીર ખેચી કાઢયું. લોહીની ધારા વહેવા લાગી જ્ઞાનચદ્ર બેશુદ્ધ થઇ ગયો તરત એક ભીલ જગલમા દોડયો ને થોડીવારમાંજ કંઇક વનસ્પતિ લઈ આવ્યો. તેને વાટી ભીલ દેવીએ જ્ઞાનચદ્રના ઘા પર બાધી. ઘામાથી વહેતુ લોહી બધ થઇ ગયું, દર્દ ઓછું થયુ, ને તેથી બેશુદ્ધ બનેલુ શરીર હાલવા લાગ્યુ બાદ જયારે જ્ઞાનચદ્ર પૂર્ણ શુદ્ધિમા આવ્યો ત્યારે પુન ભીલ દેવીએ પૂછયુ—જ્ઞાનચદ્ર ! હવે મને જણાવકે આજે અહિ આવવામા તારી શુ મતલબ સમાગેલી હતી ? યાદ રાખજે કે જુઠુ બોલ્યો તો મુઓજ સમજજે. કારણકે હવે તારૂં જીવન અને મરણ મારા હાથમા છે.

જ્ઞાનચંદ્ર—ક્ષમા મહાદેવી ક્ષમા ! આ નિષ્ઠુર પાપાત્માને ક્ષમા આપો. માતા ! આજે હું તમારીજ શોધમા નીકળ્યો હતો, તમને પકડવા યા મારવાનોજ નિશ્ચય કર્યો હતો. કારણકે તમે દેવી સ્વરૂપે આવી અમને ઠગી ગયા હતા. મારા સરદારની પણ તમને પકડવાની યા મારવાની સખ્ત આજ્ઞા થઇ હતી. દેવી ! હું આપને ન ઓળખી શક્યો તેને માટે પસ્તાઉં છું દુઃખથી રીબાઉં છું..આહ ! મને અપાર વેદના થાય છે, દદથી જીવ ગભરાય છે. મને બચાવો.

ભીલ દેવીઃ—જ્ઞાનચંદ્ર ! તારા અપરાધની ક્ષમા મળવી મુશ્કેલ છે. તારા જેવા કર્મ ચંડાળોનુ આ જગતમા કંઇ કામ નથી તમે જેટલો સમય આ પૃથ્વીપર હયાતી ભોગવશો એટલો સમય પૃથ્વીના ભાર રૂપ છો. જ્ઞાનચંદ્ર હું જાઉં છું, ને પ્રભુ તને તારા અપરાધની શિક્ષા કરો એમ યાચું છું

જ્ઞાનચંદ્ર—માતા, દુષ્ટ ઉદ્ધારક દેવી ! ઉભા રહો, દાસની પર દયા કરો. મારીપર વૃથા ક્રોધ ન કરો હું હવે પૂર્ણ પસ્તાઉં છું. માતા ! દયાળુ માતા ! ઉભા રહો. હું હવે કોઇ વખતે દુષ્ટ કામ નહિ કરૂં. માતા ! દયા કરી મને આ ભયંકર પીડાથી બચાવો હું જન્મભર આપનો ઋણી રહીશ.

ભીલ દેવીઃ—જ્ઞાનચંદ્ર ! તારા કલ્પાંતથી કોણ જાણે કે અત્યારે મને તારી ઉપર દયા ઉત્પન્ન થાય છે. આજથી તું પ્રતિજ્ઞા લઇને કહે કે હવે કદાપિ પણ પાપકર્મ નહિ કરૂં. જો એવી પ્રતિજ્ઞા કરીશ, તોજ તું બચીશ. બોલ ! જલ્દી જવાબ દે કે તારો શું વિચાર છે ? કારણકે હું હવે અહિં વધારે વાર રોકાવા નથી ઇચ્છતી.

જ્ઞાનચંદ્ર—માતા ! કૃપાળુ માતા ! હું અત્યારથીજ ઇશ્વરના

સોગન ખાઇને કહું છુ કે હવે કદાપિ ભૂલેચુકે પણ પાપ કર્મમા પ્રવર્ત નહિ થાઉ, અને જીંદગીભર તમારી આજ્ઞા પાળવાને બધાઉં છું.

ભીલ દેવી--તું દુષ્ટ છે. દુષ્ટને પ્રતિજ્ઞા તોડતા વાર લાગતી નથી. જ્ઞાનચંદ્ર ! હુ તારી પ્રતિજ્ઞામા વિશ્વાસ મૂકતા શંકાશીલ થાઉં છુ.

જ્ઞાનચંદ્ર--માતા ! આ સૂર્ય પવન, પૃથ્વી સર્વ મારાં સાક્ષિ છે. માતા ! હજુ સુધી હુ કોઇ દિવસ નકામુ વચન બોલ્યોજ નથી. દેવી ! હવે મારી પર કૃપા કરો ને આ ભયંકર દર્દની વેદનાથી મૂક્ત કરો

ભીલ દેવી—જ્ઞાનચંદ્ર ! પ્રભુ તારી વેદનાને શાન્ત કરો. કહી ભીલ દેવીએ કંઇક પદાર્થ કાઢી જ્ઞાનચંદ્રના ઘાને લગાવ્યો. તરત તેના ઘામા થતી વેદના શાન્ત થઇ. જો કે જ્ઞાન ચંદ્રથી ઉઠી શકાયુ નહિ છતા તેણે નીચે પડે પડે બે હાથ જોડી ભીલ દેવીને પ્રણામ કર્યા અને તેની સાથેજ તેની આખે અંધારા આવ્યાં. જ્ઞાનચંદ્ર બે શુદ્ધ થઇ ગયો. એટલામા ભીલદેવી પ્રથમ જેની રાહ જોતી હતી તે જસરાજ ત્યા આવ્યો ને કહેવા લાગ્યો—મા ! આજે કૃષ્ણલાલ તેના સરદારો સાથે રત્નનગર ગયો છે, અને તે રાજા ચંદ્રશેખરનો પ્રાણ લેવા ધારે છે. આમ કહી તેણે નીચે પડેલા જ્ઞાનચંદ્ર તરફ દષ્ટિ કરી. જ્ઞાનચંદ્રને જોતાજ જસરાજ બે ડગલાં દૂર ખસી, ચમકીને બોલી ઉઠયો—દેવી ! આ પાપી અહિં ક્યાથી ? મા ! હું ધારૂ છુ કે તમે હજી આનાથી અજાણ્યા છો માતા ! આનો વધ કરો, આને વધારે વાર જીવતો ન રાખો કારણકે હાથમા આવેલો મહાપાપી પલાયન કરી જશે ને પુનઃ આપણને સંકટમા સપડાવશે.

માતા ! મને આજ્ઞા આપો, હું આ પાપીનું માથુ તેના ધડથી જુદું કરી નાખુ. કહી જસરાજે તલવાર ઉચી કરી દેવીના સામે જોયુ. તેના હૃદયનો ભાવ સમજી ભીલ દેવીએ કહ્યું—જસરાજ ! શાંન્ત થા તેને શા માટે આપણે મારી નાખવો જોઇએ?

" મા ! તમે આને ઓળખો છો ? આતો પેલા કરિપણુ કામનો કરનાર કૃષ્ણુલાલનો મોટો સરદાર છે, તેનુ નામ જ્ઞાનચદ્ર છે મહા દેવી ! આ પિશાચ તુલ્ય પાપી ઘણોજ ભયકર છે, ને તેથી તેનો નાશજ કરવો ઉચીત છે જસરાજે કહ્યું.

" જસરાજ ! આપણે કેમ વર્તવુ તે હું સારી રીતે સમજુ છુ. હુ દુષ્મનપર દયા કરવાને ઇચ્છુ છુ પ્રભુ તેને સદ્‌બુદ્ધિ આપો ને તેના અજ્ઞાનને દૂર કરો. જસરાજ ! જે જ્ઞાનચદ્રને તુ દુષ્ટ માને છે, તે પ્રભુ કૃપાથી બુદ્ધિવાન થયો છે, અને તેણે કૃષ્ણુલાલનો ત્યાગ કર્યો છે. જસરાજ ! જ્ઞાનચદ્ર ઘવાયેલો છે, તેથી તું તેને આપણા કુંજ વનમા લઇ જા, ને તેના ઘાપર દવા લગાવ, હુ કાલે ત્યા આવીશ

" જેવી આજ્ઞા કહી જસરાજ બેશુદ્ધ જ્ઞાનચદ્રને ખભા ઉપર ઉપાડી ચાલતો થયો તેના ગયા પછી ભીલ દેવીએ અત્યાર સુધી શાન્ત ઉભી રહેલી કૌમુદિનીને કહ્યું -બેટા ! જોયો પ્રભુનો ચમત્કાર ! અને તેના પ્રતાપથી તારા સ્વામિમા કેટલો થયો ફેરફાર ! "

" માતા ! આ બાળકીની પર આપનો મહાન્ ઉપકાર થયો, અને આજથીજ મારો સસાર સફળ થયો " મા ! હવે શુ વિચાર છે ? કૌમુદિનીએ પૂછ્યું

" કૌમુદિની ! મારો વિચાર રત્નનગર જવાનો છે, અને ત્યાં જઇ રાજા ચદ્રશેખરને બચાવવાનો પ્રયત્ન કરવાનો છે આમ કહી ભીલ દેવીએ પાસે રાખેલો શખ વગાડયો, શંખનાદથી દસ ભીલ

ત્યાં દોડી આવ્યા તેમને કંઇક સમજાવી ભીલ દેવી કૌમુદિની સાથે દસ ભીલને લઇ એજ સમયે રત્નનગરના રસ્તે પ્રયાણુ કરવા લાગી. મજબુત બાધાના ને ભયકર ચહેરાના દસ ભીલ લોકોની વચમા ભવાની સમાન ભાસતી દેવી અને કૌમુદિની જોત જોતામા ઘાડીં ઝાડીમા અદ્રશ્ય થઇ ગયા.

પ્રકરણ ૨૩ મું.

" કૃષ્ણલાલનુ કાવત્રું. "



રત્નનગર તરફ જવા નીકળેલી ભીલ દેવી સમી સાંજ થતા નગરમા આવી પહોચી. સર્વ મડળને લઇ તે ઠેઠ રાજમહેલ આગળ આવી. કૌમુદિની અને ભીલ લોકોને બહાર ઉભા રાખી પોતે રાજમહેલમાં તપાસ કરવા ગઇ અદર તપાસ કરતા માલમ પડયુ કે રાજા ત્યાં નથી પણ કેટલાક દિવસથી નગર બહાર પાચ માઇલ પર આવેલા એકાન્ત વાસના મહેલમા રહેવા ગયા છે સરોજના ગૂમ થવાથી રાજાનું મન શાન્ત નહોતું, તેમા વળી જગલમા કરૂણાશકરના કપટનુ કારસ્થાન નિહાળી રાજા દિડમુઢ જેવો બની ગયો હતો, અને ત્યાર બાદ ડેરાતબુ ઉઠાવી નગરમા આવ્યો હતો. નગરમા આવી સરોજ-

ની શોધમા ઘણા માણસો રવાને કર્યા હતા, પણ ઘણા દિવસ થયા સમાચાર મળ્યા નહિ. એવામા પાપીયોના પ્રપંચથી રાયમલ પ્રધાનનું હરણ થયુ. પ્રધાનના સમાચારથી રાજાને અત્યત દુખ ઉત્પન્ન થયું હમેશા મહારાજાનુ મન વ્યાકુળ રહેવા લાગ્યુ. દુષ્મનોને પકડવા અત્યંત પ્રયત્નો કર્યા, પણ સઘળું વ્યર્થ ગયુ. દિનપર દિન નવી વિપત્તીયો આવતી હોય એમ જણાવા લાગ્યું. આથી કટાળી મહારાજા નગરમા નહિ રહેતા એકાન્ત વાસના મહેલમા ફક્ત આઠ સેવકો સાથે રહેવા લાગ્યા મહારાજા જે સ્થળે રહેતા હતા, તે મહેલ નિર્જન સ્થાનમા આવેલો હતો. આસપાસ ઘાડી ઝાડીની ઘનઘોર ઘટાઓ આવેલી હતી. ખરા ઉન્હાળાની સખ્ત ગરમીમા ત્યા ઠડી પવનની લ્હેરો આવતી હતી.

ભીલ દેવીને મહારાજાની ખબર મળતા તરત બહાર આવી, ને પોતાના મડળ સાથે મહારાજાના મહેલ તરફ ચાલવા લાગી એવી રીતે ચાલતી ભીલ દેવી રાત્રિના દશેક વાગ્યાના સુમારે મહારાજાના મહેલ સમિપ આવી પહોચી. પુન તે પ્રથમની માફક પોતાના માણસોને બહાર રાખી અદર તપાસ કરવા ગઇ. મહેલની આસપાસ કોટ બાધેલો હતો, ને તેને એકજ દરવાજો હતો રાત્રિના સમયે દરવાજો બધ કરવામા આવ્યો હતો, પણ આજે પહેરેગીરની ગફલતથી દરવાજાની નાની બારી ઉઘાડી રહી ગઇ હતી ભીલદેવીએ બારીવાટે અદર દાખલ થઇ જોયુ તો કોઇ જાગતુ જણાયુ નહિ. પહેરેગીર સિપાહીયો પણ નિદ્રાને ખોળે પડેલા હતા મહેલના સઘળા દ્વાર બંધ હતા, સઘળે ઘોર અધકાર વ્યાપેલો હતો. ભીલ દેવીએ ઉંચે જોયું તો મહેલની છેક ઉંચેની બારીમા ઝાખો પ્રકાશ જણાયો. સઘળે શાન્તિ હતી. ભીલ દેવીએ ચારે તરફ ફરી

જોયુ પણ દુશ્મનો આવ્યાનુ એકે ચિહ્‌ન જણાયુ નહિ. શત્રુઓ આવ્યા નથી, આજે નકામી મહેનત પડી એમ મનમા ગણુગણી દેવી બહાર નીકળી બાદ દરવાજાની નજીકમાં આવેલા એક વિશાળ પથ્થરના ચોતરાવાળા ઘુમ્મટમાં સર્વ જણા રાત ગાળવાના ઇરાદે અદર જઇ સુતા. વીસ બાવીસ માઇલની મુસાફરીથી ભીલ લોકો ને કૌમુદિની થોડી વારમા નિદ્રાવશ થઇ ગયા, પણ ભીલદેવીની ઉપર નિદ્રા દેવીએ કૃપા કરી નહિ. તેને ઉંઘ કેમ આવે ? કારણ કે દેવી સર્વના કલ્યાણના પ્રયત્નોમાં છે દુષ્ટોના મૂળને શી રીતે ઉખેડી નાખવું એવી ચિન્તા ભીલ દેવીના મનમાં થયા કરતી હતી. જેને ચિંતા નથી, જેને માથે શત્રુ નથી. તે નિરાતે ઉંઘી શકે છે. પણ જેને માથે શત્રુઓ છે, જે દેવાથી ઘેરાયેલો છે, અનેક જાતની ઉપાધીયો જેને વળગી રહેલી છે, તેને ઉંઘ ક્યાંથી આવે ? તે પ્રમાણે ભીલ દેવી આમથી તેમ પાસા ઘસે છે, પણ ઉંઘ આવતી નથી.

રાત્રિ સમસમાકાર કરતી ચાલી જતી હતી. મધ્ય નીશા થઇ હતી. શાન્તિનુ સામ્રાજ્ય સઘળે વ્યાપ્ત થયુ હતુ. ક્વચીત્, ક્વચીત્ કુતરાંના રૂદન ધ્વનિ શાન્તિનો ભગ કરતા હતાં. આ સમયે રાજા ચદ્રશેખરના મહેલની પછીતે એક અજબ પ્રકારની લીલા થઇ રહી હતી પદરેક શસ્ત્રધારી પુરૂષો ત્યાં ઉભા રહી કોઇના આવવાની આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. સઘળાએ કાળા વસ્ત્રથી તેમના શરીર છૂપાવ્યાં હતાં. થોડીવારમાં ત્યા એક કદાવર માણસ ચાલી આવ્યો. તેણે ત્યા આવી એક ઝીણી સીસોટી વગાડી. તરત પાસેની ઝાડીમાંથી બીજા પાચ કદાવર માણસો ત્યા નીકળી આવ્યા. બાદ તે પુરૂષ ધીમેથી બોલ્યો—બસ, હવે જલ્દી કરો. હવે વખત નથી.

જેવો હુકમ. કહી સઘળા માણસો મહેલની છેક ઉચે આવેલી એક ઉઘાડી બારીની સામે આવેલા એક ઉચા ઝાડપર વારા ફરતી' ચઢવા લાગ્યા થોડીવારમા તો તે સઘળા માણસો ઝાડપર ચઢી બારીમા કુદી પડયા. જે ઝાડ ઉપર થઇને તેઓ અદર જવામા ફતેહ પામ્યા હતા તે ઉચુ ઝાડ મહેલની દિવાલની નજીકમાજ આવેલુ હતું. તેથી તે લોકો થોડી મહેનતે અદર જવામાં ફતેહમદ થયા.

પેલી તરફ જાગૃત અવસ્થામા પડી રહેલી ભીલદેવીને કાને સીસોટીનો અવાજ સભળાયો. આટલી રાતે આ અવાજ ક્યાથી ' એમ મનમા બોલી તે બેઠી થઈ, અને પાસે સૂતેલા સઘળા ભીલ લોકોને જાગૃત કર્યા, બાદ કૌમુદિનીને જગાડી ભીલ દેવી સર્વને લઇ દરવાજાની બારીમા થઇ અદર આવી. અદરની જમીન તેને ભારે લાગવા માડી મહેલની અદરના ભાગમા ધીમા પગલા સભળાવા લાગ્યા નક્કી શત્રુઓ અદર દાખલ થયા છે ધારીને દેવીએ ચોર, ચોર, એમ મોટેથી બુમો મારવા માડી નિદ્રાવશ થયેલા પહેરેદારો ચમ૦ કીને જાગી ઉઠયા, અને મહેલની આગળ માણસો જોઇ આશ્ચર્ય પામ્યા તરત ભીલદેવીએ તેમની પાસે જઇ સર્વ વાતથી જાણીતા કરી દીધા. સિપાહીઓ સાવધ થઇ ગયા, ને મહેલનાં બારણાં ઉઘાડી નાખી અંદર દોડી ગયા, બહારના શોર બકોરથી રાજા ચદ્રશેખર ઝબકીને જાગી ઉઠયો, અને એકદમ પાસે પડેલી તલવારને ખુલ્લી કરી બહાર નીકળ્યો. એવામાજ અંદર દાખલ થયેલા શત્રુઓ તેની સન્મુખ આવી ઉભા રહ્યા. સઘળાના હાથમાં ઉઘાડી તલવારો હતી. તેઓ રાજાની આસપાસ ફરી વળ્યા.

"વાંચકો ' આ માણસો બીજા કોઇ નહિ, પણ કૃષ્ણલાલના

માણસો છે. કૃષ્ણલાલ તેના માણસો સાથે રાજાને પકડવા આવ્યો છે.

રાજા ચંદ્રશેખર પોતાની આસપાસ ફરી વળેલા માણસોને ઉદ્દેશી કહેવા લાગ્યો-હરામખોરો! આજે તમારૂ આવી મત્યુ છે, તમારો કાળ હવે નજીકમાંજ છે. કહી રાજાએ તલવાર ઉંચી કરી કે તરતજ પાછળથી કૃષ્ણલાલે રાજાનો તલવારવાળો હાથ પકડી કહ્યુઃ-રાજા! તારો પ્રયત્ન નકામો છે, માટે જો જીવવુ હોય તો તલવાર સોપી સ્વાધિન થા.

"ક્ષત્રિય પુત્રની તલવાર લેવાની ઇચ્છા રાખનાર મૂર્ખ! મને સ્વાધિન કરતા તુ ક્યાક યમરાજને સ્વાધિન ન થઇ જાય? ચાલ જવાબ દે કે આવુ નિશાચરનુ કામ કરનાર તુ કોણ છે? રાજાએ પૂછ્યુ

" રાજા ચંદ્રશેખર! હુ કોણ છુ તે હાલ તુ જાણી શકીશ નહિ. જ્યારે તું મારા સ્થાનમા કેદ થઇને પૂરાઇશ ત્યારેજ તુ મને ઓળખીશ. ચાલ હવે તૈયાર થા. ખુશીથી સ્વાધિન થવુ ન હોય તો આ બળવાનના બળની પરિક્ષા કરી બધીવાન થા. કહી કૃષ્ણલાલ રાજાને પકડવા ધસ્યો, પણ એટલામાજ એક નિશાન બાજ ભીલનુ તીર આવ્યુ ને તે કૃષ્ણલાલના હાડામા આબાદ વાગ્યુ. અરે! આ વળી શુ? એમ બોલતાજ હાથમાંની તલવાર નીચે નાખી દઇ કૃષ્ણલલ આસપાસ જોવા લાગ્યો. જોત જોતામા તો તીરનો વર્ષાદ વરસવા લાગ્યો. આટલા બધાં તીર ફેંકનાર કોણ હશે! એમ મનમા બડબડતા શત્રુઓ ચારે તરફ જોવા લાગ્યા. ભીલ લોકો એવી જગાએ ઉભા રહ્યા હતા કે તેઓ શત્રુઓને જોઈ શકે, પણ શત્રુઓ

તેઓને જોઇ શકે નહિ. શત્રુઓ ઘણા ગુસ્સે થઇ ગયા. કૃષ્ણલાલ તો રાજાનુ ખૂન કરવાને કમ્મરેથી કટાર ખેંચી દોડયો. હજી તો તે રાજાની પાસે જઇ પહોચ્યો નથી એટલામા તો એક મજબુત ભીલે ત્યા ધસી આવી તેને ત્યાંથી દૂર ફેંકી દીધો."

" ભીલની સાથે દેવી અને કૌમુદિની પણ ત્યા આવી ઉભાં રહ્યા. ધીમે ધીમે રાજાના પહેરાવાળાઓ પણ ત્યાં આવી હાજર થઇ ગયા. શુ જોઇ રહ્યા છો મારા વીરાઓ ! કહી ભીલ દેવીએ બુમ મારી સઘળા આવેશથી શત્રુઓ ઉપર ટૂટી પડયા. ભીલ દેવીની આજ્ઞાથી ભીલ લોકો કોઇના પ્રાણ લીધા સિવાય સખ્ત માર મારવા લાગ્યા. શત્રુઓની તલવારો તેમના હાથમાજ રહી પહેરાવાળાઓની લાકડીયોથી ભીલ લોકો શત્રુઓને ખુબ માર મારવા લાગ્યા. અંતે ગયારે બાપ કહી જેને જેમ ફાવ્યુ એમ નાસવા લાગ્યા કૃષ્ણલાલ તો ક્યારનો એ નાશી ગયો હતો રાજા અવાચક બની એક ચિત્તે આ વિલક્ષણ પ્રકાર જોઇ રહ્યો હતો હવે એક પણ શત્રુ રહ્યા નથી ધારીને દેવીએ સઘળાને શાન્ત રહેવાની સૂચના કરી. પહેરેગીરો દીવા, સળગાવી લાવ્યા. દીવાના પ્રકાશમાં કાળા ભુત જેવા માણસોની વચમા બે સ્વરૂપવાન સુદરીઓને જોઇ રાજા ચદ્રશેખરના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે નમ્રતાથી પૂછયુ.–હુ ધારૂં છુ કે તમે આ સમયે મારૂ રક્ષણ કરવાના વિચારથી અહી આવેલાં છો. તમે આજે મારો પ્રાણ બચાવ્યો છે, માણુસથી ન થાય એવું કામ તમે આજે કર્યું છે. જો તમે દેવી સ્વરૂપ હો તો મારા પ્રણામ છે, ને મનુષ્ય હો તો તમારો પરિચય આપવા કૃપા કરો. આટલુ કહી રાજા શાન્ત રહ્યો.

તેનુ કહેવું સાંભળી ભીલ દેવીએ કહ્યું:-રાજા! અમે દેવ નથી, પણ માણસો છીએ. અમારો પરિચય હાલ આપી શકવાને અમે લાચાર છીએ. આજે તમારા મૃત્યુનુ કાવત્રુ રચાયુ હતુ, ને તેની અમને ખબર હોવાથી અહિ આવી પ્રભુ કૃપાએ તમારૂં રક્ષણ કર્યું છે. રાજા! હવે વધારે વાર અમે અહિ રહેવા ખુશી નથી માટે જતા પહેલા જણાવુ છુ કે.—આ પળથીજ તમારે ખુબ સાવધ રહેવાની જરૂર છે.

"આપની સૂચનાનો હું સ્વિકાર કરૂ છુ, અને જણાવવા કૃપા કરો તો આ દુષ્ટ કર્મ કરનાર કોણ હતા, એ જાણવા ઇચ્છુછુ! રાજાએ પૂછ્યુ.

"કૃષ્ણલાલ" ટુંકો ઉત્તર આપી ભીલ દેવીએ તેના મંડળને ચાલવાની ઇશારત કરી. રાજા કઇ પૂછે તે પહેલા દેવી તેના માણસો સાથે બહાર નીકળી અરણ્ય તરફ ચાલી ગઇ.

તેના ગયા પછી, રાજા ચંદ્રશેખર મનમાં અનેક પ્રકારના વિચારો કરતો શયન ભુવનમાં ગયો. રાજાને આખી રાત ઉંઘ આવી નહિ. આજે આ શુ બન્યુ? શુ થઇ ગયુ! આવનાર બે બાળાઓ કોણ! કૃષ્ણલાલનુ કેવુ પ્રાબલ્ય! વગેરે વિચારો રાજા કરવા લાગ્યો. અંતે પ્રાતઃકાળ થયો. રાજા નિત્ય કર્મથી પરવારી રત્નનગરના મહેલ તરફ ઉપડી ગયો.

પ્રકરણ ૨૪ મું.

" કરૂણાશંકરના વિચાર. '

કૃષ્ણલાલના ખડેર તરફ જવા નીકળેલી ત્રિપુટી સાજના સમયે ખડેર સમિપ આવી પહોચી. ખડેર નજરે પડતા કિશોરીએ કહ્યું:—કુંજ વિહારી! આ સામે જણાય છે એજ પાપીનુ નિવાસ સ્થાન આપણે હવે આગળ વધવુ સલામતી ભરેલુ નથી કારણકે અત્યારે કૃષ્ણલાલ તેના મડળની સાથે ત્યા ફરતો હશે

હા, કિશોરી બ્હેનની સૂચના વ્યાજબી છે આપણે અત્યારે અહિજ રોકાવુ સારૂ છે. આપણે આપણુ કામ ધીરજથી ને પૂર્ણ નિપુણતાથી કરવાનું છે. સત્યવ્રતે કિશોરીની વાતને ટેકો આપ્યો.

ત્યારે ચાલો આપણે અહિથી આ સામે જણાતા વૃક્ષ નીચે જઇ એક ઝુપડી બાંધીયે આપણને હવે તેજ જગા અનુકૂળ આવશે કારણ કે આ સામે જણાતા વૃક્ષનો ભાગ ખડેરની બીજી બાજુએ છે, તેથી જો આપણે ત્યા રહીશુ તો કોઇના જોવામા આવીશુ નહિ" કુંજે જણાવ્યુ. બાદ ત્રણે જણા વૃક્ષ સમિપ આવ્યા. સત્યવ્રતે ચકમકના પત્થરથી દેવતા સળગાવી પ્રકાશ કર્યો કિશોરી એ વૃક્ષ નીચેની જમીન સાફ કરી નાખી, એટલી વારમાં કુંજ આડો

અવળો ફરી આની લાકડાના મોટા કટકા વિણી આવ્યો. મધ્ય-રાત્રિ થતા પહેલા તો બન્ને જણાએ પાદડા વગેરે ઢાકી એક કામ ચલાઉ ઝુપડી તૈયાર કરી દીધી. ઝુપડીના સમિપ સત્યવતે એક મોટુ લાકડુ સળગાવી દીધુ. કામ પૂરૂ કરી ત્રણે જણાં અગાઉથી સાથે વિણી લીધેલા ફળ ખાવા બેઠા. ફળ ખાઇ સત્યવ્રત ઉભો થયો ને પાસે વહેતા ઝરામાથી લઇ લીધેલા પાત્રમા પાણી ભરી લાવ્યો. કુજ અને કિશોરી જળપાન કરી સ્વસ્થ થઇ વાર્તાવિનોદ કરતા બની ગયેલી વાતો કરવા લાગ્યા વાતોમા ને વાતોમા કુજ ઝોકા ખાવા લાગ્યો. તેને ઝોકા ખાતો જોઇ કિશોરીએ કહ્યુ.--કુજવિહારી ! નિદ્રા આવતી હોય તો મારા ખોળામા માથું મૂકી આરામ લ્યો.

તેનુ કહેવુ સાભળી કુજ સાવધ થઇ બોલ્યો.--કિશોરી ! આ કુજ ધર્મને સારી રીતે ઓળખે છે. કુમારિકાના શરીરના સ્પર્શથીજ મહા પાપ લાગે છે હુ નીચેજ સુઇ જાઉં છુ. કહી કુજ જમીનપર સુવા જાય છે ક કિશોરીએ અટકાવી કહ્યુ —કુજવિહારી ! મારી પ્રાર્થના સ્વિકારો ને આ ખોળામા આરામ લ્યો શુ તમે મને ચ્હાતા નથી ?

" કિશોરી ! આમ શુ બોલે છે ? આ હૃદય તને અત્યત પ્રેમથી ચાહે છે.

કિશોરી—જ્યારે મને ચાહો છો ત્યારે મારૂ કહેવુ કેમ માનતા નથી

કુજ- હજી તમે કુમારિકા છો તેથી !

કિશોરી—ત્યારે તમે પહેલા કયમ કહ્યું હતુ કે તને ગ્રહે સ્વિકારી છે ?

કુંજ—સ્વિકારનો અર્થ તું કેવો ધારે છે ?

કિશોરી--હૃદયની ઐકયતા, મનનુ મળી જવુ, દૈવી પ્રેમનુ બન્નેના મનમા ઉત્પન્ન થવુ. કુંજવિહારી ! તમને હુ સર્વસ્વ અર્પણ કરી ચૂકી છુ. તમે મારા દેવ છો. આ હૃદયના જીવન છો. બોલો ! વ્હાલા બોલો ! કે હવે તું મારીજ છે. કહી કિશોરી કુંજના ચરણમા પડી.

તેને સ્વહસ્તે ઉઠાડતા કુંજે કહ્યુ:-કિશોરી ! આમ શું કરે છે ? તુ હજી કુમારિકા છે તેથીજ હુ આવું કહુ છુ. જો તારા મનમાં એમ થતું હોય કે હુ તને નથી ચ્હાતો તો હુ આજ પળે પ્રભુને હાજર ગણીને કહુ છુ કે, તું હવે મારી છુ આ કુંજની ગ્રહલક્ષ્મિ તુંજ છે.

" વ્હાલા ! તો હવે આ ખોળામા માથુ મૂકી વિરામ લ્યો. કિશોરીએ કહ્યુ.

" આ તારી કેવી હઠ ! વિદ્વાનોએ કહ્યુ છે કે સ્ત્રી હઠ અજબ હોય છે, એ હવે સત્ય થાય છે લે, હવે તને શાન્તિ થઈ ? કહી કુંજ કિશોરીના ખોળામા માથું મૂકી સૂઇ ગયો કિશોરી તેનો કોમળ કર તેના માથાપર ફેરવવા લાગી આ બન્નેની વાતો દરમ્યાન સત્યવ્રત ત્યાથી દૂર ફરતો હતો, એવામા તેને કાને ઝાડીમાથી કોઇના આવવાનો ખડખડાટ સભળાયો સત્યવ્રતે આખ્યો ખેચી જોયુ તો તેણે એક માણસને ત્યા આવતો જોયો આટલી રાતે આ કોણ આવતો હશે ? એમ મનમા બોલી સત્યવ્રત શાન્તિથી ઉભો રહી તને જોવા લાગ્યો આવનાર માણુસ આડુઅવળુ જોયા સિવાય ચાલ્યો આવતો હતો; એવી રીતે ચાલી આવતો માણુસ સત્યવ્રતની

પાસે થઇને થોડેક દૂર આગળ જઇ એક ટેકરા આગળ નીચે બેસી બોલ્યો -હાશ, આજે ઘણા દિવસે અહિ આવવાનો વખત મળ્યો. હવે જો તે મૂકેલુ એમનું એમ હોય, તો શાન્તિ વળે. કહી તે માણસે ગજવામાથી દિવાસળીની પેટી કાઢી પાસે રાખેલી મીણબત્તી સળગાવી. મીણબત્તીને નીચે ગોઠવી તે માણસ ઉભો થયો, ને ત્યા પડેલો એક મોટા પત્થર આઘો ખસેડી, કમ્મરે રાખેલો છરો કાઢી માટી ખોદવા લાગ્યો.

સત્યવ્રત આશ્ચર્ય પામ્યો ને કુંજની પાસે દોડી આવી તેને જગાડી કહેવા લાગ્યોઃ--ભાઇ ! ઉઠો, જાગૃત થાઓ, કઇક ચમત્કાર દેખાડુ.

"શાનો ચમત્કાર ? કહી કુંજ આળસ મરડી બેઠો થયો. સત્યવ્રત દૂર બેઠેલા માણસ તરફ આંગળી બતાવી કહેવા લાગ્યો.-- ભાઇ ! પેલા પ્રકાશમાં કોઇક માણસ બેઠો છે ને તે અત્યારે ત્યા બેઠો બેઠો ખાડો ખોદે છે.

ચાલો ત્યારે આપણે જોઇએ કે તે શુ કરે છે. આમ બોલી કુંજ ઉભો થયો. ત્રણે જણાં તેનાથી સ્હેજ દૂર એક ઝાડને ઓથે ઉભા રહી જોવા લાગ્યા, કિશોરી તેને ધારી ધારીને જોવા લાગી, અને અતે તેણે તેને ઓળખી કુંજના કાનમાં કહ્યું --હુ આ માણસને ઓળખું છુ ?

"હેં ! શુ તુ તેને ઓળખે છે ?

"હા "

"તે કોણ છે ? "

" કરૂણાશંકર. "

"શુ પેલો મિથ્યાભિમાની લોભીયો કરૂણાશંકર ભટ્ટાચાર્ય કે?" સત્યવ્રતે પૂછ્યુ."

"હા, હવે શાન્તિથી જુઓ કે તે શુ કરે છે. કહી કુંજ તેની તરફ જોઇ રહ્યો."

છરાવતી જમીન ખોદતા કરૂણાશંકરે થોડી વારમા ત્યા આગળ એક હાથ ઉંડો ખાડો ખોદી નાખ્યો. પછી તે પોચી થયેલી જમીનમાથી માટી બહાર કાઢી કમ્મરપુર જેટલો ખાડો કરી નાખ્યો, અને તેમાથી એક તાંબાનો નાનો ઘડો બહાર ખેંચી કાઢ્યો ઘડાને જોતાજ તેને અપાર આનંદ થયો. ઘડામા સોના મ્હોરો ભરેલી હતી.

કરૂણાશંકર મહાન્ લોભી હતો પૈસા પ્રાપ્ત કરવાને તે ન કરવાનાં કર્મો કરતો ગરીબોને રડાવી, કોઇને ધાપ મારી તેમ જ કૃષ્ણલાલને સમજાવી ફોસલાવી તેણે અત્યાર સુધીમા પાચસો સોના મ્હોરો એકઠો કરી હતી દસ સોના મ્હોરો એકઠી થતાં તે અહીં આવી દાટી જતો, અને દર ત્રીજા દિવસે આવી તપાસી જતો. શરીર પર ગમે તેટલુ દુ:ખ પડે પણ મેળવેલા પૈસામાથી એક પણ પૈ નહિ વાપરવાનો તેનો દૃઢ નિશ્ચય હતો એવો કૃપણ કરૂણાશંકર ઘડામાથી મ્હોરો કાઢી ગણવા લાગ્યો ગણતા ગણતાં તેના મ્હો ઉપર આનંદની ઊર્મિઓ આવી જતી હતી. નિયમ મુજબ મ્હોરોને ગણી તેમા દશ બીજી ઉમેરી ઘડામાં નાખી કરૂણાશંકરે ઘડાને પાછો તે ખાડામા મૂકી દીધો. ઘડાને ખાડામા બરાબર ગોઠવી ઉપર માટી નાખી, તેને પગથી દબાવી સરખી કરી દૂર ખસેડેલા પત્થરને ખાડા ઉપર પ્રથમની માફક ગોઠવી દીધો કામથી પરવારી કરૂણાશંકર આસપાસ જોઈ આત્મગત્ બોલ્યો:—મારી બેટી! આ રાત કેવી

અંધારી ઘોર છે આવી રાતે કોઇ પણ બહાર નીકળે નહિ, જ્યારે સો જણાં ઉંઘે ત્યારે આ કરૂણાશંકર જાગે. પૈસાવાળાને બીક કોની? પૈસાનો તો પ્રતાપ જ ઓર છે. પૈસાવાળા મર્દ અને તેના વિનાના પત્થર. હવે તો કૃષ્ણુલાલ કઇ કરે ને બીજી પાચસો. મ્હોરો મળે. તો હું એક હજાર સોના મ્હોરનો માલીક થઇ જાઉં! બસ પછી કૃષ્ણુલાલને છેલ્લી સલામ કરી કોઇ નગરમા જવું ને કોઇ બ્રાહ્મણ કન્યા મળે તો તેને પરણવુ. બ્રાહ્મણ કન્યા ન મળે તો વિધવાને પણ પરણી ઘર માંડવુ, પાસે પૈસા છે પછી શુ હરકત છે? શુ મારે કોઇની પરવા છે? કહી કરૂણાશકર ખડખડાટ હસવા લાગ્યો. તેનુ બોલવુ સાંભળી છૂપાઇ ઉભેલા કુંજને સ્હેજ હસવું આવ્યુ. તે મન સાથે બોલ્યો'--અહા, આ કૃપણ કરૂણાશકર અત્યારે કેવો હવાઈ વિમાનમા ચઢયો છે? તેને ખબર નથી કે લક્ષ્મિ ચંચળ છે, તેને જતાં વાર લાગતી નથી. ખરેખર! લક્ષ્મિ લલચાવનારી છે. લક્ષ્મિવાન માણસો ગરીબોને હલકા ગણે છે. દ્રવ્યના પરિબળે ન કરવાના કૃત્યો કરે છે, તેથી આખરે લક્ષ્મિ તેના દુષ્ટ કર્મોથી ચાલી જાય છે. હા, પછી તે દ્રવ્યહિન્ થયેલો પસ્તાય છે તેમ આ કરૂણાશકર અત્યારે ખીલ્યો છે, પણ તે મૂર્ખને ખબર નથી કે લક્ષ્મિ કોઇની થઇ નથી અને થવાની પણ નથી તેમા તેણે તો તદ્દન હરામનુંજ ધન મેળવેલુ છે, એટલે એ હરામનુ ધન તેની પાસે વધારે વાર રહેવાનુ નથી. આમ મનમા ગણુગણુતો કુંજ શાન્ત થયો. પેલી તરફ કરૂણાશંકર પણ હવે ત્યાંથી જવાને તૈયાર થયો, જતાં પહેલાં વળી તેણે ખાડાને તપાસ્યો અને આસપાસ જોવા લાગ્યો. કરૂણાશંકરની દૃષ્ટિ એકાએક કુંજની ઝુંપડી આગળ સળગતાં લાકડાંના પ્રકાશ તરફ ગઇ. તે ચમકયો ને મનમાં બોલી ઉઠયો —અરે! આ પણે

તાપણું શેનુ દેખાતુ હશે? શું કોઇ સાહેબજાદા (ચોર) તો નહિ બેઠા હોય? લાવ તપાસ કરૂં, ને જો મારા ધાર્યા મુજબ નીકળે તો વાતોમા ગુલતાન કરી પૂછી લઉં કે તેઓ ક્યારના અહિ બેઠા છે, કારણુ કે રખેને તેમણે મને ખાડો ખોદતા જોયો હોય? આમ બોલી કરૂણાશંકર ઝુપડીની તરફ ચાલવા લાગ્યો. તેને એ તરફ જતો જોઇ કુંજ પણુ, કિશોરી અને સત્યવત સાથે કરૂણાશંકરની અગાઉ ઝુપડી આગળ આવી બેઠો. કરૂણાશંકર તેને ઓળખે નહિ, તેથી કુંજે કિશોરીને ઝુપડીમાં જવાનુ કહી, તેણે અને સત્યવતે અગાઉથી સાથે રાખેલા કાળા કામળાથી શરીરને ઢાંકી દીધુ. કિશોરી ઝુંપડીમાં ચાલી ગઇ. થોડીવારમા કરૂણાશંકર ત્યાં આવ્યો, અને બેઠેલા બન્ને જણાને ટીકી ટીકીને જોઈ બોલ્યોઃ—તમે કોણુ છો? ને આ કાળી ભાગીરાતે બેઠા બેઠા કોનુ સત્યાનાશ કાઢવાનો વિચાર કરો છો!

" અમે ગમે તે છીએ પણુ તુ કોણુછે એતો જણાવ? સત્યવ્રતે પૂછ્યું.

" હું કરૂણાશંકર ભટ્ટાચાર્ય. બહાદુર સરદાર કૃષ્ણુલાલનો જમણો હાથ. કેમ હવે તો ઓળખ્યોને? હવે તમે તમારો ખુલાશો કરો "

કુંજઃ—અમે પરદેશી ફકીરો છીએ; ફરતા ફરતા અહિં આવી ચઢયા છીએ. કાલસવારમાં અહિથી જવાના છીએ.

કરૂણા—એમ! વારૂં અહિયા કયારનો મુકામ થયો છે?

કુંજ—સમીસાજનો.

કરૂણા—ત્યારે હું અહિ થોડી વાર ઉપર આવ્યો હતો ત્યારે તમે કયાં ગયા હતા?

સત્ય—વગડામા ફળ વિણુવા.

"હાશ, હવે મને શાન્તિ વળી રાડનાઓની જાણુમાં નથી આવ્યુ તે ઠીક થઇ ગયુ. જો જાણુમા આવ્યુ હોત તો મારા એ ટાઓ લઇ ગયા વિના ના રહેત. આમ મનમાં ગણુગણીને બોલ્યો "—ગાજો બાંજો રાખો છો કે?

કુજ—ગાજો અમે હમણાંજ પીધો, હવે તો અમારી પાસે નથી.

સત્યવ્રત—ભાઇ! મને દમ લગાવવાની મરજી છે, પણ થઇ રહ્યો છે તેથી લાચાર છુ. પાસે ગામ નથી કે લઇ આવીએ

કરૂણા—અરે! આ રહ્યો મારી પાસે. હુ પણ દમલગાઉ છુ. લ્યો બનાવો. કહી કરૂણાશકરે સત્યવ્રતના હાથમા પડીકી મૂકી.

સત્યવ્રતે ગાજો બનાવી .કરૂણાશકરના હાથમાં આપ્યો. ભટ્ટાચાર્યજીએ ગજવામાથી ચલમ કાઢી ગાજો ગોઠવ્યો. ચલમપર દેવતા મૂકી કરૂણાશકર દમપર દમ લગાવવા મડયો. સત્યવ્રતે તેને દેખાડવા નામનીજ ફુક મારી. કુજને આપતા કુજે હમણાંજ પીધો છે તેથી નહિ પીઊં કહી ના પાડી. જોતજોતામા ભડકા ઉપર ભડકા કરી કરૂણાશકરે ચલમમાના ગાજાને સાફ કરી નાખ્યો. ગાજામા ગુલતાન થયેલો કરૂણાશકર ધીમે ધીમે ખીલવા લાગ્યો ને અગમનીગમની ગપ્પો ઠોકવા મડયો, તેને વાતના રસ પર ચઢવા દઇ કુજે ચાલાકીથી તેને સરોજ, સરલા, રાયમલ વગેરેની બાતમી પૂછી, ગાજામાં ગુલતાન બનેલા કરૂણાશકરે સઘળી સત્ય વાર્તા જણાવી. તેમને કયાં રાખ્યા છે, ને હવે શું કરનાર છે વગેરે કૃષ્ણુલાલની બીજી ગુપ્ત વાતો પણ તેણે જણાવી દીધી. બાદ ઘણો સમય થતા હવે કંઇ જાણુવાનું નથી. ધારી કુજે તેને સમજાવી વિદાય કરી

દીધો. તેના ગયા પછી કિશોરી બ્હાર નીકળી તેની મૂર્ખાઈપર હસવા લાગી. તેને ગયે કલાકેક વિત્યા પછી કુબ્જ ઉભો થયો ને સત્યવતને કહેવા લાગ્યો:--સત્યવ્રત ' ચાલો ' તે લોભીયાનુ ધન આપણે કાઢી લાવીએ, કારણ કે હરામનુ હરામેજ જવું જોઇએ. આપણે તેનુ ધન ગરીબોમાં વ્હેંચી દઇશુ. જેવી મરજી, કહી સત્યવ્રત ઉભો થયો, ને કુબ્જને ત્યાંજ બેસાડી કરૂણાશંકરના ખાડા તરફ ગયો. પુન તેણે ખાડો ખોદી ઘડો કાઢી મ્હોરો કાઢી લીધી, અને ખાલી ઘડામાં ઠીકરા ભરી અદર ગોઠવ્યો. તે પછી સત્યવ્રતે ગજવામાંથી એક નાનો કાગળનો કટકો કાઢી પત્થરપર ગોઠવી આંગળીમાંથી સ્હેજ લોહી કાઢી એક સળી વતી લખ્યુ કે—**લોભી લોભ નહિ જો કરે, તો ધુતારા ભૂખે મરે.** એટલુ લખી કાગળને ઘડામા મૂકી ખાડાપર માટી નાંખી દીધી. ખાડો પૂરી બરાબર પત્થર ગોઠવી સત્યવ્રત કુબ્જની પાસે આવ્યો. મ્હોરોને રૂમાલથી બાધી કુબ્જ જમીન ઉપર આડો થયો. કિશોરી પણ રાત્રિ જવાથી નિદ્રાવશ થઇ ગઇ. સત્યવ્રત જાગતો બેસી રહી બન્નેનુ રક્ષણ કરવા લાગ્યો.

પ્રકરણ ૨૫ મું.

"રાયમલનો શોક અને પાપીનો કોપ."

રાયમલને કેદ થયે આજે ઘણા દિવસ થઈ ગયા હતા. કૃષ્ણલાલની કુટીલતાથી દુખી થતો પ્રધાન વ્યાકુળ બની દિવસો ગુજારતો હતો. તેનુ શરીર સુકાઇ ગયુ હતું મુખનુ તેજ ઉડી ગયુ હતું. નિર્દોષ સરલાના મુખ સામે જોઇ તે વારંવાર અશ્રુપાત કરતો હતો.

મધ્યાન્હકાળ થયો હતો, રાયમલ તેની કોટડીની અંદર ગમગીન ચ્હેરે બેઠો હતો, તેના ખોળામા માથુ મૂકી સરલા સુતેલી હતી. આ સમયે તે નિદ્રામાં હતી. રાયમલ એક ચિત્તે તેના મુખ સામે જોઇ ઉંડા નિશ્વાસ મૂકતો હતો. તે હૃદયને શાન્ત રાખવા ઘણો યત્ન કરવા લાગ્યો, પણ હૃદય શાન્ત થયુ નહિ. આખરે મનનો ઉભરો સમાવી નહિ શકવાથી તે બોલી ઉઠયો.--ઓ પ્રભુ ! અમારી આ શી દશા ' દયાળુ ' જો તમને મારી દયા ન આવતી હોય તો આ ગરીબડી બાળાના સામે જુઓ, ને તેનીપર દયા કરો. આ, મારી કોમળ બાળા પાપીના ત્રાસથી અત્યત પીડાય છે. તેણે તમારો કંઇ પણ અપરાધ કર્યો નથી, છતાં તેને શા માટે દુઃખના દાવાનળમાં સળગાવો

છો ? સરલા ! વ્હાલી સરલા ! આ તારો હતભાગ્ય પિતા તારૂં રક્ષણ નથી કરી શકતો. હા, હું શુ કરૂ ? કહી રાયમલ નિશ્વાસ નાખવા લાગ્યો. આખમાથી આંસુ વહેવા લાગ્યા. નિદ્રા વશ સરલાના મુખ 'પર ગરમ આસુના બીંદુ પડ્યાં. સરલા જાગી ઉઠી, અને પિતાના સામુ જોઇ બોલી –બાપુ ! આ શુ કરો છો ? શા માટે શોક કરી આત્માને રીબાવો છો ? પિતા, વ્હાલા પિતા ! શાન્ત થાઓ. આવી રીતે શોક કરવાથી આપણુ દુ ખ દૂર થનાર નથી. કર્મે લખેલુ ભોગવ્યા સિવાય છૂટકો નથી. તેના વચન સાભળી આખ્યો લ્હોતો રાયમલ બોલ્યો -- બાપુ, બેટા, હું શુ કરૂ ? કયા જાઉ ? દિકરા ! મને કંઇ સમજ પડતી નથી હા, સરલા ! હવે શું થશે ?

સરલા—પ્રભુએ ધાર્યુ હશે તે થશે, બાપુ ! મારી એક વાત કબુલ કરશો.

રાયમલ—પુત્રી ! પિતાનો ધર્મ છે કે તેના સંતાનોનુ રક્ષણ કરવું. હુ તારૂ રક્ષણ કરવાને બદલે તને દુ ખી કરવા આ સસારમા આવ્યો છુ. સરલા ! કહે તારી શુ ઇચ્છા છે ?

સરલા—મને કૃષ્ણલાલની સાથે પરણાવી તમે દુ ખ મૂક્ત થાઓ. કારણ કે કૃષ્ણલાલ મને પરણવા ચાહે છે ને તેથી જ તમે માનો નહિ ત્યા સુધી તે દુ.ખ દેવા ઇચ્છે છે.

રાયમલ—ઓ વિભુ ! હું આ શુ સાભળુ છુ ? સરલા ! આજે તું મને આવાં વચનો કેમ સ ભળાવે છે ? સરલા ! હુ તારો પિતા છુ. મારી પુત્રીના કલ્યાણમાં હુ સુખી છુ. દુષ્ટ કૃષ્ણલાલની સાથે તને પરણાવી હું સુખ ભોગવવા નથી ઇચ્છતો. ગાય જેવી દિકરીને કસાઈ ને સોપવા નથી ચાહતો.

સરલાઃ—પિતા ! મારૂ કહેવુ માનો. મારૂ ગમે એ થાય, તેની ચિન્તા ન કરો.

રાયમલઃ—મારી પુત્રીની ચિતા હુ ન કરૂ તો કોણ કરે ? સરલા ! તુ તો આ રકનુ રત્નછે. હું પ્રાણાતે તે પાપીની સાથે તમે પરણાવનાર નથી •

સરલા—જો એમ નહિ કરો તો હવે મરણ સિવાય આપણો બીજો રસ્તો નથી.

રાયમલ.—હું મરવાને તૈયાર છુ.

સરલા—પછી આ તમારી સરલાનુ શુ થશે ?

રાયમલઃ—મારી સરલાનુ ઇશ્વર કલ્યાણ કરશે. હવે હુ તને ઇશ્વરને સોપુ છું. પ્રભો ! નિર્દોષ બાળાની રક્ષા કરજો. અરે રે ! હુ તેનો પિતા થઇ તેને સુખી કરી શકયો નહિ. હા, મારૂ મન મુઝાય છે. શુ કરૂ ! હુ બધને બધાયો છુ, શોકના તાપથી બળેલો છુ. આમ બોલતો રાયમલ ઉભો થઇ ધીમે પગલે આમ તેમ ફરવા લાગ્યો. સરલા પિતાની સ્થિતિ જોતી આખોમાથી આસુ વરસાવતી હતી. તેમનાથી દૂર એક પહેરગીર સિપાહી આમ તેમ આટા મારતો હતો. એવામા તે દૂર પહેરો ભરતો સિપાહી કેઇક યાદ આવતાં ગાવા લાગ્યો.

ગઝલ.

ગુજારે જે શિરે ત્હારે, જગત્‌નો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારૂ પ્યારાએ, અતિ પ્યારૂ ગણી લેજે;
દુનિયાની જુઠી વાણી, વિષે જો દુખ વાસે છે,
જરાએ અતરે આનદ, ના ઓછો થવા દે જે.

પહેરેગીર સિપાહી ગાનની કડીયોને ઉલટાવી ઉલટાવી ગાવા લાગ્યો. રાયમલ અને સરલા શાન્ત થઇ સાભળવા લાગ્યાં. ગાનનો ભાવાર્થ સમજી તે મન સાથે બોલ્યો.

' ખરેખર ! આ ગાનનો ઉપદેશ મારા માટે જ છે. આ ગાન જાણે મારા બળતા હૃદયને શાન્ત કરવાને આ સિપાહી ન ગાતો હોય એમ મને જણાય છે. પુન પહેરેગીરે આગળ ચલાવ્યુ.

" જગતના કાચના યત્રે, ખરી વસ્તુ નહિ ભાસે,
ન સારા કે નઠારાની, જરાએ સગતે રહે છે,
રહે જે શાન્તિ સતોષે, સદાએ નિર્મળે ચિત્તે,
દિલે જે દુ ખ કે આનદ, કોઇ ને નહિ કહેજે.

નહિ કહુ, હૃદયનુ દુ ખ હવે કોઇને નહિ કહુ. પ્રભુએ ધાર્યુ હશે તે થશે. મરણ પણ થવાનુ હશે તો થશે. આટલુ વચમા બોલી પુન રાયમલ સાભળવા લાગ્યો.

અરે પ્રારબ્ધ તો ઘેલુ, રહે તે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહજે.
રહી નિર્મોહી શાતિથી, રહે એ સુખ મોટુ છે,
જગત્ બાજીગરીના તુ, બધા છલબલ જવા દેજે.

સાહિત્યરત્ન.

સિપાહી શાન્ત થઇ પહેરો ભરવા લાગ્યો. રાયમલ ગાનની અસરથી ધૈર્યવાન બની બોલી ઉઠયો—બસ હવે થવાનુ હોય તે થાઓ આ રાયમલ અનહદ સકટો સહન કરવાને તૈયાર છે. કૃષ્ણલાલ ! હુ તારી માગણી કબુલ કરનાર નથી તુ ચાહે એટલુ મને દુ:ખ દે, અને ચાહે તો આ પ્રાણ લે, પણ આ રાયમલ હવે તેના

નિશ્ચયથી કદી ડગનાર નથી તે નથી જ. સરલા ! બેટા આમ આવ, ને હું કહું તે સાંભળ. કહી તેણે સરલાને પાસે ખેચી કહ્યુ -બેટા ! તું વીર પુત્રી છે. ક્ષત્રિય બાળાઓ કદાપિ દુઃખથી ડરતી નથી. એ પ્રમાણે તુ દુ.ખથી ડરીશ નહિ, હમણા પાપી આવશે અને આપણો વિચાર પૂછશે. હુ આજે તેને સ્પષ્ટ જણાવી દેનાર છુ. પછી ભલે તે ચાહે તે કરે. સરલા ! કદાપિ મારૂ મૃત્યુ થાય તો તું ડરીશ નહિ; અને દુ ખથી ગભરાઇ પાપીને શરણ થઇશ નહિ. સરલા ! વધારે કહી શકતો નથી, તુ મારી ગુણવાન પુત્રી છે. છતા એક વખત પિતાની ફરજ સમજી કહુ છુ કે'--વિપત્તિનુ વાદળ ટૂટી પડે, અને તારી ઉપર ઘાતકીપણુ ગુજરે, તો પણ આપણો ધર્મ યાદ કરી ધર્મ ભ્રષ્ટ થઇશ નહિ. ધર્મ ભ્રષ્ટ થવાનો સમય આવે તો સુખેથી શ્વાસ રૂધી તારા પ્રાણને ત્યાગજે. કહી રાયમલ શાન્ત રહ્યો પિતાના ઉપદેશને મનમા સમજી સરલા તેની કોટે વળગી કહેવા લાગી-- પિતા ! તમારા મૃત્યુ પછી આ સરલા એક પળ પણ આ સસારમા જીવતી રહેનાર નથી. બાપુ ! મારી ફીકર કરશો નહિ, હુ પ્રાણ ગયે પણ ધર્મથી ભ્રષ્ટ થનાર નથી. આમ વાત ચાલે છે એવામા જ કૃષ્ણલાલ ત્યા આવતો જણાયો તેને જોતા જ સરલા બોલી ઉઠી--બાપુ સાવધ ! પાપી આવી પહોચ્યો છે કહી સરલા ધ્રુજવા લાગી રાયમલ તેના માથે હાથ ફેરવતો ભાગ્યના ખેલ જોવા તૈયાર થઇ ઉભો

કૃષ્ણલાલને ત્યા આવેલો જોઇ પહેરો ભરતા સિપાહીએ નીચા નમી તેને નમન કર્યું અભિમાનીએ તેના સામે જોયા સિવાય ત્યાં પડેલા એક પત્થર પર સ્થાન લીધુ થોડી વાર બેસી તેણે પહેરો ભરતા સિપાહીને રાયમલને લાવવાનુ કહ્યુ સિપાઈ રાયમલને લઇ

આવ્યો. તેને જોઈ કૃષ્ણલાલે પૂછ્યુ..—કાં રાયમલજી ! શુ વિચાર કરો છો ? વિચારમાને વિચારમા કયા સુધી ખરાબ થઇ લોહીનુ પાણી કરશો ?

રાયમલ—કૃષ્ણલાલ ! વિચારનો પાર નથી. વિચાર વિના મનુષ્ય જન્મ નથી. પ્રભુની ઇચ્છા હશે ત્યા સુધી રાયમલ ખુશીથી દુઃખ સહન કરશે, પણ તારી નીચ માગણીનો કદાપિ સ્વિકાર નહિ થશે.

કૃષ્ણલાલ—રાયમલ ! હજી પણ કહું છુ કે તમારે તમારો વિચાર ફેરવવો પડશે અને સરલાને મારી સાથે પરણાવવી પડશે. રાયમલ ! શુ હુ તમારી જ્ઞાતીનો નથી ? શુ હુ સરલાને લાયક નથી. ?

રાયમલ—ના, તું સરલાને લાયક નથી. કયા હંસણીને કયાં કાગડો ? કયા એક ગરીબ બાળા, ને કયાં એક પિશાચ ? કૃષ્ણ-લાલ ! મારી સરલા સદ્‌ગુણનો ભંડાર છે તો તુ એ દુર્ગુણોનો ભંડાર છે. તે સતી છે તું પતીત છે, તે દેવી છે તુ દૈત્ય છે, તે-નામા દેવનો વાસ છે તારામા દૈત્યનો નિવાસ છે.

કૃષ્ણલાલ—રાયમલ ! તમારી જીભ ઉપરાત આગળ વધે છે. યાદ રાખજો કે મને સતાવવાનુ ફળ વિપરીત છે.

રાયમલ—ત્યારે શુ નિર્દોષ જનોને દુખી કરવા એ તારી રીત છે ?

કૃષ્ણલાલઃ—હુ તમને દુખી કરવા નથી ચાહતો. હુ તમને સુખી કરવાને ઇચ્છુ છુ અને તેથી જ સરલાની માગણી કરૂ છુ. રાયમલ ! મારૂ કહેવુ માનો, ને સરલાને પરણાવી સુખથી દિવસો નિર્ગમન કરો.

રાયમલઃ—કૃષ્ણુલાલ ! આ રાયમલને તું હજી બરાબર ઓળખતો' હોય એમ જણાતું નથી. શુ હુ તારૂં કહેવુ માની મારી પુત્રીને એક પિશાચને સોંપી હું સુખ ભોગવુ ? શુ હુ તેનુ સત્યાનાશ કાઢી આનંદમા ફરૂ ? નહિ, નહિ કૃષ્ણુલાલ ! પુત્રીને દુ:ખી કરી હુ સુખે ભોગવવા ઇચ્છતો નથી.

કૃષ્ણુલાલ—રાયમલ તમે ભુલો છો સરલા મારા સહવાસથી સુખી થશે

રાયમલ—સૂર્ય કદી પશ્ચિમે ઉગશે ? નહિ જ. તેમ મારી સરલા તારા જેવા પાપીની પત્ની થઇ કોઇ કાળે સુખી થશે નહિ. દુષ્ટ જનોનો પ્રેમ કૃત્રિમ હોય છે. સ્વાર્થ પૂરો થતા તેમનો પ્રેમ પૂરો થાય છે, એ હુ સારી રીતે સમજુ છુ.

કૃષ્ણુલાલ—રાયમલ ! આટલુ આટલુ કહેવા છતા તારા વિચાર ફરતા નથી તેથી મને સમજાય છે કે તારૂ ભાગ્ય ચક્ર ફર્યું છે. તારો કાળ પોકાર કરી રહ્યો છે અને તેથીજ તને આવી અવળી મતિ સુઝી રહી છે

રાયમલઃ—મને મરણની લેશ માત્ર પરવા નથી. કૃષ્ણુલાલ ! હુ કાળને ભેટવા તૈયાર છુ. તું કહે છે કે ભાગ્ય ફર્યુ છે, પણ મારૂ નહિ પણ તારૂ ફર્યું છે. કારણ કે ભાગ્યના ભૂલાવાથીજ તને આવી અવળી બુદ્ધિ ઉત્પન્ન થઇ છે. કૃષ્ણુલાલ ! તારા પાપ કર્મોની સીમા નથી, તારા ત્રાસથી હજારો ગરીબો રડે છે. જો આમ ઉચે જો, આ સૂર્ય ભગવાન તારી ઉપર ક્રોધાયમાન થઇ લાલચોળ બની તપી રહ્યા છે.

ગરીબ ગરદન મારતાં, તને ઉપજે નહિ ત્રાસ,
સમજજે કુટીલ કૃષ્ણ તું, થાશે તારો નાશ,
ક્રૂર કર્મ ત્હેં અદકાં કર્યાં, છતા હજી સમજે નહિ,
જો, જો, અભિમાની ઉરવિષે, ધરા આ ધ્રુજી રહી.

કૃષ્ણલાલઃ—ચુપ કર. હું તારા વચન સહન કરી શકતો નથી. રાયમલ ! ત્હેં આજે મને ભયંકર ક્રોધથી સળગાવ્યો છે. તારૂં મ્હોત ત્હેં હાથે કરી માગી લીધુ છે.

વદી અવળાં વેણથી, મરણ મુખમા તું જાય છે,
રાયમલ સમજજે મનમહિ, કેકાળ તારો થાય છે,

રાયમલ—બળના ગર્વથી છકેલા છાકટા ! તારા વચન મારી વિસાતમાં નથી. ક્ષત્રિય પુત્રનુ પરાક્રમ જોવુ હોય તો છૂટો કરી સામે થઇ જા.

કરતાં છૂટો વીરને, કટકા કોડ કરૂં તારા,
પછાડું પાપી પલકમા, હાથ જુએ તું મ્હારા.

કૃષ્ણલાલ—મરણ પાસે આવ્યુ હોય ત્યારે માણસ નકામો બડબડાટ કરે છે. રાયમલ ! એટવાર તને કહું છુ કે વિચાર કરજે ને માનવુ ન હોય તો કાલે સાજે મરવાને તૈયાર થજે. કહી કૃષ્ણ-લાલ ગુસ્સાથી કપતો ત્યાંથી ઉભો થઇ સિપાહીને રાયમલને તેની કોટડીમા પૂરી આવવાને કહ્યું. સિપાહી તેને કોટડીમાં મૂકી આવ્યો. તે પછી વિચારમા ઉભેલો કૃષ્ણલાલ મનમા બોલવા લાગ્યો—બસ હવે રાયમલનો કાલે અંત આવશે. પિતાના મરણથી હુ જાણું છું કે સરલા સમજશે; ને મને ખુશીથી પરણશે. જો તે ખુશીથી પરણશે તો સરોજ મારા ક્રોધનો ભોગ થતો બચશે, નહિ તો બન્નેનો

આખરે અત આવશે. આમ બોલી કૃષ્ણુલાલ કંઇક વિચાર કરવા લાગ્યો, ને વિચારને અંતે બોલ્યો; આજે પાચ પાચ દિવસો વિત્યા છતા જ્ઞાનચંદ્રના સમાચાર નથી મળ્યા. મારા બહાદુર સરદારના એકાએક ગૂમ થવાથી મને કાંઇ સમજ પડતી નથી હવે હુ તેને કયા ખોળુ ? શુ પેલી દેવી સ્વરૂપે આવેલી બલાએ તો તેને સપડાવ્યો નહિ હોય ? કારણુ કે જ્ઞાનચદ્ર તેની જ શોધમા ગયો હતો શું ખબર પડે ? ઠીક છે, આજે હુ મારા માણુસોને જ્ઞાનચદ્રની શોધમા મોકલીશ. લાવ-હવે હુ સરોજની કોટડી તરફ જાઉ ને તેને પણુ લગીર અજમાવી જોઉં કહી કૃષ્ણુલાલ સરોજની કોટડી તરફ ચાલ્યો

પ્રકરણ ૨૬ મું.

"ચમત્કારિક ખંડેર."

જે સમયે કૃષ્ણુલાલ અને રાયમલનો મવાદ ચાલતો હતો, તે સમયે કુંજ, કિશોરી અને સત્યવ્રત સરોજકુમારને છોડાવવાના વિચારથી કિલ્લા તરફ જતા હતા આજે તેમણે નિશ્ચય કર્યો હતો કે ગમે તેમ થાય પણુ સરોજનો ઉદ્ધાર કરવો. ત્રણે જણાં કિલ્લાની આગળના ખડેર સમિપ આવી પહોચ્યાં.

આપણે પ્રથમ વાંચી ગયા છીએ કે ખ ડેરની અન્દર એક વિશાળ ચોગાન આવેલુ હતું ને તે ચોગાનની આસપાસ વગર દરવાજાનો મજબુત કિલ્લો ચણેલો હતો તેની અંદર પુષ્કળ ઝાડી આવેલી હતી ને તે ઝાડીમા એક એકથી દૂર એવી ચારેક કોટડીઓ આવેલી હતી. ગયમલ અને સરલા, જે કોટડીમા હતા તેમનાથી દૂર એક ધીચ ઝાડીમા સરોજની કોટડી આવેલી હતી. પારકાના દુ ખે દુ ખી થતા ત્રણ જણા ખરા મધ્યાન્હકાળે ભાગેલા ખ ડેરની નજીક આવી પહોચ્યાં ખ ડેરના માર્ગથી જાણીતી કિશોરી ખ ડેર આવતા કઇક ઓર દેખાવા લાગી. જે કિશોરી અત્યાર સુધી શાન્ત અને ગભીર જણાતી હતી, તે કિશોરી હવે ભયાનક ભાસવા લાગી આગળ કિશોરી ને પાછળ કુજ અને સત્યવ્રત ચાલવા લાગ્યા ભાગેલા ખ ડેરના પથગ વટાવતા ત્રણે જણા ઝડપથી આગળ વધવા લાગ્યા એવી રીતે ચાલતા ત્રણે જણા એક કુવા આગળ આવી અટકયા. કુવામાં પગથીયા હતા કિશોરી કુજને કુવામા ઉતરવાનું સૂચવી પ્રથમ પોતે ઉતરવા લાગી. આશરે પચાશેક પગથીયા ઉતરી ત્રણ જણા કુવાની છેક નીચે ગયા અન્દર પાણી નહોતુ. કુવો વિશાળ હતો કેટલેક ઠેકાણે ઉડા ગાબડા પડેલા હતા નીચે ઉતરી કિશોરીએ અગાઉથી સાથે લઇ લીધેલો છરો કાઢયો ને તે છરાથી કુવાની એક બાજુની ભીતના ગાબડામા ખોતરવા લાગી. થોડી વાર ખોતરતાં તેણીએ ગાબડામાથી એક નાનુ પાટીયુ ખેચી કાઢ્યુ. પાટીયુ બહાર નીકળતા અન્દર માર્ગ થયો તે માર્ગમા એક ઝીણી ખીલી બેસાડેલી હતી. કિશોરીએ તરત તે ખીલીને જોરથી દબાવી કે તાગલોજ એક મોટો અવાજ થયો. કુજ અને સત્યવ્રત અવાજથી ધ્રુજી ઉઠયા, ને કુવાની ઉપરનો ભાગ તૂટી પડયો કે શું ? એમ

સમજી ઉચે જોવા લાગ્યા બન્નેએ અત્યત અજાયબીની અદર જોયુ તો જણાયુ કે કુવામા એક સીધી નેળ થઈ ગઇ છે. કિશોરીએ તે સાકડી નેળમા બન્નેને લઇ ચાલવા માડયુ આખરે કલાકેક સુધી નેળમા ચાલ્યા પછી ત્રણે જણા એક ખુલ્લા મેદાનમા આવી પહોચ્યા. આ મેદાનમા અનેક જાતના વૃક્ષો ઉગેલાં હતા રગબેરંગી ફુંલો ખીલી રહ્યા હતા. જાત જાતના ફળ ઝાડ ઉપર ઝુકી રહ્યા હતા. પાણીના સ્વચ્છ ઝરણા કલ કલ અવાજ કરતા વહેતા હતા. આવા આનદકારક મેદાનમા ત્રણે જણા આવી ઉભા રહ્યાં. ભુખ લાગી હતી સત્યવ્રત ફળ તોડી લાવ્યો, ત્રણે જણાએ ફળ ખાઇ પાણી પીલીધુ અહિ સુધી આવતા તેમને થાક લાગ્યો હતો. દ્વાર વિનાનો કિલ્લો ત્યા આવેલો હતો. થોડીવાર સ્વસ્થ થઇ કુજે પૂછયુ—કિશોરી ! હજી આપણે કેટલેક દૂર જવાનુ છે ?

“ હવે આપણે વધારે દૂર જવાનુ નથી, પણ આ સામે જણાતા કિલ્લાની અદર જવાનુ છે. ”

શું સરોજ કુમારને ત્યા રાખવામા આવ્યો છે ? કુજે પૂછયું.

હા, હવે આપણી વાતને અટકાવો, ને અંદર જવાને તૈયાર થાઓ. કહી કિશોરી ઉભી થઇ. કુજ અને સત્યવ્રત મનમા આશ્ચર્ય પામી તેની પાછળ ચાલવા લાગ્યા. કુજે કિલ્લાની સમિપ આવી જોયુ તો તેને અદર જવાનુ દ્વાર જણાયુ નહિ, અદર શી રીતે જવાશે એમ તેના મનમા વિચાર થયો. એટલામા તો કિશોરીએ આગળ વધી કોટની એક અમુક જગામા જોરથી લાત મારી. પગના પ્રહારથી તેની નીચેની જમીન હાલવા લાગી. ધરતી કંપ થયો કે શુ ? સમજી

ને સત્યવત આઘો ખસી જોવા લાગ્યો. જોત જોતામાં તો તે હાલ-
તી જમીનમા એક હાથ ઉડો ખાડો પડ્યો. ખાડામાં એક ઝીણી
દોરીનો છેડો પડેલો હતો. કિશોરીએ તે દોરીના છેડાને પકડી
'ખેચ્યો, કે તરત વળી પાછો એક અવાજ થયો; ને તેની સાથે
કોટની ઉપર ગોઠવેલો એક બનાવટી મોર ચક્કર ચક્કર ફરવા લાગ્યો
આમા વિશેષ ખુબી તો એ હતી કે, આટલા મોટા ભયકર અવાજ
થતા હતા, પણ તે અવાજ ત્યાના ત્યાજ સમાતા હતા કોટની
અંદર રહેતા માણસો અવાજ સાંભળી શકતા નાહ. કિશોરી ગોળ
ફરતા મોરના સામુ ઘણી વાર સુધી જોઇ રહી છેવટે ઘણી વારે તે
મોરના મુખમાથી એક ઝીણી ખીલી નીકળી પડી. મોર ફરતો બધ
થયો. કિશોરાએ તે ખીલીને કોટના એક ઝીણા છીદ્રમા ઘાલી, અને
તેને જોરથી દબાવતાજ કડડડ અવાજ કરતા પત્થરના ગુપ્ત દ્વાર ખુલ્લા
થઇ ગયા કુજ અને સત્યવ્રત આવો દેખાવ જોઇ સ્તબ્ધ બની
ગયા. તેઓ કિશોરીની મનમા પ્રસસા કરતા તેની પાછળ જવા
લાગ્યા. કિશોરી બન્નેને લઇ ઘાડી ઝાડી વાળા મેદાનમા આવેલી
સરોજની કોટડીની પાછલી બાજુએ આવી પહોચી. આ સરોજની
કોટડી. કહી કિશોરી કુંજના સામે જોઈ રહી.'

કુંજ તો હજી મનમા કિશોરીનાં વખાણ કરતો હતો. તે મન-
મા બોલતો હતો કે-કિશોરી ધન્ય છે તને, તું એક બહાદુર બાળા
છે. તારા ાવના અમે આવા ભયંકર બાગમા શી રીતે આવવા
શક્તિવાન થાત કિશોરી ! કિશોરી ! આજે મારી ઉપર તારો અ-
ત્યત ઉપકાર થયો છે, ઉપકારના બદલામા તારા પ્રત્યેનો પ્રેમ હૃદયમાં
બમણો વધ્યો છે આમ બોલતો કુજ સરોજની પાસે જવાને તૈયાર
થયો, પણ એટલામા તેમને કોઇકના આવવાનો ભાસ જણાયો.

કિશોરી બન્ને જણાંને ત્યાં જ ઉભા રહેવાની ઇશારત કરી થોડેક આગળ જઇ જોવા લાગી, તો તેણે કૃષ્ણલાલને ત્યાં આવતો જોયો. હવે આવી બન્યુ. કહી કિશોરી ગભરાયેલા ચ્હેરે કુંજની પાસે આવી ધીમેથી બોલી ઉઠી—કુંજવિહારી! હવે બચવું મુશ્કેલ છે. પાપી આ તરફ આવતો હોય એમ જણાય છે. હવે શું કરીશું?

"કિશોરી ગભરા ન્હિ, થનાર હશે તે થશે. કુંજે શાન્તિ આપી.

ભાઇ! આપણે આ ઝાડપર ચઢી જઇશુ? કારણકે આ ઝાડ ઘટાવાળું છે. ઉપર ચઢી જવાથી આપણને કોઇ જોઇ શકશે નહિ. સત્યવતે સલાહ આપી.

હા, તમારૂ કહેવુ ખરૂં છે. ચાલો આપણે ઉપર ચઢી જઇયે ને પછી પાપીના ગયા પછી આપણા કામનો આરંભ કરીયે. કહી પ્રથમ કિશોરીને ઉપર ચઢાવી બન્ને જણા ઝાડ ઉપર ચઢી ગયા. ઝાડ ઘનઘોર ઘટાવાળું હતું ત્રણે જણાં ઝાડમા છૂપાઇ કૃષ્ણલાલ હવે શુ કરે છે, તે ધ્યાનપુર્વક જોઇ રહ્યા

પ્રકરણ ૨૭ મું.

"વીરની ધૈર્યતા, અને કૃષ્ણલાલની કુટિલતા."

પગના પ્રહારથી પૃથ્વીને કપાવતો કૃષ્ણલાલ સરોજની કોટડી પાસે આવ્યો. કોટડીનુ તાળુ ખોલી જોતા તેને જણાયુ કે સરોજ ઉંઘે છે. તેને ઉંઘતો જોઇ કૃષ્ણલાલે બૂમ મારી—સરોજ! ઉઠ જાગૃત થા.

સરોજ ઝબકી ઉઠયો, ને આંખો ચોળતો કૃષ્ણુલાલની સામે જોઇ રહ્યો તેને સામુ જોઈ રહેલો જોઇ કૃષ્ણુલાલે હસીને પૂછ્યુ - કેદખાનાની કોટડીમા ઉંઘ મારી આવે છે ને ?

" જેના હૃદયમા હમેશા શાન્તિનો નિવાસ છે, તે ગમે તે સ્થળે સુખથી ઉંઘે છે." સરોજે જવાબ આપ્યો.

" જ્યારે તુ શાન્તિવાળો છે, ત્યારે તો આ કેદખાનામાં પણ તને આનંદ પડતો હશે ?" ફરીથી કૃષ્ણુલાલે પૂછ્યુ

" હા, જેનો પિતા ધર્મ છે. શાન્તિ અને ધૈર્યતા બ્હેનો છે, તેને કેદખાનુ એક મોટા મહેલ સમાન છે "

" સરોજ ! તારા વચનો ફક્ત મનને શાન્તિ કરવાના વાસ્તે જ છે "

" નહિ. કૃષ્ણુલાલ ! હુ સત્ય બોલુ છુ તુજ જોકે ચિંતાનો ત્યાગ કરવાથી અને દુ:ખમા શાન્તિ ધરવાથી મારા મહેલ કરતા પણ મારૂ શરીર અહિં કેવુ સારૂ થયું છે અને તારૂ શરીર ચિંતાએ કરી કેવું સૂકાઇ ગયુ છે ? "

"ગમે તેમ કહે, પણ તારા કરતા હુ વધારે બળવાન અને સુખીછુ

" તે અત્યારે કહી શકાય નહિ કૃષ્ણુલાલ ! બળનો મુકાબલો કરવો હોય તો મને બંધન મૂક્ત કરી મારી સાથે યુદ્ધનો ખેલ ખેલી જો "

" સમય આવે મુકાબલો કરી જોઇશું. સરોજ ! કહે હવે કે તારી ઇચ્છા અહિંથી છુટવાની છે ? "

"બંધનમાં પડેલું પક્ષી હમેશાં પાંજરામાંથી છૂટવાનીજ ઇચ્છા રાખે છે. કૃષ્ણલાલ ! જો તારામાં દયા ઉત્પન્ન થઈ હોય તો મને અને સરલા ને મુક્ત કર,

"સરલાનો વિચાર પછી થશે, તું તારૂં તો સંભાળ ?"

"નહિ, પ્રથમ સરલા અને પછી હું. તેના સિવાય હું છુટવાને નથી ચાહતો."

"સરોજ ! સરલાને હું ચાહું છું"

"તેથીજ હું તને ધિક્કારૂં છું ?"

"શા માટે ? સરલા હજી કુમારિકા છે, તું તેના પ્રેમને મનમાંથી કાઢી નાખ અને સરલાને મારી સાથે પરણવાની શીખામણ દે"

"ચૂપ ! શું તને પરણવા માટે હું સરલાને સમજાવું ? શું સરલાના જીવનને તારી સાથે જોડી તેની જીંદગી બગાડી હું સુખ ભોગવું ! ના, ના, બ્રહ્માંડ મારી પર તૂટી પડે તોય શું ?"

"સરોજ ! સમજ, જો એમ કરીશ તો સુખી થઇશ, નહિ તો કમ્હોતે માર્યો જઇશ."

"મ્હોતની મને દરકાર નથી. કિરતારના સિવાય સરોજના એક વાળને પણ ઇજા કરવા કોઇ સમર્થ નથી કૃષ્ણલાલ ! મરણનો ભય શા માટે બતાવે છે ! મરણ વીરપુત્રોનો વફાદાર દોસ્ત છે એ તું જાણે છે ?"

"હા, જાણું છું, અને તેથી જ કહુ છું કે એ દોસ્તની જરૂર નથી."

"કૃષ્ણલાલ ! તું ભૂલે છે. મરણ મિત્રની દરેકને જરૂર છે. તે

મિત્ર દયાળુ છે. માણુસ તેને ધિક્કારે છે છતાં તે ધિક્કારની દરકાર કર્યા વિના આખરે સહાય થાય છે, ને તેના મિત્રને અક્ષય ધામમાં લઇ જાય છે "

" સરોજ ! તારી મૂર્ખાઇપર મને હસવુ આવે છે ! "

" મને પણ તારા નીચ કર્મો જોઇ તારે માટે રડવુ આવે છે. "

" કારણુ ? "

" કારણુ એજ કે તારાં નીચા કર્મોથી આખરે તારી ઘણીજ ખરાબ દશા થવાની. તારી જીદગી ભયકર રીતે નષ્ટ થવાની કૃષ્ણુલાલ ! તું અત્યારે જે બળનો ગર્વ રાખે છે, તે તારો ગર્વ કાળના ચક્કરમા ફસાતા જતો રહેશે, અને તારા અત્યાચારથી યમરાજનો ભયંકર ક્રોધ તારી પર ઉતરશે. હા, કૃષ્ણુલાલ ! તે સમયે તું ખરે-ખર પસ્તાઇશ ને દુ.ખ સહન નહિ કરી શકવાથી ચોધાર આંસુએ રડીશ. "

" ઠીક છે,, તે વખતે જોઈ લેવાશે. બોલ હવે જવાબ દે કે અહિ રહી મરવુ છે કે મારૂ કહેવુ માની છુટવુ છે ? "

" તારૂં કહેવું માનવા કરતા હુ અહિં રહી મરવાનુ ઘણુ પસદ કરૂ છુ "

" સરોજ ! હું જ્યા સુધી તારી સાથે નરમાશથી બોલુ છુ ત્યા સુધી હુ તને દયાળુ જણાતો હોઇશ. નાદાન છોકરા ! હજી ત્હે મારો ભયકર ક્રોધ નિહાળ્યો નથી, મારૂ કહેવું માન્ય કર નહી તો મારા ક્રોધથી તુ બચવાનો નથી. "

" મ્હેં તને પ્રથમજ જણાવ્યુ કે હુ જીવવા નથી ઇચ્છતો છતાં વારેવારે શા માટે પૂછે છે ? "

" એમ તો થજે હવે તૈયાર, ને સમજ જે કે કોઇ નથી તને બચાવનાર. "

" કૃપાળુ કિરતાર મારૂ રક્ષણ કરવાને તૈયાર છે. "

સરોજ ! જે સરલાને તું ચાહે છે, એજ સરલાનો હુ તારી સમક્ષ ઘાત કરવા ધારૂ છુ. તે તું જોજે ને જોતો જોતો તું પણ મરજે. "

" દુષ્ટાત્મા ! સરલાનો વધ હું આનંદથી જોઇશ. પાપીના પાપ વાસમાથી છૂટી જતી અબળા હવે ચિરકાળના સુખમા જશે એમ સમજી ને હુ ખુશી થઇશ. "

" તે અત્યારે કહેવાય છે જોઉ છુ કે તેના મરણનું કલ્પાત તારાથી શી રીતે જોવાય છે ? "

" જોવાય છે કે નહિ એ મારે સમજવાનુ છે, પણ યાદ રાખ જે કે તારે તો સદાય રોવાનુ છે. દુનિયામાં ઉત્પન્ન થયેલા પ્રેત ! જા, જા, તારાથી થાય એ કરી લૈ તારા નરકાગારમા પડેલા અમે તારો અત્યાચાર સહન કરવાને તૈયાર છીએ. નરાધમ ! એક દિવસ એવો પણ આવશે કે તારૂ અકાળે મરણ થશે, એ સમયે તને ભયંકર વેદના થશે. યમરાજના દૂતો તને સદા કાળને માટે નર્ક કુડમા ઘસડી જશે. જા, નરપિશાચ ! હવે અહિથી ચાલ્યો જા. તારી અપવિત્ર છાયાથી હું અપવિત્ર થાઉં છુ કહી સરોજે એક તિરસ્કારની દ્રષ્ટિ ફેંકી મુખ ફેરવી લીધુ. "

કૃષ્ણુલાલ કોટડી બંધ કરી ત્યાંથી ચાલતો થયો, ને કોટડીની બીજી બાજુની ઝાડીમા વિચાર કરતો ફરવા લાગ્યો. સરોજ પાપીના ગયા પછી કોટડીમા માથુ નીચુ રાખી હૃદયનો ભાર ઓછો કરવા લાગ્યો સરલાને માટે પ્રભુને વિનવતો સરોજ ઘણી વાર સુધી બેસી રહ્યો.

કૃષ્ણુલાલ ગયો હશે, ધારીને ઝાડ પર છુપાઇ બેઠેલા કુંજ-કિશોરી અને સત્યવ્રત નીચે ઉતર્યા. કુંજ મનમા સરોજની દઢતાના વખાણ કરતો તેની કોટડી તરફ જવા તૈયાર થયો, કે તરત કિશોરીએ કહ્યું—કુંજવિહારી ! ઉભા રહો, હુ કહું એમ કરો. જાણે કે આ સત્યવ્રત ભાઇ આપણે ખુલ્લા કરેલા દ્વાર પાસે ઉભા રહે. હુ પેલી ઝાડીમા જઇ પાપીનો માર્ગ રોકુ છુ. એટલામા તમે જેમ બને એમ જલ્દીથી સરોજને છૂટા કરી દયો. તેમને મૂક્ત કરી એક સન્નાદર્શક ધીમો અવાજ કરજો કે જેથી હુ ત્યાંથી અહિ આવીશ. બાદ આપણે આવેલા રસ્તે થઇને નિર્વિઘ્ને બહાર નીકળી જઇશુ.

કિશોરીની સૂચનાનુસાર સત્યવ્રત ખુલ્લા દરવાજાની પાસે એક સ્થળે છૂપાઇ ઉભો કિશોરી ઝાડી તરફ ચાલી ગઇ કુંજ ઝડપથી પગ ઉપાડતો સરોજની કોટડી તરફ ચાલ્યો. કોટડીએ વાસેલુ તાળુ કુંજે યુક્તિથી ઉઘાડી નાખ્યુ સરોજ નીચી નજરે બેઠો હતો. તેણે કુંજને જોયો નહિ એટલામા કુંજે ધીમેથી કહ્યુ—સરોજ કુમાર !

" કોણ ! ? સરોજે ચમકી ઉભા થઇ પૂછ્યુ.

" ભાઇ ! ઉઠો ઉભા થાઓ સમય નથી, આપણે જલ્દીથી નાસવુ જોઇએ. કહી કુંજે સરોજનુ બંધન છોડી નાખ્યુ. મરતા માણસમા પ્રાણ આવે એ પ્રમાણે સરોજ બંધન મૂક્ત થતા ઉભો થયો, ને દયાર્દ્ર મુખે પૂછવા લાગ્યો-ભાઇ ! તમે કોણ છો ? હુ તમને ઓળખતો નથી."

" તે બહાર નીકળી તમે જાણુશો અત્યારે કહેવા જેટલો સમય નથી, ચાલો ત્વરા કરો."

" ભાઇ! થોડીકવાર સબુર કરો અહિ પાસેની કોટડીમા જ એક નિર્દોષ બાળા પૂરાયેલી છે તેનો ઉદ્ધાર કરીએ "

" ચાલો, જલ્દી ત્યા ચાલો અને તે કોટડી બતાવો. કહી કુંજ સરોજને લઇ સરલાની કોટડી તરફ ચાલવા લાગ્યો."

પેલી તરફ કિશોરી ઝાડીમાં ફરતી હતી તે જ સ્થળે પાપી કૃષ્ણલાલ બેઠો હતો. ધનઘોર ઘાડી ઝાડીના અધકારમા કિશોરી તેને જોઇ શકી નહિ. કૃષ્ણલાલે તેને જોઇ' તે ચમકયો ને એકદમ ઉભો થઇ વાધ જેમ બકરાનીપર તરાપ મારે તેમ કૃષ્ણલાલે છલગ મારી કિશોરીને પકડી. કિશોરી ભયભિત થઇ ગઇ. તેના મુખમાથી કારમી ચીસ નીકળી ગઇ.

સરલાને છોડાવવા જતા સરોજ અને કુજના કાને કિશોરીની ચીસ સભળાઈ કુજ આગળ નહિ વધતા ત્યા જ અટકયો ને નક્કી કિશોરીની ઉપર આફતનુ વાદળ ટૂટયુ છે. એમ સમજી કુજ લાબી નજરે જોવા લાગ્યો, તો કૃષ્ણલાલને કિશોરીનો હાથ પકડી ઉભેલો જોયો. હા, રામ, ગરીબ બાળા પાછી સપડાઈ ગઇ! પ્રભુ તેનું રક્ષણ કરજો. તેનુ રક્ષણ કરવા જાઉં છુ, તો સરોજ અને હુ સકટમા સપડાઉ છુ. પ્રભુ! કિશોરીને બચાવજે કહી કુજ સરોજને કહેવા લાગ્યો -ભાઇ! હવે આપણાથી સરલાને મૂક્ત કરી શકાશે નહિ.

" કારણ?"

" તમે આ કારમી ચીસ સાંભળી?"

" હા, તે ચીસ કોણે નાખી હશે ? "

" કુમાર ! " તે એક દયાળુ દિલની બાળા છે. તેની જ કૃપાથી અમે અહી આવી તમને છોડાવવાના પ્રયત્નમા શવ્યા છીએ." હા, તે બાળા પાપીના પજામા સપડાઇ ગઇ છે. "

" તેનું નામ ? "

" કિશોરી. "

" અરે ! તેને તો હુ ઓળખું છુ ! ભાઇ ! આપણી પાસે કઇ હથીયાર પણ નથી કે જેથી તેનુ રક્ષણ કરીએ. "

" તેનુ રક્ષણ ભગવાન કરશે. આપણે હવે ચાલો અહીથી બહાર નીકળી જઇએ વધારે વાર થશે તો આપણી ઉપર પણ સકટ આવશે. આપણે નિર્વિઘ્ને બહાર નીકળી જઇશું તો ફરીથી સરલા અને કિશોરીને છોડાવવાની યુક્તિ કરીશુ. માટે ચાલો. કહી કુજ સરો. જને લઇ ઝડપથી ચાલવા લાગ્યો. થોડીવારમા બન્ને જણા ખુલ્લા દ્વાર આગળ આવી પહોચ્યા. ત્યા સત્યવ્રત ઉભો હતો કિશોરી ફસાઇ ગઇ છે, કહી કુજે તેને ચાલવાની ઇશારત કરી. ત્રણે જણ ઘણી જ ત્વરાથી દોડવા લાગ્યા અને આવ્યા હતા તે રસ્તે થઇને નિર્વિઘ્ને બહાર નીકળી ગયા

પેલી તરફ કૃષ્ણલાલ કિશોરીને જોતા જ ક્રોધથી કપવા લાગ્યો. તેણે ભયકર બુમ મારી બીજા માણસોને બોલાવી કહ્યુ —મારા વફાદારો ! જાઓ, તપાસ કરો, આજે અહિ ભયકર કાવત્રુ રચાયુ છે. જાઓ, જુઓ કે અહિ કેટલા દુશ્મનો ભરાયા છે. સિપાહીઓ ચાલ્યા ગયા. તે પછી કૃષ્ણલાલે ભયાનક બુમ મારી પૂછ્યુ –પાપીણી ! શું હજી તું જીવતી છે ? બોલ ; મારો સરદાર જ્ઞાનચંદ્ર ક્યાં છે ?

" જ્ઞાનચંદ્ર પ્રભુના ધામમા તેના કર્મોનો જવાબ આપવા ગયો હશે. કિશોરીએ નિર્ભયતાથી કહ્યુ."

' કિશોરી ! હુ તને આવી નહોતો ધારતો કે તુ અબળાના રૂપમાં એક ઝેરી નાગણ છે."

" અને તું પણ એક માણસના રૂપમા અવતરેલો પિશાચ છે. "

" તુ ઝનુની છે."

" તું ભયકર ખૂની છે. "

ચાલ જવાબ દે કે તુ અહિ કયાથી આવી છે?

" પ્રભુના દરબારમાથી આવી છુ. તારા પાપનુ પ્રાયશ્ચિત આપવા આવી છુ. "

" શુ તું મારૂ ખૂન કરવા આવી છે ? "

" હા "

" અભાગણી ! મારૂ ખૂન કરતાં પહેલા તુ આજે લોહીમા રગાવા તૈયાર થા અને..... હજી કૃષ્ણલાલ પૂરૂ બોલી રહ્યા નથી, એટલામા તો તપાસ અર્થે ગયેલા સિપાહીઓ ત્યા' દોડી આવ્યા. ને ભયભીત થઇ કહેવા લાગ્યા—નામદાર ! ભયકર પ્રપચ રચાયો છે કિલ્લાનુ ગુપ્ત દ્વાર ઉઘાડુ છે.

" પછી, બોલો જલદી બોલો."

" તેમાં ; થઇ સરોજને લઇ કોઇ નાશી ગયુ હોય એમ જણાય છે. "

" શું સરોજ નાશી ગયો. "

" હા, તેની કોટડીના બારણા ઉઘાડા છે, અને નાશી જનારાઓના પગલા બહાર પડેલા છે. "

" ઓહ ! થઇ ચૂકયુ, કિનારે આણેલુ વ્હાણ ડુબી ગયુ. અરે ! તમારામાથી એક જણ અહિં આવો, ને ભયાનક પ્રપચ કરનારી આ અભાગણીને પૂરતા બદોબસ્તથી હાલ કોટડીમા પૂરી દો તમે સાવધ રહેજો, કે તે છુટકી જાય નહિ કહી કૃષ્ણલાલ બાકીના સિપાહીઓને લઇ ખડેર તરફ ચાલ્યો

સિપાહીએ કિશોરીને દોરડાથી બાધી કોટડીમા પૂરી દીધી. તપાસ કરવા ગએલા કૃષ્ણલાલને આખરે નિરાશ વદને પાછા આવવુ પડયુ કિલ્લો ખુલ્લો જણાયો કારણ કે મોરના મુખમાથી નીકળેલી ખીલી હજી કિશોરીની પાસેજ હતી ઘણાજ ધમપછાડ કરી કૃષ્ણલાલ થોડાક સિપાહીઓને લઇ એક બીજા ટુકા રસ્તે થઇ તે સરોજની શોધમા નીકળી પડયો.

પ્રકરણ ૨૮ મું.

" કિશોરીની કપટ જાળ. "

સૃષ્ટિ કર્તાનો નિયમ છેકે જ્યારે માણસ દુ:ખથી અત્યત અકળાય છે, ત્યારે પ્રભુ તેને ગયબી મદદ કરે છે. એ પ્રમાણે બ્રહ્મકન્યા કિશોરીને દુઃખ પડવામા બાકી રહી નથી. પાપીના પજામાં તે ફરીથી સપડાઇ

કોટડીમાં પૂરાઇ છે. કૃષ્ણલાલના ગયા પછી કિશોરી ઘણીવાર સુધી વિચારમા બેસી રહી આખરે કઇક વિચાર ગોઠવી તેણે હાથે બાંધેલું દોરડુ દાતથી છોડવા માંડયુ. કુદરત કર્તાની કૃપાથી ગભરાટના સમયે દોરડું પોચુ બધાયુ હતું, તેથી તેને છોડતા મહેનત પડી નહિ. દોરડુ છૂટી ગયુ હાથનુ બધન નીચે પડયુ. તે ઉભી થઇ, ને ઘુંટણીએ પડી પ્રભુની પ્રાર્થના કરવા લાગી. પ્રાર્થનાને અતે પ્રભુની સ્હાય માગી, મનમા હિમ્મત ધરી, કોટડીનુ બારણુ ઉઘાડી તે બહાર નીકળી. કોટડીની પાસે એક સિપાહી પહેરો ભરતો હતો, તેની નજર આ સમયે બીજી બાજુ હતી કિશોરી ધીમે પગલે તેની પીઠ પાછળ આવી બોલી—મહોબતસગ ? મહોબતસગ ચમકયો, ને કિશોરીની સામે જોઇ બોલી ઉઠયો:—કોણ કિશોરી ! કોટડીમાથી છૂટી આવી?

" હા, વારૂ હવે તમે મને પાછી કોટડીમા પૂરી દેશો કે ? કહી કિશોરીએ તેના સામે એવી રીતે જોયુ કે તે સિપાહી સ્તબ્ધ બની ગયો તે એક શબ્દ પણ બોલી શકયો નહિ તરત કિશોરી તેની નજીક ગઇ, ને આખનુ કાટીલ કટાક્ષ ફેકી, તેના શરીરે નાજુક હાથનો સ્પર્શ કરી બોલી.—બોલોને મહોબતસંગ ! કેમ બોલતા નથી ? જયારે હુ તમારા લાભને માટે અહિં આવી છુ ત્યારે તમે મુગા થઇ જાઓ એ ઠીક નહિ.

" શુ તમે મારા લાભમા રાજી છો ? મહોબતે ઉચે જોઇ પૂછયુ. "

" હા. "

" તે લાભ શું છે ?

" તે કહેતા પહેલા મને જણાવો કે તમારો સરદાર કૃષ્ણલાલ હાલ ક્યા છે ? "

" તે હમણાજ નાશી ગયેલાઓની શોધમાથી થાકી કંટાળીને પાછો આવ્યો છે. હાલ તે નિદ્રામા છે કલાક પછી તે અહિ આવવાનો છે ને આજે રાયમલનો નાશ કરવાનો છે. "

" ત્યારે તમે મારી એક વાતને કબુલ કરશો ? "

" તમારા જેવી સુદરીની વાત કયો અભાગીયો કબુલ ન કરે "

" જુઓ ત્યારે સાભળો ! જ્યારથી હુ અહિ આવી છુ ત્યારથી હું તમારૂં રૂપ જોઇ તમારી ઉપર મોહિત થઇ ગઇ છુ. "

" હે ! શુ તમે મારી ઉપર મોહિત થયાં છો ? સિપાહી ભાઇ આશ્ચર્ય પામી બોલી ઉઠયા

" હા. તમારા સમ ! હુ તમને કેટલાએ દિવસથી મનમા યાદ કરતી ઝુરૂ છુ. આજે લાગ મળતા નીકળી આવી છુ ને ઘણા દિવસની વાત આજે જ જણાવુ છુ. કહો મહોબતસગ ! હવે તમે મને ચાહશો કે નહિ ? ".

" અરે એ શુ બોલ્યા ? હું તો ક્યારનોએ તમારા વિષે વિચાર કરતો હતો, પણ કહેતા શરમાતો હતો. અહા, આજે મારૂં ભાગ્ય ફરી ગયુ. રૂપવંતી રસીલી કિશોરી મળવાથી મારૂં જીવવુ હવે સોનાનુ થયુ. કહી મહોબતસગ હસવા લાગ્યો.

" ત્યારે હવે શુ વિચાર છે ? "

" મારી વ્હાલીનો વિચાર એજ મારો વિચાર " પણ મારી એક ઇચ્છા પુરી કર ? "

" શુ ઇચ્છા છે ? "

" તારા ગુલાબી ગાલનુ ચુબન કરવાની. "

" અત્યારે ? "

" હા, કારણકે હવે તારા ચુબન વિના આ હોઠ સુકાય છે. કહી મહોબત કિશોરીની નજીક જવા લાગ્યો. તેને હાથથી દૂર રાખતા કિશોરીએ હસીને કહ્યુ—અરે બદઓરે મારા સરદાર ! આટલી વારમા જ્યારે આવા ગાડા જેવા બની જાઓ છો, ત્યારે આગળ ઉપર તો શુ એ થશે ! "

રસીલી ! જો ઉન્હાળાના સખત તાપમા નિર્મળ શીતળ સરોવર નજરે પડે, તો તરત ન્હાવાનુ મન થાય છે. તેમ આજે આરી રસીલી છબીલી કિશોરીએ મારી પર દયા કરી છે, તો હુ તેનો લાભ લેતા કેમ વાર કરૂ ? '

" સરોવર તો થોડીવારને માટે છે, પણ હું તો સદાયને માટે છુ "

" વ્હાલી ! ખરેખર તુ અક્કલવાળી છે, ને હુ મૂર્ખ છુ. લે હવે જ્યારે ચુબનનુ ના કહે છે, ત્યારે તારા શરીર સાથે મને ભેટવા દે. પ્યારી ! આજે તો મને એવો ઉમળકો આવ્યો છે કે તને મારી છાતી સાથે ખુબ દબાવુ. લે, આવી જા હવે. મારો જીવ તલપાપડ થઇ રહ્યો છે. કહી મહોબતસગ તેને ભેટવા દોડયો, કે તરત કિશોરીએ તેને રોકી તેના ગાલે આગળીનો સ્પર્શ કરી કહ્યુ—મારા

બહાદુર સરદાર ! આટલા બધા અધીરા શાને થાઓ છો ? શું આપણે જેવા તેવા છીએ કે જેથી આવી રીતે વર્તીએ ?। માટે હવે હું કહું એમ કરો અને પછી ભાવથી ભેટો."

કહો, પ્યારી શું કહો છો ? આજે તું કહેતો આ આભલાને નીચે લાવું, અને તું કહેતો તને ઉચકીને અહિંથી નાશી જાઉં ?"

"આપણે નાશી તો જવાનું છેજ, પણ જતા પહેલા આપણે આનંદ કરીને અહિંથી જઇએ તો સારૂં" કેમ ખરૂંને ?

"હા સત્તરવાર તારૂં કહેવું ખરૂં"

"ચાલો ત્યારે હવે આપણે આનંદ ભોગવવાની તૈયારી કરીયે"

"બોલો ! બોલો ! મારી મીઠડી મેના બોલો ! સેવકને શું હુકમ છે ?"

"કહેવાનું એટલું કે, જ્યારે આપણે આનંદમા રોકાયા હોઇએ ત્યારે કદાપિ કોઇ દુશ્મન આવી ચઢે, તેને માટે આપણે ચેતીને બેઠા હોઇએ તો સારૂં માટે આ તમારી પાસે જે પાચ બહારની પિસ્તોલ છે તે ભરીને મૂને આપો, અને તમારી કમ્મરની તલવાર તમારી પાસે રાખો.

ગમીલી ! તારી અગમ ચેતી ખરી છે રખે ને મારો બેટો કોઇ આના ચઢે, ને આપણા આનંદમા ભંગ પાડે માટે તારા કહેવા પર માણે કરવાદે. કહી તે મૂર્ખના શિરોમણિએ પિસ્તોલમા કારતુસો ભરી કિશોરીને સ્વાધિન કરી કિશોરીએ તે ભરેલી પિસ્તોલ તેની પાસે નીચે મૂકી. મહોબતસંગે પણ કમ્મરેથી તલવાર છોડી, ખુલી કરી કિશોરીની પાસે મૂકતા પૂછ્યું. કહો પ્યારી હવે ?

"હવે પહેલાં કરો કસુબા પાણી કે જેથી આખમા અમલ આવે તો ઓર રગ જામે.

"હાજી, લે આ અફીણની દાબડી. તેમાથી જોઇએ એટલો અમલ બનાવ. કહી મહોબતસગે અફીણની ડબી કિશોરીને આપી; અને ત્યાથી ઉભો થઇ તેની કોટડીમાથી બે પ્યાલીઓ લેવા ગયો તે અરસ્સામાં કિશોરીએ પાસે ઉગેલા એક ઝેરી ઝાડના પાદડા લઇ આવી તેનો રસ અફીણના રસની સાથે મેળવી દીધો. કિશોરી ઘણા દિવસ ત્યા રહેવાથી ત્યા ઉગેલા ઝાડના ગુણ દોષ જાણતી હતી. તેણે કસુબો તૈયાર કર્યો. એટલામા મહોબતસગ બે નાની પ્યાલીયો, ને થોડોક મેવો લઇ આવ્યો. આજે મહોબતસગના આનદનો પાર નહોતો. મદનનો નિશો તેની રગે રગમા વ્યાપી ગયો હતો. કિશોરીએ કશુબો તૈયાર કર્યો, ને પ્યાલીમા ભરી મહોબતને આપતા કહ્યું—લ્યો, આ પી જાઓ."

"નહિ ! હુ મારે હાથે નહિ પીઉં, તુ તારા હાથે મને પા"

"લ્યો, હવે પી જાઓ. કહી કિશોરીએ તેને પોતાના હાથે ઝેરી કસુબો પીવરાવી દીધો.

"હવે હુ તને પાઉ. કહી મહોબતે બીજી પ્યાલી ઉઠાવી તેને પીવાને કહ્યું.

મારે માટે હજી છે, માટે આ તમે પી જાઓ. કહી પરાણે તેને બીજી પ્યાલી પણ પીવરાવી દીધી. તે પછી કિશોરીએ તેને દેખાડવાને માટે પ્યાલીમાં પાણી ભરી પૂછ્યું—હવે હું પીઉ કે ?

હા, દિલદાર ! ખુશીથી પી જા." અમલના તાનમા મહોબતે કહ્યું. " કિશોરી પાણી પી ગઇ. બાદ બન્નેજણા મેવા ખાવા લાગ્યાં.

ખાતા ખાતા મહોબતસંગ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યો. થાય છે. શું ઉતાવળ છે કહી કિશોરી સમય ગુમાવવા લાગી. ધીમે ધીમે કસુંબાની કેફમાં ઝેરી વનસ્પતિનું ઝેર મહોબતસંગને ચઢવા લાગ્યું આખરે કેફથી અને મદનના જોરથી મહોબત ઉભો થયો, અને લથડાતી જીભે પ-પ--પીયારી, વ-વ—વહાલી, એમ બોલતો કિશોરીને ભેટવા દોડયો. કિશોરી ઉભી થઇ ગઇ તેનો શાન્ત ચ્હેરો એકાએક બદલાઇ ગયો તે વિકાળ વાઘણની માફક બની દોડી આવતા મહોબતની છાતીમા જોરથી લાત મારી બોલી ઉઠી.—વિષયાંધ ! પ્યારી તારી મા મારાથી દૂર રહે

હે ! ર-ર-ર-સી-લી આમ કમ ? કહેતો ચકકર આવવાથી મહોબત નીચે પડી ગયો. તેની જીભ તોતડાવા લાગી કંઠે કાટા પડવા લાગ્યા. આખ્યો થરડાવા લાગી. નાડીયો તૂટવા લાગી છતાં પાપી મહોબતસંગ કિશોરીની સામે જોઇ બળાત્કારે બોલ્યો —ક-ક કિશોરી ! ત-ત-તે-મમ-ને દ-દગો દીધો.. ..છ-છે પ્ર-પ્ર-ભુ ત તા-રૂ .સ મા—આ—રૂ .ન. ... ન.. ... હિ-ક ક રે. ..

" બસ હવે ચૂપ થા. પ્રભુ મારૂ સારૂ કરે છે કે તારૂં. તે તું તેના દરબારમા જઇને જોજે મહોબત ! પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરનારની શું દશા થાય છે, તે આજના દૃષ્ટાંતથી સમજ જે તું હવે જીવવાનો નથી, કારણ કે, મે તને કુસુંબામા વિષ વૃક્ષના પાદડાનો રસ પીવરાવ્યો છે હમણા તારો જીવ ચાલ્યો જશે. માટે મરતી વખતે પ્રભુનુ નામ લેવુ હોય તો લઇ લે

"હ હ હેં ! શ.. શુ.. તે...મ.. મને...ઝ. .ઝે.. ર...ન. ર સ. ...પા. આ. આપ્યો છે ?... . ...હા...કિ.. કિ. શ...

થઈ ચૂક્યુ મહોબતસગ વધારે બોલી શકયો નહિ તેનુ ગળુ રૂંધાઇ ગયુ. મ્હોઢે ફીણુ આવ્યું. શરીરમા રહેલો આત્મા જોત જોતામા નીકળી ગયો, જડવત દેહ જમીન પર પડી રહ્યો.

ત્યાર પછી કિશોરીએ તેના મૃત દેહને નજીકમા આવેલા એક ખાડામા ગબડાની દીધો અને તેની તલવાર કમ્મરે બાધી ભરેલી પિસ્તોલ હાથમા પકડી કિશોરી માથે ઓઢેલી ઓઢણીને કમ્મરે વીંટી ત્યાથી જવા લાગી. થોડે દૂર જતા તેના કાને કઇક ગરબડ સભળાઇ આ શાની ગરબડ હશે ? કિશોરીનુ મન બોલી ઉઠયુ. કિશોરી થતા અવાજની તરફ જવા લાગી, ને એક મોટા ઓરડાની નજીક આવી ઉભી રહી. તે મોટા ઓરડાના દ્વાર બધ હતા, અને તેની અદર ગરબડ થતી હતી. તે ઓરડાના બધ બારણાના એક કાણામાથી કિશોરી અદર જોવા લાગી. તેણે અદર ભયકર દેખાવ જોયો. તે દેખાવ એ હતો કેઃ—અદરના ભાગમા કૃષ્ણલાલ ઉભો હતો અને તેની સામે બે હત્યાકારીઓની વચમા રાયમલ ઉભો રહ્યો હતો સરલા રાયમલની કોટે વળગી રડતી હતી. તેની જ એ ગરબડ હતી.

" હાય ! રાયમલનુ આવી બન્યુ કિશોરીનુ મન પુન બોલી ઉઠયુ તેણે દરવાજાને ઠેલી જોયો. દરવાજો ખાલી વાસેલો હતો, કિશોરી આકાશ સામે હાથ જોડી મન સાથે બોલી "પ્રભો ! પ્રભો ! મારી મદદે આવો. આજે અહિં ભયકર પાપ કર્મની તૈયારી થઇ ચુકી છે વિના કારણે મૃત્યુના મુખમા જતા નિર્દોષ જનોને બચાવવા હુ ઇચ્છુ છુ, અને આપ દયાળુની મદદ માગુ છુ કહી કિશોરી હાથમાં પિસ્તોલ પકડી અદર જોવા લાગી.

પ્રકરણ ૨૯ મું.

હત્યાકાંડ.

જે સમયે આ હત્યાકાંડનો આરભ થતો હતો તે સમયે રાત્રિ પડી ચૂકી હતી પાપીનુ પાપકર્મ નહિ જોઈ શકવાથી ચદ્રદેવ ઉગ્યા નહોતા. ભિષણ અધકારે અવનિને ઢાંકી દીધી હતી. ઓરડામા સઘળે શાન્તિ છવા· યેલી હતી ફક્ત ભીતોમા ભરાયેલી કમારીઓનો તીણો અવાજ સભળાતો હતો.

ક્રૂર કૃષ્ણલાલ આ સમયે ઘણોજ વિકાળ જણાતો હતો. તેના આખોમાંથી અગ્નિના તનખા ઝરતા હોય એમ દેખાતુ હતું. તેની સામે એ સિપાહીઓ રાયમલને પકડીને ઉભા હતા. સરલા પિતાને ગળે વળગી કરૂણ કલ્પાત કરી રહી હતી. દૂર ભયંકર દેખાવના હત્યા કારીયો ખુલ્લી તલવારે ઉભા હતા. આખરે છવાયેલી શાન્તિનો ભગ કરી પાપીએ મોટા અવાજથી પૂછ્યું—રાયમલ ! શુ વાર છે ?

" હું તૈયાર છુ, ફક્ત તારી વારે વાર છે. કહી રાયમલ

સરલાને દૂર કરતા કહેવા લાગ્યો—બેટા ! હવે આઘી જા. આ તારા પિતાને અનત ધામમા જવા દે. સરલા ! રડીશ નહિ હો બાપુ ! હિમત રાખ ! થનાર વસ્તુ થયાજ કરે છે, માટે શાન્ત થા. તારા આસુ જોઇ મરણ સમયે મને અત્યત દુઃખ થાય છે. વીરની પુત્રીને આવી રીતે રડવુ યોગ્ય નથી. સરલા વિચાર કર કે તુ કોણ છે ?

પિતાજી ! વ્હાલા પિતાજી ! તમે તમારી સરલાને મૂકીને ક્યાં જાઓ છો ? મને સાથે લેતા જાઓ. હુ આ સંસારમાં જીવવાને ખુશી નથી. આમ કહેતી સરલા રડી પડી તેને માથે હાથ ફેરવતો રાયમલ બોલ્યો—દીકરા ! બાપુ ! છાની રહે મારી માયા મનમાથી કાઢી નાખ.

પિતા પુત્રીની વાતચિત સાભળી વિઘ્ન સતોષી કૃષ્ણુલાલ બોલી ઉઠયો—રાયમલ ! હવે વધારે વાતો કરવાનો આ સમય નથી. પુત્રીની દયા આવતી હોય તો હજી પણ કહું છું કે મારુ માન. હું તારી પર દયા કરીશ

હુ તારી દયાની દરકાર રાખતો નથી રાયમલે કહ્યુ.

" મરણ નજીક આવ્યુ છે છતા મિથ્યાભિમાન તારી રગેરગમા વ્યાપી રહ્યુ છે "

" પાપી ! મિથ્યાભિમાની હુ નથી પણ તુ છે, કે મને આવી રીતે મરણને શરણ કરે છે."

" બસ ચૂપ થા અને જણાવ કે હવે તારી કઇ ઇચ્છા છે?"

" દુઃખીની મશ્કરી કરનાર મૂર્ખ ! વારે વારે શુ પૂછે છે ? મને " ફક્ત તારા મૃત્યુનીજ ઇચ્છા છે ?"

" ગર્વિષ્ટ ! સીધો જવાબ દે કે તારે કંઇ કહેવું છે ? "

નરાધમ ! કહેવામાં એટલું જ કે તું માણસ નથી પણ એક ભયંકર ભુજંગ છે. "

" ચૂપ ! ભયંકર ભુજંગનો દંશ થશે ત્યારે જ તને મારા પરાક્રમનું ભાન થશે. "

" પરાક્રમની મિથ્યા બડાઇ કરનાર ! હું તને વિનતી કરીને કહું છું કે આ વનરાજને ફક્ત એકજવાર છૂટો મૂક, અને પછી જોઇ લે કે હું તને કચરી નાખું છું કે નહિ !

" હા, હા, હા કૃષ્ણલાલ હસીને કહેવા લાગ્યો હું ધારૂં છું કે મરણ પહેલાં માણસને ઉન્માદ વાયુ થાય છે, એવું જ તને થયું છે જો એમ ન હોય તો તું કયારનોએ મૃત્યુને જોઇ રડી ઉઠે.

" મરણને દેખી રડનારા બિકણ ને બાયલા હોય છે મરણ તે એક આનંદનું કારણ છે મરણથી આ જુનો દેહ તજવાનો છે, ને નવો દેહ ધારણ કરી નુતન દેશમાં જવાનું છે. તે નવો દેશ, આનંદનું ધામ છે, સદા સર્વદા ત્યાં પ્રભુ ભક્તનું જ કામ છે.

" રાયમલ ! શું આ વખતે તને લગારે શોક થતો નથી ? "
" ના, શા માટે શોકને સ્થાન આપું ? ! શોકમાં માત્ર એટલું જ કે તારા જેવા કર્મચંડાળને હાથે મારૂં મૃત્યુ થાય છે, ને નિર્દોષ સરલાને એકલી મૂકી આ હતભાગ્ય ચાલ્યો જાય છે બસ એટલો જ શોક આ હૃદયમાં થાય છે હા, સરલા ! સરલા.. કહી રાયમલે નિશ્વાસ નાખ્યો.

" રાયમલ ! મરણ સમયે સઘળી માયામમતાને ત્યાગી દે.

સરલાનું નામ કરતા પ્રભુનું નામ દે. મૃત્યુ વખતે શા માટે સરલા, સરલા, કર્યા કરે છે ? "

" નીચ ! સરલા, આ હૃદયનો આત્મા છે સરલા, આ નેત્રનો તારો અને મારા ભાગ્યનો સિતારો છે સરલા રામ છે. સરલા નિષ્કામ પ્રભુ સ્વરૂપ છે, તેના ધ્યાનથી જ મારો મોક્ષ છે."

" સરલા ! તારા પિતાને ઉન્માદ વાયુ થયો છે તું તેના સંબંધમાં કાંઇ કહેવા ચાહે છે ? કૃષ્ણલાલે સરલાને પૂછ્યુ."

' કૃષ્ણલાલ ! અમારીપર દયા કર, અને જો દયા ન કરી શકે તો મારા પિતાની પહેલા મને આ દુનિયામાંથી વિદાય કરી દે કૃષ્ણ-લાલ ! હું તારા પગે પડીને કહુ છુ કે અમારી પર દયા કર શા માટે અમારો પ્રાણ લે છે ? અમે તારૂં શુ બગાડ્યુ છે ? કહી સરલા પાપીના પગે પડી.

રાજમલથી એ દેખાવ જોઇ શકાયો નહિ તરત તે સિપાહીના હાથમાંથી હાથ છોડાવી સરલાની નજીક ગયો ને તેને ઉભી કરી કહેવા લાગ્યો—સરલા ! સરલા ! આ શુ કરે છે ? પાપીની દયા માગતા પ્રભુની દયા માગ. પાપી તારી દયાનો તિરસ્કાર કરશે, ને પ્રભુ તારી દયાનો સ્વિકાર કરી તને યોગ્ય બદલો આપશે

" સરલા ! નિર્ભયતાથી કહે કે તારી શુ ઇચ્છા છે ? " પુન; કૃષ્ણલાલે પૂછ્યું.

" મારા પિતાની પર દયા કર "

" તું કબુલ કર કે હુ તમને પરણીશ, તો આ સમયે જ તારા પિતાને છૂટા કરી પૂર્ણ સુખી કરીશ "

" ચૂપ થા, નાદાન ! બોલતા શરમાતો નથી શેતાન ! કહી રાયમલ વિકાળ નજરે કૃષ્ણલાલની સામે જોઇ રહ્યો. "

" અપમાન ! એક ઝેરી નાગનુ અપમાન ? કૃષ્ણલાલ બુમ પાડી ઉઠયો. "

" હા, હા, ઓ નાદાન ! હોય ગર્વ તો કર છૂટો કે જેથી ઉતારૂં અભિમાન ! "

" છૂટો કરૂ છુ, હમણાંજ હુ તને છૂટો કરૂ છુ. મારા બહાદુરો ! શુ જોઇ રહ્યા છો ? તમારી તલવારો ઉંચી કરો ને જલ્દીથી આ શેતાનના બચ્ચાના ગળા ઉપર ઘા કરો તલવારનો ઘા શરીરમાં એવી તો સફાઇથી ઉતારો કે જેથી વહે એની આંખોમાથી આસુની ધારો.

" જેવો હુકમ. કહી દૂર ઉભેલા હત્યાકારીયો એ પાસે આવી તલવારો ઉંચી કરી. રાયમલ ધુંટણે પડી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો સરલા ભયથી છળી હા રામ. કહી જમીન પર બે શુદ્ધ થઇ ઢળી પડી હત્યાકારીયો એ તલવારો ઉંચી કરી.

પેલી તરફ ઉભેલી કિશોરી ઉશ્કેરાઇ. તેનુ લોહી ઉકળી આવ્યુ તરત કમાડને લાત મારી ઉઘાડાં કરી વિકાળ વાઘણુ અંદર દોડી આવી; અને હાથમાંની પિસ્તોલનો ઘોડો દબાવ્યો. ભયંકર અવાજ થયો. એક હત્યા કારી જખમી થઇ જમીન પર ટૂટી પડયો. તરત બીજા હાથથી તલવાર ઉપાડી બહાદૂર કિશોરીએ બીજા હત્યાકારીને પૂરો કરી બૂમ મારી કહ્યુ:—પાપી ! નામર્દ !

" રાયમલ ચમકી ઉઠયો. ઝનુની બની ગયો ! ને મુખથી ભયંકર ગર્જના કરી બોલી ઉઠયો –શુ મદદ ? હા, પ્રભુ ! કહી અત્યંત આવેશમા

આવી જઇ રાયમલે બેડી તોડી નાખી. અને મૃત્યુ વશ થયેલા એક હૈત્યાકારીની તલવાર ઉપાડી લીધી હજીતો કૃષ્ણુલાલ આ શુ થયુ એનો વિચાર કરે છે, એટલામા કિશોરીએ રાયમલને કહ્યુ:— રાયમલ! મારી પાછળ આવો. કહી કિશોરી આગળ અને પાછળ રાયમલ ત્યાથી ચાલવા લાગ્યા બન્ને જણુા ઝડપથી ખુલ્લા કિલ્લા ભણી જવા લાગ્યા. કૃષ્ણુલાલ તેમને જતા જોઇ બૂમ પાડી ઉઠયો:—પકડો,, પકડો, પખીયો ઉડી જાય છે. કહી કૃષ્ણુલાલ તેમની પાછળ દોડવા લાગ્યો. તેની બૂમથા બીજા માણુસો દોડી આવ્યા ને ઝડપથી નાસી જનારાંની પાછળ દોડવા લાગ્યા

કિશોરી પાછળ નજર કરતી દોડતી હતી, અને નજીક જે આવી પહોચતો તેને પિસ્તોલની ગોળીથી ઠાર કરતી હતી. ગોળીના ધાથી પાપીના બે માણુસો મરાયા. એટલીવારમા તો કિશોરી અને રાયમલ કિલ્લાના ખુલ્લા દરવાજાની બહાર નીકળી ગયા. કૃષ્ણુ-લાલને તેમની પાછળ દોડતા સખત ઠોકર વાગવાથી પડી ગયો, પણ્ તરત ઉભો થઇ દોડવા લાગ્યો.—તે નજીક આવી પહોચે એટલામાતો કિશોરીએ પેલા પાટીયા વાળી જગામા જોરથી લાત મારી દરવાજો બધ કરી દીધો. કૃષ્ણુલાલ પણુ અદરની છૂપી ચાપથી દરવાજો ઉઘાડવાને પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાતો કિશોરીએ પાસે રાખેલી ખીલીથી દરવાજાને બરાબર બધ કરી દીધો. પાપી બુમે બૂમ પડવા લાગ્યો. કિશોરી અને રાયમલ પ્રભુ કૃપાથી નિર્વિઘ્ને ચમત્કારી કુવા-માં થઇને બહાર નીકળી ગયાં

પ્રકરણ ૩૦ મું.

" કિશોરીનુ ગુમ થવું અને રાયમલનું રત્નનગર જવું. "

કિશોરી ! કિશોરી ! તારો મારી ઉપર ઘણો જ ઉપકાર થયો છે. ત્હે મારો પ્રાણ બચાવ્યો છે ખરેખર ! તુ પૂર્વ જન્મની શ્રાપીત દેવી છે ? તે એક મોટામા મોટુ દયાનુ કામ કરી તારા જીવનનુ સાર્થક કર્યું છે રાયમલે એક વૃક્ષ નીચે બેસતા કહ્યું.

" એમા મેં કઇ કર્યું નથી. કર્તા હર્તા નારાયણ છે. કિશોરીએ જવાબ આપ્યો.

મધ્ય રાત્રિ થઇ હતી. જંગલમા ઘોર અંધકાર વ્યાપેલો હતો. કિશોરી અને રાયમલ એક વૃક્ષ નીચે બેસી વાતો કરતા હતા. ઘણી વાર ગઇ ગુજરી વાતો કરી, એક બીજાની વાતોથી જાણીતા થઇ કિશોરીએ પૂછ્યુ.—હવે આપણે શુ કરવુ ?

" પુત્રી ! પ્રાતઃકાળ થશે એટલે આપણે રત્નનગર જઇશું ને ત્યાથી સૈન્ય સાથે આવી પાપીનો નાશ કરી સરલાનો ઉદ્ધાર કરીશુ ! "

" મારો પણ એજ વિચાર છે રાયમલજી ! હવે આ અનાથ બાળાના પિતા આપજ છો.

' મારી સરલા સમાન તુ મારી બીજી પુત્રી છે. બેટા ! પ્રાણ હશે ત્યા સુધી હું તારૂ રક્ષણ કરીશ. " ઓછું આણીશ નહિ હો !

" બાપુ ! અહિંથી થોડેક દૂર એક પર્ણકુટી બાંધેલી છે, ત્યા કુંજ વિહારી નામના દયાળુ પુરૂષ સત્યવ્રત નામના માણસ સાથે નિવાસ કરે છે, કે જેઓ સરોજને છોડાવવામા ફાવ્યા છે "

' શું સરોજ કુમાર મૂકત થઇ ગયા છે ? અને શું તેને છોડાવનાર કુંજવિહારી છે ? "

" હા, બાપુ ! "

" ઓ ઇશ્વરા ! ! તમારો અમારી ઉપર કેટલો બધો ઉપકાર થયો છે ! હા, આજે મારામા નવું જીવન આવ્યુ છે અને સરોજના સમાચારથી બળ બમણું વધ્યુ છે આમ બોલી રાયમલે થોડા વાર આંખ્યો બંધ કરી પ્રભુનુ ધ્યાન ધર્યું. "

" બાપુ ! આપણે ત્યા જઇશુ ? " પુન: કિશોરીએ પૂછયુ.

"હા, ચાલો કહી રાયમલ ઉભો થયો બન્ને જણા થોડી વારમા પર્ણકુટિ આગળ આવી પહોચ્યા. બન્નેના હૃદય સ્નેહિ જનોને મળવાને અધીરા થઇ રહ્યાં હતા. પણ પ્રભુની લીલા ન્યારીજ છે. પર્ણકુટિમાં જોતાં જણાયુ કે ત્યા કોઇ નથી. રાયમલે બે ચાર બૂમો મારી, પણ કોઇ બોલ્યુ નહિ. તેઓ અહિંથી ચાલ્યા ગયા હશે,

ને મારા ધારવા મુજબ રત્નનગર ગયા હશે. આપણે સવારે ત્યા જઇશુ, ને જો તેઓ ત્યા હશે તો મળીશુ. કહી રાયમલ ત્યાજ રાત ગુજારવાનો નિશ્ચય કરી નીચે બેઠો. તેને પાણીની તરસ બહુ લાગી હતી. જ્યાં સુધી તરસ સહન કરી શકાઇ ત્યા સુધી રાયમલ કંઇ બોલ્યો નહિ, પણ આખરે તેણે પૂછ્યુ:—કિશોરી ! આટલામાં કંઇ પાણી-બાણીનો ઝરો હશે કે ? મને ઘણીજ તરસ લાગી છે. મારો કંઠ સૂકાઇ ગયો છે.

" બાપુ ! આટલામાં કોઇ ઝરો તો નથી, પણ અહિથી એક ખેતરવા દૂર એક વાવ છે ત્યા જઇયે તો પાણી મળે "

" ચાલો આપણે ત્યા જઇએ, કારણ કે તરસ હવે સહન કરી શકાતી નથી. કહી રાયમલ ઉભો થયો. બન્ને જણાં કાળી રાતે વિકટ ઝાડીમા થઇને ચાલવા લાગ્યા રસ્તામા હિંસક પ્રાણીયો તેમને જોઇ આમ તેમ દોડતા હતા. ભયંકર ભુજગો ફુફવાડા મારતા માણસના પગરવથી આડા અવળા નાશી જતા હતા. આગળ રાયમલને પાછળ કિશોરી એવી રીતે ચાલતા બન્ને જણાં વાવ તરફ જવા લાગ્યા. ચાલતા ચાલતાં બન્ને જણા વિચારમા મશગુલ હતા, કોઇ કોઇની સાથે બોલતા નહોતાં. એવી રીતે વિચારમા આગળ જતા બે માર્ગ આવ્યા. રાયમલ વિચારમા ને વિચારમાં પાછુ વાળીને જોયા સિવાય ઝડપથી પગલા ઉપાડતો આગળ ચાલતો હતો. કિશોરી કુંજના વિચારમા તેનાથી થોડીક પાછળ ચાલતી હતી. રાયમલ વાવના રસ્તે ચાલ્યો જતો હતો, પણ વિચારમાં ચાલતી કિશોરી દૈવ ઇચ્છાએ માર્ગ ભૂલી અને અંધારાના કારણે બીજા રસ્તે ચઢી ગઇ. પોતે ક્યા રસ્તે ચાલે છે તેનું ભાન તેને નહોતું.

આગળ ચાલતો રાયમલ થોડીવારમા વાવ આગળ આવી પહોચ્યો. તરશના કષ્ટથી પીડાતો તે પાછુ જોયા સિવાય વાવમાં ઉતર્યો, ને પાણી પી તરસ મટાડી બહાર આવી કિશોરીને જોવા લાગ્યો. તારાઓના ઝાખા પ્રકાશમા તેને કિશોરી જણાઇ નહિ. તેણે કિશોરી ! કિશોરી ! કહી બે ચાર બુમો પાડયા. પણ કિશોરી કયંથી બોલે ? વૃદ્ધ રાયમલ ગભરાયો, અને આવેલે રસ્તે થોડેક દૂર પાછો જઇ આવ્યો પણું કિશોરીનો મેળાપ થયો નહિ. અરેરે ! તે કયાં ગઇ હશે ? ! શુ ભૂલી પડી હશે ? આમ તર્ક વિતર્ક કરતો રાયમલ વાવ પાસે આવા બેસી રહ્યો કિશોરીના વિચારમા આખરે પ્રાતઃકાળ થયો. રાયમલે દૈવ ઇચ્છા બળવાન કહી હાથ મ્હો ધોઇ વાવમા સ્નાન કરી સૂર્ય ભગવાનને પ્રણામ કર્યા બાદ ત્યાથી તેણે રત્નનગર તરફ પ્રયાણ કર્યું.

રત્નનગર ત્યાથી દૂર નહિ હોવાથી રાયમલ દશેક વાગે નગરમા આવી પહોચ્યો તેના હાલહવાલ થઇ ગયા હતા. શરીર ઉપર પૂરતા વસ્ત્ર પણ રહ્યા નહોતા એ સમયે મહારાજ ચદ્રશેખર દરબારમા બેસી સરદારો સાથે બનેલા બનાવનો શોક કરતા હતા. તેજ સમયે દ્વાર રક્ષકે આવી, પ્રધાનના આવ્યાના સમાચાર જણાવ્યા.

રાજા આનંદના આવેશથી આસનપરથી ઉઠયા, ને દ્વારમાજ પ્રધાનને ભેટી પડયા દુઃખથી દુર્બળ બનેલા પ્રધાનને સભામા લાવી સ્વસ્થ કરી વસ્ત્ર બદલાવી શાન્ત કર્યો. રાજાને જોતા પ્રધાન મોટેથી રડી પડયો. રાજાએ આશ્વાસન આપી તેનુ મન શાન્ત કર્યું. ત્યાર પછી પ્રધાને રાજાને સર્વ વાત જણાવી, અને વાતને અંતે સરોજ અહિ આવ્યા છે કે નહિ એમ પૂછ્યુ.

"રાજાએ ના કહી. કૃષ્ણલાલનાં ભયકર કાળા કર્મ સાંભળી રાજાને અત્યત ક્રોધ ચઢયો, અને તેથી તેમણે પાપીના નામ નિ-શાનનો નાશ કરવા, તેમજ સરલાને બચાવવા સૈન્યની તેયારી કર-વાનું સેનાપતિને સૂચવ્યુ. સરદારોની સલાહ લઇ ત્રીજે દિવસે સૈન્ય સાથે જવાનું નિર્માણ થયુ. બાદ સભા વિસર્જન કરવામાં આવી. રાજા પ્રધાનનો હાથ પકડી મહેલમા ચાલ્યા ગયા

વાચકો ! ચાલો આપણે ભૂલી પડેલી કિશોરીને જોઇએ કે તે ક્યાં ગઇ!

કુંજના વિચારમાં તલ્લિન થયેલી બાળા ઘણું ચાલવાથી આ-ખરે થાકી ગઇ. જો કે તેનો આત્મા એ સમયે કુંજમય બની ગયો હતો પણ તેનુ શરીર પડેલા દુ:ખથી અને આજના પરિશ્રમથી અશ્રાન્ત બની ગયુ હતું. તેના પગમા અનેક કાટા વાગ્યા હતા. રસ્તામા ઉગેલા કટક વૃક્ષાથી તેના વસ્ત્રો ફાટયાં હતા, પણ વ્હા-લાના વિચારમા તે બાળાને ભાન નહોતું. એવી રીતે ચાલતા જયારે પ્રાતઃકાળ થયો, ને જગત્પર પ્રકાશ છવાયો ત્યારે કિશોરીને ભાન આવ્યુ. તે આસપાસ જોઇ બોલી ઉઠી—અરે ! હુ કયા આવી ? રાયમલ કયા ગયા !

હા, ભાગ્ય દેવી ! તને પણુ ધન્ય છે. તુ મને એકલી રાખ-વાને રાજી હોય એમ જણાય છે. મનમાં ધાર્યું કે હવે સુખી થઇશ, પણ વિધાતાએ નિર્માણુ કર્યું કે આને હજી રખડાવવી. હા, કુંજ ! વ્હાલા કુંજ ! તું ક્યાં હોઇશ ? વ્હાલા ! વનમાં ભૂલી ભમતી આ તારી ભામિનીની દયાજનક સ્થિતિ તો એકવાર નિહાળ ! કુંજ ! મારા હૃદયના શાન્તિ કુંજ ! તું ક્યા છે ? હું તને શોધું છુ ? બોલ

વ્હાલા બોલ ! તારા મીઠડા બોલો સાંભળવા હુ આતુર થઇ રહી છુ, જગલમાં ફરતી હુ તને પોકારૂ છુ. વ્હાલા ! આ અનાથનીના નાથ થયેલા કુંજ ! આવ, આવ, અને દુષ્ટ વિધાતાના દુખી લેખથી મને બચાવ આમ બોલતી કિશોરી ભાન ભૂલવા લાગી ઉન્માદ વાયુએ તેનામા પ્રવેશ કર્યો હોય એમ જણાવા લાગ્યુ. તે ખડખડ હસવા લાગી, વળી પાછી રડવા લાગી. અતે બન્નેનો ત્યાગ કરી તે બોલી ઉઠી—બસ, રીબાવ, સતાવ ! વિધાતા તારાથી થાય એટલુ કરી લે, હુ તારાથી બ્હીતી નથી. હુ તારા દુખી સસ્કારો સહન કરવાને તૈયાર છુ, પણ યાદ રાખજે કે જગલે જગલ ફરીશ પહાડોનાં શિખરો ચઢીશ ને તારી આંખ્યોમા ધુળ નાખી પ્રભુ કૃપાએ મારા વ્હાલાને મળીશ. આમ બોલતી કિશોરી ત્યાથી દોડવા લાગી. ઘડીકમા દોડતી, તો ઘડીકમા ઉભી રહેતી. બાળા ચાલતાં ચાલતા વૃક્ષપર ઉગેલાં ફળ ખાતી, તો થોડાંક ફેકી દેતી આગળ ચાલી જતી હતી. છેવટે તે અઘોર જગલમા એક નદી કિનારે આવી, ત્યા પડેલા પત્થરપર સૂતી. સૂતા વારજ દુખી બાળા નિદ્રાને શરણુ થઇ ગઇ.

પ્રકરણ ૩૧ મું.

" દંપતિ મિલન. "

જે સતી બાળો નિરંતર તેના સ્વામીનુ જ ધ્યાન ધરે છે, અને તેની મન વચનને કર્મથી સેવા કરવા ઇચ્છે છે, તેમજ દુખમા પણ તેને પૂજે છે તેને પ્રભુ ભજવાની શી જરૂર છે? સતીને પતિ એજ પ્રભુ છે. સ્ત્રીને સસારમાથી તારી અક્ષય ધામમા લઇ જનારી પતીની સેવા જ છે.

× × × × ×

" નન્દન વનના આનંદ કારક સ્થાનમાં અનેક પ્રકારનાં રગ એ રગી પુષ્પોના વૃક્ષો ખીલી રહ્યા હતાં આવા રમણિય સ્થાનનું નામ ભીલ દેવીએ શાન્તિ કુંજ પાડયુ હતું પ્રાતકાળ થઇ ગયો હતો ભીલદેવી નિત્ય કર્મથી મૂક્ત થઇ આઠ ભીલ સરદારો સાથે ત્યાં બેઠાં હતાં. ભીલદેવીના પ્રતાપથી જ્ઞાની બનેલો જ્ઞાનચંદ્ર પણ દેવીની સામે નમ્ર વદને બેઠેલો હતો તેનો ઘા રૂઝાઇ ગયો હતો. તેના શરીરે હવે કોઇ જાતનો વ્યાધી રહ્યો નહોતો, પૂર્વ કર્મને યાદ કરી જ્ઞાનચદ્ર હવે ઘણો પસ્તાઇ મનમા દુખી થતો હતો. તેથી ભીલદેવીએ કોમળ નજરે જ્ઞાનચદ્ર સામે જોઇ કહ્યુ—જ્ઞાનચંદ્ર ! તારા હૃદયમા થતી પશ્ચાતાપની વ્યથાને હવે દૂર કર ગત કર્મોને

યાદ કરી મનને કષ્ટ આપવુ નકામુ છે. જે **માણુસ અંતઃકરણથી પાપનો પસ્તાવો કરી નીતિને રસ્તે ચઢે છે, તેને તેના પાપની ઈશ્વર અવશ્ય ક્ષમા આપે છે.**" જ્ઞાનચદ્ર ! સઘળી વાત ભૂલી જા અને મને જણાવ કે તું તે દુષ્ટના મડળમા શી રીતે જોડાયો હતો ? તથા તું કોણ ! તારા માતા પિતા કોણ ?' વગેરે સર્વ સત્ય હકીકત મને જણાવ ?

માતા ! હું એક મહા પાપી છુ મારા પાપની સીમા નથી, દેવી ! ઘણા વર્ષ ઉપર મારા પિતા મને લઈ ને યાત્રાએ નીકળ્યા હતા. મારી ઉમ્મર દશ વર્ષની હતી તે સમયે જ એ દુષ્ટ કૃષ્ણુલાલે મારા પિતાને લુટી લઈ મારી નાખ્યા તે મને સાથે લઇ ગયો ને આજ પર્યંત હુ તેની પાસે રહી મોટો થયો. દેવી ! પિતાને મારી નાખનારને બદલો આપ્યા વિના હુ તેને જ આશ્રયે રહી આ પાપી પેટ ભરવા લાગ્યો હાય ! હુ પિતૃ ઋણી રહ્યો. કહી જ્ઞાનચદ્ર કલ્પાત કરવા લાગ્યો દેવીએ તેને અનેક પ્રકારે ઉપદેશ આપી શાન્ત કર્યો. ત્યાર બાદ પ્રથમ કોમુદિનીએ જણાવેલી તમામ વાત જ્ઞાનચદ્રે ભીલદેવીને કહી સભળાવી.

" જ્ઞાનચદ્ર ! વારૂ એતો જણાવ કે તારૂં લગ્ન થયુ છે કે નહિ ? પુન દેવીએ પૂછ્યુ."

" માતા ! મારૂ લગ્ન બાલ્ય કાળમા જ થયુ હતુ. પ્રભુ જાણે કે તે નિર્દોષ બાળાનું હાલ શુ થયુ હશે ? અરે રે ! તેની પર કેવીએ વિપત્તિયો પડી હશે ? હાય ! તે નિર્દોષ બાળા સંસારમા આવતા જ આ પાપીને પનારે પડી દુખી થઇ. હરી, હરી, મને આવી કુબુદ્ધિ ક્યાંથી સુઝી ? મા ! શુ હવે એવો દિવસ નહિ

આવે કે હું તે દુ:ખી બાળાને ફરીથી જોઇ શકું ? હા, હું ફક્ત એક જ વાર મારા નિવાસ સ્થાનની તરફ ખબર કાઢવા ગયોહતો ત્યા મારૂં કોઈ સબધી જણાયુ નહિ હા, વિધાતા ! મને શા માટે આ મસારમાં જન્મ આપ્યો ? કદાપિ જન્મ આપ્યો તો શા માટે આવા દુષ્કર્મો કરવાને પ્રેર્યો ? હા ! ભયકર પાપ કર્મોમાં ઉપસ્થિત થતા આ પ્રાણનો વિનાશ કેમ ન થયો કે જેથી હુ જીવતો રહ્યો ? પ્રભો ! પ્રભો ! હવે હુ શુ કરૂ ? કહી જ્ઞાનચદ્ર અત્યંત શોક કરવા લાગ્યો

" જ્ઞાનચદ્ર ! નકામો શોક શા માટે કરે છે ? શાન્ત થા. દેવીએ કહ્યુ

" માતા ! શાન્ત શી રીતે થાઉ ? આ ઘોર ઘાતકી, પાતકી ને હાથે અનેક નિરપરાધી જનોના પ્રાણ ગયા છે. ગરીબોના કલ્પાત સાથે તેમના ધન ભડાર લુટાયા છે પ્રભુ ! મને ક્ષમા કરો માતા ! તમે આ નારકી જીવનો ઉદ્ધાર કર્યો છે તમારી કૃપાથી જ અજ્ઞાન નો અધકાર દૂર થઇ આ જ્ઞાનચદ્રમા જ્ઞાનનો દિપક પ્રકટ થયો છે માતા ! કહો, કહો, કે આ ઘોર ઘાતકીના પાપની ક્ષમા આપશે કે નહિ ? "

" પ્રભુ તને તારા પાંપની ક્ષમા આપશે. જ્ઞાનચદ્ર ! એ તો જણાવ કે તારી ધર્મ પત્નીનુ શુ નામ હતુ ?

" માતા ! જે પવિત્ર બાળાના નામ માત્રથી જ પાવન થવાય, અને પ્રભાતમા તેના મુખના દર્શન માત્રથી આનદ થાય, એવું તેનું નિર્દોષ મુખ હતુ " તે પવિત્ર પ્રેમદાનું નામ, " કૌમુદિની " હતું.

" આ સમયે જ શાન્તિ કુંજના એક એકાન્ત ભાગમાથી કોઈનો મધુર કંઠમાથી નીકળતું ગાન સંભળાયુ ગાનના મીઠા સુરથી સર્વ શાન્ત થયાં, અને ત્યાથી ઉભા થઇ તે તરફ જઇ ગાનાર ન જાણે એમ ઉભા રહી જોવા લાગ્યા તો ત્યા આગળ કૌમુદિની મીઠા સુરથી ગાતી ગાનમા ગુલતાન થઈ રહી હતી. તેની પાસે દશેક ભીલ બાળાઓ ઉભી હતી. વૃક્ષને થડે બાંધેલા દોર ઉપર કૌમુદિની બેઠી હતી. ભીલ બાળાઓ તેને હિંચકા નાખતી હતી. હિંચકાના વેગથી તેના લાંબા વાળ પવનમા ઉડી રહ્યા હતા. જેમ જેમ હિંચકો વધારે ચાલતો ગયો તેમ તેમ કૌમુદિનીનો કંઠ ખીલતો ગયો. ભીલદેવી તો હોઠે આંગળી મૂકી સ્તબ્ધ થઈને જોઇ જ રહ્યા. જ્ઞાનચંદ્ર જ્ઞાન હિન થઇ, ઉર્વશી મેનકાનુ પણ ભાન ભૂલાવે એવી કૌમુદિનીનુ મોહક રૂપ જોઇ કેવળ જડવત્ થઇ ઉભો રહ્યો કૌમુદિનીના કોમળ કંઠમાથી નીકળતુ મધુરૂ મંજુલ ગાન હવાની સાથે મળી શાન્તિ કુંજમા ગાજી રહ્યું હતુ ગાન ઉપદેશ યુક્ત હતુ ભીલ કન્યાઓ નીકળતા ગાનના ઉપદેશામૃતનું પાન કરતી હતી

" અમારૂં સ્વર્ગનું બારૂ, પતિવ્રત પ્રાણથી પ્યારૂં,"
અમોને મોક્ષ દેનારૂ, પતિવ્રત પ્રાણથી પ્યારૂ;
સુબુદ્ધિ સાથ વસનારૂં, કુબુદ્ધિ દૂર કરનારૂં,
પિયુનો પ્રેમ પાનારૂ, પતિવ્રત પ્રાણથી પ્યારૂં.
ભલે ભૂખે મરી જઇએ, કદી કંગાલ જો થઇએ,
દુખો દેખી ન ડરનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં,

× + × × ×

પતિ જો હોય પત વાળો, કુટિલ યા અંધ હો કાણો
તથાપિ ચિત્ત મ્હાનારૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં.
અભણ કે હોય અજ્ઞાની, શકે ન પ્રેમને જાણી,
છતાં શિરછત્ર છે મ્હારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં,
અમારો દેવ છે સ્વામિ, અમારી ભક્તિ ત્યાં જામી,
હૃદય ભરથાર રટનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં.

* * * * *

ભર્યા ભંડાર નાણાથી, સુવસ્ત્રો કે ઘરેણાથી,
કદીના ચિત્ત ચળનારૂં, પતિવ્રત પ્રાણથી પ્યારૂં,
દ્રુપદ તનયા અને તારા, સુકન્યાને સતી સીતા,
પતિવ્રત તેહ સમપાળું, પતિવ્રત પ્રાણથી પ્યારૂં.

મણિકાન્ત

ગાનનો સુર ચારે તરફ ફેલાઇ રહ્યો. હિંચકો ધીમો થયો ઉભેલા જ્ઞાનચંદ્રના હૃદયમા વિદ્યુતનો પ્રહાર થયો. ભીલદેવી મનથી તે શુશિલ બાળાને ધન્યવાદ દેવા લાગી, ને પોતાના ઉપદેશની અસર બરાબર થઇ એમ સમજી પ્રભુનો ઉપકાર માનવા લાગી.

પેલી તરફ ગાન પૂરૂં થયુ. કૌમુદિની હિંચકા પરથી નીચે ઉતરી ભીલ બાળાઓને કહેવા લાગી—બ્હેનો! રમત ગમતમાં ઘણો સમય થઈ ગયો, માતાજીને પ્રભુની પૂજાનો સમય થવા આવ્યો, માટે ચાલો આપણે ઉપવનમા જઇ તેમને માટે પુષ્પો લઇ આવીયે. કહી ભીલ કન્યાઓને લઇ તે ઉપવનમા ચાલી ગઇ. તેને વૃક્ષોમા અદ્રશ્ય થએલી જોઇ જ્ઞાનચંદ્રનુ મન વ્યાકુળ થઇ ગયુ. તેણે નમ્ર

વદને દેવીને પૂછ્યુ—માતા ! એ કિશોર કિશોરી કોણુ છે ?

"જ્ઞાનચદ્ર ! શાન્ત થા. જે બાળા તને વ્યાકુળ કરી ચાલી ગઇ તેજ તારા હૃદયનુ ધન કૌમુદિની છે."

"હેં ! શુ તે મારી પ્રાણુવલ્લભા કૌમુદિની છે ! ?" જ્ઞાનચદ્રે આશ્ચર્યથી ચમકી પૂછ્યું.

"હા, તારૂં ગુમ થયેલુ રત્ન, આજ કેટલાક દિવસોથી તારૂંજ ધ્યાન ધરે છે. તારી શોધમાં નીકળી તેણે અત્યત સકટ સહન કર્યું છે, અને વિકટ અરણ્યમાથી અનાયાસે મને પ્રાપ્ત થયુ છે."

"એ મારી માતા ! આ બાળકની ઉપર તમારા કેટલા બધા ઉપકાર હા, તે ઉપકારનો બદલો આ જન્મમા તો વાળી શકાય તેમ નથી. માતા ! આ પાપી તમારો અપરાધી છે કહી જ્ઞાનચદ્ર દેવીના પગમાં પડયો.

તેને ઉભો કરતાં દેવીએ કહ્યુ—જ્ઞાનચદ્ર ! ગઇ ગૂજરી ભૂલી જા અને તારા વિયોગથી ઝુરતી, નિશદિન તને યાદ કરતી તારી કૌમુદિનીને સુખી કરી તુ પણુ સુખી થા. જ્ઞાનચદ્ર ! મારા થોડાક વચનો તું તારા હૃદય પટમાં કોતરી રાખજે કે.—જે પતિ અગ્નિ અને બ્રાહ્મણુની સાક્ષિથી પરણેલી બાળાનો વિના કારણે ત્યાગ કરી તેને અત્યત દુખ દે છે, તેમજ તેનુ પાલન કરવાને બદલે તેને દુખમા દટાયેલી રાખી પોતે સુખ ભોગવે છે, તેનુ ભગવાન કદાપિ ભલુ કરતો નથી. જે પતિ તેની સ્રીનું રક્ષણુ કરી તેને સર્વ વાતે સુખી કરે છે, અને પરસ્પર આનંદમા દિવસો નિર્ગમન કરે છે, તેને ધન્ય છે. જ્ઞાનચદ્ર ! જે પુરૂષ તેની પ્રેમદાને કોઇ પણુ વાતે દુઃખી કરતો નથી, તે આ લોકમાં સ્વર્ગસમ સુખ ભોગવી, મરણુ પછી પણુ

પત્નીની સાથે પ્રભુના ધામમા ચિરકાળનુ સુખ ભોગવે છે. માટે આ અમૂલ્ય ઉપદેશ માનજે ને તારી કૌમુદિનીનું સદા સર્વદા કલ્યાણ કરજે.

"દેવી! આપની આજ્ઞા શિરે ચઢાવુ છુ, ને તે આજ્ઞા પ્રભુ કૃપાથી જીંદગી સુધી ભૂલુ નહિ એમ ઇચ્છુ છુ.

"પ્રભુ તમારૂ શુભ કરો. કહી ભીલ દેવીએ બૂમ મારી.-કૌમુદિની! કૌમુદિની! બેટા ક્યા છે?

"માતા! ઉપવનમા પુષ્પ વિણુ છુ. શી આજ્ઞા છે? કૌમુદિનીએ પ્રત્યુત્તર વાળ્યો.

વિણેલા પુષ્પ લઇ જલ્દી અહિ આવ."

"આવી માતાજી! કહી કૌમુદિની વિણેલા પુષ્પો લઇ ત્યા આવી, ને માથુ નીચું નમાવી ઉભી રહી.

તેના સામુ સ્નેહ યુક્ત નિહાળી ભીલ દેવીએ કહ્યુ–કૌમુદિની! આમને ઓળખે છે?

"મા! આપ સર્વ જાણો છો, છતા આ બાળકીને આવો પ્રશ્ન પૂછી શા માટે શરમાવો છો?

"કૌમુદિની! આજે તારા સુખના સૌભાગ્ય સૂર્યનો ઉદય થયો છે, અને પ્રભુ કૃપાથી પાપ વિહીન્ થયેલા તારા સ્વામીના સમાગમ માં આવવાને તું ભાગ્યવાન થઇ છે.

"મા, એ તમારી કૃપાનુજ ફળ છે."

જા, બેટા તારા સ્વામીને પ્રણામ કર, અને તેની આજ્ઞાનુ સદા સર્વદા પાલન કર. કૌમુદિની! તું સદ્ગુણી છે, સર્વ શાસ્ત્ર

જાણે છે, એટલે વિશેષ કહેતી નથી પણ ટુકમા એટલુ કહુછુ કે આ-જદિન સુધી શ્રવણ કરેલા મારા ઉપદેશને ભૂલીશ નહિ અને સંકટમાં પણ સ્વામી સેવાનો અનાદર કરીશ નહિ. પુત્રી લાવ તારો હાથ. કહી દેવીએ તેનો હાથ પકડી જ્ઞાનચંદ્રના હાથમા આપતા કહ્યું:-જ્ઞાનચંદ્ર ! આ અમૂલ્ય રત્નનુ પાલન કરજે, ને આની સાથે જ ભવસાગર તરી તારા જીવનનુ સાર્થક કરજે. કહી દેવીએ કૌમુદિનીનો હાથ જ્ઞાનચંદ્રને આપ્યો જ્ઞાનચદ્ર માથુ નમાવી ઉભો રહ્યો. ભીલ બાળાઓએ પુષ્પનો વરસાદ વરસાવ્યો. સઘળાએ જય જયકાર કર્યો એટલામા બે ભીલ ત્યા દોડી આવ્યા ને દેવીને પ્રણામ કરી બોલ્યા—મા ! આજે અમે આપને આનંદના સમાચાર જણાવવા આવ્યા છીએ.

"આનંદમાં આનંદ આવી મળે એ કુદરતનો નિયમ છે. વારૂં જણાવો કે શુ છે ?

"માતા ! સરોજ રાયમલ વગેરે છૂટી ગયા છે

"હે ! તેમને કોણે છોડાવ્યા ?

"સરોજને છોડાવનાર કુંજવિહારી નામનો કોઇ માણસ હતો

"શું કુંજવિહારી ! ભીલદેવીએ આંખો બંધ કરી દીધી. બાદ થોડીવારે ઉઘાડી પૂછયુ -સરોજને છોડાવી કુંજવિહારી ક્યાં ગયો ?

"તેની અમને ખબર નથી ?

"વારૂ, રાયમલને કોણે મુક્ત કરાવ્યા ?

"પાપીના પંજામા ફસાયેલી એક કિશોરી નામની બ્રહ્મ કન્યાએ રાયમલનો ઉદ્ધાર કર્યો છે.

હ......વારૂ સરલાનું શું થયુ ? "

" દેવી ! તે નિર્દોષ પખીડુ હજી પાપીના પજામાંજ પૂરાયેલુ છે ને સાંભળવામા આવ્યુ છે કે તે હાલ મરણ શૈય્યા ઉપર છે.

" સરલાના સમાચારથી મારૂ મન મુઝાય છે અને તેને છોડાવવાની હવે ઘણી જરૂર છે. કહી દેવીએ જ્ઞાનચદ્ર સામે જોઈ કહ્યું.–જ્ઞાનચંદ્ર !

" માતા ! શુ આજ્ઞા છે ?

" ભાઇ ! સરલાને બચાવવાની જરૂર છે, તે નિર્દોષ બાળા મરણ ને કાઠે છે તેમાં તમારી સલાહની જરૂર છે ?

" મા ! સેવકને આજ્ઞા આપો હું કૃષ્ણલાલને બંધીવાન બનાવી અહિ લઇ આવીશ, ને સરલા બ્હેનનો પણ ઉદ્ધાર કરતો આવીશ.

" જ્ઞાનચંદ્ર ! સાહસ કરવાથી વિપરીત પરિણામ આવે છે માટે ચાલો આપણે ગંગાએ સ્નાન કરી આવી પ્રભુની પૂજા કરી તેની આજ્ઞા માગી છેલ્લા નિર્ણય ઉપર આવીયે.

" જેવી આજ્ઞા ! કહી જ્ઞાનચંદ્ર દેવીના સામે જોઇ રહ્યો.

સઘળા પ્રભુનો જય પોકાર કરી દેવીની સાથે સરિતા તરફ ગમન કરવા લાગ્યા

પ્રકરણ ૩૨ મુ.

" કરૂણાશંકરનું કલ્પાંત. "

હા થમા આવેલા શત્રુઓના નાશી જવાથી કૃષ્ણુલાલના ક્રોધની સીમા રહી નથી. તે તેના ભાગેલા ખડેરમા એક પત્થર ઉપર બેસી વિચાર વમળમા ચઢયો છે. વિચારમાં આવેશ યુક્ત થઇ પગના પ્રહાર જમીન પર કરે છે. ઘડીકમા દાત કચકચાવી હાથની મુક્કીઓ હવામા વીંઝે છે. ક્રોધને વશ થયેલો કૃષ્ણુલાલ પત્થર ઉપરથી ઉભો થઇ ફરવા લાગ્યો ફરતા ફરતા એક વાર વિકટ હાષ્ય કરી બોલી ઉઠયો.—મારા સપાટામાથી નાશી ગયેલા શત્રુઓ ! નાશો, નાશી જવાય ત્યાં સુધો નાશો, અને બને તો પાતાળમાં પેશી જાઓ, પણુ યાદ રાખજો કે આ કૃષ્ણુલાલ તમને ખોળી કાઢશે પાતાળમાં પેસશો તો આ ભયકર ભુજગ ત્યા આવી તમારા કેશ ઝાલી બહાર ખેચી કાઢશે. દુનિયાના પામર જનો ! હવે જલ્દીથી તમે મૃત્યુના મુખમાં પડશો, ને આ ચળકતી તલવારથી રકતમા તરબોળ થશો. આમ બોલી થોડી વારને માટે પાછો શાન્ત થયો; પણુ પુન કિશોરી યાદ આવતા બોલ્યો.—હા, કિશોરી ! મારા લોહીની તરસી કિશોરી ! મ્હે તને આજ સુધી જીવતી રાખી તેથાજ તું મારી શત્રુ થઇ ?

હા, તારી કારમી ખૂની આંખ વારવાર મારી નજરે તરી આવે છે, તારૂં ભયકર ઝનુની સ્વરૂપ મને મારવાને દોડી આવે છે, હા, શું ખબર કે તે નાદાન છોકરીની બીક મને શાથી લાગે છે? બસ! હવે ગમે એમ થાઓ, આકાશ અવનિ એકાકાર થાઓ, આ કૃષ્ણુલાલનો પ્રાણ ભલે અત્યારે જાઓ પણ મારા ધારેલા કામ પૂરા થાઓ. હુ આજથી કામ પૂરાં કરીશ, શત્રુઓને ખોળી ઠાર કરીશ, એમ કરતાં મરવુ પડશે તો મરીશ આમ બોલતા કૃષ્ણુલાલે બુમ મારી! અરે કોઇ છે?

"હા, સરદાર! શુ હુકમ છે સરકાર? સિપાહીએ ત્યા આવી પૂછ્યુ."

"કરૂણાશકરને બોલાવી લાવ."

"જેવો હુકમ. કહી સિપાહી ચાલતો થયો.

આ સમયે કરૂણાશકર તૈયાર થઇ તેના ધનની તપાસને અર્થે જતો હતો. આજે ઘણા દિવસ થયા તે તેના દાટેલા ધનની પાસે કામની અડચણોને લીધે જઇ શકયો નહોતો. તેથી તેનુ મન અધીરૂ બની ગયુ હતું. ને ત્યા ક્યારે જાઉ, ક્યારે પહોંચુ, એમ થઈ રહ્યુ હતું. ભોગ જોગે આજે તેની ડાબી આખ ફરકતી હતી. તેનું ડાબ અગ હાલી તેના મનમા શકા ઉત્પન્ન કરતું હતુ. આજે સવારમાં ઉઠતાંજ કરૂણાશકરને બીલાડીના મુખનાં દર્શન થયાં હતાં. બીલાડીને ગાળો દેતો તે મારવા દોડયો ને દોડતાં દોડતા પડી ગયો ને તેથી માથામા સખત વાગ્યું હતું. આવા પ્રકારથી તેનુ મન આજે વ્યાકુળ બનેલું હતું, એવામાંજ સિપાહી તેડવા આવ્યોજ. આ વળી વિઘ્ન કયાથી આવ્યુ? કહી મન સાથે કૃષ્ણુલાલને બે ચાર

ગાળો દઇ તે કૃષ્ણુલાલની પાસે આવ્યો, ને મને કેમ બોલાવ્યો ? કહી એ દરકારથી ત્યા ઉભો રહ્યો. તેના વર્તનથી, કૃષ્ણુલાલ આશ્ચર્ય પામી પૂછવા લાગ્યો–ભટ્ટાહાચાર્યજી ! આજે આમ કેમ છે ?

"આજે એમ જ છે ! આજ સવારમા જ રાડની બીલાડીના મુખના દર્શન થયા છે, ને આજે કંઇક ઉત્પાત થાય એમ ભાસે છે"

"માયાનુ સેવન કર્યુ છે કે નહિ ?"

"આજે મારે કોઇનું સેવન કરવુ નથી. સઘળા મરી જાઓ, ટળી જાઓ માન શુકુનથી મારૂ મન બળી જાય છે. લ્યો હવે હુ જાઉં. છુ"

"કયા જાઓ છો ?"

"હત તારી મોકાણુ મંડાય" કરૂણાશંકર મનમા બોલી ઉઠયો.

"કા આચાર્યજી !" શાન્ત રહ્યા ?

"ત્યારે શુ બુમે બૂમ પાડુ ? બોલવાનું તો ક્યારનું એ બંધ કરી દીધુ" ક્યા જાઓ છો કહીને અપસુકનમા વધારો કર્યો.

"હશે જવા દો એ વાત, ને હવે જણાવો, કે સરલાને કેમ છે ?"

"કૃષ્ણુલાલ ! આડી અવળી વાતો કરી મને રોકો નહિ. આજે મારો જીવ ઉંચો થયો છે. સરલા હવે આ દુનિયાની થોડાજ વખની મહેમાન હોય એમ જણાય છે. માટે જો તમારે પરણુવુ હોય તો ચાલો. હુ ઝપાટાબંધ તમને પરણાવી દઉ કારણુ કે મારે હવે અહિથી જવું છે."

"કયા જવુ છે?"

"મશાણુમા ! મે એક વખત કહ્યુ કે નકામુ પૂછ પૂછ ના કરો "

"કેમ વારૂં ! હુ તમારો સરદાર છુ ? તે શુ ન પુછુ ?

"ના ! હુ હવે અહિં રહેવા નથી માગતો. કારણ કે તમારં તરફથી હવે મને કઇ મળતું નથી "

"હું તમને નહિ જવા દઉ તો શુ કરશો ?

"પરાણે જઇશ, માથુ ફોડીને જઇશ. સમજ્યા ?

"પણ અહીંથી જઇને ખાશો શુ ?"

"શુ હુ તમારા જેવા છુ કે જે આવ્યુ તે ઉડાવી દઉ ? કૃષ્ણલાલ ! આ બંદાયે કયારનીએ પાચસો મ્હોરો એકઠી કરી રાખી છે. મનમાં રાખવા છતા પેટનું મોએ આવ્યુ. કરુણાશકર પસ્તાયો, પણ આખરે મન વાળી શાન્ત રહ્યો."

"તે મ્હોરો ક્યા રાખી છે ?"

હુ..... તે પૂછીને લઇ લેવી હશે ? મારા મહેરબાન આ કરૂણાશકર કાચો નથી પાચમો સોના મ્હોરોનો માલીક છુ, તમારાથી અક્કલવાન છુ, ને વરસ દહાડામા કોઇને સમજાવી ફોસલાવી, લુટી, ઝુટી, એક હજાર સોના મ્હોરોનો માલીક થવાનો છુ ત્યો દાકોર ! રામ રામ કહી કરૂણાશકર ત્યાથી પસાર થઇ ગયો, ને જતા જતા પાછળ જોતો ગયો કે રખેને કૃષ્ણલાલ પાછળ તો નથી આવતો ને. તેની મૂર્ખાઇપર હસતો કૃષ્ણલાલ સરલાની તબિયતની ખબર કાઢવા તેની કોટડી તરફ ચાલ્યો.

ધનની તપાસ કરવા જતા કરૂણાશકરને ખંડેરની બહાર નીકળતાંજ એક મોટો સાપ આડો ઉતર્યો, તેથી એ વ્હેમી માણસ

શંકા યુક્ત બરબડવા લાગ્યો—હત તારૂ સત્યાનાશ જાય રાંડ બી-
લાડી ! તું અહીં પણ નડી ? આ અપશુકનનુ પાંચમુ લક્ષણ. એક
તો સવારમા તે કર્મ ચંડાળણીનું મ્હો જોયુ, બીજુ તેની પાછળ
પડતા શરીરને વાગ્યું, ત્રીજુ આ ડાબી આંખનુ ફરકવુ, ચોથુ પેલા
વરણશંકર કરશનીયાનુ કયાં જવુ એમ પૂછવુ અને આ પાંચમુ
આ કાળોતારાનાગનુ આડુ ઉતરવુ અરે રે ! આજે કેમ થશે ?
આજનો દહાડો પણ મને ભારે લાગે છે. હે ભગવાન ! જો
મારૂ દાટેલુ એમનુ એમ હશે તો હું હજાર ઉપર પાંચસો
સોના મ્હોરો મળતા તમારો મહા રૂદ્ર કરીશ હે ખોડી
યાર મા ! જો તુ પણ તે દાટેલા ધનને ત્યાંજ રહેવા દેવામા
મદદગાર થઇ હોઇશ તો સો મ્હોરો મળતા તને અઠ્ઠાવીશ નાળી-
એરના તોરણથી નવાજીશ આમ બોલતો કરૂણાશંકર ઝપાટાબંધ
ચાલતો થોડી વારમા તેના દાટેલા ધનની જગા આગળ આવી પ-
હોચ્યો જેમ થાકેલો માણસ સ્થળ આવતા બેસી પડે તેમ આપણા
કરૂણાશંકર ત્યા આવતાજ હાશ, શબ્દનો ઉચ્ચાર કરી બેશી ગયા;
ને પ્રથમ પ્રમાણે ખાડો ખોદવા લાગ્યા ઘણીજ ત્વરાથી તેણે ખાડો
ખોદી અંદરથી ઘડુ ખેંચી કાઢયુ ઘડાને જોઇ તેનામાં જીવ આવ્યો,
અને તેને ખખડાવી બોલી ઉઠયો-હાશ, છે તો એમનુ એમ હવે
શુકનની દરકાર નથી. ચાલ જીવ, આ મ્હોરોને લઇ હવે રસ્તે પડુ.
કહી ભટ્ટાચાર્યજીએ મહોરોને બાંધવા સાથે રાખેલુ કપડુ નીચે પાથર્યું
ને મ્હોરો ઠાલવવાને ઘડાનુ મ્હો નીચુ કર્યું

પણ અરે આ શું ! ઘડામાથી મ્હોરો નીકળવાના બદલે અં-
દરથી ઠીકરાને પથરા નીકળ્યા. કરૂણાશંકરને માથે વજ્રપાત થયો.

તે પોક મૂકીને રડી ઉઠયો—ઓ મારા બાપ, મારી મને કોઇએ ધાપ. આમ બોલતો તે ખાડામા, તો વળી નીકળેલા પથરામા હાથ ફેરવવા લાગ્યો. આખરે તેને તેમાથી પેલી કાગળની નાની ચીઠ્ઠી મળી આવી. આ શુ ? કહી તે વાચવા લાગ્યો. તેમા લખ્યુ હતું કેઃ— 'લોભી લોભ નહિ જો કરે ! ઓય મારા બાપ ! એક ચરણ વાંચી ચમકી તેણે પુનઃ બીજુ વાચ્યું. તો ધુતારા ભૂખે મરે હાયરે ! હવે આ કરૂણાશંકર શી રીતે જીવે ? કહી ચીઠ્ઠી નાખી દઇ તે ઉભો થઇ કલ્પાત કરવા લાગ્યો. માથુ કુટતો વાળ તોડવા લાગ્યો હાયરે ! ખાધોરે ! મારૂ ધન ધુતાયુરે, કર્યુ કારવ્યુ પાણીમાં ગયુ રે, ઓ મારા બાપરે. કહી તેણે કારમી પોક મૂકી. મુખથી હા પૈસા, હા, મ્હોરો ઓ બાપરે ! એમ તે બોલવા લાગ્યો અલ્પ સમયમા તો તે દિવાના જેવો બની ગયો. ખાડાની ધુળને માથે ચોપડવા લાગ્યો. ખાલી ઘડાને પણ છાતી સગાથે ચાપવા લાગ્યો. એવી રીતે થોડી વાર કરી દિવાનો કરૂણાશકર ! હાય બાપ, ખાધી ધાપ, હાય. નાણા, તારા થયા ઠેકાણા. ઓ પૈસા, હાય પૈસા. કરતો ત્યાથી મૂઠીયો વાળી નાસવા લાગ્યો દિવાનાપણામા બુમેબૂમ પાડતા કરૂણાશકરે આખો દિવસ એવી સ્થિતિમા ગુજાર્યો. આખરે તેણે સાંજ પડતા સરિતાને કિનારે આવી એક વૃક્ષની નીચે પડતુ નાખ્યુ, ને હાય પૈસા, ઓ બાપ, ખાધી ધાપ કરતો નિદ્રાધિન થઇ ગયો.

પ્રકરણ ૩૩ મું.

દિવાની કે વિયોગીની!

" લગાડી મોહની પ્યારા ! કઠિન્ હૈયુ કર્યું શાને !
અહો હો ! નાથ કપટીરે ! બલિહારી તમારી છે !
સ્મૃતિ છે એજ મુખડાની, ન દેખી હુ દુખી છુ રે,
ગ્રહી જો બાય, તો લજ્જા તમારાની તમોને છે
બકુ છુ હું તમે માનો, જિગરમા ઘા મને ઉંડા,
ઉમળકા આ હૃદયના હા ! કહો કયા ઠાલવુ ફાડી ?

કલાપી.

કયા છો ! કયા છો ? હૃદયના વિસામા કયા છો ? વ્હાલા ! જગલે જગલ આથડી આ ચરણો કાટાથી વિધાઇ અશક્ત થઇ ગયા છે અખડ ઉજાગરાઓથી આ આખ્યો બળી રહી છે, છતાં વ્હાલા તારૂ રસીલુ મુખડુ નિહાળવાને આતુર બની ગઇ છે. આવ આવ, મારા પ્રાણ તું કયા છે ? આ કિશોરી ભયકર અરણ્યમા ભૂલી પડી તને મળવાની ઇચ્છાથી ભટકે છે. આમ બોલતી કિશોરી વિકટ અરણ્યમાથી પસાર થતી હતી. બપોરનો સમય હતો. આકાશમા વાદળાઓએ સૂર્ય ભગવાનને ઢાકી દીધા હતા. વરસાદ પડશે એવુ જણાતું હતું. ઉકળાટ ઘણો હતો કિશોરીના સુકોમળ મુખપર પરસેવાના બીદુઓ બાઝયાં હતા. તે કુજ, કુજ નામનો ઉચ્ચાર

કરતી દિવાની સમાન જણાતી આસપાસ જોતી, ચાલી જતી હતી તેનુ સુદર શરીર ભૂખ તથા દુ ખથી નિસ્તેજ અને અશક્ત બની ગયુ હતું. તેના માથાના વાળ અવ્યવસ્થીત થઇ પવનમા આમતેમ ઉડી રહ્યા હતા પહેરેલુ વસ્ત્ર ઘણેક ઠેકાણેથી ફાટી ગયુ હતું ચાલતા-ચાલતા તેને વારવાર ઠોકરો વાગતી હતી. પગમાથી રૂધીર નીકળતુ હતુ ઘડીકમા પડતી, ઘડીકમા ઉઠતી બ્હાવરાની માફક ચાલતી કિશોરી કુજમય બની કુજના પોકાર કરતી ચાલી જતી હતી અલ્પ સમયમા પવન ફુકાવા લાગ્યો મોટા વાવાઝોડાના સાથે સખ્ત વરસાદ ટૂટી પડયો ભયકર કાટકા થવા લાગ્યા જળપ્રલયનો ભાસ થવા લાગ્યો કિશોરી ખડખડાટ હસતી એક મોટા વૃક્ષ નીચે આવી ઉભી રહી જોવા લાગી કલાકેક વિત્યા બાદ પરસાદ વરસતો બધ થઇ ગયો જગલ રળિયામણુ જણાવા લાગ્યુ કોયલ, મોર વગેરે પખીયો મધુરા ટહુકારથી આનદ પ્રદર્શિત કરવા લાગ્યા. પાણીના ઝરણા ખળખળ અવાજ કરતા વહેવા લાગ્યા. આવો ચમત્કાર નિહાળી કિશોરી વૃક્ષ નીચેથી નીકળી આગળ ચાલતા મનમા બોલવા લાગી-અહા ! કેવો ચમત્કાર ! ઘડી ઉપર તાપ સકળ સૃષ્ટિને અકળાવી રહ્યા હતો, તો હવે થોડીવારમા ઠડો પવન સર્વને શાન્ત કરવા લાગ્યો છે.

અહા પ્રભો ! તમારી અકળિત કળાને જાણવા કોણ સમર્થ છે ? આમ બોલતી કિશોરી પ્રભુને પ્રણામ કરવા લાગી તે ઘડીકમાં ભાનમા આવતી તો ઘડીકમા ભાન ભૂલતી હતી પ્રભુને પ્રણામ કરી તે બાળા દયામણે મુખે જાણે પ્રભુને વિનવતી ન હોય એમ બોલવા લાગી-સર્વ સૃષ્ટિના કલ્યાણ કર્તા પ્રભુ ! શુ આપને આ બાળકીની

દયા નથી આવતી? પ્રભુ! તમે અનેક દુઃખી મનુષ્યોને દુખમાથી મુક્ત કર્યાં છે, તો આ તમારી કિશોરીએ શુ પાપ કર્યા છે, કે તેને સદા સર્વદા દુ.ખમાં જ રીબાવાનુ છે? પ્રભો! મને સમજ પડતી નથી. હુ દુઃખથી બહાવરી બની ગઇ છુ દયાળુ દાતા! કૃપા કરી મને મારા કુજની પાસે પહોચાડો. હુ તેને જ ઇચ્છુ છુ હવે તેજ મારો તારનાર અને એજ મારો ભર્તાર. આ સૃષ્ટિમાથી ઉદ્ધાર કરનાર બસ મારો કુજ છે. પુન કિશોરી કુજના વિચારે ચઢી કુજ! હૃદયમા રમી રહેલા કુજ! જો તો ખરો કે આ તારી કિશોરી તને મળવાને કેટલુ સકટ સહન કરી રહી છે? મારી નાડીયો, મારી ઇંદ્રીયો સહવર્તમાન સર્વ શરીરમા કુજ, કુજ બસ કુજના જ ભણકાર વાગી રહ્યા છે આ નેત્રો કુજને નિહાળી રહ્યા છે જીવ્હા તેનુ નામ જપી રહી છે આ કિશોરીનો હવે તેના વિના ઉદ્ધાર નથી. કુજ કિશોરીનો આત્મા છે. શરીરનુ દૈવત છે. આખ્યોનો તારો, રસનાનો રામ, દિલનો આરામ, કે જેને નિષ્કામ ભક્તિનુ જ છે કામ; એજ મારો કુજ આ હૃદયનો આત્મારામ છે. હા, તેના વિના આ જગતમા જીવવુ હરામ છે. "બોલો, બોલો! મારા આત્મારામ બોલો! તમે કયા નિવાસ કરો છો? શુ પાપી કૃષ્ણલાલને મારવા ગયા છો કે તમે પણ મારી માફક જગલમાં ભટકો છો? હા, કેમ જવાબ દેતા નથી? કહી કિશોરી આર્જવતાથી જોઇ રહી. પણ કોઇએ જવાબ નહિ દેવાથી પુન. બોલી ઉઠી—અહા, અહિ કયા છે મારો કુજ કે તે મને જવાબ દે! ખરેખર હુ ભાન ભૂલી જ્ઞાનહિન્ થઇ છુ કે જેથી મારો વ્હાલો નહિ હોવા છતા તેને બોલાવુ છુ. બસ ચાલ જીવ! હવે ગમે એમ થાઓ, દુખના દરીયાઓ છવાઓ; પણ કિશોરીને તમારી તલમાત્ર દરકાર નથી દરકારમા દરકાર ફક્ત

મારા ફુંજ સગ્કારની જ છે. તેના વાસ્તે હવે આ દેહ ધારી છે. આમ બોલતી કિશોરી સાંજ પડતા પહેલા સરિતાને કિનારે આવી આસપાસ જોવા લાગી સરિતાનુ જળ કલ કલ અવાજથી ગમન કરી રહ્યુ હતુ જળતરગો નાચતા કુદતા ગમન કરતા હતા એવામા કિશોરીની નજરે ત્યાથી થોડેક દૂર એક વૃક્ષ નીચે કોઇ સૂતુ હોય એમ જણાયુ દિવાની કિશોરી-તેને ફુંજ ધારી ત્યા જવા ઝડપથી ચાલવા લાગી. વૃક્ષ નીચે સૂતેલો માણસ પગથી તે માથા સુધી ઓઢીને સૂતો હતો કિશોરીએ તત્કાળ તેનુ ઓઢેલુ વસ્ત્ર દૂર કર્યું તેને જોતા જ કિશોરી ચમકી ને એક વિકટ હાષ્ય કરી બોલી ઉઠી- અરે ! કોણ ! તુ કરૂણાશકર ?

" અને તુ કોણ કિશોરી ? ! " દિવાનો કરૂણાશકર સફાળો ઉઠી ઉભો થઇ બોલી ઉઠયો

હા, હુ કિશોરી ! તારા પ્રાણની તરસી ઝેરી નાગણી બોલ પાપી તું કયાથી આવ્યો ?

"હુ યમપુરીમાથી આવ્યો તને મળવા આવ્યો, અને ખરાબ સમાચાર લાવ્યો."

" શુ ખરાબ સમાચાર લાવ્યો છે ? જો જુઠ્ઠુ બોલ્યો તો સમજજે કે હવે તારો કાળ આવ્યો છે "

" કાળ નથી આવ્યો, હુ જીવતો છુ. કિશોરી હુ પાયમાલ થઇ ગયો છુ."

" શાથી પાયમાલ થયો છે ? શુ કૃષ્ણલાલે બેહાલ કર્યો છે ?

" હા કૃષ્ણ, કૃષ્ણ ! કિશોરી ! ઘણા દહાડાનુ એકઠુ કરેલુ ધન ધુતાઇ ગયુ છે દાટેલુ કોઇ કાઢી ગયુ છે. હા, હા, ઓ જાય,

ઓ જાય, પકડો, પકડો. લુચ્ચા! કયાં જાય છે? કહી દિવાનો ક-રૂણાશકરે મુઠીયો વાળી ત્યાંથી જવાને તૈયાર થયો. તેને હાથ પ-હોળા કરી અટકાવી કિશોરી બોલી ઉઠી.–ઉભો રહે.

હે! શુ હું મારા ચોરને પકડવા ના જાઉ?

"નહિ! કારણ કે તને યોગ્ય શિક્ષા મળી ચૂકી છે. કરૂણા-શકર! ત્હે તે ધન કેવી રીતે એકઠુ કર્યું હતું, તે આ કિશોરી બરાબર જાણે છે. હરામખોર! હરામનુ હરામે જાય, એ કુદરતનો સિદ્ધાત કેમ વ્યર્થ જાય? પાપી! ત્હે શુદ્ધ બ્રાહ્મણના કુળમાં અવ-તાર લઇ અનેક કુકર્મો કર્યા છે. લક્ષ્મિની ક્ષણભગુર લાલચોને વશ થઇ ત્હે અનેક ગરીબોની ગરદનપર છરીયો ફેરવી છે. તેમજ કુટિલ કૃષ્ણલાલની પાસેથી પૈસા પ્રાપ્ત કરવાને ત્હેં અનેક કુળવાન બાળા-ઓને બળાત્કારથી ભ્રષ્ટ કરાવી છે ઓ નરાધમ! ઓ વિશુદ્ધ બ્રાહ્મણ કુળના અગારા! હા! તારા કર્મ યાદ કરતા મારી આખે આવે છે અધારા. કહી કિશોરી થોડીકવારને માટે ભાનમા આવી શાન્ત થઇ ઉભી રહી તેનુ બોલવુ સાભળ્યુ ન સાભળ્યુ કરી કરૂણાશકર ક-હેવા લાગ્યો—કિશોરી! હવે મારી એક વાત માનીશ કે જેથી હું હતો એવો પાછો પૈસાવાળો થઈ જઇશ."

"શુ છે?"

"હુ તને કૃષ્ણલાલ પાસે લઇ જાઉ અને બદલામા તેની પાસેથી પાચસો મ્હોર લઉ. બોલ શુ વિચાર છે?"

"શુ હજી તારે તે ચંડાળની પાસે જવાની ઇચ્છા છે?"

'કેમ નહિ? દરેક માણસને પૈસાવાળા થવાની ઇચ્છા હોયછે."

"તેથા શુ તારા જેવા નીચ કર્મ કરી પૈસાદાર થવુ?"

"એમા શુ! પૈસા મેળવવાને ગમે એમ કરવુ." કોઇને મારવો, રીબાવવો, ચોરી કરવી, ખૂના મરકી ચલાવવી, પણ લક્ષ્મિ-ને લાવવી, કહી કરૂણાશકર હસવા લાગ્યો.

' 'ધિક્કાર છ તને કે તારી માએ તને બ્રાહ્મણના કુળમા જન્મ આપ્યો. એ પ્રભો! તું આવા દુષ્ટોને પૃથ્વી પર શા માટે વધારે વાર જીવતા રહેવા દે છે? આવા કૃપણ કસાઇઓ! દુનિયાનુ ભલુ કરવાને બદલે પીડાકારી થઈ પડે છે દ્રવ્ય મેળવવાની લાલસાથી અનેક કુકર્મો કરે છે. શુ તેનો ન્યાય તમારા દરબારમા નહિ હોય? હજી કિશોરી પૂરૂ બોલી રહી નથી એટલામા કરૂણાશકર બોલ્યો - કિશોરી! બોલ હવે તારે આવવુ છે કે નહિ?"

"કયા નર્કસ્થાનમા?" કિશોરીએ પૂછ્યુ

"હા, જલ્દી ચાલ. કારણ કે ગયેલા પૈસા મેળવવાને હુ ઘણો જ અધિરો થઇ ગયો છુ."

કિશોરીએ થોડીકવાર સુધી કઈક વિચાર કરીને કહ્યુ —

એમ! તો ચાલ હવે વાર નથી, પણ આપણે જતા પહેલા આ ગગામા સ્નાન કરીએ તો ઠીક. કહી કિશોરી તેનો હાથ પકડી નદી કિનારે લઇ આવી." "નદીમા પાણી ઘણુ ઉડુ હતું, ખેચ જબરી હતી, છાતી સમાન પાણીમા કરૂણાશકરને ઉભો રાખી તેનો એક હાથ પોતાના હાથમા પકડી કિશોરી કહેવા લાગી -કરૂણાશકર! હવે હુ બોલાવુ એમ બોલ.

"બોલો."

"કહે કે—મ્હે ઘણા જ પાપકર્મ કર્યા છે"

" મ્હે ઘણા જ પાપકર્મ કર્યાં છે." પછી ?

" તેથી મને મોટામા મોટી શિક્ષા થજો."

" મને મોટી શિક્ષા થજો." પછી ?

" અને એ જ તારા કર્મોથી પાપી તુ આ સરિતાનો ભોગ થજે." કહી કિશોરીએ જોરથી તેને ધક્કો માર્યો

" ઓ બાપરે." કહી કરૂણાશકર ઉડા જળમા ઉથલી પડયો. પડયો એવો જ નીચે ગયો. તેના મુખમા જળ પ્રવેશ્યુ. અલ્પ સમયમા તરફડતું શરીર ઉપર આવી પ્રવાહમા તણાઈ જવા લાગ્યુ

પાપી ! તારી આવી જ દશા થવી જોઇએ. કહી કિશોરી તિરસ્કાર યુક્ત વદને તણાઇ જતા કરૂણાશંકરના સામે જોઇ રહી તેના શરીરને દષ્ટિ મર્યાદાની બહાર જતુ રહેલુ જોઇ કિશોરી હસવા લાગી અને પાપીને યોગ્ય ફળ મળ્યુ એમ સમજી કિનારે ફરવા લાગી, એવી રીતે ફરતાં-ફરતા અકસ્માત્ તેનો પગ લપસ્યો તે કારમી ચીસ નાખી સરિતામા પડી ગઇ દૂરથી આવો દેખાવ ફરવા નીકળેલી ભીલદેવીના જોવામા આવ્યો તત્કાળ તે કિનારે દોડી આવી ને પહેરેલા વસ્ત્ર સાથે નદીમા કુદી પડી તરવામા નિપુણ ભીલદેવી થોડીવારમા જ બેશુદ્ધ કિશોરીને બહાર લઇ આવી. તેને કિનારે લાવી તેના પેટમાથી પાણી કાઢી નાખ્યુ એવામા ભીલદેવીને ખોળતા બે ભીલ સરદારો ત્યા આવ્યા. તેમની પાસે કિશોરીને ઉચકાવી ભીલદેવી પોતાના સ્થાન પ્રતિ ચાલી ગઇ.

પ્રકરણ ૩૪ મું.

" દુઃખી સરલા. "

ગુમ ખડેરમા આવેલી એક કોટડીમા આ સમયે એક ઝાખો દિપક મદમદ બળી રહ્યો હતો. બહાર અધકારે ભયકર રૂપ ધારણ કર્યું હોય એમ જણાતુ હતુ ઝાખા બળતા દિવાની પાસે એક પથારીમા સરલા સૂતી હતી. પિતા મરી ગયા ધારી અને કૃષ્ણ-લાલના ત્રાસથી એ ગરીબડી બાળા અત્યત દુખી થતી મખત તાવથી પીડાતી હતી તેનુ સુકોમળ મુખ કરમાઇ ગયુ હતુ. તે વારે વારે નિશ્વાસ નાખ્યા કરતી હતી અને મુખથી હા, પિતા ઓ પ્રાણનાથ એમ બોલ્યા' કરતી હતી તેની પથારીની પાસે એક બીજી બાળા બેઠી હતી તે સરલાના દુખથી અશ્રુ-વિસર્જન કરતી તેનો કોમળ કર સરલાના શરીર પર ફેરવી આશ્વાસન આપતી હતી આવી રીતે થોડો સમય વીત્યા પછી સરલા આખરે એક ઊડો નિશ્વાસ નાખી બોલી—રમા ! હવે આ જીવન રાખવાથી કઇ પણ સારૂં થનાર નથી. અરે રે ! જોને આપણા કેવા હાલ હવાલ થઇ ગયા છે સર્વ આશાઓ નિરાશા

ના રૂપમા બદલાઇ ગઇ છે પિતા પરલોક સિધાર્યા, મારા પ્રાણનાથ વનવાસી થયા, અને આ સરલાને દુ:ખમા મૂકીને ગયા. હરી, હરી, હવે તો આ પ્રાણનો નાશ કરી, સ્વગમા જઇ પિતાને મળવાની ઇચ્છા થાય છે. પણ પાપીણી આશા પ્રિય પ્રાણનાથના વિચાર ઉત્પન્ન કરે છે, ને મારા મરણ પશ્ચાત તેમનુ શુ થશે એમ હૃદયમાં થયા કરે છે

બ્હેન ! શાન્ત થાઓ. આવી રીતે દુખી થવાથી તાવ વધશે, ને તેમાથી વિપરીત પરીણામ આવશે. કહી રમાએ શાન્ત રહેવા સૂચવ્યુ.

" રમા ! સારૂ અને ખોટું સર્વ સહન કરવા તૈયાર છુ મરણની લેશમાત્ર ફીકર રાખવાની નથી આજે મરણ એજ મારૂ શ્રેય કરતા છે. કારણ કે મ્હે ચોકીદારના મુખથી સાભળયુ છે કે આજે કુટિલ કૃષ્ણલાલ અહિ આવનાર છે, ને તેનો છેલ્લો વિચાર જાહેર કરનાર છે હા, પ્રભુ ? આજે શુ થશે ? આજની કાળી રાત મને ભયંકર ભાસે છે. ઓ પાપી આવ્યો ! આ આવ્યો કહી તાવથી પીડાતી સરલા પથારીમા બેઠી થઇ પુન બોલી ઉઠી.-ઓ પ્રભુ! આ ભયકર કષ્ટમાથી બચાવો. આ નરકાગારમાંથી ઉદ્ધાર કરો. તમારા સિવાય અમારૂ હવે કોઇ નથી. પ્રભુ ! તમે પાંચાળીની લજ્જા રાખી હતી ધ્રુવકુમારની પર દયા કરી અચળ પદવી આપી હતી. ભયંકર મગરના મુખથી હાથીની કરૂણાળુ સ્તુતી સાંભળી તેને મૂકતી આપી હતી એવા દયાના સાગર મારી પર દયા કરો જો આજે દયા નહિ કરો તો મારા ધર્મનુ સત્યાનાશ વળી જશે. ધર્મના જવાથી આ બાળકી મરણને શરણ થશે પ્રભુ ! શુ મારે

મારા ધર્મનો ત્યાગ કરી આ સંસારમાં જીવવું યોગ્ય છે ? શું મારૂં અમૂલ્ય શીયળ પાપીને સ્વાધિન કરી તેની પ્રિયતમા થઈ રહેવાથી મારૂં શ્રેય થશે ? નહિ નહિ પ્રભુ ! તમારે સહાય કરવી હોય તો કરો પણ આ બાળા તેના ધર્મથી પ્રાણાંતે પણ વિચલીત થનાર નથી. સૃષ્ટિનો કહેવાતો પ્રલય આજે થાય, વિશ્વ ઘોર અંધકારમાં ડુબી જાય, તેમજ ભૂકંપ થઇ આ શરીર તેમાં ગળી જાય તથાપિ શીયળ ધર્મનો ત્યાગ નહી થાય તે નહીંજ થાય આમ બોલતી સરલા ભ્રમણા યુક્ત થઈ ઉભી થઇ ગઇ અને હાથની મૂકીઓ વાળી કૃષ્ણલાલને ઉદ્દેશી બોલવા લાગી—નરકના કીડા ! આવ, આવ. આ દુઃખી બાળા ! હવે તારાથી ડરતી નથી. હું પણ તને બતાવું કે સતીના શીયળ રત્નને લુટવાથી શું ફળ પ્રાપ્ત થાય છે રમા ! આજે અમારા બેનો મુકાબલો થવાનો છે આજે આ સરલા શીયળની રક્ષાને માટે કૃષ્ણલાલની સામે વિકાળ સ્વરૂપે ઉભી છે રમા ! જોયા કરજે કે શું થાય છે ? બ્હેન ! આટલું યાદ રાખજે કે આખરે મારો વિજય છે ને કૃષ્ણલાલનો વિનાશ છે યમના દૂતો તેની સામે દાંત કકડાવી સમયની રાહ જોઇ રહ્યા છે. નર્ક કુંડના ઝેરી જાનવરો પાપીનું લોહી પીવાને બહાર ડોકાં કાઢી રહ્યા છે. આવી રીતે સરલા બેભાનપણામાં ફાવે એમ બકવા લાગી. રમા ભયભિત થઇ તેને શાન્ત કરવાનો યત્ન કરવા લાગી. પણ શાન્ત નહિ થતાં પુનઃ સરલા તેને પૂછવા લાગી.—રમા ! ઉઠ ઉભી થા અને પેલી સામે જણાતી કટાર લઇ તારૂં વૈર વાળવા પ્રવર્ત થા. ઉઠ, શા માટે હજી બેસી રહી છે ? શું તને તે પાપીની દયા આવે છે ? રમા તારી દયા અસ્થાને છે ? શું તે કર્મ ચંડાળે તને દુઃખી નથી કરી ?

શુ તેણે તારા માતા પિતાને દુનિયાની પાર નથી કર્યા ? કહી સરલા રમાની સામે જોઇ રહી. રમા ગળગળી થઇ બોલી— બ્હેન ! શાન્ત થાઓ. પાપીએ મારૂ સર્વસ્વ નાશ કર્યુ છે. મારૂ જીવન ધુળમા મેળવ્યુ છે હું વૈર વાળવા તૈયાર છુ પણ અત્યારે આપણો સમય નથી બ્હેન સાવધ ! જુઓ ! પણે અધકારમાં પાપીના આવવાના પગલા સભળાય છે કહીરમા શાન્ત રહી. સરલા પાપીના આવાગમનના માર્ગ પ્રતિ તિરસ્કાર ભરી દૃષ્ટિથી જોઇ રહી. અલ્પ સમયમા કૃષ્ણલાલ ત્યા આવી ઉભો રહ્યો ને મંદ હાષ્યથી સરલા સામે જોઇ બોલ્યો —પ્રિય સરલા ! શું વિચાર છે ? મારૂં કહેવુ માની મારી વૃત્તિયોનો યોગ્ય સત્કાર કરી હવે સુખી થાઓ

" તેના વાકયથી સરલા ગભીર પણ ક્રોધયુકત વદને બોલી— કુટિલ કૃષ્ણલાલ ! મારા પિતાનો નાશ કર્યો છતા પણ ન ધરાયો ? પાપી સમજ જે કે જ્યા સુધી આ દેહમા પ્રાણ છે, ત્યા સુધી આ સરલા તેના શીયળનુ રક્ષણ કરવા સમર્થ છે ચંડાળ ! શીયળ એજ મારો પ્રાણ છે શીયળ સતી સ્ત્રીનુ ભુષણ છે. તેનુ સર્વસ્વ એજ છે. " **જે સ્ત્રીયો પોતાના શીયળનું રક્ષણ નહિ કરતાં પાપીયોની લાલચોથી વશ થઈ વિષય વાસનામાં લપટાય છે; તે દુષ્ટાઓ ! અઘોર નર્કમાં નિવાસ કરી અનેક જન્મ સુધી દુઃખ ભોગવ્યા કરે છે."** કૃષ્ણલાલ ! શીયળની શું કિમ્મત છે તે હું સારી રીતે સમજુ છુ, અને તેથી જ તને જોતાં તારો ધિક્કાર કરૂ છુ તારૂ અહિં કઇ વળનાર નથી આ દેહમાં પ્રાણ છે ત્યા સુધી તારી આશા પૂર્ણ થનાર નથી માટે આવ્યો હોય એ રસ્તે ચાલ્યો જા.

" અભાગણી બાળા ! જ્યારે તારો આવો નિશ્ચય છે, તો આ કૃષ્ણુલાલનો પણ દૃઢ નિશ્ચય સમજ જે કે આજે તે તારા સુદર શરીરનો સ્પર્શ કરી તને ભ્રષ્ટ કર્યા વિના જનાર નથી. યાદ રાખજે કે આ ભયકર ભૂતખાનામાથી તારો ઉદ્ધાર કરનાર કોઇ નથી. કૃષ્ણુલાલે ક્રોધથી કહ્યુ-

સતીના શીયળ માહમાના પ્રતાપથી પાપી હજી તું અજાણ્યો હોઇશ ! મિથ્યા ગર્વથી ફૂલાઇશ નહિ. દુષ્ટ ! સતીના સતીત્વનુ રક્ષણ કરનાર અને દુખી બાળાનો ઉદ્ધાર કરનાર દયાળુ પ્રભુ અહિ હજરા હજુર છે.

" ઠીક છે, જોઉ છુ કે તારો પ્રભુ શુ કરે છે ? ઉદ્ધત છોકરી ! યાદ રાખજે . હજી કૃષ્ણુલાલ આગળ બોલે છે એટલામા એક માણસ ત્યા દોડી આવી કહેવા લાગ્યો—સરદાર ! આપણા શત્રુનો મ્હે પત્તો મેળવ્યો છે ?

' કયા શત્રુનો ? "

" નાસી ગયેલા સરોજનો. "

" હે ! બોલ ! જલ્દી બોલ કે તે ક્યા છે ? "

" આપણા ખડેરથી થોડેક દૂર એક ઝાડની નીચે તે અને કોઇક બીજો માણુસ વાતો કરતા બેઠા છે. આ સેવક તેમને નજરો નજર જોઇનેજ આવે છે. "

" એમ ! તો થાઓ તૈયાર અને કરો તેમનો શીકાર કહી કૃષ્ણુલાલ સરલાને કહેવા લાગ્યોઃ—સરલા હું જાઉ છુ, ને જતા પહેલા જણાઉ છુ કે હજી સમજવું હોય તો સમજજે નહિ તો

મરવાને તૈયાર થજે. અભાગણી ! હુ હમણાજ આવુ છુ ને તારા પ્રિય સ્વામી સરોજનુ શિર કાપી લાવુ છુ. કહી બુદ્ધિહિન્ કૃષ્ણલાલ ત્યાથી ચાલ્યો ગયો. તેના શબ્દો સાભળી સરલા કપી ઉઠી સરોજના સમાચારે ધ્રુજી ઉઠી. અશક્ત સરલા હા, રામ, હવે શુ થશે. કહી જમીન ઉપર ટૂટી પડી. અત્યાર સુધી શાન્તિથી ઉભેલી રમા સરલાની પાસે બેસી સારવાર કરવા લાગી સઘળે શાન્તિ પથરાઈ ગઈ. રાત્રિ સમસમાકાર ચાલી જતી હતી પવનના સપાટાથી વૃક્ષોના પાદડા ખડખડાટ કરી ભયમા વધારો કરતા હતા.

રમાની સારવારથી સરલા ધીમે ધીમે સાવધ થતી હતી એટલામા રમાને કાને કઇક ખડખડાટ થવાનો અવાજ સભળાયો તે ભયભીત થઇ થતા અવાજ તરફ જોઇ રહી તેને જણાયુ કે કોઇક માણસ કોટડીના પાસે ઉગેલા વૃક્ષ ઉપરથી નીચે ઉતરે છે તેનુ અનુમાન સત્ય હતુ. અલ્પ સમયમા એક કાળા વસ્ત્ર ધારી માણસ કોટડીની પાસેના ઉચા ઝાડપરથી દોરડુ પકડી નીચે ઉતર્યો, ને સરલાની કોટડી તરફ દોડયો રમા ભયભીત થઇ એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકી નહિ. તે આવનારે કોટડીની પાસે આવી રમાને કહ્યુ—ડરશો નહિ હુ શત્રુ નથી પણ મિત્ર છુ. તમારો ઉદ્ધાર કરવા આવ્યો છુ, માટે ઉભા થાઓ. હુ પ્રથમ તમને બહાર લઇ જાઉ.

"હુ તમારી સાથે આવવા તૈયાર છુ, પણ આ સરલાના વિચારથી ધ્રુજુ છુ રમાએ રડતા રડતા કહ્યુ.

"તેની ફીકર કરશો નહિ. હું તેને પણ બહાર લાવીશ, માટે તમે તૈયાર થાઓ. રમા ઉભી થઈ ને ધ્રુજતે પગલે તે આવનારની સાથે ચાલી. બન્ને જણા વૃક્ષ નીચે આવ્યા. તે આવનાર માણસે

રમાને ઉચકી લીધી, અને ત્યા લટકતુ દોરડુ હલાવી કમ્મરે બાધ્યુ. તે આવનાર ઉપર ખેચાવા લાગ્યો ઝાડપર બીજા બે કાળા વસ્ત્રધારી બેઠા હતા, ને તેઓ દોરડાને ખેચતા હતા રમાને લઇ ઉપર આવનારને દોરડુ ખેચનારે પૂછ્યુ —શુ સરલાને લાવ્યા?

" ના, સરલાને લેવા જાઉ છુ, ને તે પહેલા આ એક બીજી બાળાને તમારા સ્વાધિનમા સોપુ છુ કહી તેણે રમાને ત્યા મુકી ઉપર બેઠેલા બે જણામાથી એકને રમાને લઇ કિલ્લાની બહાર નીકળી જવાનુ સૂચવ્યુ તરત એક જણ રમાને લઇ કિલ્લાની દિવાલપરથી નીચે ઉતરી પડયો. ત્યાર પછી પ્રથમનો માણસ પાછો દોરડાની મદદથી નીચે ઉતરી સરલાની પાસે પહોચ્યો આટલી વારમા સગ્લા પૂર્ણ શુદ્ધિમા આવી હતી તે પેલા આવનારને ત્યા આવેલો જોઇ, તેને કૃષ્ણલાલ સમજી ક્રોધથી બોલી ઉઠી —દૂર, પાપી, દૂર શ્વાનને મારી કાઢતા વારવાર જેમ પાસે આવે છે, તેમ તને મારી પાસે આવતા શરમ નથી આવતી?

" સરલા! ધીમેથી બોલો! હુ કૃષ્ણલાલ નથી આવનારે ધીમેથી કહ્યુ.

" ત્યારે તુ કોણ છે?"

" હુ દુખીના દુખમા ભાગ લેનાર, ને હાલ તમને અત્રેથી મુક્ત કરાવવા આવનાર માટે જેમ બને તેમ મારી સાથે જલ્દીથી ચાલો "

" તમને ઓળખ્યા સિવાય હુ અત્રેથી એક ડગલુ પણ આગળ ભરનાર નથી."

"બ્હેન! બ્હીશો નહિ હું તમારો ધર્મનો ભાઇ છુ." તેણે જણાવ્યુ.

"તમે મને ક્યા લઇ જશો?"

"તમારા સરોજ કુમાર પાસે."

"હે! તમે આ શુ કહો છો? ભાઇ! કહો કે તે મારો જીવનાત્મા કયા છે?"

"અહિ પાસેજ છે" તે તમારા વિના ઘણો દુખી થાયછે"

'તમારૂ નામ?"

"મારૂ નામ કુંજવિહારી છે.

"હે! કુંજવિહારી કોણ? સરલાએ આશ્ચર્યનો ઉદ્દગાર કાઢયો. તેની તમને પછીથી ખબર પડશે હાલ તો તરત મારી સાથે ચાલો. વધારે વખત જવાથી વિઘ્ન આવશે, ને અમારી કરેલી યુક્તિઓ નિષ્ફળ જશે."

"ભાઇ! અહિ એક રમા નામની દુખી બાળા છે, તેને પણ છોડાવવાની જરૂર છે."

"બ્હેન! તેને તો હુ પ્રથમ જ અહિથી લઇ ગયો છુ અને પછી તમને લેવા આવ્યો છુ"

"ભાઇ! પ્રભુ તમારૂં ભલુ કરો કહી સરલા મદમદ પગલાં ઉપાડતી કુંજની સાથે ચાલી. તેનાથી બરાબર ચાલી શકાતું નહોતું. વૃક્ષ પાસે આવતાજ કુંજે સરલાને ઉચકી લીધી, ને પ્રથમની માફક

ઉપર ચઢી ગયો. તેને ઉપર આવેલો જોતા તેમનાં રાહ જોઇ બેઠેલો સરોજ બોલી ઉઠયો·—આ કોણુ મારી સરલા ! હા, તેની શુ આ દશા ! ?

" હા નાથ ! આ તમારી સરલા !" કહી સરલાએ સરોજને પ્રણામ કર્યાં. બાદ ત્યા વધારે વાર નહિ રોકાતા સરલાને લઇ કુજ અને સરોજ કિલ્લાની બહાર નીકળી પડયા, ને રમાને લઇ ઉભેલા સત્યવ્રતને મળ્યા. સઘળા પ્રભુનો ઉપકાર માની ત્યાથી ચાલવા લા· ગ્યા ને ભયંકર કાળી રાત્રિએ થોડીવારમા તેઓ પોતાના સ્થાને આવી પહોચ્યાં. ત્યા આવી સઘળા સરલાના ઉપચાર કરવા લાગ્યા સરલાએ સઘળી હકીકત જણાવી. પિતાના મૃત્યુ સમાચાર જણાવતા તે બેફાટ રડવા લાગી સઘળાએ આશ્વાસન આપી તેને શાત કરી, ને કૃષ્ણ· લાલને તેના મડળ સાથે નાસ કરવાની પ્રતિજ્ઞા કરી.

વાચકો ! હવે આપણે તપાસીએ કે કુજ અને સરોજ કેવી રીતે સરલાનો ઉદ્ધાર કરવામા ફતેહમદ થયા હતા.

સરોજને છોડાવી ગયા પછી, કુજ અને સત્યવ્રતે સરલાને છો· ડાવવાને ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ ઘણા દિવસ સુધી તેઓ તેમના પ્રયત્નમા નિષ્ફળ નિવડયા હતા. આથી કુજે કૃષ્ણુલાલના ખડેરથી દૂર એક નિર્જન સ્થાનમા ઝુપડી બાધી અને સઘળા સાથે ત્યા નિવાસ કર્યો. કરૂણાશકરના દ્રવ્યથી તેણે આસપાસના ગા· મડામા ફરી પચીસેક માણસો એકઠા કર્યા હતા. તે માણસોને ગુપ્ત વેશથી કૃષ્ણુલાલની હિલચાલ તપાસવાનુ સૂચવ્યુ હતું. આજે તેના બાતમીદાર સમાચાર લાવ્યા હતા કે કૃષ્ણુલાલ સરલાને સતાવી સ· રોજને પકડવા નીકળ્યો છે. સરોજની જુઠ્ઠી બાતમી આપી કૃષ્ણ·

સાલને લઈ જનાર કુંજનોજ માણુસ હતો. તરત કુંજ સરોજ અને સત્યવ્રત સરલાને છોડાવવા ત્યાંથી નીકળ્યા, અને કિલ્લાની દિવાલપર ચઢી સરલાની કોટડી પાસે ઉગેલા વૃક્ષ પરથી નીચે ઉતર્યા, ને આખરે સરલાનો ઉદ્ધાર કરી ચાલ્યા ગયા.

વાચકો ! હવે આગળ શું થાય છે, એ જોવાનુ છે.

પ્રકરણ ૩૫ મું.

" કોપેલો કૃષ્ણુલાલ. "

પ્રભાતનો ઝાંખો પ્રકાશ સઘળે છવાયો હતો, દૂર કુકડાના કુકડેકુના અવાજ સંભળાતા હતા એવે સમયે સરોજને પકડવા નીકળેલો કૃષ્ણુલાલ, સમાચાર લાવેલા માણસની સાથે ચાલતો હતો તેની સાથે બીજા પદરેક માણુસો હતા. સરોજને પકડીશ, અને સરલાના દેખતા તેનો નાશ કરીશ, આથી સરલા ભય પામી મારી સાથે પરણુશે, આવા પ્રકારના હવાઈ તરંગોમા ઝુલતો કૃષ્ણુલાલ ચાલ્યો જતો હતો. દશ બાર મા-

ઠલની મુસાફરી થવા આવી, પણ હજી સરોજ જે સ્થળે છે તે કેમ આવતુ નથી કૃષ્ણુલાલે ચીડાઇને આગળ ચાલનારને પૂછયુ --અલ્યા હજુ કેટલે દૂર જવાનુ છે ?

"નામદાર ! હવે બહુ દૂર જવાનુ નથી. ટુકો ઉત્તર આપી પુન તેણે ચાલવા માડયુ. એવી રીતે તે માણસે ઘણી વાર સુધી તેઓને આડા અવળા ફેરવ્યા, પછી એક ઠેકાણે ઘીચ ઝાડી આવતા આગળ ચાલનાર માણસ એકાએક અદ્રશ્ય થઇ ગયો. સઘળા નીચુ જોઇ ચાલતા હતા તેથી તે માણસને જતો રહેલો જોઇ શક્યા નહિ. આખરે સરિતા કિનારો આવતા કૃષ્ણુલાલે ઉચે જોયુ, તો તેને આગળ ચાલનાર માણુસ જણાયો નહિ તેણે આસપાસ જોયુ પાપી ગ્હેરાયો, ને બૂમ પાડી બોલી ઉઠયો —મારા સરદારો ! ઉભા રહો. આપણે ઠગાયા છીએ જુવો, જલ્દી તપાસ કરો ! આપણુને ઠગનાર ગુમ થઇ ગયો છે મારા વફાદારો ! તે હજી આટલામાજ હશે. તેને ખોળી કાઢી તેણે કરેલા અપરાધની સખ્ત સજા આપો સઘળા આશ્ચર્ય પામી આસપાસ દોડયા, પણ તે માણસનો પત્તો લાગ્યો નહિ તેની શોધમા ગયેલા નિરાશવદને પાછા આવ્યા. કૃષ્ણુલાલના ક્રોધનો પાર રહ્યો નહિ. તે વારવાર પૃથ્વી પર પગના પ્રહાર કરવા લાગ્યો. એવામા તેની નજરે દૂરથી એક માણસ ત્યા દોડી આવતો જણાયો. પાપી આવનારની તરફ આતુરતાથી જોઇ રહ્યો દોડી આવનાર થોડી વારમા તેની નજીક આવી નીચો નમી કહેવા લાગ્યો.-નામદાર ! ઘણોજ જુલ્મ થઈ ગયો છે.

"શુ થયુ છે ?" કૃષ્ણુલાલે ક્રોધથી પૂછયુ

" કહેતાં જીભ ઉપડતી નથી."

" બોલ, જલ્દી બોલ ?" કૃષ્ણલાલે તેનુ ગળુ પકડી પૂછ્યુ.

" નામદાર ! પજામા ફસાયેલુ પખી ઉડી ગયુ છે."

" સ્પષ્ટ જણાવ કે કયુ પખી ઉડી ગયુ છે ?"

" સરલા કોટડીમાથી ગૂમ થઇ છે ?"

" ઓહ્ થઇ ચૂક્યુ. બાકી રહેલુ પખી પણ આખરે મૂક્ત થઇ ગયુ ! ઓ ! હવે શુ થશે ? મને ભાસે છે કે મારૂ ભાવી અવળુ થયુ છે હા, હુ ધ્રુજુ છુ. ભયકર અધકાર નિહાળુ છુ. આહ ! હવે મારા ક્રોધની સીમા નથી જોઉંછુ કે આ ક્રોધની ભયકર જવાળામા કોણ કોણ બળીને ભસ્મ થાય છે કૃષ્ણલાલ કપવા લાગ્યો. તેનું શરીર શૌર્યથા ધ્રુજવા લાગ્યુ. આખ્યોમાથી અગ્નિના તનખા ઝરવા લાગ્યા. તેના સરદારો ભયભીત થઇ ઉભા રહ્યા.

તેણે સરિતાના ગભીર જળ સામે જોયુ. એવામા તેની નજરે કિનારે પડેલુ કઇક જણાયુ તે કિનારે જઇ પડેલા વસ્તુને વાકો વળી જોવા લાગ્યો. તે કોઇ માણસનુ મુડદુ હતુ. પાણીથી તે ફૂગાઇ ગયુ હતુ. જળચર પ્રાણીયોના બચકાથી તેનુ શરીર ઓળખાય નહિ એવું થઇ ગયું હતુ. કૃષ્ણલાલે ઘણીવાર સુધી તે મુડદાને નિહાળ્યુ. આખરે તેણે તે મુડદાને ઓળખી કારમી ચીસ પાડી અરે આતો મારો કરૂણાશકર ! હા, કરૂણાશકર તારી આ દશા ! અરેરે ! તારી મને ઘણીજ ઓથ હતી હાય તારા જવાથી આજ મારી હિમ્મત ટૂટી ગઇ. અરેરે ! મારૂ ભાગ્ય પલટયુ છે. મારા મદદગારો એક પછી એક ચાલ્યા જાય છે હાય ! જ્ઞાનચદ્ર ને કરૂણાશંકર મારી

પાસે હોવાથી હુ એમ સમજતો હતો કે હું મારા ધારેલા કામ પૂરા કરીશ હા, તે મારી સઘળી આશાઓ નષ્ટ થઇ. જ્ઞાનચંદ્રની ખબર નથી ને કરૂણાશકરની આ દશા થઈ હા, ભાઇ ! એ કરૂણાશકર ! તુ કયા ચાલ્યો ગયો ? અરેરે ! તારા વિના દુઃખમા દિલાસો કોણ દેશે ? અરે શત્રુઓને સપડાવવાના જોસ કોણ જોસે ? આમ ઉત્પાત કરતો કૃષ્ણલાલ રૂદન કરવા લાગ્યો પાસે ઉભેલા સરદારો પણ આખ્યોમાથી અશ્રુ વરસાવતા ગળગળે સાદે તેને શાન્ત કરવા લાગ્યા. આખરે બળાત્કારે મનને શાન્ત કરી કૃષ્ણલાલ બોલી ઉઠયો – કરૂણાશકર ! પ્રભું તારો સ્વર્ગમા વાસ કરજો ભાઇ ! તારા આવા ભયકર મૃત્યુથી મને ઘણુ લાગી આવે છે. મારા ભાઇ ! હુ આજે તારી સમક્ષ સોગન ખાઇને કહુ છુ કે તારી આવી દશા કરનારને પૃથ્વીના પડમાથી ખોળી કાઢી ઠાર કરીશ, ને તેના લોહીથી તારૂ તર્પણ કરીશ આ તલવાર મારી સાક્ષી છે તારૂ વૈર વાળ્યા સિવાય હુ તેને મ્યાન કરનાર નથી. બધુ કરૂણાશકર ! વૈર વળતા સુધી હુ મિષ્ટ અન્ન જમનાર નથી, તેમજ મદિરા આદી પાન કરનાર નથી. કહી કૃષ્ણલાલે ત્યા ઉભેલા માણસોને ચિતા તૈયાર કરવાની આજ્ઞા આપી. આસપાસથી લાકડા વિણી લાવી મોટી ચીતા તૈયાર કરવામા આવી ચિતામા કરૂણાશકરના શબને સૂવારી કૃષ્ણલાલે અગ્નિસસ્કાર કર્યો લાકડા ભડભડાટ સળગવા લાગ્યા. થોડીવારમા કૃપણ કરૂણાશંકરના દેહને અગ્નિ દેવતાએ બાળીને ભષ્મ કરી નાખ્યો. ચિતા ઓલવાઇ ગઈ રાખોડાને સરિતામા વહેવરાવી સઘળાએ સ્નાન કરી લીધુ કૃષ્ણલાલે પોક મૂકી ઘણીવાર સુધી રૂદન કરી હૃદયને હલકુ કર્યું. બાદ એક માણસને ખડેર તરફ મોકલી બાકી રહેલા

સરદારો અને સૈનિકોને બોલાવી કૃષ્ણલાલે સર્વ સાથે ત્યાંથી નીકળી નાશી ગએલાઓની શોધમા પ્રયાણ કર્યું.

પ્રકરણ ૩૬ મુ.

" ભીલ દેવી અને કૃષ્ણલાલ. "

આજ પ્રાતઃકાળમા ભીલદેવીના નંદનવનના વિશાળ ચોગાનમા હજારો ભીલ વીરો શસ્ત્રયુક્ત થઇ એકઠા થયા છે જ્ઞાનચંદ્ર પણ શસ્ત્ર અસ્ત્ર ધારણ કરી ભીલદેવીની આજ્ઞા સાભળવાને હાથ જોડી ઉભો છે. સર્વની સન્મુખ ભવાની સમાન ભાસતી ભીલદેવી ગંભીર મુખે ઉભી રહી છે. સર્વ મૌનતાથી ઉભા રહ્યા છે. એવામા ભીલદેવીએ મૌનતાનો ભંગ કરી ભીલ વીરો સામે જોઇ કહ્યું: - મારા સરદારો ! આજે તમને જે કારણથી અહિં બોલાવવામા આવ્યા છે, તે કારણ એ છે કે આજે આપણે એક મહાન્ કાર્ય કરવાનુ છે. વીર પુત્રો ! આપણો ધર્મ સર્વનુ કલ્યાણ કરવાનો છે એ ધર્મને અનુસરી આપણે અઘોર કર્મના કરનાર કૃષ્ણલાલને આજે દંડ દેવાનો છે. આપણે આજ સુધી સમજતા

હતા કે કૃષ્ણુલાલ સમજશે ને નીતિનો રસ્તો અખત્યાર કરશે. એ ઉદ્દેશથી આપણે તેને કઇ પણુ નુકશાન કરતા નહોતા, પણુ તે પાપા-ત્મા નીતિને રસ્તે ચઢવાને બદલે ઘણાજ પાપકર્મોમા પ્રવર્ત થયો છે, ને તેથી હવે તેનો વિનાશકાળ પાસે આવ્યો છે. ગઈ કાલે મારા સાંભળવામા આવ્યુ છે કે તે પાપી તેના નરકાગારમા સપ ડાયેલી એક નિર્દોષ બાળા નામે સરલાની પર અત્યાચાર કરી તેનુ જીવન નષ્ટ કરનાર છે મારા સરદારો ! આપણે આજે ગમે તે પ્રકારે તે બાળાનુ રક્ષણુ કરી, પાપીને તેના મડળ સાથે જડમૂળથી ઉખેડી નાખવાનો છે, અને એજ કારણુથી સર્વને એકઠા કરી અત્રે બોલાવવામા આવ્યા છે. બહાદુરો ! કૃષ્ણુલાલ બળવાન છે. તેની પાસે માણુસો પણુ પુષ્કળ છે. એવા બળવાનની સામે આપણે બાથ ભીડવાની છે માટે હવે જવાબ દ્યો કે સર્વને મારી વાત માન્ય છે કે નહિ ?

દેવીનુ ભાષણુ પૂરૂં થતાજ સર્વ મડળ ગર્જી ઉઠયુ.—અમને આપની આજ્ઞા માન્ય છે. અમે તે પાપીને જડમૂળથી ઉખેડી નાખ-વાને તૈયાર છીએ માતા ! નિર્દોષનુ રક્ષણુ કરવાને એકેએક ભીલ વીર તેનુ લોહી રેડવાને આતુર છે, અને હવે ફક્ત આપની આજ્ઞા નીજ વાર છે.

માતા ! હવે આજ્ઞા આપો ઘણા દિવસથી ધુધવાતા અગ્નિને બહાર કાઢી હું પાપીને તેના મડળ સાથે નાશ કરી પિતૃ તર્પણુ કરીશ જ્ઞાનચદ્રે કહ્યુ

" વીરપુત્રો ! તમારા વચનો સાભળી મને અત્યાનદ થાય છે. બહાદુરો ! આ જ્ઞાનચદ્રને તમારો સન્દાર સ્થાપી તમારી સાથે

મોકલ્યુ છુ. તે કહે તે પ્રમાણે વર્તવા હું તમને ભલામણ કરૂ છું. પણ તેની સાથે આટલુ યાદ રાખજો કે, પાપી કૃષ્ણલાલ જ્ઞાનચદ્રને જોતા જ તેનો પ્રાણ લેવા તૈયાર થશે, માટે તમે તેની તરફ નજર રાખજો, ને ન કરે ને નારાયણ કદાચ જ્ઞાનચદ્ર પાપીયોથી ઘેરાઇ જાય તો જીવનની દરકાર નહિ કરતાં તેનુ રક્ષણ કરજો. જાઓ, મારા વ્હાલા વીરપુત્રો જાઓ ! પ્રભુ તમારૂં રક્ષણ કરશે ને તે જ તમારો મદદગાર થઇ તમને વિજય અપાવશે.

ભીલદેવીનુ અતિમ્ વાકય શ્રવણ કરતા જ ભીલમડળે આવેશ-યુક્ત થઈ દેવીની જય ગર્જના પોકારી. બાદ એકેએક ભીલ સરદાર દેવીને નમન કરીને ચાલવા લાગ્યો છેવટે જ્ઞાનચદ્રે દેવીના ચરણમા પ્રણામ કરી જતા જતા કહ્યુ—માતા ! જાઉં છુ; અને આ કૌમુ-દિનીને પુન આપના શરણમા સોપુ છુ. કહી તેણે પાસે ઉભેલી કૌમુ-દિનીને કહ્યુ,—પ્રિયે ! જાઓ ! માતાની સેવામા ઉપસ્થિત થાઓ

જ્ઞાનચદ્ર ! કૌમુદિની મારી પુત્રી છે. તેની ચિંતા કરીશ નહિ. વીર ! જા, ભીલ સરદારો તારી રાહ જોઇ રહ્યા' છે. મગળકાર્ય કરી પાછો વ્હેલો આવ. દેવીએ આશીશ દીધી. જ્ઞાનચદ્ર નમન કરી ચાલતો થયો જોતજોતામા સર્વ દષ્ટિ મર્યાદામાથી અદશ્ય થયા જયા સુધી તેઓની પર નજર પહોચી ત્યા સુધી દેવી જોઇ રહી. તેમને અદશ્ય થયેલા જોઇ ભીલદેવીએ કૌમુદિનીને કહ્યુ —કૌમુદિની! ચાલો હવે આપણે શંકરનુ પૂજન કરીએ, અને દુષ્ટને દડ દેવા ગયેલા આપણા સરદારોના વિજયને માટે પ્રાર્થના કરીયે કહી કૌમુ-દિનીને લઇ દેવી શકરના શિવાલયમા પ્રવેશ્યા, ને એકાગ્રતાથી પ્રભુનુ

પૂજન કરવા લાગ્યા. કૌમુદિની દેવળની પાછળ આવેલી એક કોટડીમાં કે જ્યાં ગાડી થયેલી કિશોરીને રાખવામા આવી હતી ત્યા તેની પાસે ગઇ

વાચકો ! ચાલો આપણે ભીલમ ડળને જોઇએ કે તેમણે શુ કર્યુ.

"જ્ઞાનચદ્રની સાથે સર્વ મડળ થોડીવારમા કિલ્લાની સમિપ આવી પહોચ્યુ, અને ત્યાના માર્ગથી જાણીતા જ્ઞાનચદ્રે છૂપી ચાપો થી કિલ્લાના સઘળા ભાગ ખોલી નાખી દરેક નાકે થોડા થોડા માણસો મૂકી બાકીનાની સાથે અંદર પ્રવેશ કર્યો અદર ઘણી તપાસ કરતા કૃષ્ણલાલનો પત્તો મળ્યો નહિ, તેમ જ તેના મદદગારો પણ માલમ પડયા નહિ. કિલ્લામા ફક્ત ચાર પહેરેગીરો જ હતા તેમને બધીવાન બનાવી કૃષ્ણલાલ કયા છે ? વગેરે પૂછ્યુ પહેરેગીરોએ તેમના સરદાર વિષે જાણતા હતા એટલુ જણાવ્યુ. તેઓનુ કહેવુ સતોષકારક નહિ લાગવાથી જ્ઞાનચદ્ર કિલ્લાના દરેક ભાગમા ખુણે ખોચરે ફરી વળ્યો, પણ તેને કોઇ જણાયુ નહિ તેમ જ સરલાના સમાચાર પણ મળ્યા નહિ. આથી થાકી કટાળી તે બધીવાન સિપાહીઓને લઇ પોતાના માણસો સાથે દેવીની પાસે જવા પાછો ફર્યો

પેલી તરફ દેવી શકરની પૂજા સમાપ્ત કરી બહાર નીકળવાની તૈયારી કરે છે, એટલામા તેમણે કોઇકને બોલતા સાભળ્યો દેવી ચમકીને સાભળવા લાગ્યા. તે બોલનાર એક પ્રચડકાય પુરૂષ હતો. તેની સાથે અસખ્ય માણસો હતા તેણે સઘળા માણસોને ત્યાં આવેલી ખીણોમા છૂપાઇ રહેવાની આજ્ઞા કરી શકરના શિવાલય પાસે આવવા માડયુ. દેવી તેની ભયકર મુખમુદ્રા નિહાળી સ્તબ્ધ બન્યા. શરીરે કપારીઓ આવવા લાગી. ભૂમી ભયકર ભાસવા લાગી.

ખરેખર ! આજે કંઇક ભયંકર બનાવ બનશે મારો અંતરાત્મા કંપે છે દક્ષિણ અંગ અપશુકન જણાવે છે. આવનાર શુભ કામને માટે આવતો હોય એમ જણાતું નથી પ્રભુ ! પ્રભુ ! તું કરે તે ખરૂં. કહિ દેવીએ કૌમુદિનીને બોલાવવા બુમ મારી. કૌમુદિની ! બેટા ! કૌમુદિની !

કૌમુદિની દૂર હોવાથી તેણે દેવીનો અવાજ સાંભળ્યો નહિ. પ્રચંડકાય પુરૂષ ધીમે ધીમે નજીક આવતો જણાયો. દેવી આતુરતાથી તેની સામે જોઇ રહ્યા. આખરે છેક નજીક આવતા એ આવનારને ઓળખી દેવી ઝીણી ચીસ પાડી ઉઠયાં અરે ! હાય ! આતો પાપી "કૃષ્ણલાલ !" અરે ! મારી લાકડી પણ હાલ મારી પાસે નથી શું કરૂં ? પાપીથી શી રીતે મારો બચાવ કરૂં ? દુષ્ટાત્મા ! દુષ્ટ કર્મ કરતા આંચકો ખાશે નહિ પ્રભુ ! હવે તુંજ મારો સહાયક છે. આ બાળા તારા શરણમાં છે. કહી દેવી શાન્ત થઇ ઉભી રહી. થોડીવારમાં કૃષ્ણલાલ તેની છેક નજીક આવી ઉભો, અને દેવીને થોડીવાર એ કાગ્રતાથી નિહાળી તે બોલ્યો—આ વનમા વાસ કરી, અને દેવી સ્વરૂપે રહી લોકોને ઠગનારી અભાગણી ! આજ હું, તને બરાબર ઓળખી ગયો છું, ને તેથી તને પૂછુ છુ, કે તે દિવસે અમને ભયભીત બનાવી ઠગવાનુ શુ કારણ હતું ?

"કૃષ્ણલાલ ! હુ તને પણ સારી રીતે ઓળખી ગઇ છુ. તારૂં કામ નિર્દોષના પ્રાણ લેવાનુ હતુ તો મારૂં કામ તને ઠગી નીતિને રસ્તે લાવવાનું હતું. મ્હે તને ઠગ્યો નથી, પણ એક ભયંકર પાપ કર્મ કરતો બચાવ્યો છે. દેવીએ શાન્તિથી જણાવ્યુ."

"અરે વાહરે તારી ચતુરાઇ ! હુ પાપી છુ તેમા તારે શુ ?"

"મારૂ સર્વસ્વ છે. દુષ્ટને સુધારવો એ મારી ફરજ છે."

"એમ! પણ એટલું યાદ રાખજે કે તારી સામે ઉભેલો માણસ તને શિક્ષા કર્યા વીના જનાર નથી" મને સુધારવા ઇચ્છનારી ચુડેલ! મારી સામે આવા વચનો બોલતા શરમાતી નથી?"

"શા માટે શરમાઉ? કૃષ્ણલાલ! હુ તારાથી લગીર પણ ભય પામતી નથી હું હજી પણ તને કહુ છુ કે સઘળા પાપ કર્મોને ત્યાગી પ્રભુનુ ભજન કર. આવો અમૂલ્ય મનુષ્ય અવતાર ફરીથી પ્રાપ્ત થનાર નથી."

"મારે મનુષ્ય જન્મની દરકાર નથી, હવે તુ બોલતી બધ થા, ને પૂછુ તેનો જવાબ આપ?

"તું શુ પૂછવા માગે છે?"

"હુ તને પૂછુ છુ કે ઘણા દિવસથી ગૂમ થઇ ગયેલો મારો બહાદુર સરદાર જ્ઞાનચદ્ર ક્યા છે?"

"તારો અજ્ઞાનચદ્ર હાલ જ્ઞાનચદ્ર થયો છે, ને તે આનદથી પ્રભુના શરણુમા રહ્યો છે"

"શુ મારો જ્ઞાનચંદ્ર મરણને શરણુ થયો છે?"

"મ્હેં તને પ્રથમ જણાવ્યુ હવે વિશેષ કહી શકતી નથી."

"ઓ અભાગણી! તારા નીડર વચનોથી મને રોમે રોમ ક્રોધ વ્યાપે છે. આ કમ્મરે રહેલી તલવાર તારૂ માથુ જુદુ કરવાને હાલે છે. દુષ્ટા! સ્પષ્ટ જવાબ આપ કે જ્ઞાનચદ્રનુ શુ થયુ?"

"જ્ઞાનચદ્રનુ જે થયુ તે સારૂ થયું છે, અને ફક્ત હવે તારૂજ બાકી રહ્યુ છે."

" શું તુ મને મારવા ઇચ્છે છે ?"

"હુ તને મારવા સમર્થ નથી ! તને મારવો યા જીવાડવો પ્રભુના હાથમા છે. તારો પાપનો ઘડો ભરાતા અવશ્ય તુ તેના ફળ ભોગવીશ."

"ચૂપ કર ! તુ જાણે છે કે હું આ બધુ કોને સભળાવુ છું?"

"હા, ગરીબોની ગરદન પર તલવાર ફેરવનાર, અને પતિવ્રતા બાળાઓની બળાત્કારે લાજ લુટનાર, એક નરાધમ રાક્ષસને હું સભળાવુ છુ.'

"ઓહ ! શુ મારૂ અપમાન ! એક ઝેરી નાગનુ હડહડતુ અપમાન ! ઓ હઠીલી અબળા ! હવે તારૂ મરણ પાસે આવ્યુ છે"

"મારા મરણની દરકાર તારે કરવાની જરૂર નથી, પણ સમજજે કે હવે તારે વધારે વાર જીવવાનુ નથી. પાપી ! તારા ભયકર પાપ કર્મોથી તારૂ મરણ થશે, ને મરણુ સમયે તુ ચોધાર અશ્રુએ રડશે " પાપી ! તારા અપરાધ અક્ષમ્ય છે હાય ! ત્હે કેટલા નિરપરાધી જનોના પ્રાણ લીધા છે, અનેક કુમારિકાઓને દુખમા રીબાવી છે."

કૃષ્ણલાલ ! શુદ્ધ કુળમા અવતાર લઇ ત્હે કેવા કર્મ કર્યાં છે તેનો વિચાર કર ? અને તે કરેલા કર્મોનો શુ જવાબ આપીશ તેનો પશ્ચાતાપ કર કે જેથી હજી પણ તારા પાપની ભગવાન ક્ષમા આપે.'

"બસ બહુ થયુ. હું તારા ભગવાનને ઓળખતો નથી. હું તારૂ કહેવુ માનતો નથી, અને આજે તને જીવતી રાખનાર નથી."

"તેથી તો હુ તૈયાર થઇ તારી સમક્ષ હિમ્મતથી ઉભી છુ. કસાઇ!

તારી તલવારને ઉપાડ ને સુખેથી આ ગળાપર તેને ચલાવ, પણ યાદ રાખજે કે આનો જવાબ આપતા તને ભારે થઇ પડશે.''

"ઠીક છે તે પછીથી જોઇ લેવાશે ચાલ તૈયાર થા ને ગરદન નીચે ઝુકાવ. કહી કૃષ્ણલાલે કાળની જીભ સમાન કટાર કમ્મરમાથી બહાર ખેચી કાઢી.

ભીલદેવી મરણ નક્કી છે ધારીને ઘુટણીએ પડી પ્રભુની પ્રાર્થના કરવા લાગી ઘણીવાર પ્રભુની પ્રાર્થના કરી દેવી ઉભી થઇ ને રોષ યુક્તવદને કહેવા લાગી'—ચાલ, ઓ ઘોર ઘાતકી ' ક્ષત્રિયવશના પાતકી ' મારા પ્રાણનુ સુખેથી બળિદાન લે.

તારે કઇ બોલવુ છે? પુન પાપીએ પૂછ્યુ.

બોલવામા એટલુ કે હુ મરણથી ડરતી નથી, પણ તારા ભયકર પાપકર્મોથી હુ તારી થનાર દશા જોઇ કપુ છું, ને મરતા પહેલા પણ કહુછુ કે સઘળા પાપકર્મને ત્યાગ આમ કહી દેવી આ- કાશ સામે હાથ જોડીને બોલી -દયાળુ પ્રભુ ' હું હવેતમારી પાસે આવુછુ. મારા અપરાધની ક્ષમા આપો. હા, મારા દયાળુ સરદારોને સુખી રાખો. હા, મરણ સમયે હુ મારા સ્નેહિજનોને મળી શકતી નથી. તેમા મારો ગત જન્મનો કઇક અપરાધ હોવો જોઇએ. પ્રભુ સર્વનુ કલ્યાણ કરો. કહી દેવીએ ક્રોધથી પૂછ્યુ -પાપી ' બોલ હવે શુ ઇચ્છા છે ?

"તારા પ્રાણની જ ઇચ્છા છે.

"લે સુખેથી લે, હુ તૈયાર છુ.

અને હુ હવે તને સહારૂ છુ કહી કૃષ્ણલાલે જોરથી કટારનો

ઘા કર્યો. દેવીના પ્રષ્ટ ભાગપર કટારનો ઘા થયો. રક્તનો પ્રવાહ જોરથી વહેવા લાગ્યો.

હા, રામ. કૃષ્ણ કહી દેવી બેશુદ્ધ થઇ જમીનપર ઢળી પડી. પાપી કૃષ્ણલાલે અટ્ટાહાષ્ય કરી બીજો ઘા કરવાને કટાર ઉંચી કરી કે તરત પાછળથી પકડો, પાપીને પકડો, ના અવાજ સભળાયા. કૃષ્ણલાલ કપ્યો, ને પાછળ જોવા લાગ્યો તો અનેક માણસો ને ત્યા દોડી આવતા જોયા તે નાશી જવાને ચારે તરફ જોવા લાગ્યો, પણ એટલામાં તો જ્ઞાનચદ્રે તેના માણસો સાથે ત્યા આવી તેને ઘેરી લીધો.

પ્રકરણ ૩૭ મુ.

——০:——

" ભયંકર યુદ્ધ. "

હજી જ્ઞાનચદ્રની દષ્ટિ બેશુદ્ધ દેવી ઉપર પડી નહોતી, એટલામા તો એક ભીલની નજર ત્યા પડતાં, તે કારમી ચીસ પાડી બોલી ઉઠયો:—અરે સરદાર ! આમ તો જુઓ ! આ આપણા દેવી તો લોહી લવાણ થઇ પડયાં છે. હેં ! કહી જ્ઞાનચદ્રે પાછળ દ્રષ્ટિ કરી તો રકત પ્રવાહની વચ્ચે પડેલી બેશુદ્ધ દેવીને નિહાળી ઓ પ્રભુ !

આ શુ ? કહી જ્ઞાનચંદ્ર દેવીની પાસે ગયો, ને પોક મૂકી રડવા લાગ્યો. તેણે દેવીને સાવધ કરવાને ઘણો યત્ન કર્યો, પણ તેનો યત્ન નિષ્ફળ ગયો ઘામાથી હજી રૂધીર નીકળતું હતુ જ્ઞાનચદ્રે ઘાની પર પાટો બાધી ચાર ભીલને દેવીને ત્યાથી દૂર લઇ જવાનું સૂચવ્યુ. ચારે જણા બેશુદ્ધ દેવીને ત્યાથી દૂર લઇ જઇ એક પત્થર પર સૂવારી સારવાર કરવા લાગ્યા પાપીનુ પાપ કર્મ જોઇ જ્ઞાન-ચંદ્ર ઉશ્કેરાયો ને ભયંકર ત્રાડ મારી નીચુ જોઇ ઉભેલા કૃષ્ણલાલ ને કહેવા લાગ્યો—નિરપરાધીના પ્રાણ લેનાર ખૂની ! ચાલ સાવધ થા ! નીચુ જોઇ શું ઉભો છે ? પાપના પુતળા ! દેવીના પ્રાણનો નાશ કરી તું મનમા ખુશી થતો હોઇશ પણ હવે તું મારા હાથથી બચનાર નથી

તેના વચનથી કૃષ્ણલાલે ઉચે જોયુ તે ચમક્યો ઘણા દિવસ-થી ગૂમ થઇ ગયેલા જ્ઞાનચદ્રને ઓળખ્યો, અને તેથી તે બુમ પાડી ઉઠયો —કોણ સરદાર જ્ઞાનચદ્ર ! આવ આવ ઘણા દિવસે મળેલા મિત્ર મને ભેટ કહી કૃષ્ણલાલ તેને ભેટવા દોડયો. તેને ધક્કો મારી દૂર કરી જ્ઞાનચદ્રે કહ્યુ—દૂર, પાપી દૂર, એક પવિત્ર બાળાના પ્રાણનો નાશ કરી અપવિત્ર થયેલા ખૂની ! દૂર રહે. તારા અપવિત્ર શરીર સ્પર્શથી હું અપવિત્ર થાઉ છુ

" અરે જ્ઞાનચદ્ર ! તુ આ શુ બોલે છે ?

" હુ સત્ય બોલુછુ પાપી હુ તને ધિક્કારૂં છુ અને તારો નાશ કરવા ઇચ્છુછુ.

જ્ઞાનચદ્ર ! હુ ધારૂછુ કે તું ભૂલે છે ! તુ મને ઓળખે છો"

"હા, હું પાપી કૃષ્ણલાલને સારી રીતે ઓળખુ છુ, અને નિર્દોષ જનના પ્રાણહતા ને અહિ ઉભેલો પ્રત્યક્ષ જોઉછુ."

"જ્ઞાનચદ્ર ! બોલતા વિચાર કર, હુ કોણ ?"

"એક કસાઈ ! દુષ્ટ કર્મોનો ભડાર, અને ગરીબોને છુદનાર ચડાળ"

"નહિ, હુ તારો સરદાર"

"શુ તુ મારો સરદાર ? નહિ, નહિ, આ જ્ઞાનચદ્ર હવે નથી તારો તાબેદાર"

"તારી ભૂલ થાય છે, હુજ છુ તારો સરદાર, અને નાનપણથી તને પાળનાર"

નહિ, પાળનાર નહિ, પણ મારનાર" ઓ નરાધમ ! શુ ત્હે મારા વૃદ્ધ પિતાના પ્રાણનો નાશ નથી કર્યો ? શુ ત્હેં મને અનીતિને પથે નથી દોર્યો ? કર્મચડાળ ! આ જ્ઞાનચંદ્ર હવે જ્ઞાનવાન થયો છે. ધર્મ અધર્મથી સારી રીતે માહિતગાર થયો છે, અને તેથીજ આ તારો પાળેલો વિષધર તનેજ દશ દેવા તૈયાર થયો છે"

"શુ તુ તારા અન્નદાતાને મારવા ઇચ્છે છે ?"

"શુ તુ મારો અન્નદાતા ? મૂર્ખ ! બોલતા શરમા ! મારા પિતાને લુટી ત્હે અનગળ માલ મેળવ્યો છે, ને તેનાથી ત્હે મારૂ પાલન કર્યુ છે, એમા તે શુ મોટુ કામ કર્યું છે ?"

જ્ઞાનચદ્ર ! હજી સમજ ! હુ તને સોનાના શિખર પર ચઢાવીશ.

"હુ તારા સુખના શિખરને ધિક્કારૂ છુ ચડાળ ! તું મને સુખ આપવાને કયા શક્તિવાન છે ? તુ અત્યારે મારા પજામા છે, તારા પ્રાણ હવે આ હાથમાંજ છે."

શુ તું મને કેદ કરવા ઇચ્છા રાખે છે? શુ હું તારો કેદી? જ્ઞાનચદ્ર! આ એક વખતના તારા સરદારને કેદી કહેતા શરમાતો નથી? હું કોણ તેનો વિચાર કર?

"અરે કર્યો વિચાર! તું મારો સરદાર નહિ પણ હવે મારો શીકાર.'

"શુ હું તારો શીકાર?'

"હા, હા, હજાર વાર મારો શીકાર! ખૂની! હવે હુ વધારે વાર તારૂં ટાયલુ સાભળવા નથી માગતો."

"ત્યારે તું શુ માગે છે?"

"મ્હોત! તારૂ મ્હોત! જ્યા સુધી પિતાનુ વૈર વાળ્યુ નથી, જ્યા સુધી આ નિર્દોષ દેવીની સમાન તુ લોહીમાં તરબોળ થઇ પડયો નથી; ત્યા સુધી મ્હોત, બસ તારૂ મ્હોત કહી જ્ઞાનચદ્રે મ્યાનમાથી તલવાર ખેચી કાઢી.

"ચૂપ કર ગુનામ! મોઢે રાખ લગામ કહી કૃષ્ણલાલે પણ તલવાર ખેંચી."

"ચાલ હોશીયાર! કહી જ્ઞાનચદ્રે ભયકર ગર્જના કરી પોતાના સરદારોને કહ્યુ —શુ જોઇ રહ્યા છો મારા બહાદુરો! આ પાપીની ઉપર ટૂટી પડો. તેના ઝીણા કટકા કરો, ને તેના લોહીથી તમારા હાથ રગી દેવીનુ વૈર વાળો સરદારના શબ્દોથી ભીલ લોકો ઉશ્કેરાયા, ને આવેશ યુક્ત થઇ કૃષ્ણલાલની પર ધસ્યા. તરત કૃષ્ણલાલે પણ ખભે ભરાવેલુ રણશીગું વગાડયુ. તેના નાદથી ખીણોમા છૂપાઇ રહેલા તેના અસંખ્ય સૈનિકો ત્યા દોડી આવ્યા. ભયકર કાપાકુ

કાપી થવા લાગી. તુલવારોના ખડખડાટ સંભળાવા લાગ્યા. મારો કાપો ના પોકાર થવા લાગ્યા. ભીલ સરદારો, હર, હર, મહાદેવના પોકારો કરતા દુશ્મનોને કાપવા લાગ્યા જ્ઞાનચંદ્ર, તેની લાંબી તલવારથી શત્રુઓને કાપતો, ને પોતાના માણસોને ઉશ્કેરતો ચારે તરફ ઘુમતો હતો. કૃષ્ણુલાલના ક્રોધની સીમા નહોતી તેની લાબી તલવાર ચારે તરફ ફરી શત્રુઓના બે ભાગ કરતી હતી. તે વારવાર પોતાના માણુસોને હિમ્મત આપતો હતો. આવી રીતે લગભગ ત્રણુ કલાક સુધી ભયકર યુદ્ધ ચાલ્યુ. આખરે કૃષ્ણુલાલના અસખ્ય સૈનિકોના પ્રબળ મારાથી ભીલ સૈન્ય પાછળ હઠવા લાગ્યુ. તેમને પાછળ હઠતા જોઇ જ્ઞાનચદ્ર આગળ ધસી આવ્યો ને મોટે અવાજે બોલ્યો—મારા સરદારો ! પીઠ બતાવશો નહિ. પીઠ બતાવી કલક લગાડવા કરતા રણુભૂમીમા સૂઇ રહી અક્ષય કીર્તિ મેળવજો. ચાલો માગ વીરો ! ચાલો ! શત્રુઓના ભાર નથી કે આપણુને હઠાવી શકે. શ્રી શકર ભગવાન આપણા મદદગાર છે. મારા બહાદુરો ! દુશ્મનોને મારો, શુ જોઇ રહ્યા છો? કહી જ્ઞાનચદ્ર દુશ્મન દળમા ટૂટી પડયો. ભીલ સૈન્ય પણુ સરદારનુ અનુકરણુ કરી ટૂટી પડયુ. જ્ઞાનચદ્રને નાના મોટા જખમો થયા હતા, ને તેમાથી લોહી વહેતુ હતુ, છતા તેની દરકાર નહિ કરતા તે કૃષ્ણુલાલનો નાશ કરવાનો પ્રસગ ખોળતો હતો. બન્ને પક્ષમા પુન તુમુલ યુદ્ધ મચી રહ્યુ એવામા દૂરથી ધુળના ગોટ ઉડતા જણાયા. અલ્પ સમયમા તો રત્નનગરથી સૈન્ય લઇ નીકળેલો પ્રધાન રાયમલ રાજા ચદ્રશેખર સાથે ત્યા આવી પહોચ્યો. તેણે કૃષ્ણુલાલની કિલ્લામા તપાસ કરી હતી. ત્યા તેને કૃષ્ણુલાલ કે સરલા કોઇના સમાચાર નહિ જણાયાથી તે નિરાશ વદને તેની શોધમાં નીકળ્યો હતો. દૂરથી તેણે માણુસોની બૂમરાણુ સાભળી હતી. તેણે

સૈન્યને ઝડપથી ચલાવાની આજ્ઞા કરી પાસે આવતા જ તેને સઘળુ જણાઇ આવ્યુ તરત તેણે પોતાના સૈન્યને કૃષ્ણલાલના સૈન્ય પર આક્રમણ કરવાની આજ્ઞા આપી મહારાજ ચંદ્રશેખરના વિજયની જયગર્જના પોકારી વીર સૈનિકો ભખ્યા વરૂની માફક શત્રુના સૈન્ય પર ટૂટી પડયા. દુશ્મનોની સામે પ્રાણની દર કાર કર્યા વિના લડતા ભીલ વીરોને આ અણધારી મદદ મળતા પુન બમણા જોરથી શત્રુઓને કાપવા લાગ્યા. તલવારો વિજળીની માફક ચમકવા લાગી લાબા ભાલાઓ લોહીવર્ણા થઇ ઉચે નીચે ઉછળવા લાગ્યા. નાનકડી બદુકો, પિસ્તોલો વગેરેના અવાજ સભળાવા લાગ્યા સૈનિકોના પદ પ્રહારથી આકાશ ધુળથી ઢંકાઇ ગયુ સર્વત્ર મારો, કાપોના ધ્વનિ થવા લાગ્યા. ઘાયલ થયેલા સૈનિકો બુમેબુમ પાડવા લાગ્યા. લોહીની નદી ચાલવા લાગી મદોન્મત વીર પુરૂષો મૃત દેહની ઉપર પગ મૂકી શત્રુઓને સહારવા લાગ્યા ઉશ્કેરાયેલો કૃષ્ણલાલ, ચારે તરફ તલવાર ચલાવતો રાયમલના સમક્ષ આવી પહોચ્યો તેને જોતા જ વૃદ્ધ રાયમલ ઉગ્ર ક્રોધથી બોલી ઉઠયો—શત્રુ ! તુ ભલે આવ્યો ! ઉભો રહે ! હવે હુ તને તારા કરેલા કર્મનુ ફળ ચખાડુ છુ. કહી રાયમલે તેની પર તલવારનો પ્રહાર કર્યો તેનો ઘા તલવાર પર ઝીલતા કૃષ્ણલાલ બોલ્યો — બુઢ્ઢા ! ઘા કરવાની તારામા આવડત નથી જો ઘા તો આમ થાય ! કહી તેણે તલવાર ઉચી કરી. એટલામા તો જ્ઞાનચદ્રે પાછળથી ધસી આવી તેના ઉચા થયેલા હાથને તલવારથી જુદો કરી નાખ્યો. ઘાની વેદનાને નહિ ગણકારતા કૃષ્ણલાલે બીજા હાથથી તલવાર ઉઠાવી, અને રૌદ્ર ગર્જના કરી જ્ઞાનચદ્ર પર ધસ્યો. કૃષ્ણલાલના સૈનિકો એક પછી એક રણમા સૂવા લાગ્યા. સાજ સુધીમા તો તેના બધા સૈ-

નિદ્રા મરણને શરણ થઇ ગયા લોહીથી રંગાયેલો કૃષ્ણલાલ, જીવન, મરણની દરકાર કર્યા વિના જ્ઞાનચંદ્રની સાથે પૂર્ણ પરાક્રમથી લઢતો હતો. તેના પ્રબળ ધસારાથી જ્ઞાનચંદ્રને ઘણીવાર પાછા હઠવુ પડતું હતું. છેવટે કોપયુક્ત થયેલા કૃષ્ણલાલે જ્ઞાનચંદ્રને મુર્છિત કરી નાખ્યો, ને તેને નીચે પડેલો જોતા પાપી તેનો પ્રાણ લેવાને ઉત્સુક થયો, કે તરત પાછળથી રાયમલે સૈનિકો સાથે ત્યા દોડી આવી તેને પકડી લીધો. તેના હાથમાંથી તલવાર છીનાવી લીધી, તેને હાથે પગે દોરડાથી મજબુત બાધી દીધો. એટલી વારમા જ્ઞાનચંદ્ર સાવધ થયો તેણે પાપીને બધીવાન થયેલો જોઇ, હવે તેને વધારે વાર જીવતો રાખવામા સાર નથી, કહી જ્ઞાનચંદ્રે તેનુ માથુ જુદુ કરવાને તલવાર ઉચી કરી તેને પૂછ્યુ—કુટિલ કૃષ્ણલાલ ! આજે તારો અત આવે છે. આ જ્ઞાનચંદ્ર આજે પિતાનુ વૈર વાળે છે તારો નાશ થતા પહેલા તને પુછુછુ કે તારી કઇ ઇચ્છા બાકી છે ?

તેના વાકયોથી કૃષ્ણલાલ કપવા લાગ્યો, ને ભયકર અવાજે બોલ્યો-નિમકહરામ ! તારા વચનો મને અસહ્ય લાગે છે હા, જેની ધાકથી શત્રુઓ કાપતા હતા, એ કૃષ્ણલાલને આજે તેનો એક નોકર હલકા શબ્દો સભળાવે છે. જ્ઞાનચંદ્ર ચાલ ! તલવારનો ધા કરી મને આ સસારથી છૂટો કર. હુ તને ધિક્કારૂં છુ

"પાપી ! મરણ સમયે પ્રભુનુ નામ તો લે ?" જ્ઞાનચંદ્રે કહ્યું.

"પ્રભુ કોણ ? કૃષ્ણલાલનો પ્રભુ કોઇ નથી. મને તેની દરકાર નથી."

"એમ તો લે તારા પાપનુ ફળ. કહી જ્ઞાનચંદ્રે તેને મારવા તલવાર નીચી ઉતારી કે તરત પાછળથી અવાજ આવ્યો. સબુર !

પાપીને હજી જીવવા દ્યો. જ્ઞાનચદ્રે પાછળ જોયુ તો તેને જણાયુ કે પચીસેક માણસોનુ ટોળુ તેની તરફ આવે છે, અને તેમાં આગળ ચાલનાર પાપીને મારવાનુ' બધ રાખવા સૂચવે છે."

" શુ તેઓ શત્રુઓ હશે? આમ મનમા બોલતો જ્ઞાનચંદ્ર આવનારની તરફ જોઇ રહ્યો સૈનિકોની વચમા બધીવાન થઇને ઉભેલો કૃષ્ણલાલ પણ એ તરફ જોવા લાગ્યો. રાજા ચદ્રશેખર અને રાયમલ એક બીજાની સાથે કઇક વાતો કરતા કોણ આવે છે એ આતુરતાથી જોઇ રહ્યા

દૂરથી આવતા માણસો ઝડપથી પગ ઉપાડતા થોડીવારમા ત્યા આવી પહોચ્યા. સૌની આગળ આવનાર બે યુવાન હતા, ને તેમની પાછળ બે સુદર બાળાઓ હતી. ચારે જણા મહારાજાના ચરણમા પડયા. મહારાજા તેમને જોતાજ ગળગળા થઇ બોલી ઉઠયા'-અરે કોણ "સરોજ અને સરલા?"

"હે! કયા છે મારી સરલા? કહી વૃદ્ધ રાયમલ આગળ દોડી આવ્યો.

આ રહી 'બાપુ' કહી સરલા પિતાને પગે પડી

' સઘળા મળ્યા, આનદ વર્તાયો કુજે મહારાજાને સર્વ બીનાથી જાણીતા કર્યા. મહારાજાએ તેને અચાનક શી રીતે આવવુ થયુ એમ પૂછયુ જવાબમા કુજે જણાવ્યુ કે-કિશોરી નામની એક બ્રહ્મકન્યાની શોધમા અમે નીકળ્યા હતા, અને ફરતા ફરતા અત્રે આવી ચઢયા કહી કુજે કૃષ્ણલાલ તરફ જોઇ પૂછયુ—કા કૃષ્ણલાલ' શુ સમાચાર છે?

"સમાચાર સારા છે, આ સિહ હાલ બધનમા છે"

"મને ઓળખે છે?"

"હા, તું મારો બેવશ થયેલો દોસ્ત છે" અને આજે સમજી ગયો છુ કે મારી દશા થઇ છે તે તારી જ યુક્તિયોનાં ફળ છે.

"કૃષ્ણલાલ ! મને તારી દયા આવે છે, ને તેથી હુ તને જીવાડવા ઇચ્છુ છુ"

"બેવશ ! હુ તારી દયાનો તિરસ્કાર કરૂ છુ, ને તમારા આપેલા જીવતદાનથી મરવાનુ હજાર ઘણું પસદ કરૂ છુ"

"કૃષ્ણલાલ ! અભિમાનનો ત્યાગ કર ! સલાહ સપથી ચાલી હવે નીતિના માર્ગને ગ્રહણ કર !"

"કુજ ! તુ મને ઉપદેશ આપવા લાયક નથી"

"શુ હુ તારો મિત્ર નથી?"

"ના ! મારો મિત્ર મારો નાશ કરાવેજ નહિ. શત્રુની ગરજ સારનારા મિત્ર ! જો આ મારા વફાદાર દોસ્તો ! કે જે તેના દોસ્ત-ને માટે આ રણ ભૂમીમા મૃત્યુવશ થઇ સૂતા છે આનુ નામ દોસ્ત કહેવાય !"

"કૃષ્ણલાલ ! મ્હે જે કાઇ કર્યુ છે તે તને નીતિના રસ્તે લાવવાને માટે જ."

"નહિ. ત્હે મારા મરણની જાળ બીછાવી છે. કુંજ ! હુ નીતિનો કાળ છુ અને તેનો સહાર કરનાર વિકાળ વ્યાળ છુ.

"કૃષ્ણલાલ ! તારે જીવવું છે કે મરણને મળવું છે?"

"મૂર્ખના સરદાર!" મ્હે પ્રથમ જ જણાવ્યુ કે, હુ જીવવા કરતા મરણને ઘણુ ચાહુ છુ. મરણ મારો વફાદાર દોસ્ત છે."

" ઠીક છે. " પણ તે પહેલા મારા એક પ્રશ્નનો જવાબ આપ ? "

" તારા એક પણ પ્રશ્નનો હુ જવાબ આપનાર નથી. "

તેના વચનોથીં જ્ઞાનચદ્રને ક્રોધ ચઢયો તેણે બૂમ પાડી કુંજ ને કહ્યુ—કુંજ વિહારી ! પાપીની સાથે વધારે વાર્તાલાપ કરો નહિ. તે અભિમાની તમારૂ કહેવુ માનશે નહિ માટે હવે તેને યમ પુરી તરફ રવાને કરવા દ્યો કહી જ્ઞાનચદ્રે પુન: તલવાર ઉઠાવી. કુંજે તેનો હાથ પકડી લીધો. જ્ઞાનચદ્રના વર્તનથી સરલા આશ્ચર્ય પામી તે જ્ઞાન-ચદ્રને એક નીચ માણુસ સમજતી હતી પણ તેના આજના વર્તનથી ઘણી પ્રસન્ન થઇ શત્રુઓથી ઘેરાયેલો, અને મરણુની છેક છેલ્લી ઘડી સુધી પહોચી ચૂકેલો કૃષ્ણુલાલ નિડરતાથી શત્રુઓની વચમાં ઉભો રહી જવાબ દેતો હતો. તેના મુખ પર હર્ષ કે શોકનુ ચિહ્ન જણાતું નહોતું. તેનો એક હાથ કપાઇ ગયો હતો. તેમાથી અત્યંત રક્ત ધારા વહેતી હતી છતા તેની વેદનાની દરકાર કર્યા વિના કૃષ્ણુલાલ હિંમતથી ઉભોરહ્યો હતો. પુન કુંજે તેને પૂછ્યુ

" ભાઇ ! મિત્ર માન કે શત્રુ માન ! પણુ મારા એક પ્રશ્નનો જવાબ આપ ?"

" હુ તારી સાથે કદાપિ પણુ મિથ્યાલાપ કરનાર નથી."

" હુ તને વિનંતી કરીને કહું છુ કે મારૂ કહેવુ શ્રવણ કર ! "

" શુ છે ? "

" તારાં કાળા કૃત્યોની ભોગ થયેલી સતી સુકન્યા ક્યા છે ? "

" સુકન્યા ! કોણ સુકન્યા ! ? " કૃષ્ણલાલે ચમકીને પૂછ્યુ.

' તારા પાપીના પનારે પડી દુખી થયેલી તારી પત્ની સુકન્યા ક્યા છે ? "

સુકન્યાનુ નામ શ્રવણ કરતા કૃષ્ણલાલ ધ્રુજી ઉઠયો તેણે આકાશ સામે દૃષ્ટિ કરી. તેના મુખપર શોકની છાયા છવાવા લાગી તેની આખ્યોમાથી અસ્ખલિત અશ્રુ ધારા વહેવા લાગી

તેણે કપાળે કર પ્રહાર કરી કહ્યુ --હા, સુકન્યા, સુકન્યા !

બરોબર જવાબ નહિ મળવાથી પુન કુજે પૂછ્યુઃ-કૃષ્ણલાલ ! સુકન્યા ક્યાં છે ? "

હજી તો કૃષ્ણલાલ જવાબ આપે તે પહેલા તો દેવીની સારવાર કરનારમાથી એક જણે બુમ મારીઃ—ઓ જ્ઞાનચદ્ર ભાઇ ! અહિ આવો ! દેવી થોડા સાવધ થયાં છે, ને તે સર્વને પાસે બોલાવી કઇક કહેવા ઇચ્છે છે

તરત જ્ઞાનચદ્ર ત્યા દોડયો, ને દેવીનું માથુ ખોળામા લઇ તેમના મુખમા જળ સિચન કરવા લાગ્યો.

રાજા ચદ્રશેખરે સઘળા સૈનિકોને ત્યા જ મુકામ નાખવાની આજ્ઞા કરી. કુજ, સરોજ, સરલા, રાયમલ, રાજા ચદ્રશેખર, ચાર સૈનિકોની વચમાં કૃષ્ણલાલને રાખી દેવીની પાસે આવ્યા. અને અશ્રુ પૂર્ણ નયને દેવીનો અંતિમ કરુણ દેખાવ જોઇ રહ્યા.

પ્રકરણ ૩૮ મું.

પાપીનો પસ્તાવો અને સતીનો સદ્બોધ.

રાત્રિ પડી ચૂકી હતી ચદ્રદેવ શ્વેત કિરણો પૃથિવીપર પાથરી સૃષ્ટિની સૌન્દર્યતામાં વધારો કરી રહ્યા હતા પણ આજે આ શશીના શીતળ કિરણોથી શોભતી રજની આનદકારક લાગવાને બદલે ભયકર અને શુન્યકારમયી ભાસતી હતી. કારણ કે આ સમયે આ સૃષ્ટિમા એક પરોપકારી બાળાનો અતિમ્ સમય આવી પહોચ્યો હતો તેના પવિત્ર આત્માને લેવા દેવદૂતો આવ્યા હતા, અને પવિત્ર આત્માની દેહમાંથી નીકળવાની રાહ જોઇ રહ્યા હતા પહોળી શીલાપર દેવીના શરીરને સૂવાર્યું હતું. તેનુ માથું ખોળામા લઇ બેઠેલો જ્ઞાનચદ્ર ડુસકા ભરી રડતો હતો પોતાની દેવીની દુખદાયક સ્થિતિ નિહાળી ભીલ લોકો દયામણે મુખે ઉભા ઉભા અશ્રુ વિસર્જન કરતા હતા. કુજ–સરલા–સત્યવ્રત–પ્રધાન રાજા વગેરે ચિતાયુક્ત વદને દેવીના દેહ સામે જોઇ રહ્યા હતા પાપી કૃષ્ણલાલ સિપાહીઓની વચમા માથે હાથ ટેકવી કઇક વિચારમા બેઠો હતો સમય સમયનુ કામ કરવા લાગ્યો. ઘણીવારે દેવીએ આખો ઉઘાડી, ને અસ્ફુટ શબ્દે કહ્યુ - પાણી પાઓ.

, તરત જ્ઞાનચંદ્રે દેવીના મુખમા જળ રેડયુ. દેવીએ જ્ઞાનચંદ્રના સામે જોયુ. દેહમા અપાર દર્દ થતું હતું છતા માતૃ વત્સલ હૃદય જ્ઞાનચંદ્રને જોઇ બોલ્યુ -જ્ઞાનચંદ્ર ! હુ કયા છુ ?

" માતા ! " આપણા સ્થાનમાં. "

" પુત્ર ! તારૂં કલ્યાણ થાઓ ! હું હવે જાઉ છુ કારણ કે, મૃત્યુ મારી સમીપ આવી પહોંચ્યુ છે જ્ઞાનચંદ્ર ! કૃષ્ણલાલનુ શુ થયુ ?

" મા ! કૃષ્ણલાલ બધીવાન થઇ અહિં બેઠેલો છે. હુ તેને મારી નાખવાની તૈયારીમા હતો, તેવામા જ આ ઉભેલા કુંજવિહારી નામના માણસે મને અટકાવ્યો હતો.

" હા, શુ કુંજ ! આહ ! મને અપાર વેદના થાય છે ! જ્ઞાનચંદ્ર ! તે કુંજવિહારીને મારી પાસે બોલાવો "

જ્ઞાનચંદ્રે કુંજને ઇશારતથી પાસે આવવા સૂચવ્યુ

કુંજ પાસે આવ્યો, ને નીચો નમી દેવીના મુખ સામે જોવા લાગ્યો. દેવીના મુખનુ અવલોકન કરતા જ કુંજ ચમકયો ને એકાએક રડી પડી બોલી ઉઠયો'—ઓ ! હાય ! વિધાતા ! આ કયા જન્મનુ વૈર વાળ્યુ ! ઓ બ્હેન "**સુકન્યા**" તારૂ આ શુ થયુ ? કહી કુંજ દેવીના દેહપર માથુ નાખી રડવા લાગ્યો. તેના માથાપર હાથ ફેરવતી દેવી તેને શાન્ત કરતી કહેવા લાગીઃ—કુંજ ! વીરા ! કલ્પાંત કર નહિ ! થનાર વસ્તુ મિથ્યા થતી નથી.

ઓ મારી બ્હેન ! હાય ! તારાથી જુદા પડી તારી શોધમાં ઘણું રખડયો ને છેવટે તને મળતાં આ દેખાવ નજરે પડયો.

" ભાઇ ! ઇશ્વર ઇચ્છાનુસાર સૌ થયા કરે છે. માટે શાન્ત થા."

સત્યવ્રત ક્યા છે ? તેને બોલાવો ને મને પાણી પાઓ. જ્ઞાનચંદ્રે પુનઃ જળ પાયુ. સત્યવ્રત પાસે આવ્યો, ને પોકેપોક રડવા લાગ્યો. મહારાજા, પ્રધાન વગેરે પાસે આવ્યા. સર્વને ભીલદેવી કોણ હતી તેની ઓળખાણ પડી ગઇ સર્વે સુકન્યાને શાંતિ આપવા લાગ્યા. સુકન્યાએ સર્વને આશીશ આપી સરોજ અને સરલાના માથે પ્રેમપૂર્વક હાથ મૂકી શુભ શીખામણ દીધી. બન્ને બાળકો તેના પગ પાસે બેસી કલ્પાત કરવા લાગ્યા. કુંજ અને જ્ઞાનચંદ્રના શોકની તો અવધીજ નહોતી. જ્ઞાનચંદ્રને રડતો જોઇ પુનઃ દેવીએ કહ્યું:— જ્ઞાનચંદ્ર ! શા માટે રડે છે ? હું પ્રભુના ધામમા જાઉં છુ, તે સમયે અશ્રુ પાડ નહિ પુત્ર ! ત્હેં મારી આજ્ઞાઓ આજ પર્યંત પાળી છે. તને સદા સર્વદા પ્રભુ સુખી રાખો.

જ્ઞાનચંદ્ર ! હવે કૃષ્ણુલાલના મુખના મને દર્શન કરાવો. હવે જ જ્ઞાનચંદ્રને ખબર પડી કે કૃષ્ણુલાલ દેવીનો સ્વામી છે. **અહા ! જે બાળા મરણ સમયે તેના પતિના મુખનુ દર્શન કરી મરે છે, તે સકળ પાપથી નિર્મુકત થઈ અંતે શ્રેષ્ઠ પદને પ્રાપ્ત કરે છે.** સુકન્યાનુ વાંકય શ્રવણ કરી તરત કુંજ નીચું વદન કરી બેઠેલા કૃષ્ણુલાલ પાસે આવ્યો હજી કૃષ્ણુલાલ સુકન્યાથી અજાણ હતો, તેતો અત્યાર સુધી કઇક વિચારોમા નિમગ્ન થયો હતો. કુંજે પાસે આવી તેને વિચારમાથી જગાડી કહ્યુ— " કૃષ્ણુલાલ ! "

" હાં, શુ છે ? વિચારમાંથી જાગી તેણે પૂછ્યુ. "

" મારૂ એક વચન માન્ય કરીશ ? "

" હા, કરીશ. ભાઇ ! હવે મ્હે સઘળા દુષ્ટ વિચારોનો ત્યાગ કર્યો છે, ને આ આત્માને પ્રભુના ચરણુમા ધ્યાનસ્થ કર્યો છે. બોલ તારે શુ કહેવુ છે ? "

" કહેવાનુ એજ કે જે ભીલ દેવીને તે મૃત્યુના મુખમા હોમી છે, તે તને બોલાવે છે, ને તારી ક્ષમા માગવા ઇચ્છે છે. "

" ચાલ હુ આવુ છુ. તે સતી દેવીનો હુ ગુન્હેગાર છુ તે નિર્દોષના પ્રાણુનો સહાર કરનાર પાપી હુ છુ. અહા ! કેવુ શાન્ત હૃદય ! જે પાપીએ તેનો અક્ષમ્ય અપરાધ કરી તેના દેહને નષ્ટ કર્યો છે હા, તેજ પાપીની તે પવિત્ર બાળા ક્ષમા માગવા ઇચ્છે છે ! અહા ! કેવુ પવિત્ર હૃદય ! કહી કૃષ્ણુલાલ દેવીની સમક્ષ આવ્યો તેને જોતાજ દેવીએ પાસુ ફેરવી તેના સામે જોઇ કહ્યુ — આમ પાસે આવો, ને મારા અપરાધની ક્ષમા આપો.

" મહાદેવી ! ક્ષમાને લાયક તો હુ છુ છતા આવુ કહી આ મરણુને મળવા આતુર થયેલા પાપી જીવને શા માટે વિશેષ પાપનો ભોકતા બનાવો છો ? દેવી ! હુ કુટિલ કૃષ્ણુલાલ ભયકર નીચ આચરણોનો આચરનાર છુ પવિત્ર દેવી ! આ દુષ્ટના હાથે તમારો નાશ થયો છે. હુ પસ્તાઉ છુ, ને તમારી ક્ષમા યાચુ છુ. મને ક્ષમા આપો કહી કૃષ્ણુલાલ હાથ જોડી તેને પ્રણામ કરવા નીચો નમ્યો, કે તરત તેને તેમ કરતો અટકાવી દેવીએ કહ્યું:-ક્ષમાની જરૂર નથી. તમને પશ્ચાતાપ કરતા જોઇ હુ ખુશી

થાઉ છુ. હા, રામ, કૃષ્ણ, પાણી . દેવીએ પાણી માગ્યુ. પુન તેને પાણી પાવામા આવ્યુ કૃષ્ણુલાલની આખ્યોમાથી અસ્ખલિત અશ્રુધારા વહેવા લાગી. દેવીએ તેને શાન્તિ આપી પૂછ્યુઃ-મને ઓળખો છો ?

" દેવી ! પ્રથમ આ અભાગી જીવ આપના પવિત્ર કામોને ઓળખી ન શકયો, પણુ અત્યારે આપ પવિત્રતાની મૂર્તિ અને જગત્‌ના કલ્યાણકારી દેવીજ છો ? "

" કૃષ્ણુલાલ ! હુ દેવી નથી, પણુ તમારી પત્ની સુકન્યા છુ. " કૃષ્ણુલાલની આગળ જાણે તોપનો ગોળો ન ફાટયો હોય અને તે ચમકે તે પ્રમાણે તેને ઓળખતાજ કુટિલ કૃષ્ણુલાલ બૂમ પાડી ઉઠયો ઓહ ! કોણુ મારી સુકન્યા ! કોણુ મારી ગ્રહદેવી ! આ પતિતનો ઉદ્ધાર કરનારી પવિત્ર પ્રેમદા સુકન્યા ! તારો હુ મહાન્ અપરાધી છુ. દેવી, દેવી ! મને બચાવ. મને ક્ષમા આપ કહી કૃષ્ણુલાલ કલ્પાત કરતો જમીનપર આળોટવા લાગ્યો, અને બાકી રહેલા એક હાથથી માથુ કુટવા લાગ્યો. કુંજે તેને પકડી રાખ્યો દેવીએ ઉઠવાનો પ્રયત્ન કર્યો જ્ઞાનચદ્રે ધીમે રહી તેમને બેઠાં કર્યા બે ભીલ સરદારોએ પાછળ બેસી ટેકો આપ્યો, કૃષ્ણુલાલનુ કલ્પાંત નિહાળી સુકન્યાની આખમા પણુ અશ્રુ આવ્યા. તેણે ધીરે સાદે કહ્યુ -સ્વામિન્ ! પાસે આવો

" પાપી ને સ્વામિન્ શબ્દ કહી પવિત્ર જીભને અપવિત્ર કરનારી પવિત્ર પ્રેમદા ! આ કુટિલને હવે એવા નામથી બોલાવ નહિ. હુ તારો સ્વામી નથી પણુ એક ભયંકર કર્મોનો કરનાર પ્રેત છુ. કૃષ્ણુલાલે પાસે આવતા કહ્યુ. "

" ગઇ ગુજરી ભૂલી જાઓ, ને મરણુ સમયે જો આપ મારૂ શુભ ઇચ્છતા હો તો આ સઘળા જનોને મળી લ્યો, ને તેમની ક્ષમા યાચો."

" હા, હવે હું એમ જ કરૂ છુ કહી કૃષ્ણુલાલ પાસે ઉભેલાં કુંજને કહેવા લાગ્યો—વ્હાલા બંધુ કુંજ ! આવ, આ તારા કર્મ હિન્ કુટિલ કૃષ્ણુલાલને ભેટ, અને મારા અપરાધની ક્ષમા આપ".

બંધુ ! હું તને ક્ષમા આપવાને લાયક નથી પ્રભુ તને ક્ષમા આપો. કુંજે તેને ભેટતા કહ્યુ.

તેને ભેટી કૃષ્ણુલાલે સરોજ અને રાયમલ તરફ દષ્ટિ કરી કહ્યુ–

પિતા તુલ્ય રાયમલજી ! અને બધુ સરોજકુમાર ! આ પાપીએ તમને દુંઃખ દેવામા બાકી રાખી નથી. તે સઘળુ હવે ભૂલી જાઓ, અને મરતા પહેલા આ પાપીના અપરાધની ક્ષમા આપો કહી કૃષ્ણુલાલ હાથ જોડી ઉભો રહ્યો

કૃષ્ણુલાલ ! અમે તને ખરા હૃદયથી ક્ષમા આપીએ છીએ. પ્રભુ તારી સદબુદ્ધિ કરો. તેમની ક્ષમા મેળવી કૃષ્ણુલાલે મહારાજાને પ્રણામ કર્યા, ને પછી સરલાની પાસે જઇ તેના ચરણમા માથુ મૂકી કહેવા લાગ્યો—બ્હેન ! તારો તો હું અક્ષમ્ય અપરાધી છુ ! હાય! બ્હેનની ઉપર કુદૃષ્ટિ કરતા આ આખ્યો કેમ ફુટી ગઇ નહિ બ્હાલી બ્હેન ! મારી પર દયા કર, ને આ તારા અભાગો બધુને ક્ષમા કર.

" તેનો હાથ પકડી ઉભો કરતા સરલાએ કહ્યુ—કૃષ્ણુલાલ ! હું તને ભાઇ સમાન જ ચાહું છુ, ને તારા પાપકર્મોની ઇશ્વર ક્ષમા

આપો એમ યાચુ છુ. ત્યાર બાદ સત્યવત વગેરે તમામને પ્રણામ કરી કૃષ્ણુલાલ સુકન્યાને કહેવા લાગ્યો—

સતી સુકન્યા ! આ પાપીના હાથે અકાળે મરણના મુખમા ફસાઈ પડેલી પવિત્ર પ્રેમદા ! હુ તારો તો મહાન્ અપરાધી છુ. હાય ! તારા સુવાક્યો મે શ્રવણ કર્યા નહિ નાહક ક્રોધને વશ થઇ તારી પર જુઠા આળ ચઢાવી તને દુ ખમા હડસેલી મૂકી હાય ! આ પાપીને પનારે પડી તુ સુખ ભોગવવાને બદલે અત્યંત દુ ખી થઇ સુકન્યા ! સુકન્યા ! મારૂ હૃદય બળીને ભસ્મ થાય છે હા, હવે એક ઉપાય રહ્યો નથી અરે રે ! હાથમા આવેલુ અમૃત ઢોળી દઇ મ્હે વિષપાન કર્યુ છે. ઘરમા રહેલી ગગામા સ્નાન કરવાને બદલે હુ મૂર્ખ વૈતરણીમા નાહ્યો છુ. હાય ! આ કરેલા કર્મથી હુ ક્યારે છુટીશ. ઓ મારી સતી સુકન્યા ! હુ ઘોર ઘાતકી પાતકી છુ હુ ભયકર યમના દૂતોને દોડી આવતા જોઉ છુ. દેવી ! તેમની પાસે કાળ પાસ છે તેઓ મારા ગળામા પાશ નાખી મને લઇ જઇ ભયકર અગ્નિ કુડમા નાખવા ઇચ્છે છે. દેવી ! મને બચાવ ભયકર યમરાજથી આ દુષ્ટનુ રક્ષણ કર કહી કૃષ્ણુલાલ બે બાકુ-ળો બની સુકન્યાને પગે પડવા દોડયો, પણ તેને તેમ કરતો અટકાવી સુકન્યા રૂધાતા કઠે શાન્તિ આપી કહેવા લાગી—મારા સ્વામી ! સસારના મોહને દૂર કરી પ્રભુનુ ધ્યાન ધરો. મહાન્ પ્રભુ તમને બચાવશે, અને એજ યમના દૂતોથી તમારૂ રક્ષણ કરશે. માટે હૃદયને સ્થીર કરો, ને એકાગ્રતાથી તેનુ ધ્યાન ધરો.

" હા, હવે એમજ કરૂ છુ. સઘળા કરેલાં કર્મ નજર સમીપ તરી આવે છે. હાય, કેટલા અઘોર કર્મ !

અરે ! ધિક્કાર છે હુંને ! બન્યો પાપી ! બન્યો પાપી,
પિતાના સ્નેહની આંખો મહી થળી અરે આપી,
પડયો કંગાળ હુ મેળે, નજરથી પાપને જોતો,
સળગતા નીચ ખાડામા, બન્યો પાપી, બન્યો પાપી;
પિતા ! આ પાપથી રક્ષો, શરણુ માગુ ક્ષમા બક્ષો,
અરે હું નીચ શું માગુ, બન્યો પાપી બન્યો પાપી,

[શ્રુ. ગ.]

ક્ષમા, દયાળુ પ્રભુ ! મારા અક્ષમ્ય અપરાધની ક્ષમા આપો. સતી ! તારા મુખથી એકવાર બોલ ને આ તારા અભાગી ભર્તારને ક્ષમા આપ."

"પ્રાણુ ! હુ ક્ષમા આપવાને યોગ્ય નથી. પ્રભુ ખરા પશ્ચાતાપથી તમારા પાપને પ્રજાળશે ને તમને બચાવશે.

"ધન્ય છે, સતી દેવી, તને ધન્ય છે; ત્હેં મારી સાત પેઢીનો ઉદ્ધાર કર્યો છે."

"પ્રભુ ! હુ ધન્યવાદને પાત્ર નથી. કર્તા હર્તા નારાયણ છે, પણ સ્ત્રીયોનો ધર્મ છે કે પોતાના પ્રાણનાથની મન, વચન ને કર્મથી મરણ પર્યંત સેવા કરવી પતિ એજ પ્રભુ છે, એમ માની તેને દુઃખ થાય એવું કદાપિ કરવુ નહિ. તેને સુખે સુખી અને દુઃખે દુઃખી થવુ. સ્વામીને પ્રસન્ન રાખવા સદા પ્રયત્ન કરવા સ્વામી સીવાય કોઇનુ ધ્યાન ધરવુ નહિ, અને સદા સર્વદા નાથનુ કલ્યાણ ઇચ્છવુ એ સતીનો ધર્મ છે.

જે સ્ત્રીયો સદ્ગુણી અને ધનવાન પતિને પામી સુખમાં સેવા કરવાને બદલે, કદાપિ દૈવવશાત્ સ્વામી નિ-

ર્ધન થઇ જાય, અંગે કુરૂપ બની જાય અને કમાવાની શક્તિ રહે નહિ; એવા દુઃખી સમયમાં જ જે બાળા તેના પતિમાં પૂર્ણ શ્રદ્ધા રાખી સુખનો તિરસ્કાર કરી, તેના દુઃખમાં ભાગ લે છે અને મહેનત મજુરી કરી, શક્તિહિન્ થયેલા પતિને પાળે છે તે પવિત્ર પ્રેમદા ખરેખર સ્વર્ગની જ અધિકારી છે. તે તેના સ્વામીના કુટુંબને તેમજ તેની માતુલ પક્ષની સાત પેઢીને તારે છે.

આટલુ બોલતા સુકન્યાનો કંઠ રૂંધાવા લાગ્યો, તેના ચક્ષુઓ ચઢી ગયાં. નાડીઓ ખેંચાવા લાગી. તરત તેને સૂવારી દઇ જ્ઞાનચંદ્રે મુખમાં ગંગાજળ રેડયુ. પુન પાછુ ભાન આવ્યુ, અને પાસે બેઠેલા એક ભીલને કહ્યુઃ—મારી કૌમુદિનીને બોલાવો. તરત ભીલ સરદાર કૌમુદિનીને બોલાવા દોડયો. તે આવે તે પહેલા સુકન્યાએ સરોજ અને સરલાને પાસે બોલાવ્યા, ને પોતાને હાથે સરલાનો હાથ સરોજના હાથમાં સોપતા કહ્યુઃ—કુમાર ! આ અમૂલ્ય રત્નનુ રક્ષણ કરજે. વૃથા બ્હેમાઇને કોઇ દિવસ તેની પર ક્રોધ કરીશ નહિ કુમાર ! આટલુ યાદ રાખજે કે—

"જે સ્થળે સ્ત્રીઓનું સન્માન થાય છે, તે સ્થળે સ્વર્ગ સુખ મળી આવે છે."

બેટા સરલા ! તુ પણ યાદ રાખજે કે પતિ એ જ પરમેશ્વર છે. તેના સુખે સુખી રહેજે, ને દુખમા ભાગ લેજે. સ્વામીને દુઃખ લાગે એવું વચન કદાપિ વદીશ નહિ. તેને પ્રસન્ન રાખવાના પ્રયત્ન કરજે; કારણ કે તારૂં કલ્યાણ તારા સ્વામીમા જ છે. કહી સુકન્યા શાન્ત રહી. બન્ને બાળકોએ આશીષ માથે ચઢાવી પ્રણામ કર્યો.

બાદ ભીલ સરદારોને પાસે બોલાવી ઉપદેશ કર્યો, ને તેઓને રાજા ચંદ્રશેખરની સેવા કરવાની આજ્ઞા કરી. ભીલ લોકોએ અશ્રુપૂર્ણ નયને દેવીની આજ્ઞા માથે ચઢાવી. એટલા સમયમા કૌમુદિનીને બોલાવી ભીલ સરદાર ત્યા આવ્યો. કૌમુદિનીની પાછળ ગાંડી કિશોરી પણ અવ્યવસ્થિત વસ્ત્રે દૂરથી આવતી જણાઇ. તે આવી પહોચે તે પહેલાં તો કૌમુદિનીએ દેવીની દશા જોતાં જ તેના હૃદય ઉપર માથુ નાખી દઈ કલ્પાત કરી મૂકયુ. સુકન્યા તેને વાસે હાથ ફેરવી આશ્વાસન આપવા લાગી, એટલામા તો ગાંડી કિશોરી ત્યા આવી પહોંચી.

પ્રકરણ ૩૯ મુ.

" વૈરની તૃપ્તિ. "

જે ની આંખ્યો લાલચોળ થઇ ગઇ છે માથાના વાળ મલીન થઇ છૂટા છવાયા પથરાઇ ગયા છે. શરીર સૂકાઇ ગયું છે, એવી કિશોરી ત્યા આવી, અને ઘણા માણસોને એકઠા થયેલા જોઇ ખડખડાટ હસવા લાગી. તે ચારે તરફ જોવા લાગી, એટલામા સહસા તેની નજર કૃષ્ણલાલપર પડી. તેને જોતા જ તેનુ હસવુ હવામાં ઉડી ગયુ. શાન્ત જણાતી કિશોરી વિકાળને ઝનુની જણાવા લાગી. તેણે વિકટ હાસ્ય કર્યું તેના હાસ્યથી ત્યાં ઉભેલાં સઘળા કંપી ઉઠયા. કુંજે તેની તરફ જોયુ. તે તેની પાસે જવા ઉભો થયો. હજી તો કુંજ તેની પાસે,

જવાનો વિચાર કરે છે, એટલામા તો વિકાળ વાઘણની માફક કિશોરીએ દોડી નીચે વદને બેઠેલા કૃષ્ણલાલની છાતીમા લાત મારી. કૃષ્ણલાલે ઉચે જોયુ. તેણે કિશોરીને જોઇ. તે બોલી ઉઠયો.-કિશોરી !

"હા, કિશોરી ! કેમ ઓળખાણુ પડી ?"

"હા, બ્હેન મને ક્ષમા આપ."

"હા, હમણા જ આપુ છુ. કહી કિશોરીએ સાડીના સોડીયામાં છૂપાવી રાખેલી કટાર બહાર કાઢી અને તે કૃષ્ણલાલને બતાવી કહેવા લાગી:—કૃષ્ણલાલ ! આ કટારને ઓળખે છે કે ?"

"હા, એ મારી કટાર છે. તું સઘળું ભૂલી જા હું તારી માફી માગુ છુ. હુ તારો ગુન્હેગાર છુ."

"મારા ગુન્હેગાર ! તને ક્ષમા મળશે નહિ ! જો, આ એજ કટાર કે જેનાથી ત્હે મારા પિતાનો ઘાતકી રીતે અંત આણ્યો હતો. હા, હા, તે સમયે કેવો લોહીનો પ્રવાહ નીકળ્યો હતો ? આ કટાર તે વૃદ્ધના લોહીથી કેવી રગાઇ હતી ? કહી કિશોરી કટારને ધારી ધારીને જોવા લાગી. અને પાછી બોલી ઉઠી--કૃષ્ણલાલ ત્હે બ્રહ્મહત્યા કરી મહાન્ પાપ કર્યું છે આ બ્રાહ્મણ બાળાને ત્હે અત્યંત સંતાપી છે. કૃષ્ણલાલ ! હુ આ સમયે તને પૂછુછુ કે તારા પાપનો શુ જવાબ આપે છે ? કહી કિશોરીએ તેના માથાના વાળ પકડયા. તેને રોકવાનુ કોઇ પણ સાહસ કરી શકયા નહિ. કૃષ્ણલાલ શુ જવાબ આપુ તેના વિચારમા પડયો, એટલામા તો કિશોરીએ એકવાર હાસ્ય કરીને કહ્યું:--"કર્મચંડાળ ! તૈયાર થા ! જે કટારે ત્હેં બ્રહ્મહત્યા કરી હતી, અને તેને વૃદ્ધના રૂધીરથી રગી હતી, તે જ કટાર આજે તારી પાસે હુ લઈને ઉભી છુ પિશાચ ! કેમ આમ

નરમ થઇને બેઠો છે? ઉઠ ઉભો થા ! આ કિશોરી આજે તારી સમક્ષ ઉભી છે છતા તુ તેની પાશે પ્રેમ યાચના કેમ કરતો નથી? હા, સમજી! તારો કાળ આવી પહોચ્યો છે યમરાજ તને લઇ જવાને ઉભા રહ્યા છે. યમરાજ ! ઉભા રહો. હુ હમણા જ આ પાપીને તમારે સ્વાધિન કરૂ છુ. આમ કહેતી કિશોરી કટારવાળો હાથ ઉંચો કરી પુન બોલીઃ--આજે આ બ્રહ્મહત્યા કરનારી કટાર પાપીના હૃદયનુ લોહી પી તૃપ્ત થાય છે. આજે પાપીને તેના કર્મનુ ફળ મળે છે. આજે આ કિશોરી તેની પ્રતિજ્ઞાથી મુક્ત થાય છે, અને જે કટારથી ક્રૂર કૃષ્ણલાલે આ કિશોરીના પિતાનો અત આણ્યો છે, તે જ કટાર તે નરાધમના હૃદયમાં સ્થાન મેળવી પાપીનુ લોહી પીએ છે. યમરાજ ! આ કિશોરીનો શત્રુ તમારી પાસે આવે છે, ને આજે ઘણા લાબા સમયે આ કટારથી આ પાપીનો અત આણી, કિશોરી તેના વૈરની પૂર્ણાહુતી કરે છે. આમ બોલતાં જ ફન્મત્ કિશોરીએ કૃષ્ણલાલના હૃદયમાં તિક્ષણ કટાર ભોકી દીધી. હા, રામ. હા, સુકન્યા. કહી પાપી પૃથિવી પર પડી તરફડવા લાગ્યો. કિશોરી ખડ ખડ હસી નાચવા લાગી. દુષ્ટના હૃદયમાથી નીકળતા લોહીથી કિશોરી હાથ રગી મુખપર ચોપડવા લાગી. આવું જોતા જ કુંજ તેની નજીક દોડી આવ્યો, ને ભયકર અવાજે તેનો હાથ પકડી કહેવા લાગ્યોઃ-કિશોરી! ત્હેં આ શુ કર્યુ?

પાપીના પાપનુ પ્રાયશ્ચિત આપ્યુ. પિતાના વૈરીને નર્કનુ સ્થાન આપ્યુ. "તુ પૂછનાર કોણ છે? શુ તારો વિચાર પણ તેની સાથે જવાનો છે?"

"કિશોરી ! શું તુ મને ઓળખતી નથી ! શુ તુ મને ભૂલી ગઇ?"

"ના, ના, તને ઓળખુ છુ તું. તુ. આ કૃષ્ણલાલનો મિત્ર એક રાક્ષસ છે." કિશોરી બોલી ઉઠી.

"અરે હુતો તારો કુજવિહારી છુ."

"હેં! શુ તું મારો કુજ! મારા હૃદયનો શાન્તિકુજ? આવ, આવ; વ્હાલા આપણે ઘણા દિવસે ભેટીએ! પણ ઉભો રહે, હુ તને બરાબર જોઇ લઉ. કહી કિશોરી કુજની પાસે આવી તેને ધારી ધારીને જોવા લાગી ઘણીવાર સુધી જોઈ તેના મનમા કઇક થઇ આવતાં તે કુજને ધક્કો મારી દૂર કરતા બોલી—તુ મારો કુજ નહિ! પાપી તુ મને ઠગે છે; મારો કુજ મારી શોધમા જગલે જગલ ભટકે છે; અને તું તેના જેવુ રૂપ લઇ મને ઠગવા આવ્યો છે. જા, જા, હુ તને જીવતો જવા દઉ છુ ફરીથી આવુ કરીશ ના હા. કુંજ, કુજ, મારા હૃદયના વિસામા કુજ! તમે કયા છો? કહી કિશોરી આખે તમ્મર આવવાથી નીચે પડી ગઈ. કુજ તેને ઉપાડી સુકન્યાની પાસે લાવ્યો સુકન્યાને સઘળી વાતની ખબર પડી હતી તેણે એક ભીલને પેલી ગયબી લાકડી લાવવાની આજ્ઞા કરી ભીલ સરદાર લાકડી લેવા ગયો પેલી તરફ કૃષ્ણલાલ લોહીમા તરબોળ થઇ પડયો હતો. તેને અત્યત વેદના થતી હતી તે આમ તેમ પાસા ફેરવતો હતો. તેની નાડીયો તૂટતી હતી, પણ પ્રાણ નીકળતો નહોતો તરત તેને પણ સુકન્યાની સમિપ લાવી નીચે સૂવાર્યો તે દયાર્દ્ર નેત્રે સુકન્યાની સામે જોઇ રહ્યો સુકન્યાએ તેને પ્રભુનુ ધ્યાન ધરવાનુ ઇશારતથી સમજાવ્યુ સુકન્યાને જોકે અત્યત વેદના થતી હતી, તેનુ ગળું સુકાતુ હતું, અને આખુ અંગ શીતળ થઇ ગયુ હતું છતા પણ આ પરોપકારી સતી પ્રાણ ટકાવી શકી હતી. લાકડી લેવા ગયેલો ભીલ

આવી પહોંચ્યો, ને લાકડીને દેવીના હાથમા આપી. તેણે લાકડીને હાથમા પકડી પ્રભુનુ સ્મરણ કરી, સૂતા સૂતા કિશોરીના શરીરપર સ્પર્શ કર્યો. અલ્પ સમયમા કિશોરી આળસ મરડી બેઠી થઇને હાથ જોડી સુકન્યાના સન્મુખ ઉભી રહી

પ્રકરણ ૪૦ મું.

"સતીનુ સ્વર્ગમાં પ્રયાણ."

કિશોરી! ત્હે ઘણુ જ અઘટિત્ કાર્ય કર્યું છે; અમૂલ્ય માણુસના દેહનો નાશ કરી મહાન્ પાપ માથે લીધુ છે. બોલવાની શક્તિ નહિ હોવા છતાં મહા 'પ્રાણે સુકન્યાએ ઉપર પ્રમાણે કહ્યું.

તેના શબ્દોથી કિશોરી રડતા રડતા બોલી--માતા! ક્ષમા કરો! પિતાના મૃત્યુથી તેમ જ મારી ઉપર ગુજરેલા જુલમથી હું ગાંડી બની ગઇ હતી માતા! ક્રોધે અને વૈરે મને આંધળી કરી હતી. અત્યારે પસ્તાઉં છુ. માતા શુ કરૂં?

કિશોરી! ઇશ્વરની માયા જાળને જાણવા આપણે અસમર્થ છીએ, પણ દુશ્મન ઉપર દયા કરનાર શ્રેષ્ઠ ગણાય છે. પુત્રી! થયું

તે મિથ્યા થનાર નથી. જે આપણો શત્રુ હોય, અનેજેનાથી આપણને ઘણું દુખ ભોગવવું પડતુ હોય, તેનુ પણ બુરૂ નહિ ઇચ્છનાર, તેમ જ ઈશ્વર તેને તેના કર્મનું ફળ આપશે, એમ માનનાર સુખી થાય છે. પ્રભુ તેથી જ પ્રસન્ન થાય છે, ને તેના દુશ્મનને દંડ દે છે. પુત્રી ! રડ નહિ, થયુ તે થનાર નથી, માટે હવે તુ કૃષ્ણુલાલ પાસે જા. તે હવે ફક્ત થોડો જ સમય આ સસારમાં રહેનાર છે. તેને મીઠા વચનથી બોલાવી શાન્તિ આપ કે જેથી તેનુ મૃત્યુ શાન્તિમાં થાય.

માતા ! હવે હુ એમ જ કરૂ છુ. કહી કિશોરી કૃષ્ણુલાલની પાસે બેસી તેના શરીરપર હાથ ફેરવતા બોલી--કૃષ્ણુલાલ !

" મરણ કાંઠે પડેલા કૃષ્ણુલાલે આંખ્યો ઉઘાડી કિશોરીના સામે જોઇ બોલવાને માટે મુખ ઉચુ કર્યું, પણ કંઠે પાણીનો શોષ પડવાથી બોલી શકાયુ નહિ, આથી તેણે ઇશારતથી પાણી પાવાનુ સૂચવ્યુ. કિશોરીએ પાણી મગાવી તેના ગળામા રેડયુ. કૃષ્ણુલાલ બળાત્કારે બોલવા લાગ્યો -કિશોરી ! અબારૂપ કિશોરી ! હુ...મહા... પાપી છુ. અહાબાળા ! તા..રી..ઉ...પ...ર...કુ . દષ્ટિ.. ક...રી. હુ... ન.. ર...ક.. નો...અ...ધિ...કા...રી થ...યો.. છુ. તેં...આ. પા...પી . ને . યો.. ગ્ય...ફ.. ળ . આ...પ્યુ . છે. આહ...મને હ.. જા...રો...વિ...છી . ના . દ...શ. .ની વે.. દ...ના. થા ય.. છે, પા. ણી. કહી કૃષ્ણુલાલ બોલતો બધ થયો. તેની આખ્યો ઉચે ચઢી ગઇ. હાથ પગ ખેચાવા લાગ્યા. કિશોરીએ તત્કાળ તેને પાણી પાયુ, કે પુન પાછુ તેણે બોલવુ શરૂ કર્યું —કિ...શો- રી.. આ...ધા...ર...પા.. પી...આ...જે...મ...ર...ણ...ને...શ... ર...ણુ...થા...ય...છે.બ...બ...હે...ન...મ...ર...તાં...ય...દે ..

હા....મા....રા....અ . પ.. રા . ધ. ની...મા... ફો...આ...પ...
કૃષ્ણુલાલથી વિશેષ બોલી શકાયુ નહિ. તે કિશોરીની સામે આતુરતાથી
જોઇ રહ્યો તેના મનનો ભાવાર્થ સમજી તેના માથે હાથ ફેરવતા
કિશોરીએ કહ્યુ:--કૃષ્ણુલાલ ! હુ તમને ખરા હૃદયથી ક્ષમા આપુ
છુ, ને તમારા શુભને માટે પ્રભુને પ્રાર્થુ છુ. ભાઈ ! હવે સઘળા
વિચારોનો ત્યાગ કરો, ને પ્રભુના ચરણનુ ધ્યાન ધરો; કારણ કે હવે
તમને સહાય કરનાર એ જ છે. કૃષ્ણુલાલ ! રામકૃષ્ણુ કહો હા...
શા...શા . ન્તિ . બ ..હે . ન...રા.. મ.. કૃ.. સ.. ન.. હા.. રા...
મ...આટલુ બોલતા જ કૃષ્ણુલાલને આચકી આવી શરીર શીતળ
થઇ ગયુ. મૃત્યુના મોતીયા લલાટપર બાઝી ગયાં, જીભ ટુંકી થઇ
ગઇ. સઘળા રામ કૃષ્ણુ નામનો ઉચ્ચાર કરતા મરનારની મુક્તિ
ઇચ્છવા લાગ્યાં આખરે બરાબર મધ્ય રાત્રે કૃષ્ણુલાલના દેહમાથી
પ્રાણુ પખી ઉડી ગયો.. દેહ જડવત્ જમીન ઉપર પડી રહ્યો. કૃષ્ણુ-
લાલ ક્રૂર કુટિલ હતો, છતાં તેના દુ:ખદાયક મરણુથી સઘળા રૂદન
કરવા લાગ્યા. સુકન્યાની આખ્યોમાથી પણુ અશ્રુ પ્રવાહ વહેવા
લાગ્યો. આખરે શોકને સમાવી, કૃષ્ણુલાલની મરણુ ક્રિયા કરી, તેના
શબને એક પવિત્ર જગાએ સૂવારી સઘળા સુકન્યાની પાસે આવ્યા.
સુકન્યાની પણુ ઘડીયો ગણાતી હતી. તેણે ફરીથી સઘળાને આશીષ
દીધી. ત્યારબાદ કુંજ અને કિશોરીને પાસે બોલાવીને કહ્યુ --કુંજ
અને કિશોરી ! મારી એક અંતિમ્ ઇચ્છાને માન્ય કરો "

" બ્હેન ! તારી ઇચ્છા સુખેથી જણાવ. અમે બન્ને જણાં
તારી ઇચ્છાનો સ્વિકાર કરવાને તૈયાર છીએ "

" પ્રભુ તમારો વિજય કરો મારી ઇચ્છા છે કે, તમે બન્ને જણા

લગ્નની સ્નેહ ગાંઠથી જોડાઓ, અને આ સંસારમાં નીતિથી વર્તી ગરીબ, અને દુ:ખી જનોનું કલ્યાણ કરો'

બ્હેન ! અમે તમારી ઈચ્છા મુજબ વર્તીશું અને દેશનાં દુ:ખી જનોના દુ:ખ દૂર કરવાને પ્રયત્ન કરીશું કુંજે કહ્યું.

" ભાઈ કુંજ અને કિશોરી ! આવો, આમ મારી પાસે આવો. હું મારા મરતા પહેલા તમને સ્નેહ ગાંઠથી જોડી સુખી થાઉં. સુકન્યાનું કહેવું સાંભળી બન્ને જણા તેની પાસે ગયા. સુકન્યાએ કિશોરીનો હાથ કુંજના હાથમાં સોંપતાં પુન: બોલવું શરૂ કર્યું— માતા પિતા વિનાની પુત્રીને આજે યોગ્યવર સાથે પરણાવી હું ખુશી થાઉં છું. તમે બન્ને જણા લાંબા કાળ સુધી આ પૃથિવી પર રહો, અને તમારાથી મહાન્ કાર્યો થાઓ. કિશોરી ! કન્યા ધનમાં આપવાને મારી પાસે કાંઈ નથી. હું તને આશીર્વાદ સિવાય બીજું શું આપી શકું ?

" મા ! મારે કાંઈ જોઈતું નથી, તમારો સ્નેહ છે તે મને અમૂલ્ય ધન સમાન જ છે. કહી કિશોરી રડી પડી. તેને રડતાં અટકાવી સુકન્યાએ કહ્યું—કિશોરી ! રડીશ નહિ શામાટે ઓછું લાવે છે ? પુત્રી ! લે, હું તને પ્રભુના સત્ય પ્રસાદ રૂપ લાકડી આપું છું ને તેનો તું સદ્ઉપયોગ કરજે એમ ઇચ્છું છું કલ્યાણ, પ્રભુ તમારૂં કલ્યાણ કરો કહી સુકન્યાએ કિશોરીને લાકડી આપી કિશોરીએ માથું નમાવી લાકડીને લઈ તેને પ્રણામ કર્યા. બાદ થોડી વારે સુકન્યાને કંઈક યાદ આવતા કુંજ સામે જોઈ પૂછયું—કુંજ ! પેલી ગરીબડી રમા કયાં છે ?

" આ રહી માતા ! કહી અત્યાર સુધી ગુપ ચૂપ બેસી અશ્રુપાત કરતી રમા સુકન્યાની સામે આવી ઉભી રહી તેના મુખ પર હાથ ફેરવી સુકન્યાએ તેને શીખામણ દીધી. ત્યાર પછી વાતમાં

ને વાતમા તેની સમતિ લઇ સત્યવ્રતને પાસે બોલાવી કહ્યુ:—સત્યવ્રત ! મારી વાત માનીશ ?

" બ્હેન ! આ પ્રાણ છે ત્યા સુધી આપનુ દરેક વચન માનવા હુ બધાયેલો છુ."

" આ નિરાધાર રમાનો સ્વિકાર કરી સુખી થા."

" આપની આજ્ઞાને આધિન છુ."

" પછી રમાનો હાથ સત્યવ્રતને આપતાં સુકન્યાએ કહ્યુ:-સત્યવ્રત ! તું ઘણો જ્ઞાની અને નીતિજ્ઞ પુરૂષ છે, છતાં કહું છુ કે, વૃક્ષને ઉગતાં જે પ્રમાણે વાળીએ એમ તે વળે છે. આ રમા હજી સસારથી અજાણ છે. માટે તેને યોગ્ય જ્ઞાન આપી તેનુ જીવન પર્યંત રક્ષણ કરી તારો સંસાર સોનાનો બનાવજે.

" દેવી ! હુ આપની આજ્ઞા માથે ચઢાવુ છુ. "

બાદ સુકન્યાએ જ્ઞાનચદ્ર, સરોજ, સરલા વગેરેને યોગ્ય ઉપદેશ આપી, એકે એક માણસને પાસે બોલાવી શુભ શીખામણ દીધી. સર્વ ભીલ લોકો અત્યત કલ્પાત કરવા લાગ્યા. તેમને મહાપરાણે છાના રાખી શાન્ત કર્યા. સઘળુ કહેવાનુ કહી સુકન્યાએ જ્ઞાનચદ્રને કહ્યુ-જ્ઞાનચદ્ર ! પ્રાત કાળ થતા પહેલા, મારે મરણને શરણ થવુ જોઇએ. હજી બે કલાકની વાર છે, તે પહેલા હુ કહું તે પ્રમાણે કરો. જ્ઞાનચદ્ર ! હું તને મારો પોતાનોજ પુત્ર ગણું છુ, માટે પુત્ર જેમ માતાની મરણ ક્રિયા કરે એવી રીતે કરવાની હુ તને આજ્ઞા કરૂં છુ

" ઓ મારી મા ! તમે આ શુ બોલો છો ! આ પાપીનો નર્કમાંથી ઉદ્ધાર કરનારી માતા ! હુ તમારો બાળક છુ-હુ તમારી

સઘળી ક્રિયા કરવાને તૈયાર છુ–માતા બોલો શુ ઇચ્છા છે? જ્ઞાનચંદ્રે રડતા-રડતાં પૂછ્યુ.

"મને પ્રથમ ગંગામાં સ્નાન કરાવો અને પછી ઉત્તમ વસ્ત્ર પહેરાવી ઉપવનમા ખીલેલા પુષ્પોની માળાઓ તૈયાર કરી મારા કંઠમાં પહેરાવો. મારા કપાળમાં ભસ્મનુ લેપન કરી શિવાલય સન્મુખ પૃથિવીને પવિત્ર કરી સૂવાડો; ને જ્યા સુધી આત્મા પ્રયાણ કરી ન જાય ત્યા સુધી ભગવત્ ભજનની ધુન મચાવો. જ્ઞાનચદ્ર! મૃત્યુ બાદ સ્વામીની ચિતામાંજ મને સુવાડજે અને અમને બન્નેને તારે હાથે જ અગ્નિ સંસ્કાર કરજે. કહી શ્વાસ ચઢવાથી સુકન્યા બોલતી બધ થઇ.

તેની આજ્ઞા મુજબ સર્વ કાર્ય કરવામા આવ્યુ. શિવાલયની સમિપમા પવિત્ર જગ્યાએ, ગગામા શુદ્ધ કરેલા સુકન્યાના દેહને ઉત્તમ વસ્ત્રો અને પુષ્પોની માળાથી શણગારી સૂવારમા આવ્યો. સઘળા કુટુંબ વળી ભગવાનના નામની ધુન મચાવવા લાગ્યા.

આશરે કલાકેક પ્રભુના નામનુ રટણ કરી સુકન્યાએ સર્વને શાન્ત રહેવાની ઇશારત કરી, કૌમુદિનીને પાસે બોલાવી કહ્યું:-કૌમુદિની' પેલુ ભજન ગા જોઇએ.'

જેવી માતાની ઇચ્છા. કહી કૌમુદિની અશ્રુપૂર્ણ નયને કોમળ સુરથી ભજન ગાવા લાગી.

ભજન.

ચેતનજી ચેતો જુઠી આ દુનીયાની બાજી,
રહ્યા શુ તેમાં રાચી માચી. —ચેતનજી...

અજ્ઞાને અંધ થઇ જોયુ ન જીવડા,
અંતે તો કાંઇ નથી તારૂં
હસતા હે હે કરતાં એ માનવી,
ફાટી જાશેરે તારૂં ડાચુ. —ચેતનજી...
મહેલ ચણાયા બાગ બનાયા,
લક્ષ્મીના થોભા તણાયા;
એક દીન અણધાર્યો ઉઠીશ દેહથી,
કોઇ ન જાણેરે કયા જાયા. —ચેતનજી..
મનમા આવે તેવુ માની લે માનવી,
એળે જશે જનમારો;
"બુદ્ધીસાગર" સદા ગુરૂજીના શરણે;
રહીને આતમ ઝટ તારો. —ચેતનજી...

મુનીશ્રી બુદ્ધિસાગરજી.

ભજન પૂરૂ થતા સઘળાએ પ્રભુની જયગર્જના કરી. મધ્યરાત્રિ વિતી ગઇ હતી. મોટું પગોઢ થવાને કલાકેકની વાર હતી પૂર્ણિમાનો દિવસ હોવાથી શશી શીતળ કિરણોથી અમૃત વરસાવી સતી સુકન્યાને શાન્તિ આપતો હતો. ભગવાનનુ ભજન શ્રવણ કરી થોડીવાર પ્રભુના ધ્યાનમા ધ્યાનસ્થ થઇ પુનઃ સુકન્યાએ બીજુ ભજન કહેવાની ઇશારત કરી. માતાની આજ્ઞાને માન્ય કરી કોમુદિનીએ બીજું ભજન શરૂ કર્યું.

ભજન.

જગમાહી જેણે મન જીત્યું તે
જીત્યુ સર્વ ગણાય.......... આ જગ...

સ્વર્ગ તણા પણ અલભ્ય સુખડા
તેને તુચ્છ જણાય . . .. .. આ જગ...
વિષય માહી મદમસ્ત બની માતગ જુઓ સપડાય
મધુર નાદના નાદ થકી મૃગ પારધિ હાથે હણાય—આ જગ...
રૂપ પ્રકાશ દીપકનો દેખી પતંગ બાળે કાય
રહે જળમા પણ રસના સ્વાદે મીન તણો જીવ જાય—આ જગ...
કઠણ કાષ્ટ છેદી નીસરે પણ કમળ નહી છેદાય
પરાગ ગધે મસ્ત બની અલી ફુલ કળી માહી ગુગળાય—આ જગ...
કાદમ્બરી.

ફરીથી સઘળાએ ભગવાનની જય ગર્જના પોકારી. ધીમે ધીમે રાત્રિનુ સામ્રાજય દૂર થવા લાગ્યુ. ચદ્ર આકાશમા અદ્રશ્ય થવા લાગ્યો. પ્રભાતનો પ્રકાશ ધીમે ધીમે જગત્ પર ફેલાવા લાગ્યો આવા સમયે સતી સુકન્યાના પ્રાણના પલાયનનો સમય સમિપ આવી પહોચ્યો. દેવદૂતો વૈમાન લઇ હાજર થયા. અપ્સરાઓ પુષ્પ વૃષ્ટિ કરવા લાગી. સુકન્યાની છેલ્લી ઘડી આવી પહોચી. તેણે મુખ ઉચુ કર્યુ કોઇ પણ રૂદન કરશો નહિ એમ ઇશારતથી સમજાવી, પ્રભુનુ ધ્યાન ધર્યુ. પ્રભુના ચરણ કમળમા હૃદયને સ્થિર કરી સુકન્યાએ, મુખથી ૐ શાન્તિ શાન્તિ શબ્દનો ઉચ્ચાર કર્યો. તેનો પ્રાણ નીકળવાનો માર્ગ ખોળવા લાગ્યો. બરાબર સમય થતા તેમજ સતીના મુખમાથી નીકળતા રામ, કૃષ્ણના ઉચ્ચારની સાથેજ બહાર નીકળવાને માટે ફાંફા મારતો પ્રાણ બ્રહ્મરંધ્ર ભેદીને બહાર નીકળી અલખ ચૈતન્યમા મળી ગયો.

સર્વ જણા પ્રભુ નામનો ઉચ્ચાર કરતા સુકન્યાના શબને ગગા કિનારે લાવી, તેને દાંહાજલી દેવાના કાર્યમા પ્રવર્ત થયા.

પ્રકરણ ૪૧ મું.

"સઘળાનું રત્નનગર જવું."

પ્રભાત થયું હતું પ્રભુ ભક્તો વ્હેલા ઉઠી સરિતામા સ્નાનાર્થે આવ્યા હતા. નંદનવનની પાસે વહેતી પવિત્ર રત્નવતીના કિનારે સુકન્યાના અને કૃષ્ણલાલના શબને સૂવાર્યા હતા. ભીલ લોકો ચિતા તૈયાર કરી ગયા હતા બાકીનાઓ અશ્રુપૂર્ણ નયને સતીના ચરિત્રની ચર્ચા ચલાવી રહ્યા હતા જોતજોતામા ભીલલોકોએ ચંદન, તુળશી વગેરે પવિત્ર કાષ્ટની એક મોટી સમચોરસ ચિતા તૈયાર કરી દીધી. તે પછી બન્નેના શબને સરિતામા સ્નાન કરાવી ચિતામા સૂવાર્યા. સઘળાના શોકનો પાર નહોતો મહારાજા ચંદ્રશેખરે અગ્નિ સંસ્કાર કરવાની જ્ઞાનચંદ્રને આજ્ઞા કરી. જ્ઞાનચંદ્ર ઉભો થઇ સ્નાન કરી આવ્યો, ને રડતા કકળતા હૃદયે તેમજ ધ્રુજતા શરીરે હાથમા તુળશીનાં કાષ્ટ સળગાવી ચિતાની પ્રદક્ષિણા કરી અગ્નિ સંસ્કાર કર્યો. ચિતાની ઉપર ઘી સીંચવામાં આવ્યું. અલ્પ સમયમાં અગ્નિનો ભડકો થયો, ને તેની જ્વાળાએ ચિતાને ચારે તરફથી ઘેરી લીધી. ચિતા ભડભડાટ સળગવા લાગી. હૃદય ભેદક દેખાવ દેખાવા લાગ્યો, ત્યા

બેઠેલા સઘળાં જનો દુઃખી હૃદયે સ્મશાન વૈરાગ્ય અનુભવવા લાગ્યા જ્ઞાનચંદ્ર-કૌમુદિની-સરોજ-સરલા-કુંજ-કિશોરી વગેરે આંખ્યોમાંથી જળધારા વરસાવતા, પાષાણુ પ્રતિમાઓ સમાન સળગતી ચિતાને જોઇ રહ્યાં હતા. અગ્નિની ભયંકર જ્વાળાઓએ ચારેક કલાકમાં તો બન્નેના શબને બાળી ભસ્મ કરી નાખ્યા. તેમનુ નામ નિશાન પણુ રહેવા દીધુ નહિ ફક્ત એક મોટો રાખનો ઢગલો ત્યા પડયો રહ્યા. સઘળા ઉભા થઇ ત્યા પડેલી રાખને કપાળપર ચોપડી પ્રણામ કરી, સરિતામા સ્નાન કરવા ગયા જ્ઞાનચંદ્ર-કુંજ-અને સરોજે મળી રાખના ઢગલાને સરિતામા વહેવરાવી દીધો. બાદ સઘળાં મન ખુલ્ના મૂકો રૂદન કરી હૃદયનો ભાર ઓછો કરી બહાર નીકળ્યા

સૂર્ય ભગવાનનો ઉદય કયારનોએ થઇ ગયો હતો. સૃષ્ટિ હતી એ પ્રમાણે જણુાતી હતી. પક્ષીયો આમ તેમ ઉડી રહ્યા હતા. સુકન્યાનાં પાળેલા હરણો નંદનવનમાં આમતેમ દોડી સુકન્યાને શોધતા હતા. જગત્ એનુ એ હતુ, પણુ તેમાથી ફક્ત સુકન્યા અને કૃષ્ણુલાલ ચાલ્યા ગયા હતા

રાજા ચંદ્રશેખરે સઘળા બીજા લોકોને તેમના કુટુંબ કબીલા સાથે રત્નનગર ચાલવાનુ કહ્યુ. બીજા લોકો બાળબચ્ચા, સ્ત્રીયો સહવર્તમાન રત્નનગર જવા તૈયાર થયા. જે જગાએ સતી સુકન્યાને દાહાજલી દીધી હતી તે જગાએ રાજા ચંદ્રશેખરે સતીનુ સ્મારક મંદિર બંધાવ્યુ સ્મારક મંદિરમા પ્રવેશવાના દ્વારની ભીત ઉપર એક આરસપહાણુનો પત્થર સતી સુકન્યાના ગુણોનો ટુંક હેવાલ લખીને જડયો મંદિરમા ભગવાન શંકરનુ સ્થાપન કર્યું સતીના નામ ઉપરથી મંદિરનુ નામ સુકન્યા શિવાલય રાખ્યુ અને અંદર

સ્થાપિત કરેલા ભગવાન શકરનુ કૃષ્ણેશ્વર નામાભિધાન રાખવામા આવ્યુ આરસપહાણના પત્થરપર કોતરેલા અક્ષરો આ પ્રમાણે હતા

આ પરમ પવિત્ર સ્વર્ગ સમાન નદનવનમાં સતી સુકન્યા નિવાસ કરતી હતી. સતી દુ:ખીનાં દુ.ખ દૂર કરતી અને નિરંતર પરોપકારમાંજ જીવન વ્યતીત કરતી હતી. આખરે પરોપકારમાંજ તેણે આત્મ વિસર્જન કર્યું હતું. પ્રભુ તેના આત્માને શાન્તિ આપો.

રત્નનગરના લોકો અને જગલમા વસતા ભીલ લોકો એ સ્થાનને અત્યત પવિત્ર માનતા. કેટલાક તો ત્યા આવી દર્શન કરીને જ જમતા અને સતીની બાધાઓ રાખતા.

સર્વ કાર્યથી મૂક્ત થઇ રાજા ચદ્રશેખર સઘળાને લઇ રત્નનગર ગયા દિવસપર દિવસ જવા લાગ્યા. બાદ એક દિવસ શુભ-મુહુર્ત સાધી સરોજ-સરલા-કુજ-કિશોરી-રમા અને સત્યવ્રતના યથા-વીધિ લગ્ન સમારભનો દિવસ મુકરર કર્યો

શુભ મુહુર્તનો દિવસ આવતા સઘળા સ્નેહિ હૃદયોનું યથાવીધિ લગ્ન કરવામા આવ્યુ આનદ આનદ થઇ રહ્યો. રત્નનગરને પૂર્ણ ઠાઠમાઠથી શણગારવામા આવ્યુ દરેક ગ્રહે આસોપાલવના તોરણો બાધવામા આવ્યા ગરીબ ગરબાને મિષ્ટાન્ન મળવા લાગ્યા. લગ્નથી જોડાયેલા વરકન્યાના જોડાએ વૃદ્ધ વડિલજનોને પ્રણામ કર્યા. સરલા, તેની માતા ઈંદુમતીને પગે પડી માતાએ આશીશ દીધી

બીજે દિવસે મોટો દરબાર ભરવામા આવ્યો. સરદારો-સામતો અને અન્ય નાગરિકો સહવર્તમાન મહારાજા ચંદ્રશેખર રત્નજડીત્ર સિહાસન ઉપરે બિરાજમાન થયા. સરોજ-કુજ-જ્ઞાનચંદ્ર

સત્યવ્રત અને અન્ય ભીલ સરદારો મહારાજાની જમણી બાજુના આસને બેઠા હતા. દરબારમા સર્વને ઇનામો આપી ખુશ કરવામા આવ્યા. બાદ વારાગનાના નાચ ગાયનનો જલસો ચાલવા લાગ્યો. મધ્યાન્હ થતા નાચગાન બધ થયું, મહારાજાએ પોતાના સરદારોને જેને જેમ ઘટે એમ પદવીઓ આપી ખુશ કર્યા કુજને નગરશેઠના પદે નિમોણુ કરી "રત્નનગરનુ રત્ન" એ નામનો સુવર્ણ ચાદ અર્પણ કર્યો. જ્ઞાનચદ્ર સેનાપતિ થયો. સત્યવ્રતને મહારાજાએ એક સારી જાગીર વશપરંપરાને માટે કાઢી આપી. સર્વને આનદ થયો. રાત પડી. દરબાર વિસર્જન થયો. નવીન જોડા આનદ યુક્ત વાર્તાલાપ કરતા પોતપોતાના સ્થાન પ્રતિ પ્રયાણ કરી ગયા

ઉપસહાર.

કુંજ-કિશોરી, સરોજ-સરલા, જ્ઞાનચદ્ર અને કૌમુદની વગેરે આનદથી કાળ નિર્ગમન કરી સતી સુકન્યાના ઉપદેશાનુસાર દુખીના દુખ દૂર કરવાના પ્રયત્નો કરવા લાગ્યા ઘણા લાંબા સમયે એક દિવસની સુશોભિત પૂર્ણિમાની ચદ્રિકામાં સતી સુકન્યાના સ્મારક મંદિરના વિશાળ

ચોગાનમા સર્વ મંડળ એકઠું થયુ હતુ સતીના પરલોક પ્રયાણને પાચ વર્ષ પૂરા થઇ ગયા હતા એ આનંદકારક સ્થાનમા સતીના દર્શનાર્થે સઘળા આવ્યા હતા. કૃષ્ણેશ્વર મહાદેવનુ પૂજન કરી સઘળા ઘુંટણીએ પડી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા. જ્ઞાનચંદ્ર-કૌમુદિની,' કુંજ—કિશોરી સુકન્યાને યાદ કરી અશ્રુ વિસર્જન કરવા લાગ્યા. અંતે સર્વ જણાએ સતીનુ શુભ ઇચ્છી તેનો જયધ્વની કર્યો તે દિવસે અનેક દુ:ખી દરિદ્રી જનોને સંતોષ પમાડી બધા રત્નનગર આવ્યા, અને સતીની આશીશથી સુખમા દિવસ ગુજારવા લાગ્યા

પ્રિય પાઠકો ! તમે પણ સદા સર્વદા આપણા દુ:ખી બંધુઓના દુ:ખ દૂર કરવાને તન-મન અને ધનનો વ્યય કરી પરોપકારી થજો અંતે કહેવાનુ એટલુજ છે કે-

"આ ભરત ભૂમીમાં અનેક દિન દુ:ખીજનો નિવાસ કરે છે. તેમનાં દુ:ખ દૂર કરવાને પરોપકારી નર રત્નો ઉત્પન્ન થાઓ સતી સુકન્યા સમાન સદ્‌ગુણી, નીતિજ્ઞ અને ગરીબોની દાઝ જાણનારી ગૃહનારીઓ દરેકના ગૃહમાં નિ-વાસ કરી આ ભરતભૂમીનો ઉત્કર્ષ કરી તેમનાં યશોગાન ચારે દિશાએ વર્તાવો ! એજ અમારી શુભેચ્છા છે.

ॐ शान्तिः शान्तिः

સરકારી નિશાળના અનુભવી ગ્રેજ્યુએટ શિક્ષકના હાથ-થી આવી જાતનું કોઈ પણ પુસ્તક લખાયુ હોય તો તે ફક્ત આજ છે.

ધી ગાઈડ ટુ ઇંગ્લીસ ટીચર.

પોતાની મેળે ઘેર બેઠાં વગર માસ્તરે થોડા વખતમા અને થોડી મહેનતમા રિતસર અગ્રેજી શીખવું હોય તો **ધી ગાઇડ ટુ ઇંગ્લીસ ટીચર** જરૂર ખરીદજો. અક્ષરજ્ઞાન, તાર, કાગળ, અરજીઓ વગેરે લખતા, વાંચતા શીખવા સારૂ આ પુસ્તક ઘણુજ ઉમદા સાધન છે. આ પુસ્તકની અંદર દરેક વિષયની સમજ ઘણીજ સાદી અને સરળ રીતે આપવામા આવી છે કે ગમે તેવા શિખાઉ માણસને પણ સમજતા જરાએ અડચણ પડતી નથી, બીજાઓની માફક આ પુસ્તકના જુદા જુદા ભાગો કર્યા નથી પણ એકજ પુસ્તકની અંદર જરાએ જરા ઉપયોગી બાબતોનો સમાવેશ ઘણીજ બાહોશીથી કરવામા આવ્યો છે, વધુ તારીફ ન કરતાં એકવાર ચોપડી મંગાવી ખાતરી કરવા અમે ભલામણ કરીએ છીએ. કી. રૂ ૧ા પોષ્ટેજ માફ.

બીજી કોઈ પણ જાતની ચોપડી જોઈતી હોય તે અરધા આનાની ટીકીટ બીડી અમારૂં મ્હોટું સૂચીપત્ર મંગાવો.

બુકસેલર—સાકરલાલ બુલાખીદાસ.

રીચીરોડ—અમદાવાદ.